‘આચાર્ય શ્રીવલ્લભ’ (માસિક પત્ર) (હિન્દી તથા ગુજરાતી)માં પ્રકાશિત
થયેલા જગદ્‌ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણના સિદ્ધાન્ત સમ્બન્ધી તેમજ
વર્તમાનમાં પુષ્ટિમાર્ગ-સમ્પ્રદાય સમ્બન્ધી કેટલાક

# પ્રશ્ન – (‘સમ્પાદક આચાર્ય શ્રીવલ્લભ’ માસિક પત્ર)

**(પૂ.ગો.શ્રી ચન્દ્રગોપાલજી મહારાજશ્રી–વડોદરા)**

# ઉત્તર–

(૧) પૂ.ગો. શ્રીરસિકરાયજી મહારાજ-પોરબંદર, (૨) પૂ.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજ-કાંકરોલી, (૩) પૂ.ગો. શ્રીચન્દ્રગોપાલજી મહારાજ-વડોદરા,(૪) પૂ.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજ-વડોદરા, (૫) પૂ.ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ-પાર્લા,મુંબઈ (૬) પૂ.ગો. શ્રીઈન્દિરાબેટીજી મહોદયા-વડોદરા

## પ્રશ્ન વિષય –

(૧) બ્રહ્મસમ્બન્ધ, (૨) પુષ્ટિમાર્ગમાં ચતુર્ભુજ સ્વરૂપની સેવા, (૩) મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ તથા રામાયણ, (૪) વિદેશોમાં નિવાસ કરનારા ભારતીય- વૈષ્ણવોની સ્વધર્માચરણ અને ભગવત્સેવા વિષયક સમસ્યાઓ- વિદેશમાં રહી શું કરવું ?, (૫) (૬) (૭) (૮) (૯) પુષ્ટિમાર્ગ વર્તમાન.

**દ્રવ્ય સહાયકર્તા :**
વડોદરાના એક વૈષ્ણવ પરિવારના સહુ વૈષ્ણવોને સપ્રેમ-સહૈન્ય જયશ્રીકૃષ્ણ

**: પ્રકાશક :**
**શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.**

# પ્રશ્ન-ઉત્તર

## અનુક્રમણિકા-

**વિગત** **પૃષ્ઠ સંખ્યા**

**૧. અનુક્રમણિકા** **1 થી 2**
**૨. ટ્રસ્ટનો પરિચય** **3 થી 10**
**૩. લેખકના બે બોલ** **11 થી 12**

**૪. પ્રશ્ન-ઉત્તર-૧** ૧ થી ૧૦
બ્રહ્મસમ્બન્ધ-ગદ્યમંત્ર દીક્ષા
ઉત્તર - આ.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી

**૫. પ્રશ્ન-ઉત્તર-૨** ૧૧ થી ૨૫
પુષ્ટિમાર્ગમાં ચતુર્ભુજ સ્વરૂપની સેવા
ઉત્તર - આ.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી

**૬. પ્રશ્ન-ઉત્તર-૩** ૨૬ થી ૫૩
મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ તથા રામાયણ
ઉત્તર - આ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી

**૭. પ્રશ્ન-ઉત્તર-૪** ૫૪ થી ૬૮
વિદેશોમાં નિવાસ કરનારા ભારતીય વૈષ્ણવોની
સ્વધર્માચરણ અને ભગવત્ સેવા વિષયક
સમસ્યાઓ-વિદેશમાં રહી શું કરવું ?
ઉત્તર - આ.ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી

**૮. પ્રશ્ન-ઉત્તર-૫** ૬૯ થી ૯૦

પુષ્ટિમાર્ગ વર્તમાન
ઉત્તર -આ.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી

**૯. પ્રશ્ન-ઉત્તર-૬** ૯૧ થી ૧૧૬
પુષ્ટિમાર્ગ વર્તમાન
ઉત્તર - આ. ગો. શ્રીઈન્દિરાબેટીજી મહોદયાશ્રી

**૧૦. પ્રશ્ન-ઉત્તર-૭** ૧૧૭ થી ૧૩૪
પુષ્ટિમાર્ગ વર્તમાન
ઉત્તર -આ. ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી

**૧૧. પ્રશ્ન-ઉત્તર-૮** ૧૩૫ થી ૧૭૧
પુષ્ટિમાર્ગ વર્તમાન
ઉત્તર - આ.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી

**૧૨. પ્રશ્ન-ઉત્તર-૯** ૧૭૨ થી ૨૧૨
પુષ્ટિમાર્ગ વર્તમાન
ઉત્તર - આ. ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી

# પ્રશ્ન - ઉત્તર - ૧

## વિષય :- બ્રહ્મસમ્બન્ધ - ગદ્યમંત્ર - દીક્ષા

### પ્રશ્નકર્તા - સમ્પાદક 'આચાર્યશ્રીવલ્લભ' (માસિક પત્ર)

**(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)**

### ઉત્તર આપનાર-પૂ.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી - રાજકોટ

આ પ્રશ્ન ઉત્તર 'આચાર્યશ્રીવલ્લભ' (હિન્દી)માં વર્ષ-પ્રથમ અંક-૭ માં પ્રકાશિત થયા હતા.

**- પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવાની યોગ્યતા વંશત્વે સ્વીકારવામાં આવી છે.**

**- વર્ણાશ્રમ ધર્મના આગ્રહને કારણે શ્રીમહાપ્રભુજીએ શૂદ્ર-મ્લેચ્છ વગેરે નિમ્નજાતિનાં લોકોને નામ-નિવેદન કરાવ્યું છે પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા નથી આપી.**

**- વૈષ્ણવોને ઘરે બિરાજતા સેવ્ય શ્રીપ્રભુ સમક્ષ તેમને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવામાં કોઈ આપત્તિ નથી છતાં પણ સર્વોદ્ધારક ભક્તોદ્ધારકભેદથી આ બાબત વિચારણીય તો છે જ.**

**- સમ્પ્રદાયની દીક્ષા આપવાનો અધિકાર ફક્ત પુષ્ટિ માર્ગમાંજ નહિ અપિતુ સમગ્ર સનાતન વૈદિક ધર્મના દરેક સમ્પ્રદાયોમાં ફક્ત સમ્પ્રદાયના આચાર્યને જ છે.**

**પ્રશ્ન-૧** જ્યાં મંત્ર શબ્દનો પ્રયોગ થાય છે ત્યાં મંત્રના દેવતા, ઋષિ, છન્દ, બીજ વગેરેનું નિરૂપણ અપેક્ષિત હોય છે, તેથી અહીં 'ગદ્યમંત્ર' શબ્દથી શું સમજવું જોઈએ ? જો ઉપર જણાવ્યા મુજબનો આ મંત્ર છે તો પછી આ મંત્રના ઋષિ-દેવતા વગેરે કોણ છે ?

**ઉત્તર -૧** પંચાક્ષર મંત્ર વૈદિક નથી. વૈદિક મંત્રોના દ્દષ્ટા પુરાતન ઋષિઓ છે. અતઃ તે-તે મંત્રોના ઋષિ-છન્દ વગેરે બતાવવામાં આવેલા છે. પંચાક્ષર મંત્ર અલૌકિક છે. સાક્ષાત્ રસાત્મક પૂર્ણ પુરુષોત્તમ શ્રીગોકુલેશપ્રભુએ સાક્ષાત્ પ્રગટ થઈને શ્રી આચાર્ય ચરણને પોતાનાજ મુખથી કહ્યો છે અતઃ અહીં ઋષિ-છન્દ વગેરે કહેવું અપેક્ષિત નથી. મંત્ર ગદ્યાત્મક હોવાથી પણ છન્દનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. શ્રીઆચાર્યચરણે સિદ્ધાન્ત રહસ્યમાં સ્પષ્ટ કહ્યું છે કે **'साक्षाद् भगवता प्रोक्तम्'** અતઃ ઉપર્યુક્ત છન્દ-દેવતા વગેરે કહેવામાં આવ્યા નથી.

**પ્રશ્ન-૨** 'ગદ્યમંત્ર' શબ્દ પ્રયોગમાં મંત્રત્વમાં ફક્ત પંચાક્ષરને જ સમજવું કે પછી ગદ્ય સહિત પંચાક્ષર એમ સમજવું ?

**ઉત્તર-૨** 'ગદ્યમંત્ર' ગદ્ય સહિત પંચાક્ષરને જ કહેવામાં આવે છે. સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં **''साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते''** એમ કહીને પણ ત્યાં ગદ્યમંત્રની અવતારણા નથી. આ કારણે મંત્રની ગોપનીયતા છે. પરંતુ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં આ ગદ્યમંત્રનો હેતુ અને એનાજ રહસ્યોનું ઉદ્ઘાટન છે. ગદ્ય સહિત પંચાક્ષર શ્રીઆચાર્યચરણના સમયથી જ છે, પાછળથી શ્રીપ્રભુચરણે (શ્રીગુસાંઈજીએ) અથવા તો શ્રીગોકુળનાથજીએ પંચાક્ષરના પહેલાં ગદ્ય વિભાગ જોડી દીધો હોય તેવું નથી. સિદ્ધાન્તરહસ્ય ઉપરની શ્રીપુરુષોત્તમજીની ટીકામાં **'ब्रह्मसम्बन्धो नाम सर्वस्मिन् भगत्स्वामिकत्वरूपः सम्बन्धः, तस्य करणं नाम भगवता आचार्यान् प्रति गद्येनोक्तो य आत्मसमर्पणप्रकारः''** અહીં શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટ રૂપે કહે છે કે **'શ્રીઆચાર્યચરણના પ્રતિ કહેવાયેલ ગદ્ય દ્વારા આત્મસમર્પણનો પ્રકાર'** આવા બીજા પણ કેટલાંક ઉદાહરણો આપણને

ગ્રન્થસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે જેમાં આ મુજબનું આ બાબતનું સમર્થન થયેલું હોય.

**પ્રશ્ન-૩** શ્રીનાથજીએ (પ્રગટ થઈને) શ્રીમહાપ્રભુજીને જે મંત્ર દૈવીજીવોના ઉદ્ધાર અર્થે પ્રદાન કર્યો તે મંત્ર પંચાક્ષર જ છે કે પછી ગદ્યવિભાગ પણ શ્રીનાથજીના શ્રીમુખથી વિનિઃસૃત (નીકળેલો) છે ?

**ઉત્તર-૩** ઉપરના પ્રશ્નના (પ્રશ્ન-૨ના) ઉત્તરમાં આ વાતનો ખુલાસો આવી જ જાય છે.

**પ્રશ્ન-૪** વૈષ્ણવોને નામનિવેદન (અષ્ટાક્ષર મંત્રદીક્ષા) થી પ્રાપ્ત થનારી શરણાગતિ અને 'આત્મ નિવેદન' (બ્રહ્મસમ્બન્ધ મંત્ર દીક્ષા)થી પ્રાપ્ત થનારી શરણાગતિ એમ બેની વચ્ચે શું અન્તર છે ?

**ઉત્તર-૪** નામનિવેદનથી નવ પ્રકારની ભક્તિ પૈકી શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન અને દાસ્ય-આ સાત પ્રકારની ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે તથા આત્મનિવેદન કિંવા બ્રહ્મસમ્બન્ધથી સખ્ય અને આત્મનિવેદન ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ફલનો અનુભવ બ્રહ્મસમ્બન્ધના પછીજ થઈ શકે છે. નામનિવેદનથી જીવ શરણાગત તો બની જાય છે પરંતુ આત્મનિવેદન (બ્રહ્મસમ્બન્ધ)થી **'તદીયતા'** સિદ્ધ થાય છે. એટલા જ માટે બાલબોધગ્રન્થમાં કહેવાયું છે કે -**'समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम्'**

**પ્રશ્ન-૫** પુષ્ટિ સમ્પ્રદાયમાં કેટલાક ગોસ્વામી મહાનુભાવો ગદ્યમંત્રના અન્તર્ગત **'श्रीगोपीजनवल्लभ'** પદનું ઉચ્ચારણ કરાવે છે અને કેટલાક ગોસ્વામી મહાનુભાવો નથી કરાવતા. આ વિષયમાં કયો મૂળ પ્રયોગ છે એવું આપ માનો છો ? તેમજ સમ્પ્રદાયના આ મૌલિક વિષયમાં બે ભેદવાળા પ્રકાર કેમ છે ?

**ઉત્તર-૫** **'श्रीगोपीजनवल्लभ'** શબ્દનો પ્રયોગ શ્રીગોકુલેશજીએ ગદ્યમંત્રની ટીકામાં કર્યો છે. આ શબ્દ વિના શ્રીકૃષ્ણના રસાત્મક સ્વરૂપનો પરિચય નથી થતો. જીવનો સમ્બન્ધ-પૂર્વદલાત્મક-ઉત્તરદલાત્મક શ્રૃંગારરસાત્મક ભગવાન શ્રીકૃષ્ણની સાથે થાય છે. એ બાબતનો પ્રકાશ **'श्रीकृष्णाय श्रीगोपीजनवल्लभाय'** થી થાય છે. ગદ્યમંત્ર પર જે બીજી ટીકાઓ છે એમાં આ **'श्रीगोपीजनवल्लभ'** શબ્દ જોવા મળે છે. તેથી 'બે પ્રકાર છે' નહિ માની **'श्रीगोपीजनवल्लभ'** શબ્દનું અનિવાર્ય રૂપે ઉચ્ચારણ કરાવવું જોઈએ.

**પ્રશ્ન-૬** બ્રહ્મસમ્બન્ધ આપવાની બાબતમાં આપનાર અને લેનાર બન્નેની યોગ્યતા વિચારવી જોઈએ ? કે પછી બે માંથી કોઈ એકની વિચારવી જોઈએ ? કે પછી બન્નેની યોગ્યતાનો વિચાર કરવો જરૂરી નથી, આ વિષયમાં પ્રાચીન-મૌલિક માન્યતા શી છે ? અને તે આપની દૃષ્ટિમાં શું હોવું જોઈએ ? તે બતાવવાની કૃપા કરો.

**ઉત્તર-૬** બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપનાર આચાર્ય હોવાથી, તેમજ શ્રીઆચાર્યચરણે પોતાના અશેષ માહાત્મ્યનું સ્થાપન પોતાના વંશજોમાં કર્યું છે. અતઃ બ્રહ્મસમ્બન્ધ આપવાનો અધિકાર એમને (વંશજોને) પ્રાપ્ત છે, તેમજ આ અધિકાર સર્વોપરી પણ છે. અતઃ યોગ્યતા-અયોગ્યતાનો વિચાર ઉપયુક્ત (બરાબર) નથી. ઉપરાન્ત દરેક ગોસ્વામી બાળકો પોતાને ગુરુદ્વારભૂત માનીને (સમજીને) બ્રહ્મસમ્બન્ધ પ્રદાન કરે છે. મૂળ ગુરુત્વ તો શ્રીઆચાર્યચરણનું જ છે. આ સિદ્ધાન્તને જોતાં પછી કોઈ પણ પ્રકારના

સંદેહને સ્થાન રહેતું નથી. ભગવાન સ્વયં (શ્રીમદ્ ભાગવત) એકાદશસ્કન્ધમાં કહે છે કે- ‘**आचार्यं मां विजानीयात्**’ભગવાન આચાર્યોને પોતાનું જ સ્વરૂપ બતાવે છે. ગુરુનાં લક્ષણો યદ્યપિ (શ્રીઆચાર્યચરણ દ્વારા નિબન્ધ સર્વનિર્ણય પ્રકરણમાં) બતાવાયેલા છે કે - ‘**कृष्णसेवा परं वीक्ष्य दम्भादि रहितं नरम् ।श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात्**’વર્તમાન સમયમાં ઉપર્યુક્ત ગુણો કોઈ ગોસ્વામી બાળક આચાર્યમાં યદિ નહિ જોવા મળે તેમ છતાં પણ તેઓ શ્રીવલ્લભવંશજ હોવાથી તથા આપણા આ માર્ગમાં (પુષ્ટિ સમ્પ્રદાયમાં) વંશપરમ્પરાથી બ્રહ્મસમ્બન્ધ આપવાનો અધિકાર હોઈ બ્રહ્મસમ્બન્ધ આપનારની યોગ્યતા એ વંશત્વેન સ્વીકારવામાં આવેલી છે.

લેનારનો પણ આ અનુગ્રહ (માર્ગ)માં સદોષ સ્વીકાર છે. પ્રથમ દોષ નિવારણને માટે બીજી કોઈ અન્ય વિધિ નથી. બ્રહ્મસમ્બન્ધ સ્વયં દોષોનું નિવારણ કરનાર પણ છે અને સેવા કરવાનો અધિકાર પણ પ્રદાન કરે છે. નવરત્નના ‘**अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम् । यैः कृष्णसात्कृतप्राणैः तेषां का परिदेवना**’આ શ્લોક ઉપર પોતાના ‘નિવેદન-વિચાર નામક ગ્રન્થમાં શ્રીલાલુભટ્ટજી ત્રણ પ્રકારે બ્રહ્મસમ્બન્ધ માને છે (૧) અજ્ઞાનથી (૨) જ્ઞાનથી તથા (૩) સહજ કૃષ્ણપ્રેમથી. આમાં સહજ પ્રેમથી થયેલ બ્રહ્મસમ્બન્ધ ઉત્તમ છે, જ્ઞાનપૂર્વક લેવામાં આવેલ બ્રહ્મસમ્બન્ધ મધ્યમ છે તથા (જ્ઞાન-રહિતદશામાં) અજ્ઞાનથી લેવાયેલ તે સામાન્ય છે.

લૌકિક દૃષ્ટાન્તથી યા વૈદિક ઉદાહરણથી સમજવામાં આવે તો અજ્ઞાનથી લેવાયેલ, બ્રહ્મસમ્બન્ધ પણ થાય છે, જેમ અજ્ઞાનથી પણ અગ્નિ પર પગ પડતાં પગ દાઝે છે, અજ્ઞાનથી પણ વિષપાન કરાતાં મૃત્યુ થઈ શકે છે તથા સન્નિપાત (સનેપાત) (રોગવિશેષ) ગ્રસ્ત વ્યક્તિ વડે પણ વૈદિક વિધિ અનુસાર ગૌદાન કરાવવામાં આવે તેમજ નાના (અબુધ) બાળકોને વૈદિક સંસ્કાર કરાવવામાં આવે, ભલે પછી તેમને તે વિષયનું કશું જ્ઞાન ન

હોય, તેમને ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. અલૌકિક દૃષ્ટાન્તો પણ અનેક છે. શ્રીઆચાર્યચરણે-શ્રીગુસાંઈજીએ કેટલાયે જીવોને દોષમુક્ત કરીને સાક્ષાત્ ભગવત્ પ્રાપ્તિ કરાવી છે. પુષ્ટિભક્તિ અનુગ્રહ-સાપેક્ષ હોવાથી વરણ કરતી વખતે જીવોના દોષોને જોવામાં (ગણવામાં-વિચારવામાં) નથી આવતા. ગીતામાં પણ ‘**अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् । साधुरेव स मन्तव्यः सम्यग् व्यवसितो हि सः**’ માં પણ અનુગ્રહનો પ્રકાર સ્પષ્ટ રૂપે દર્શાવાયેલ છે. વંશપરમ્પરા અને ગુરુદ્વારભૂતતાના સિદ્ધાન્તાનુસાર બ્રહ્મસમ્બન્ધ પ્રદાન કરનાર આચાર્યોમાં યોગ્યતા -અયોગ્યતાનો વિચાર ઉપયુક્ત (બરાબર) નથી અને આ માર્ગ પુષ્ટિ =અનુગ્રહનો હોવાથી બ્રહ્મસમ્બન્ધ લેનાર જીવોની પણ યોગ્યતા-અયોગ્યતા વિચારવી જોઈએ નહિ.

**પ્રશ્ન-૭** ઉપર જણાવેલા પ્રશ્નના વિષયમાં આધુનિક (અત્યારના) સમયમાં કોઈ ફેરફાર થવો સમ્ભવ છે ? તેમજ તેવો સમ્ભવિત ફેરફાર સમ્પ્રદાયમાં ઉપાદેય (ઉપયોગી-ઉપકારક) બની રહેશે ખરો ?

**ઉત્તર-૭** બ્રહ્મસમ્બન્ધ લીધા પછી જો ભગવત્સેવામાં રુચિ ન થઈ તથા અન્યાશ્રય અને અસમર્પિત ત્યાગની આજ્ઞાનું પાલન કરવામાં ન આવ્યું તો ફલપ્રાપ્તિમાં અન્તરાય બન્યો જ રહેશે. જ્યાં સુધી દેહાધ્યાસ વગેરે નહિ છૂટે ત્યાં સુધી પ્રતિબન્ધોથી મુક્તિ થતી નથી. જે લોકોને સિદ્ધાન્તનું જ્ઞાન નથી તેમજ જેઓ પુષ્ટિમાર્ગીય આચાર પ્રણાલીમાં નિષ્ઠાપૂર્વક સંલગ્ન નથી તે લોકોને વિલમ્બથી ફલ પ્રાપ્ત થાય છે. બ્રહ્મસમ્બન્ધ આપનાર વલ્લભવંશજ હોય છે અને તેમનામાં અશેષમાહાત્મ્યનું સ્થાપન હોવાને કારણે તથા તેમનામાં ગુરુદ્વારભૂતતાના સિદ્ધાન્ત પ્રમાણે (તેમના વડે) બ્રહ્મસમ્બન્ધ આપવાથી અત્યારના સમયમાં પણ કોઈ ફરક પડતો નથી (કોઈ હાનિ થતી નથી.) જો કોઈ આચાર્ય (સ્થાનાપન્ન) ના આચરણમાં કોઈ ક્ષતિ છે તો તેમનું અનુસરણ ન કરવું યા તેમનાથી ઉપદેશ ગ્રહણ ન કરવો

વગેરે થઈ શકે છે, તેવી અવસ્થામાં શ્રીઆચાર્યચરણ અને ત્યારબાદના આચાર્યો (વલ્લભ-વંશજો) દ્વારા રચાયેલા ગ્રન્થોમાંથી માર્ગદર્શન પ્રાપ્ત કરી શકાય છે, તેમ છતાં પણ કોઈ પણ ગોસ્વામી બાળક (આચાર્ય)થી બ્રહ્મસમ્બન્ધ લેતાં કોઈ ફરક પડતો નથી (કોઈ ઊણપ આવતી નથી) બ્રહ્મસમ્બન્ધ લેનાર (જીવ) જો ઉત્તમ અધિકારી હશે તો તેને શીઘ્ર જ ફલપ્રાપ્તિ થાય છે. મધ્યમ અધિકારી (જીવ)ને કંઈક વિલમ્બથી અને સાધારણ અધિકારી (જીવ)ને અધિક વિલમ્બથી ફલનો અનુભવ થાય છે. આ અન્તર પૂર્વકાલમાં (પહેલાં) પણ હતું અને આજે પણ છે.

હા, આટલું કરવું જરૂરી છે કે દરેક આચાર્યોએ બ્રહ્મસમ્બન્ધ લેનાર (વૈષ્ણવ)ને પુસ્તક પ્રદાન કરીને યા મૌલિક ઉપદેશથી તથા વિદ્વાનો દ્વારા સમર્પણનો હેતુ અને તેનું રહસ્ય સમજાવવું જોઈએ, તેમજ ભગવત્સેવાનો આદેશ આપવો જોઈએ. અતઃ '**निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैः जनैः**' (નવરત્ન)માં શ્રી આચાર્યચરણે નિવેદનની સ્મૃતિ રહેવી આવશ્યક માની છે.

**પ્રશ્ન-૮** બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેવાનો અધિકાર માત્ર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એમ ત્રણ વર્ણને જ છે કે પછી શૂદ્ર, અતિશૂદ્ર અથવા મ્લેચ્છ જાતિમાં જન્મેલાઓ પણ બ્રહ્મસમ્બન્ધ લઈ શકે છે ?

**પ્રશ્ન-૯** જો ઉપર જણાવેલ બધી જ જાતિના લોકો બ્રહ્મસમ્બન્ધ લઈ શકે છે, તો પછી (શૂદ્ર-અતિશૂદ્ર-મ્લેચ્છ જાતિમાં જન્મેલાઓ) તે લોકોને સ્નાન વગેરે ક્યાં કરાવવું જોઈએ ? તથા તેમના દ્વારા તુલસીનું સમર્પણ શ્રી પ્રભુના ચરણોમાં થઈ શકે ખરું ?

**ઉત્તર ૮ તથા ૯-** વર્ણાશ્રમ ધર્મની મર્યાદાની રક્ષા કરવાનો આગ્રહ શ્રી આચાર્યચરણે રાખ્યો છે તેથી જ શૂદ્ર વગેરેને નામનિવેદન કરાવ્યું છે. પણ બ્રહ્મસમ્બન્ધ નથી કરાવ્યું. સમ્પ્રદાયની ઈતિહાસરૂપ એવી ચોર્યાસી તથા બસોબાવન વૈષ્ણવોની વાર્તા તપાસતાં ઉપર મુજબ વાતને સમર્થન મળે છે. પ્રભુ પોતાના પ્રમેયબળે યા શ્રીઆચાર્યચરણના કૃપાબળે ઉપર્યુક્ત નિમ્ન જાતિના લોકોને પ્રભુનો સાક્ષાત્ અનુભવ યદ્યપિ થયેલો છે, તેમ છતાં પણ તેમને દીક્ષા આપવામાં આવતી નથી. નવમો પ્રશ્ન- કે એ લોકોને સ્નાન વગરે ક્યાં કરાવવામાં આવે, એ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

**પ્રશ્ન-૧૦** બ્રહ્મસમ્બન્ધ મંત્રનું દાન કેવળ ગોસ્વામી મહાનુભાવોના સેવ્ય (પ્રભુ) સ્વરૂપ આગળ જ થઈ શકે છે, કે પછી બેઠકજીઓમાં શ્રી મહાપ્રભુજી-શ્રીગુસાંઈજી સમક્ષ પણ થઈ શકે છે? અથવા વૈષ્ણવોના ઘરમાં સેવ્ય (પ્રભુ) સ્વરૂપના સન્નિધાનમાં આચાર્ય બાળકો દ્વારા બ્રહ્મસમ્બન્ધનું દાન થઈ શકે છે ?

**ઉત્તર-૧૦** જે ભગવત્સ્વરૂપ જેના માથે બિરાજે છે, તેના રસ-ભાવ પ્રમાણે ભગવાન પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે. ગોસ્વામી મહાનુભાવોનો પોતાના સેવ્ય સ્વરૂપમાં ભાવ વિશેષ રહે છે. બ્રહ્મસમ્બન્ધ મંત્રદીક્ષા વૈષ્ણવોને ત્યાં બિરાજમાન શ્રીઠાકોરજીની સમક્ષ નહિ આપવું તેવું કોઈ ગ્રન્થોમાં બતાવાયેલા પ્રમાણે તો જોવામાં નથી આવ્યું. કોઈ પણ આચાર્ય (વલ્લભ-વંશજો) દ્વારા ભગવત્સ્વરૂપ પુષ્ટાવીને વૈષ્ણવોને પધરાવી આપવામાં આવે છે ત્યારે તે સ્વરૂપમાં સાક્ષાત્ પુરુષોત્તમનો જ આવિર્ભાવ થયેલો હોય છે. અર્થાત્ આચાર્ય બાળક એ સ્વરૂપમાં પોતાના હૃદયસ્થ (પ્રભુ) સ્વરૂપનું જ સ્થાપન કરે છે. તેથી જ તેવા સેવ્ય સ્વરૂપોના ચરણોમાં તુલસી સમર્પણ પણ કરાય છે તો પછી તેમની આગળ બ્રહ્મસમ્બન્ધ પ્રદાન કરવામાં શી આપત્તિ હોઈ શકે છે ?

એક એવી ધારણા પણ સાંભળવામાં આવે છે કે ગોસ્વામી બાળકોને માથે બિરાજતા સ્વરૂપો ‘**સર્વોદ્ધારક**’ છે અને વૈષ્ણવોને માથે બિરાજતા સ્વરૂપો ’**ભક્તોદ્ધારક**’ એટલે કે ફક્ત તે જીવના ઉદ્ધારને અર્થે જ બિરાજે છે જે તે સ્વરૂપની સેવા કરી રહેલા હોય. અતઃ વૈષ્ણવોને ઘરે બિરાજતા ભગવત્સ્વરૂપની સમક્ષ બ્રહ્મસમ્બન્ધ નહિ આપવું તે પણ એક વિચારણીય બાબત તો છે જ (આ વાત ફેંકી દેવા જેવી તો નથી જ).

પહેલાંના (પ્રાચીન) સમયમાં તથા આધુનિક (અત્યાર) ના સમયમાં કેટલાક વિદ્વાન ગોસ્વામી મહાનુભાવો વૈષ્ણવોના ઘરમાં બિરાજમાન સેવ્ય સ્વરૂપો સમક્ષ બ્રહ્મસમ્બન્ધ પ્રદાન કરે છે - એવી માન્યતા કે ‘વૈષ્ણવોના સેવ્ય સ્વરૂપો આગળ બ્રહ્મસમ્બન્ધ થઈ શકે છે’ નો વિરોધ ગ્રન્થોમાં તેમજ પરમ્પરાગત ઈતિહાસમાં જોવા સાંભળવા મળતો નથી.

ભાવભેદથી રસભેદ અને રસભેદથી સ્વરૂપભેદ, એ સિદ્ધાન્ત પ્રમાણે અનુભવમાં પણ ભેદ થાય છે. પરન્તુ બ્રહ્મસમ્બન્ધ પ્રદાન કરવામાં સેવ્ય સ્વરૂપોમાં ન્યૂનાધિકતા (વધારે-ઓછાપણું)નો વિચાર મારી દષ્ટિમાં તો ઉપયુક્ત (બરાબર) નથી લાગતો.

યદ્યપિ પુરાતન સમયથી લઈને અત્યાર સુધીમાં એવી પરમ્પરા પ્રાયઃ જોવામાં આવે છે કે આચાર્યો (વલ્લભ-વંશજો) દ્વારા પોતાના સેવ્ય સ્વરૂપ આગળ અથવા પરદેશમાં પોતાની સાથેના ઝાંપીજીમાં બિરાજતા સ્વરૂપ સમક્ષ જ બ્રહ્મસમ્બન્ધ થાય છે. પરંતુ કોઈ પણ પ્રામાણિક ગ્રન્થથી એવું પ્રાપ્ત નથી થતું કે વૈષ્ણવોના સેવ્ય સ્વરૂપો સમક્ષ બ્રહ્મસમ્બન્ધ નહિ થઈ શકે. બેઠકજીઓમાં શ્રીમહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજીની ઈશ્વરભાવે સેવા થાય છે, તો પછી (ત્યાં) બ્રહ્મસમ્બન્ધ કરાવવામાં કોઈ વિવાદ (જ) નથી.

**પ્રશ્ન-૧૧** બ્રહ્મસમ્બન્ધ આપવાનો અધિકાર ફક્ત ગોસ્વામી મહાનુભાવોને જ કેમ છે ? સમ્પ્રદાયના બીજા શાસ્ત્રીઓ અથવા સમ્પ્રદાયમાન્ય ઉચ્ચ આચરણવાળા ભગવદીય વૈષ્ણવોને બ્રહ્મસમ્બન્ધ આપવાનો અધિકાર કેમ નથી ? આ પ્રશ્નનો સિદ્ધાન્તમાં સ્વીકારાયેલા પ્રમાણોથી ઉત્તર આપવા કૃપા કરો.

**ઉત્તર :-૧૧** ફક્ત વલ્લભ સમ્પ્રદાયમાં જ નહિ, પણ બધા જ વૈદિક સમ્પ્રદાયોમાં કેવળ આચાર્યોને જ દીક્ષા આપવાનો અધિકાર છે. ‘**आचार्यं मां विजानीयात्**’ (શ્રીમદ્ ભાગવત ૧૧ સ્કન્ધ)ના પ્રમાણે આચાર્યોને પ્રભુ પોતાનું સ્વરૂપ બતાવે છે. તથા ‘**दत्त्वाज्ञां च कृपावलोकनपटुः**’ (સુબોધિની ૧-૧ કારિકા)માં શ્રી આચાર્યચરણ પોતાનો વિશેષ અધિકાર બતાવેછે. ગીતામાં પણ ‘**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया**’માં પણ ગુરુદ્વારા જ ફલપ્રાપ્તિનો નિર્દેશ કરવામાં આવ્યો છે. સિદ્ધાન્તરહસ્યની ટીકામાં શ્રીગોકુળનાથજી કહે છે કે ‘**ब्रह्मसम्बन्धकरणं नाम एतन्मार्गीयाचार्यद्वारा भगवन्निवेदनम्**’આ વાક્યમાં શ્રીઆચાર્યો દ્વારા બ્રહ્મસમ્બન્ધ થવું કહેવાયેલું છે. શ્રી કલ્યાણરાયજી (સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં) કહે છે કે ‘**ब्रह्मसम्बन्धो नाम स्वमार्गाचार्यद्वारा भगवति निवेदनम्**’ તેવી જ રીતે શ્રી પુરુષોત્તમજી પણ (સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં) જણાવે છે કે ‘**ब्रह्मसम्बन्धो नाम सर्वस्मिन् भगवत्स्वामिकत्वरूपः सम्बन्धः, तस्य, करणं नाम भगवता आचार्यान् प्रति गद्येनोक्तो य आत्मसमर्पणप्रकारः**’ આવા ઘણાં પ્રમાણોથી સિદ્ધ થાય છે કે બ્રહ્મસમ્બન્ધ આપવાનો અધિકાર ફક્ત આચાર્યોને જ છે. તેથી ઈતર બીજા કોઈને પણ નથી. બીજા સમ્પ્રદાયોમાં શિષ્ય પરમ્પરા છે પરંતુ આપણા આ સમ્પ્રદાયમાં વંશપરમ્પરાથી આચાર્યપણું (સ્વીકારાયેલું) છે, તેથી કેવળ વલ્લભ-વંશજોને જ બ્રહ્મસમ્બન્ધ પ્રદાન કરવાનો અધિકાર સિદ્ધ છે.

• • • • • • • •

# પ્રશ્ન - ઉત્તર - ૨

## વિષય :- પુષ્ટિમાર્ગમાં ચતુર્ભુજ સ્વરૂપની સેવા

**પ્રશ્નકર્તા - સમ્પાદક 'આચાર્યશ્રીવલ્લભ' (માસિક પત્ર)**

**(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)**

**ઉત્તર આપનાર - પૂ.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી-**
**કાંકરોલી**

આ પ્રશ્ન -ઉત્તર 'આચાર્યશ્રીવલ્લભ' (હિન્દી) માં વર્ષ પ્રથમના અંક - ૨,૩ માં પ્રકાશિત થયા હતા.

- **કેટલાક લોકોને આજકાલ ચતુર્ભુજ સ્વરૂપથી એલર્જી થઈ ગઈ છે.**
- **આ સમ્પ્રદાયમાં બીજા ચતુર્ભુજસ્વરૂપો ઉપરાન્ત ચતુર્ભુજ મદન-મોહનજી તથા ચતુર્ભુજ બાલકૃષ્ણજી પણ સેવ્યરૂપે વિદ્યમાન છે.**
- **સ્વરૂપની આકૃતિમાં ભેદ એ લીલાભેદ સૂચવે છે.**
- **ન તો શ્રીમહાપ્રભુજીએ સ્વરૂપોના નામ પાડવામાં કોઈ ભૂલ કરેલી છે તથા ન તો શ્રીપ્રભુ કંઈ થોડો સમય જ વ્રજમાં રહ્યા છે.**

**પ્રશ્ન-૧** પુષ્ટિમાર્ગમાં ચતુર્ભુજ સ્વરૂપની સેવા કેમ ?

**ઉત્તર-૧** પુષ્ટિમાર્ગમાં ભગવાન પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની સેવા થાય છે. સ્વરૂપભેદ તો એમની લીલાભેદને બતાવનારા છે. જો આપણે ભગવત્સ્વરૂપનેજ નથી જાણતા તો પછી એમની લીલાઓનો ભેદ તો સમજી શકાશે જ નહિ. (તુલનીય - **'यथा भगवति विदिते सर्वं विदितं भवति, भगवत्यविदिते सर्वमेवाविदितं जातमिति'** શ્રીસુબોધિની (૧૦-૭)

ભગવાન્ પુરુષોત્તમ સદાનન્દ સ્વરૂપ છે અને ચાર વ્યૂહોથી યુક્ત પુરુષોત્તમજ વિવિધ ક્રીડાઓ કરે છે. ક્રીડાથીજ ત્રણ પ્રકારના જગતની ઉત્પત્તિ થાય છે. (**'क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते'** શ્રીભાગવત). આ પ્રકારે ત્રણ પ્રકારની સૃષ્ટિના જીવો પણ સાત્ત્વિક, રાજસ્, તામસ્ તથા પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા વગેરે ભેદથી અનેક પ્રકારના હોય છે. આ બધા પ્રકારના જીવો ભગવત્સેવા કરે છે અને પ્રાયઃ બધાજ પોતાને કેવળ પુષ્ટિજીવજ સમજી બેઠા છે. એથી જ ભગવત્સ્વરૂપના વિષયમાં આવો પ્રશ્ન ઊભો થાય છે. નહિતર જે વાસ્તવમાં પુષ્ટિજીવ હોય છે એમને ભગવત્સ્વરૂપમાં ભેદ પ્રતીત થતો નથી (**'यः सर्वत्र समदृष्टिः स दोषाभावात् न हन्यते, यस्तु साधुः स समदृष्टिरेव'**શ્રીસુબોધિની દશમ તામસ પ્રમાણ પ્રકરણ). (ઉપર જાણાવેલ પોતાને માટેની ખોટી સમજ) જે સ્વયંને માટે ઘાતક હોય છે. શ્રીમદ્આચાર્યજી એનેજ પુષ્ટિનો અધિકારી ભક્ત માને છે જે અલૌકિક-લૌકિક ના ભેદ ને, ભગવાનના યથાર્થ રૂપને અને ભક્તિના ભાવ અને અભાવોને સમજતો હોય, (**'तारतम्यपरिज्ञानं पदार्थयाथात्म्यं भक्तिभावाभावौ च यो जानाति स भक्तः'** શ્રી સુબો. તા. સા. પ્રકરણ, ૧૦ સ્કન્ધ). અતઃ તાત્પર્ય એ છે કે જે ભક્ત હોય છે અને તે પણ પુષ્ટિમાર્ગીય, તો તે સર્વ વ્યૂહવિશિષ્ટ શ્રીપુરુષોત્તમની સેવા કરે છે, એમની ભુજાઓની ગણત્રી નથી કરતા.

કેટલાક લોકોને આજકાલ ચતુર્ભુજ સ્વરૂપથી 'એલર્જી' થઈ ગઈ છે એમ લાગે છે. ત્યારેજ તો આવો ભ્રામક પ્રચાર થઈ રહ્યો છે કે (પુષ્ટિ સમ્પ્રદાયમાં) બે ભુજાવાળા સ્વરૂપજ સેવ્ય હોય છે, ચાર ભુજાવાળા નહિ. પરંતુ તથ્ય તો એ છે કે સમ્પ્રદાયમાં શ્રીમહાપ્રભુજીના સમયથી જે સ્વરૂપો વિદ્યમાન છે, બે ભુજા યા ચાર ભુજા વાળાજ નહિ પણ આઠ ભુજાવાળા

(ભગવત્સ્વરૂપ) પણ છે. બે ભુજાવાળા સ્વરૂપમાં પણ જો સ્વરૂપની ભુજાઓને લૌકિક રૂપમાં માનો છો તો તેમાં ભૂલ થઈ રહી છે. બાહુ એ ભગવાનની ક્રિયાશક્તિ છે - ધર્મ રૂપ હોય છે. (દ્રષ્ટવ્ય - **'अत एव तदीयो धर्मोऽन्तःस्थितस्तस्य निरोधं साधयतीति चन्दनरूषितमित्युक्तम्'** શ્રી સુબો. અહીં લેખ દ્રષ્ટવ્ય છે - **'एतस्यां विनियोगो बाहोरिति शेषः। तदीयो धर्म इति बाहुनिष्ठो धर्म इत्यर्थः'** દશમ સ્કં.તા. ફ. પ્રકરણ) (પોતાની ઈચ્છા મુજબ) ભગવાન જે પ્રકારે જે લીલા પ્રકટ કરે છે યા એને ગુપ્ત કરી લે છે, ભગવદ્ધર્મ પર કોઈનું નિયંત્રાણ નથી હોતું.

નિષ્કર્ષ એટલોજ છે કે પુષ્ટિમાર્ગમાં તે-તે લીલાવિશિષ્ટ શ્રીપુરુષોત્તમનીજ સેવા થાય છે, એમના લૌકિક રૂપની નહિ. ભગવદ્રૂપમાં દેહાત્મભાવ વગેરે છોડીને હૃદયસ્થિત મૂલ રૂપનીજ ભાવના કરવી જોઈએ. (દ્રષ્ટવ્ય શ્રી સુબોધિની - પ્રક્ષિપ્તાધ્યાય - **'मूलभ्रमप्रतिपन्नं देहात्मभावं व्यामोहकशास्त्रप्रतिपन्नं च भावं परित्यज्य हृदये विद्यमानो भगवान् विभावनीयः।'** સેવા એજ સ્વરૂપની થાય છે.

**પ્રશ્ન-૨** બાલ્યભાવ - માધુર્યભાવવાળી સેવામાં શંખ - ચક્ર વગેરે આયુધો (શસ્ત્રો)નો સમાવેશ કેવી રીતે ?

**ઉત્તર-૨** પ્રસ્તુત પ્રશ્નને ત્રણ ભાગોમાં સમજી શકાય છે બાલભાવનું સ્વરૂપ (૨) માધુર્યભાવનું સ્વરૂપ અને તેની સેવા, તથા (૩) આમાં આયુધોની સંગતિ. આમ આ ત્રણ ભાગે વિભક્ત પ્રશ્ન છે.

બાલભાવ એને કહેવાય છે જેમાં વ્રજમાં નન્દ યશોદાના આંગણામાં, ગોપબાળકોની સાથે ક્રીડા કરવાવાળા શ્રીકૃષ્ણની ભાવના કરાય છે. બાલભાવમાં માધુર્યની નહિ પ્રત્યુત વાત્સલ્યની પ્રધાનતા હોય છે. અને

માધુર્યભાવ ત્યાં હોય છે જ્યાં વૃંદાવનવિહારી, ગોપીજનવલ્લભ શ્રીનિકુંજનાયક શ્રી કૃષ્ણની ભાવના કરાય છે (તુલનીય **'मधुरता श्रीमत् किशोरावधिः'** શ્રી મધુસૂદન સરસ્વતી કૃત શ્રીવિઠ્ઠલેશ પ્રશસ્તિ). સિદ્ધાન્ત ગ્રન્થો કહે છે કે સેવનમાં વાત્સલ્ય અને ધ્યાનમાં માધુર્યભાવ રાખવો જોઈએ. (જેમ - (૧) **'सदा सर्वात्मना सेव्यो भगवान् गोकुलेश्वरः'** (૨) **'स्मर्त्तव्यो गोपिकावृन्दे क्रीडन् वृन्दावने स्थितः'** આ બન્ને ભાવો એકજ સ્વરૂપમાં અને એક સાથે જ કરવામાં આવે છે. બાલભાવ યા માધુર્યભાવ જુદા જુદા રૂપમાં સેવ્યરૂપમાં માનવામાં નથી આવતો. અર્થાત્ ક્રિયા અને ધ્યાન એ બન્નેજ એકબીજાના પૂરક બનીને વાત્સલ્ય અને માધુર્ય એમ બે પ્રકારના ભાવોની અભિવ્યક્તિ એકજ સ્વરૂપમાં કરાય છે. એકજ સમયમાં બે પ્રકારના ભાવોની અભિવ્યક્તિ અને અનુભૂતિ લોકવ્યવહારમાં અટપટી (વિચિત્ર) તો લાગે છે, પરંતુ શ્રીપ્રભુનું ચરિત્રજ એટલું અટપટુ (વિચિત્ર) અને વિલક્ષણ છે કે એમાં બાલ્યાવસ્થા કિશોરાવસ્થા વગેરે અવસ્થા ગુણધર્મ પણ એક સાથેજ વિદ્યમાન રહે છે (દ્રષ્ટવ્ય - **'अत एव कृष्णावतारचरित्रमत्यलौकिकम्, अवस्थासाधनविरुद्धकार्यत्वात्'** શ્રી સુબોધિની ૧૦-૬-૧૮)

શ્રીમન્મહાપ્રભુજીના અનુસાર લીલાભેદથી બાલલીલા સાત પ્રકારે નિરૂપિત છે. પ્રકરણભેદથી સાત પ્રકારે વિભક્ત બાલ લીલાજ હેતુભૂત છે, જે આપણા સમ્પ્રદાયમાં મુખ્ય આઠ સ્વરૂપોમાંથી સાત સ્વરૂપોમાંજ બાલભાવયુક્ત સેવ્યરૂપતા છે. શ્રીમદ્ ગોવર્ધનધર નિકુંજનાયક મૂલતઃ ધ્યેય રૂપ છે, અતઃસેવા પદ્ધતિ પણ એમની પૃથક્ (જુદી) નથી. સાતે પદ્ધતિઓના અનુસાર જેવા શ્રૃંગારી તે મુજબ એમની સેવા થાય છે. સામાન્ય રીતે શ્રીનવનીતપ્રિયલાલની પદ્ધતિ જ પ્રચલિત છે. આથી એમ સમજી શકાય છે કે જ્યાં સેવ્ય રૂપતા છે ત્યાં પણ બે પ્રકારના સેવ્ય (સેવાને અનુરૂપ) અને સ્મર્ય (સ્મરણ-ધ્યાનને અનુરૂપ) અથવા બાલભાવ અને માધુર્યભાવ સંયુક્ત (સારી રીતે મળેલા-જોડે) વિદ્યમાનજ છે. અને જ્યાં

કેવલ માધુર્યભાવજ વિદ્યમાન છે, ત્યાં પણ સેવાના સમયમાં બાલભાવ સંયુક્ત થઈજ જાય છે.

કેવળ બાલભાવ જે લોકો જાણે છે તે રાજસભાવનું કારણ છે, **(एतादृशो बालको निधिरूपोऽस्माकं स्थाने तिष्ठतीति, एवं राजसानां सिद्धान्तः’** શ્રીસુબોધિની દશમ તામસ પ્રમાણ પ્રકરણ) સાત્ત્વિકો તો માધુર્ય યુક્ત રૂપ જ અર્ચિત કરતા હોય છે. જે પ્રકારે શ્રીદાઊજી અને શ્રીકૃષ્ણ અંશ અને પૂર્ણ અવતાર રૂપ અલગ હોઈને પણ શુદ્ધભક્તોને એક રૂપમાંજ દર્શન આપે છે, એમનામાં એકરૂપતા જ અનુભવ થાય છે (**‘दत्वा स्तनं प्रपिबतो स्म मुखं निरीक्ष्य’ इत्यत्र मुखमित्येकवचनमेकस्यावेशितत्वेन प्रकटमेकमेव मुखमिति ( ।।) तावुभावपि एको भगवान् इति न वैलक्षण्यम्** - શ્રી સુબોધિની દશમ તામસ પ્રમાણ પ્રકરણ) આજ પ્રકારે બન્ને ભાવોમાં પણ એકરૂપતા સમજવી જોઈએ.

હવે રહી શંખ - ચક્ર વગેરે (આયુધો)ની વાત. તો એમાં પ્રથમ એ સમજવું જરૂરી છે કે જો શ્રીકૃષ્ણના વાસ્તવિક રૂપને નહિ સમજીને અલૌકિક બાલભાવના સ્થાને આપણે લૌકિક ભાવના રૂપની કલ્પના કરતા હોઈએ તો આ આપણા અજ્ઞાનનું અભિમાનજ કહેવાશે. **‘लोकाभिनिवेशस्तत्रैव मनो यस्या इति भगवत्सम्बन्धस्य गौणत्वात् प्रवाहस्य बलिष्ठत्वाद् भगवदंशमपि परित्यज्य लौकिकसम्भावनार्थमभिमानवती च जाता, इति’** - શ્રી સુબો. દશમ તા. પ્ર.)

અરે ભાઈ ! ભગવાનના અલૌકિક જગત વંદ્ય રૂપને તો કંસ પણ જાણતો હતો (**‘पूतनावधमारभ्य कंसो जानाति गोकुले। हरिरस्ति जगद्वंद्यो मम हन्तेति सर्वथा’** - શ્રીસુબોધિની કારિકા). આપણે અલૌકિકને લૌકિકમાં લીન ન કરી દઈએ તે કારણથી તો શ્રીમદ્ આચાર્યજીએ ચતુર્ભુજ સ્વરૂપ પ્રકટ રૂપમાં વાત્સલ્ય અને માધુર્ય બન્ને ભાવવિશિષ્ટ રૂપમાં આપણને પ્રદાન કર્યા છે.

જ્યારે-જ્યારે નન્દ-યશોદા યા વસુદેવ-દેવકીને કેવલ લૌકિક ભાવ ઉત્પન્ન થતો હતો ત્યારે જ શ્રી પ્રભુ ચતુર્ભુજ રૂપે એમને દર્શન આપીને એમનામાં અલૌકિક ભાવની પુષ્ટિ કરતા હતા. (ધ્યાતવ્ય -**तमद्भुतं बालकमम्बुजेक्षणं चतुर्भुजं शंखगदाद्युदायुधम् । श्रीवत्सलक्ष्मं गलशोभिकौस्तुभं पीताम्बरं सान्द्रपयोदसौभगम्** - ઈત્યાદિ શ્રીભાગવત દશમસ્કન્ધ) એવીજ રીતે આપણે પણ એમને ફક્ત લૌકિક બાળકની માફક ન સમજી લઈએ, એ ભાવ કરાવવા માટે જ બે પ્રકારના ભાવો હોવા ઉપરાન્ત પણ શ્રીપ્રભુ આયુધો ધારણ કરી ચતુર્ભુજ રૂપે દર્શન આપે છે.

ભગવાનની માનભાવવાળી લીલાઓ તો પોતાના જીવોમાં (ભક્તોમાં) ભક્તિ ઉત્પન્ન કરવા માટે જ હોય છે. (**‘मानुषभावेन नानाविधाः क्रीडाः भक्तानुत्पाद्य तेषु भक्ति स्थापनार्था इति’** - શ્રી સુબોધિની ૧૦-૧૦) જ્યારે ભક્તોમાં ભક્તિરસનો આનન્દ વ્યાપ્ત થઈ જાય છે, ત્યારે શ્રી પ્રભુ બાલભાવની અનુભૂતિઓ કરાવવું છોડી માધુર્ય ભાવની પણ દૃઢ પ્રતીતિ કરાવવા લાગે છે, જે અનુભવથી જ એક માત્ર જાણી શકાય તેવી હોય છે. (**‘अतो विमर्शे गोपानामानन्दश्च निरूपितः । तदर्थमेव हरेर्बालभावो न चान्यथा ।। सम्पन्ने तु ततस्तस्य परित्यागोऽपि वर्ण्यते । इति’** - સુબોધિની કારિકા).

**પ્રશ્ન-૩** કયા કયા ચતુર્ભુજ સ્વરૂપોની સેવા પુષ્ટિમાર્ગમાં થાય છે ?

**ઉત્તર-૩** પુષ્ટિમાર્ગમાં આઠ સ્વરૂપોના ઉપરાન્ત બીજા પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સાતે બાળકોના સેવ્ય એવા ઘણાં સ્વરૂપો સેવ્યપણાથી શ્રીવલ્લભગૃહોમાં બિરાજે છે. એમાં મુખ્ય

સ્વરૂપોમાં અને બીજા નિધિ રૂપોમાં નીચે મુજબનાં સ્વરૂપો બિરાજે છે જે ચતુર્ભુજ છે - (૧) શ્રી મથુરાનાથજી (૨) શ્રી દ્વારકાનાથજી (૩) શ્રીગોકુળનાથજી (૪) શ્રી કલ્યાણરાયજી (૫) શ્રીદામોદરજી વગેરે. આ સિવાયના ચતુર્ભુજ શ્રીમદનમોહનજી અને ચતુર્ભુજ શ્રીબાલકૃષ્ણજી પણ વિદ્યમાન છે.

એવંચ કાલપ્રવાહને લઈ યદ્યપિ આજે સમ્પ્રદાયવ્યવસ્થાથી પૃથક્ (અલગ) છે, છતાં પણ શ્રી રાજગોપાલ પ્રભુ પણ ચતુર્ભુજ રૂપમાં સમ્પ્રદાયમાં પ્રમુખ સેવ્ય રહ્યા છે (રહી ચૂક્યા છે). શ્રી પ્રભુચરણનાં શિષ્ય-સેવક શ્રી મુરલીધરદાસનો ગ્રન્થ આનું પ્રમાણ છે જેમાં એમની (રાજગોપાલ પ્રભુની) સરખામણી શ્રીગોવર્ધનધરના સ્વરૂપથી કરાયેલી છે. અતઃ આટલા રૂપમાં તો ચતુર્ભુજ સ્વરૂપ પુષ્ટિમાર્ગમાં સેવિત (જેની સેવા થયેલી હોય અથવા થઈ રહી હોય તેવા) છે. તે પછીથી ત્રણ આઠ ભુજાવાળા સ્વરૂપ પણ શ્રીમદાચાર્યજી વડે સેવિત રૂપમાં વિદ્યમાન છે.

વાસ્તવિક ચતુર્ભુજ રૂપતાનું સ્વરૂપ તો આપણે પૂર્વના પ્રશ્નોના ઉત્તરમાં કહીજ ચૂક્યા છીએ. તે મુજબ સેવ્ય દરેક સ્વરૂપોમાં બાલભાવ, કિશોરભાવ અને ચતુર્વ્યૂહાત્મક ભાવ-આ ત્રણે ભાવો એક સાથે વિદ્યમાન રહે છે. બાલભાવ સર્વદોષોનો નાશ કરનાર છે, કિશોરભાવ સર્વસુખજનક (સર્વમાં સુખ ઉત્પન્ન કરનાર) અને ચતુર્વ્યૂહાત્મકતા સર્વસામર્થ્યજનક (સર્વમાં સામર્થ્યને ઉત્પન્ન કરનાર, અથવા સર્વ પ્રકારના સામર્થ્યને ઉત્પન્ન કરનાર, અથવા સર્વમાં સર્વ પ્રકારના સામર્થ્યને ઉત્પન્ન કરનાર) છે, જે સર્વત્ર મૂલરૂપમાં વિદ્યમાન છે (તુલનીય - **‘एवं भगवतस्त्रिविधानि कर्माणि निरूपितानि, सर्वदोषनाशकानि, सर्वसुखजनकानि, सर्वसामर्थ्यजनकानि, इति’** શ્રીસુબોધિની - દશમ તામસ પ્રમાણ પ્રકરણ).

**પ્રશ્ન-૪** આ સ્વરૂપો વચ્ચે શો ભેદ છે ?

**ઉત્તર-૪** પુષ્ટિસમ્પ્રદાયમાં જે સેવ્યસ્વરૂપો છે તેમાં કોઈ ભેદ નથી. જો ભેદ છે પણ તો તે લીલાભેદ, ભાવભેદ અને સેવાપદ્ધતિનો ભેદ છે, સ્વરૂપભેદ નથી. કારણ કે પુરુષોત્તમરૂપપણું તો સર્વત્ર (આ બધામાં જ) વિદ્યમાન છે, અક્ષરાત્મકપણું, દેવરૂપાત્મકપણું અને ગુણરૂપાત્મકપણાના પ્રકારો જ સ્વરૂપભેદનું કારણ છે અતઃ આ સ્પષ્ટ છે કે સેવ્ય સ્વરૂપોમાં પુરુષોત્તમરૂપપણાને કારણે કોઈ ભેદ નથી.

સ્વરૂપની આકૃતિઓમાં ભેદ (જુદાપણું) લીલાભેદ ને સૂચવે છે. ક્વચિત્ વાત્સલ્ય વિશિષ્ટ માધુર્ય વગેરે ભાવ હોય છે, તો ક્યાંક માધુર્ય વિશિષ્ટ વાત્સલ્ય વગેરે ભાવ અને ક્યાંક આ બન્ને ભાવોને અન્તર્નિહિત (અંદર છુપાયેલા - સમાયેલા) કરીને અલૌકિકતાના ભેદને માટે વ્યૂહવિશિષ્ટરૂપપણું હોય છે જે ભાવાનુભેદનું કારણ છે. ભગવત્સ્વરૂપમાં ચિહ્નોનો જે ભેદ હોય છે તે લીલાભેદને કારણે છે અને જે સેવાપદ્ધતિમાં ભેદ પ્રતીત થાય છે તેને બે પ્રકારોમાં સમજવો જોઈયે - એક તો પૂર્વ પ્રશ્નોત્તરોમાં સાતનિધિરૂપપણું બતાવાઈ ગયેલું છે તે વિશિષ્ટ ભાવોની લીલાથી જે પુષ્ટિસેવા- પદ્ધતિના મૂળથી એક જ હોઈને પણ ભગવદ્રુચિ (ભગવાનની પ્રસન્નતા - પસંદગી) ના અનુરૂપ ભિન્નતા (જુદાપણું) થઈ જવાને કારણે પ્રતીત થાય છે.

બીજું પુષ્ટિસમ્પ્રદાયથી ઈતર (બીજા) સ્થાનોમાં સ્થિત (રહેલ) શ્રીપુરુષોત્તમના વિગ્રહો (ભગવત્ સ્વરૂપો)ની સેવામાં મિશ્રમર્યાદા (જેમાં મર્યાદાનું મિશ્રણ છે તેવી) પદ્ધતિ હોવાને કારણે પ્રતીત થાય છે.

આ પ્રકારે આ (બધાં) સ્વરૂપોની વચ્ચે અભેદ હોઈને પણ ભેદની

અનુભૂતિ પ્રસ્તુત છે, વાસ્તવમાં સ્વરૂપભેદ તો ક્યાંય પણ નથી.

**પ્રશ્ન-૫** નારદ પંચરાત્રમાં 'માધવ' વગેરે જે ભેદો બતાવવામાં આવેલા છે, તેનો આ (ઉપર્યુક્ત પુષ્ટિ) સ્વરૂપો સાથે કોઈ સમ્બન્ધ છે ?

**ઉત્તર-૫** પાંચરાત્રાગમના અનુસાર ચોવીસ પ્રકારે ભગવત્ સ્વરૂપો છે જે ચિહ્ન-આકૃતિના ભેદથી જુદી જુદી રૂપાકૃતિવાળા છે, કિન્તુ પુષ્ટિસમ્પ્રદાયની સેવાપદ્ધતિમાં અને સેવ્ય સ્વરૂપોથી પ્રત્યક્ષ રીતે આનો કોઈ સમ્બન્ધ નથી. જો આંશિક (અંશથી-સામાન્ય) સમ્બન્ધ સમજવામાં આવે પણ તો તે ફક્ત ભગવદ્રૂપ વર્ણન અને સ્તવન સુધી જ સીમિત છે. એનો (પંચરાત્રમાં બતાવાયેલ ૨૪ ભગવત્ સ્વરૂપોનો) સમ્બન્ધ તો વૈષ્ણવ તંત્રથી છે જે મર્યાદાના જીવોથી સમ્બન્ધવાળો છે, પુષ્ટિ સાથે સમ્બન્ધ નથી.

**પ્રશ્ન-૬** શ્રી મથુરાધીશજી, શ્રી દ્વારકાધીશજી, શ્રી કલ્યાણરાયજી વગેરે સ્વરૂપોની પીઠિકા (સ્વરૂપમાં પાછળના પીઠકવાળા ભાગ)માં જે જુદાપણું છે, એમાં કંઈ વિશિષ્ટ તાત્પર્ય (પ્રયોજન) યા રહસ્ય છે ?

**ઉત્તર-૬** હા. આ સ્વરૂપોની પીઠિકા ચોરસ, ચંદ્રાકૃતિ અને કોણાત્મક છે, જે જુદાં-જુદાં રહસ્યોને પ્રતિપાદિત કરે છે. જેમકે હું પહેલાં જ કહી ચૂક્યો છું તેમ ભાવનાસિદ્ધાન્તની રહસ્ય સાથેની (ગૂઢ) વાતો બહુજનહિતમાં (દરેક લોકોના હિતને વિચારતાં) કહેવું ઔચિત્યપૂર્ણ (ઉચિત) સમજતો નથી. અતઃ આને જાણવાની વિશેષ જિજ્ઞાસાવાળા લોકો ભાવનાગ્રન્થોને (જેમાં દરેક પ્રકારની ભાવનાઓ બતાવવામાં આવી હોય તેવા ગ્રન્થો) પોતાના મનમાં સન્તોષ ખાતર જોઈ લે એજ બરાબર રહેશે.

**પ્રશ્ન-૭** શ્રીદ્વારકાધીશજી, શ્રીમથુરાધીશજી, આ નામો દ્વારકાલીલા અને મથુરાલીલા (દ્વારકામાં તથા મથુરામાં રહીને પ્રભુએ કરેલી લીલાઓ) ને બતાવનારા છે એવું સમજાય છે, જ્યારે પુષ્ટિસમ્પ્રદાયમાં (પ્રભુની) વ્રજમાં રહીને અગિયાર વર્ષ અને બાવન દિવસની જ લીલાનું સ્વરૂપ સેવ્ય છે, શ્રી આચાર્યજી કહે છે - **'भजनीयो व्रजाधिपः'** તો આ વાતમાં પરસ્પર જે વિરોધ દેખાય છે તેનું નિવારણ - નિરાકરણ શું ?

**ઉત્તર- ૭** ભગવન્નામ શી વસ્તુ છે એ નહિ જાણવાથી જ આ પ્રશ્ન ઊઠે છે કે કયા અક્ષરથી કયો અર્થ પ્રતીત થાય છે. જે પ્રકારે ભગવદ્રૂપને જોવાવાળાઓને પોતાનામાં રહેલા દોષોને લઈ પ્રાકૃતતુલ્ય (આપણી માફક-લૌકિક બરાબર) પ્રતીત થાય છે, તેવી જ રીતે લૌકિકભાવમાં આવી પડેલી બુદ્ધિના દોષને લઈને જ મનુષ્ય ભગવન્નામના અક્ષરોને પણ લૌકિકવર્ણો (ક, ચ, ટ, ત વગેરે) ના સમાન સમઝીને અર્થને વ્યર્થજ લૌકિક અર્થમાં ખેંચવાનો પ્રયત્ન કરે છે. (**'यथा भगवद्रूपं तुल्यं प्रतीयते ग्राहकदोषादेवं नामान्यपि लौकिकानां ग्राहकदोषादेव लौकिकवर्णयुक्तानि इव प्रतीयन्ते । वस्तुतस्त्वखण्डान्येव तानि । ज्ञानपूर्वकं शुद्धभावेन वस्तुतत्त्वे जात एव बुद्ध्योच्चारितानि नतु लौकिक सिद्धानुवादकरूपाणि नामानि सर्वपुरुषार्थानि फलन्ति'** - શ્રી સુબોધિની તામસ પ્રમાણ પ્રકરણ.)

જે પ્રકારે પુરુષોત્તમની અખંડતા, એકરૂપતા જુદા જુદા રૂપો વડે કરીને વિભક્ત (વહેંચાયેલી) થઈ શકતી નથી, તે જ પ્રકારે ભગવન્નામના અક્ષરોથી પણ લીલાભાવના વિભક્ત (અલગ) થતી નથી. શ્રીનન્દનન્દનની અખંડ લીલાને કોઈ પણ નામ યા સંકેત વ્યક્ત કરી શકે છે. (**'भगवन्नामानि त्वखण्डशब्द ब्रह्मरूपाणि । यथा भगवत्स्वरूपे शरीरभानं ग्राहकदोषात् तथा नाम्नोऽपि लौकिकशब्दत्वेन भानं तद् दोषादेवेत्यादि प्रपश्चितं पितृचरणैः श्रीभागवतविवरणे तेन स्वरूपवन्नाम्नामपि नित्यता मन्तव्या'** શ્રી પ્રભુચરણ - વિદ્વન્મંડનમાં પૃ. ૨૨) જેમ યુગલગીતમાં **'देवकीजठरभूरूडुराज'** કહેવાથી

તો વ્રજલીલાનો સમ્બન્ધ પ્રકટમાં ભલે પ્રતીત ન હોય, પણ શુદ્ધ ભાવ અને ભગવલ્લીલાનું જ્ઞાન રાખવાવાળી ગોપિકાઓને એમાં વ્રજથી ઈતર સમ્બન્ધની ગન્ધ પણ નથી આવી. એવીજ રીતે આપણે પણ જો પોતાની બુદ્ધિને દુર્ભાવ - કાળપથી બચાવીને શુદ્ધ રાખીએ તો નામના અક્ષરો ક્યારેય પણ લીલાભેદને દર્શાવનારા નહિ બનશે અને ભગવાનના માહાત્મ્યના જ્ઞાનનું અપરોક્ષ (પ્રત્યક્ષ) કારણ બનીને શ્રીપ્રભુની અલૌકિક લીલા અને સ્વરૂપના પણ જ્ઞાનનું કારણ બનીને ચાર પ્રકારના પુરુષાર્થોના અને ભક્તિ સ્વરૂપ પાંચમાં પુરુષાર્થના પણ ફલનું દાન આપનાર બનશે.

શ્રીપ્રભુનાં જુદાં-જુદાં નામો તો જ્યારે શ્રી આચાર્યચરણે શ્રીપ્રભુચરણે અને સાત બાળકોએ અલગ-અલગ વૈષ્ણવોને સેવાને અર્થે શ્રીવિગ્રહ (ભગવત્સ્વરૂપ) પધરાવી આપ્યા તે સમયે (તે-તે નામો) આપ્યા હતા. તે વખતે જે ભગવલ્લીલા ભાવનાનું બિંબ તેઓશ્રીના હૃદયપટલ પર અંકિત થયું, તે અનુસારજ નામસંકેત આપીને સેવાની આજ્ઞા પ્રદાન કરી હતી. તેથી જ તો શ્રીવૃન્દાવનચંદ્રજી, શ્રીવ્રજદૂલ્હેજી, શ્રીરસિકશિરોમણિજી, શ્રીલાડિલેશજી, શ્રીઅદ્‌ભુતરાયજી વગેરે નામો સ્વરૂપોનાં મળે છે. સ્વરૂપની આકૃતિઓમાં જુદાપણું ન હોઈને પણ નામોમાં જુદાપણું તે ભાવનાને (તે સમય હૃદય પર અંકિત ભાવનાને) જણાવનાર છે. પરંતુ આથી ભગવદ્ રૂપની ભિન્નતાનો બોધ નથી થતો, બલ્કે તે વિશિષ્ટ લીલાનો બોધ અને અનુસન્ધાન ચિત્તને શુદ્ધ કરવાવાળો થઈ જાય છે. (તુલનીય - **‘तारतम्येन चित्तशुद्ध्यतिशयो नाम्ना भवति’**એવંચ - **‘अनेन अनन्तान्येव नामान्युक्तान्युपास्यरूपाणि चान्तःकरणशोधकानीति, तदवस्थां भगवद्रूपस्य स्मृत्वा तन्नाम ग्राह्यम्’** શ્રીસુબોધિની દશમ તામસ પ્રમાણ પ્રકરણ) આજ કારણ છે કે શ્રીઆચાર્યજીએ સેવ્યરૂપોના અલગ-અલગ નામો આપ્યા છે.

આ અનન્ત નામોથી ભગવાનના અનન્ત ચરિત્રોનું અનુસન્ધાન, જે

અન્તઃકરણનું શોધક (શુદ્ધ કરવાવાળું) છે, જેથી ભગવલ્લીલાનું સ્મરણ કરીને નામોનું ગ્રહણ કરવું જોઈએ, અન્યથા ભગવદ્ રૂપની ભાવનામાં જુદાપણું બતાવવું તે એનો (જુદાં નામોનો) ઉદ્દેશ નથી, અંદર છુપાયેલ કારણ ફક્ત ભગવલ્લીલાનું અનુસન્ધાન છે. નામથી બાલ્ય યા કિશોર ભાવની અભિવ્યક્તિ ઉદ્દેશ્ય હોતે તો શ્રી લાડિલેશ વગેરે નામોના બાલ અને કિશોર બન્ને પ્રકારના સ્વરૂપો કેવી રીતે હોઈ શકતા હતા ?

એવંચ, લીલાબોધનું એવું તાત્પર્ય પણ નથી કે તે સ્વરૂપ પછી અન્ય લીલાભાવના અર્થે અનુપયુક્ત થતું હોય, સ્વરૂપની માફક લીલાભાવ પણ અખંડજ હોય છે અને બધીજ લીલાઓ દરેક સ્વરૂપની સેવામાં વિશિષ્ટભાવ - મનોરથ દ્વારા અનુભૂત પણ કરાય છે. અન્યથા શ્રીબાલકૃષ્ણજી હિંડોરા ઝૂલી શકે નહિ યા શ્રીમદનમોહનજી પલનામાં ઝૂલી શકે નહિ.

આ પ્રકારે (વિચારતાં) જો દ્વારકાલીલા યા મથુરાલીલાથી બુદ્ધિનો વિપર્યાસ થતો હોય તો એમાં કારણ માત્ર અજ્ઞાન છે. કારણ કે આ નામનું તાત્યર્પ છે - રાજલીલા. રાજલીલામાં રાજસ ભાવ હોય છે **‘वनलीला सात्त्विकीति, सत्त्वप्रधानैव रजोलीला’** - શ્રી સુબોધિની પ્રક્ષિપ્તાધ્યાય.) અને વનમાં ગોચારણ (ગાયોને ચરાવવાના) સમયમાં બધાં ગોપબાળકોની સાથે રમતો રમતી વખતે શ્રીપ્રભુ દ્વારકાલીલા અને મથુરાલીલાની અનુકૃતિરૂપ (તેના જેવી કૃતિવાળી) મહારાજલીલાની ક્રીડા પણ કરે છે. (**‘एवं भूमिक्लेशनिवृत्त्यनन्तरं क्लिष्टभूमौ स्वांशैर्बालकैः सह महाराजलीलां कृतवान्, राजलीलायां च स्वयं राजा, मंत्री रामः, सेवकाः बालका इति’** - શ્રી સુબોધિની દશમ તામસ પ્રમાણ પ્રકરણ) જેમાં આ (શ્રીપ્રભુ) મથુરા અને દ્વારકાના રાજા બને છે, શ્રીદાઊજી મંત્રી બને છે અને ગોપબાળકો સેવક બને છે. આ પ્રકારે લીલાસન્દર્ભમાં દ્વારકાલીલા અને મથુરાલીલા પણ વ્રજલીલામાં સમાવિષ્ટ (સમાયેલી) છે. આ પ્રકારાન્તર સંલગ્નપણું છે

(જુદા પ્રકારે સંલગ્ન-જોડાવું). અન્યથા શ્રીમદ્વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના વડે આ પ્રકારે ભગવત્સ્વરૂપોને નામોનું આપવું તે શું અસંગત નહિ બનતે? યા તેઓશ્રીને (શ્રી આચાર્યચરણને) ભગવાનની લીલાઓનું અનુસન્ધાન નહિ હતું અને આજે તમે અને અમેજ મહાજ્ઞાની તરીકે ઉત્પન્ન થયા છીએ? કે શ્રીપ્રભુનાં નામ અને લીલાઓનું ઉચિતપણું વિચારી રહ્યા છીએ ?

ભગવલ્લીલાના અજસ્ર પ્રવાહને બાંધીને તેને ફક્ત અગિયાર વર્ષ અને બાવન દિવસમાં જ સીમિત કરી રહ્યા છીએ એ પણ આપણો સહુથી અધિક પ્રમાદ છે. શ્રી પ્રભુ તો આજે પણ પ્રત્યક્ષ વ્રજમાં લીલાવિહાર કરી રહ્યા છે,એમને કાલગણનામાં આજસુધી શું કોઈ બાંધી શક્યું છે ? અરે ભાઈ ! આપણે આપણા ધ્યાનમાં કયા સ્વરૂપને લાવવું અને કઈ લીલાનું અનુસન્ધાન કરવું એ બાબતનું બન્ધન આપણે ભગવદ્રૂપ પર લાદીએ છીએ. પરંતુ શ્રીપ્રભુ તો નિરન્તર વ્રજમાં જ નિવાસ કરે છે. તે (કૃષ્ણાવતારના) સમયે પણ હતા, આજે પણ છે અને આગળ (ભવિષ્યમાં) પણ રહેશે. એટલા જ માટે તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે - ‘‘**नहि गोकुल सर्वस्वं कश्चिदन्यत्र नेतुं समर्थः**’ (શ્રીસુબોધિની દશમ પ્રમાણ પ્રકરણ.)

આ પ્રકારે દ્વારકાલીલાના સમયે પણ વ્રજલીલા અખંડજ હતી. અતઃ આ વાત સ્પષ્ટ રીતે સમજી લેવાની છે કે આપણે શ્રીપ્રભુના શ્રીમહાપ્રભુજીના દ્વારા બતાવાયેલ સ્વરૂપમાં બધી જ લીલાઓના ભાવોનું અનુસન્ધાન કરતાં (ભગવાનના) નામ અને રૂપના અલૌકિકપણાનો ભાવ રાખીને જ ભગવત્સેવા કરીએ. કોઈ પણ સ્વરૂપને કોઈ પણ પ્રકારથી જુદા સમઝીને આપણી ભ્રમવાળી માન્યતાને સ્થાન ન આપીએ, નહિતર રૂપ અને નામ વચ્ચેની (આવી) ખેંચતાણ (ક્યારેક) (આપણા) સર્વનાશનું કારણ પણ બની શકે છે.

આ પ્રકારે શ્રીપ્રભુની રાજલીલાનાં નામો અને લીલા તથા વ્રજલીલાનાં

નામો અને લીલા એ બન્ને પરસ્પર એક રૂપ જ છે. શ્રીપ્રભુ સર્વદા વ્રજાનન્દકન્દના રૂપમાં જ વિદ્યમાન રહે છે, અતઃ વર્ષ મર્યાદાનો વિરોધ અને લીલાભાવના વગેરેનો વિરોધ આપોઆપ જ દૂર થઈ જાય છે, કારણ કે આ વસ્તુતઃ (વાસ્તવમાં મૌલિક રીતે) વિરોધ નથી, વિરોધનો આભાસ માત્ર છે (વિરોધ જેવું માત્ર લાગે જ છે). (આવું લાગવું તે) આ બુદ્ધિભ્રમથી થાય છે અને આ મતિભ્રમ (બુદ્ધિમાં રહેલો ભ્રમ) અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો હોય છે, જે પ્રસિદ્ધ જ છે.

એટલા જ માટે વગર કારણની ભ્રાન્તિઓને છોડીને, સત્ શાસ્ત્રો (સત્યનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રો) નું અનુશીલન બુદ્ધિને નિર્મળ બનાવવામાં સહાયક થઈ શકે છે. કારણ કે શ્રીમથુરાધીશજી અને શ્રીદ્વારકાધીશજીની લીલાભાવના જો ક્યારેય દેખી - સાંભળી હોય તો આ પ્રશ્ન જ ઊભો થઈ શકતે નહિ. બાલલીલાનો ભાવ તો મહારાજલીલાના ભાવમાં કહી ચૂક્યા છીએ, અતઃ હવે માધુર્યલીલાનું અનુસન્ધાન પણ અપેક્ષિત (જરૂરી) માલૂમ પડે છે. જેમાં શ્રીમથુરાધીશજી નિકુંજલીલામાં શ્રીસ્વામિનીજીનો સત્કાર કરવા માટે બે હાથે પુષ્પાતરણ (પુષ્પ ચૂંટવું) કરે છે અને બીજા બે હાથે કુંજની ડાળ-લતા વગેરેને ઉઠાવે છે (ઊંચી કરે છે ) - માર્ગ બનાવે છે. તેવી જ રીતે શ્રી દ્વારકાધીશજી શ્રીસ્વામિનીજીની પાછળથી (ચુપકીથી) આવીને બે શ્રીહસ્તથી એમની (શ્રીસ્વામિનીજીની) આંખો મીંચીને બીજા બે શ્રીહસ્તથી વેણુ વડે પોતાનું નામ પૂછે છે (કે હું કોણ છું ?) આ ભાવના સ્પષ્ટ રીતે સર્વજન પ્રસિદ્ધ છે જેમકે........

**निकुञ्जे सुगुञ्जावनीये प्रियायाः निमिल्याक्षिणी वेणुमुद्वादयन्तम् ।**
**व्रजानन्दकन्दं चतुर्बाहुरूपं भजे स्वामिनीवल्लभं द्वारकेशम्   ॥**

આ શ્લોકથી (એ પહેલાં બતાવાયેલો ભાવ) સ્પષ્ટ થાય છે.

આ પ્રમાણે આ બધી વાતોથી એ સ્પષ્ટ થાય છે કે ન તો શ્રીમહાપ્રભુજીએ સ્વરૂપોના નામ પાડવામાં કોઈ ભૂલ કરેલી છે તથા ન તો શ્રીપ્રભુ કંઈ થોડો સમય જ વ્રજમાં રહ્યા છે. શ્રીપ્રભુના નિરન્તર સાંનિધ્યનો અનુભવ કરવાને અર્થે લોકો આજે પણ વ્રજમાં જાય છે અને ત્યાં વાસ કરે છે. તે જ રીતે મહાત્માઓ સદા (ત્યાં વ્રજમાં) એમનો (ભગવાનનો) વ્રજમાં આજે પણ અનુભવ કરે છે. જેમ શ્રીગોવર્ધનધરણ અને સ્વરૂપના વિષયમાં શ્રીપ્રભુચરણ વિદ્વન્મંડનમાં કહે છે **(‘श्रीगोवर्धनधरणधीर इति क्रियानामाभ्यां सहितो गोवर्धनधरणरूपः सदा सर्वत्र इति। अत एवाद्यापि तथानुभवः क्वचित्’)** વિદ્વન્મંડન પૃ. ૨૯૦)

આ પ્રકારે ઉક્ત ભ્રાન્તિ સર્વથા ત્યાજ્ય છે. કારણ કે આપણા સેવ્યજ આપણું ઈષ્ટ હોય છે અને ઈષ્ટના સમ્બન્ધમાં દુષ્ટ કલ્પના કરવાથી શિષ્ટ પણ પુષ્ટિથી વંચિત થઈ જાય છે. શ્રીવલ્લભાચાર્યજીની ઉક્તિમાં **‘इष्टस्य दुष्टसम्बन्धे शिष्टः पुष्टिं विमुञ्चति’**(શ્રી સુબોધિની ૧૦-૮-૨૮) આ વાતને ઈંગિત કરી છે. અતઃ આ પ્રકારની અનિષ્ટ કલ્પનાઓથી દૂર રહેવું જ શિષ્ટતા કહેવાશે. **इतिशम् ।**

• • • • • • • •

# પ્રશ્ન - ઉત્તર - ૩

## વિષય :- મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ તથા રામાયણ

**પ્રશ્નકર્તા - સંપાદક ‘આચાર્યશ્રીવલ્લભ’ (માસિક પત્ર)**

**(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)**

**ઉત્તર આપનાર - પૂ. ગો. શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી - વડોદરા**

આ પ્રશ્ન ઉત્તર ‘આચાર્યશ્રીવલ્લભ’ (ગુજરાતી)ના વર્ષ પ્રથમના
અંક - ૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨માં પ્રકાશિત થયા હતા.

**- વાલ્મીકિ રામાયણ એ મહર્ષિ વાલ્મીકિની સમાધિભાષા છે.**
**- પ્રત્યેક કલ્પના વૈવસ્વત મન્વન્તરમાં ચોવીસમાં અથવા તો અઠ્ઠાવીસમાં ત્રેતાના સંધ્યાંશમાં રામાવતાર થાય છે.**
**- રથ્યન્તર કલ્પમાં તથા તે ઉપરાન્ત બીજા એક કલ્પમાં એમ બે વખત શ્રીરામનો પૂર્ણાવતાર છે.**
**- ‘મર્યાદાપુરુષોત્તમ રામ’ વાક્યમાં શ્રીરામ રૂપમાં બિરાજમાન પ્રભુના સ્વરૂપનું પ્રતિપાદક વાક્ય ‘પુરુષોત્તમ’ છે અને રામાવતાર સમ્બન્ધિની લીલાનું પ્રતિપાદક વાક્ય તે ‘મર્યાદા’છે.**

**પ્રશ્ન-૧** પુષ્ટિ સમ્પ્રદાયમાં કયું રામાયણ માન્ય છે ?

**ઉત્તર-૧** પુષ્ટિ સમ્પ્રદાયમાં વાલ્મીકિ રામાયણ બીજા બધાની અપેક્ષા વધુ માન્ય છે, કારણ કે તે પણ સમાધિભાષા છે. જ્યારે વાશિષ્ઠ

વગેરે રામાયણો ક્યારેક ક્યાંક ચરિત્ર શ્રવણ કર્યું હોય અને તે કાલાન્તરમાં કહેવામાં આવે તે પ્રકારના છે. અતઃ વચમાં (સાંભળવાથી લઈ લખાતાં સુધીમાં) કંઈક દોષ ઉત્પન્ન થવાની સંભાવના રહે છે.આ વિષયમાં સર્વનિર્ણય પ્રકરણની કારિકા ૮૧-૮૨ તથા તે ઉપરનો પ્રકાશ તથા ત્યાંની આવરણભંગટીકા જોવી. જોઈએ.

**પ્રશ્ન-૨** માન્ય રામાયણ ઉપરાન્ત જે બીજાં રામાયણો છે એનું પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તમાં શું સ્થાન છે ?

**ઉત્તર-૨** વાલ્મીકિ રામાયણ ઉપરાન્ત વાશિષ્ઠ, અધ્યાત્મ, આપસ્તમ્બોક્ત રામાયણ વગેરે બીજાં પણ ઘણાં રામાયણો છે. આ બધાં રામાયણો વાલ્મીકિ સાથે જેટલા અંશો સંગત છે તે પ્રમાણ છે, અને જેટલા અંશ વાલ્મીકિ વિરુદ્ધના હોય તે અપ્રમાણ છે, (દ્દષ્ટવ્ય-સર્વ નિ. પ્ર. કારિકા ૮૧-૮૨) કારણ અમે પહેલાં બતાવી ચૂક્યા છીએ.

**પ્રશ્ન-૩** એમ સાંભળવામાં આવે છે કે શ્રી આચાર્યચરણે રામાયણના ઉપર પણ લખ્યું હતું, જે આજે અપ્રાપ્ય છે. આ શું સત્ય છે ? જો સત્ય છે તો તે કયા રામાયણ ઉપર આપશ્રીએ લખ્યું હતું ?

**ઉત્તર-૩** શ્રી આચાર્યચરણના ઘણા ગ્રન્થો આજે અપ્રાપ્ય છે. જેમકે સાંભળવામાં આવે છે તેના અનુસાર બ્રહ્મસૂત્ર ઉપર બૃહદ્ભાષ્ય, પૂર્વમીમાંસાભાષ્ય, શ્રીમદ્ભાગવત પર સૂક્ષ્મટીકા, કેટલાક લોકોની માન્યતા અનુસાર શ્રીમદ્ભાગવત ઉપર શ્રીસુબોધિની ટીકા જે આજે ૧-૨-૩ સ્કન્ધ તથા દશમસ્કન્ધ તથા એકાદશ સ્કન્ધના થોડા ભાગ ઉપર જ પ્રાપ્ત છે તેનાં ઉપરાન્ત પણ ચતુર્થ-પંચમ સ્કન્ધ ઈત્યાદિ ઉપર પણ ટીકા લખાયેલી છે જે આજે ભૂતલ ઉપર ક્યાંક વિદ્યમાન સુરક્ષિત પણ છે. આજ ઉક્તિઓ પૈકી એક ઉક્તિ કેટલાક લોકોની માન્યતામાં આ પ્રમાણે પણ છે કે શ્રીઆચાર્યચરણે રામાયણ ઉપર પણ લખ્યું હતું. જો કે આ માન્યતા પરત્વે કોઈ ઠોસ પ્રમાણ આજ દિન સુધી પ્રાપ્ત થયું નથી. તેમ છતાં પણ આ માન્યતામાં તથ્ય છે એવું માની લેવામાં આવે, ત્યારે જો શ્રીઆચાર્યચરણે રામાયણ ઉપર લખ્યું જ હશે તો તે નિશ્ચિત વાલ્મીકિ રામાયણ પર જ લખ્યું હશે, એટલું તો આપશ્રીના ગ્રન્થોને જોવાથી અનુમાન થાય જ છે.

શ્રીઆચાર્યચરણ પોતાના સિદ્ધાન્તમાં શ્રીરામનો પૂર્ણાવતાર યા પુરુષોત્તમ રૂપમાં સ્વીકાર કરે છે. ભાગવત નવમસ્કન્ધમાં જે રામ કથા બે અધ્યાયમાં આપેલી છે ત્યાંનાં નામોનો સંગ્રહ કરતાં શ્રીઆચાર્યચરણ પુરુષોત્તમસહસ્રનામમાં ૨૦ નામ રામકથા સમ્બન્ધી ભાગવત ઉપરાન્તના અન્ય સ્થાનોથી લઈને ત્યાં વૃદ્ધિ કરે છે. આ સહસ્રનામ સ્તોત્રમાં કુલ ૭૫ નામોની વૃદ્ધિ કરેલી છે જેમાંથી ૨૦ નામો માત્ર આ બે અધ્યાયોમાં જ વધાર્યા છે જે શ્રીઆચાર્યચરણની શ્રીરામચરિત્રવિષયક દષ્ટિને સમઝવામાં ઉપયોગી થાય છે. ઉપરાન્ત નિબન્ધમાં જ્યાં શ્રીરામચરિત્ર સમ્બન્ધી પ્રામાણ્યના વિષયમાં શ્રીઆચાર્યચરણ સ્પષ્ટ શબ્દોમાં બતાવી ચૂક્યા છે કે અન્ય રામાયણોમાં પ્રાપ્ત થતી રામકથાની પ્રામાણિક્તા વાલ્મીકિ રામાયણ સાથેની એકવાક્યતાથી જ જાણવી -

**रामायणमनन्तं हि पुराणमिव सन्मतम् ।**
**व्यासः पूर्वमनेकोक्तो वाल्मीकिः साम्प्रतं किल ।**
**समाधिभाषया प्राह प्रमाणं सर्वथैव तत् ॥८१॥**

**वाशिष्ठरामायणादेर्न तथात्वमित्याह-**
**वाशिष्ठादेस्तु सम्वादात् प्रामाण्यं नान्यथा क्वचित् ॥८२, १/२॥**

(સર્વ નિ. પ્રકરણ)

અહીં શ્રી પુરુષોત્તમજી આવરણભંગમાં લખે છે -

**सम्वादः प्रमाणेनेति। वाल्मीकिनां स्वयं समाधावनुभूयोक्तत्वादन्यैस्तु श्रुत्वोक्तत्वेन मध्ये परम्परापाते दोषस्यापि सम्भवात् प्रमाणेन वाल्मीकीयेन सम्वाद एव वाशिष्ठादेः प्रामाण्यप्रयोजक इत्यर्थः'**

(સર્વ નિર્ણય પ્ર. આવરણભંગ)

આ પ્રમાણે વાલ્મીકિ રામાયણનું પ્રામાણ્ય માનીને પણ ભાગવતાર્થ નિબન્ધમાં શ્રીઆચાર્યચરણે વાલ્મીકિથી ભિન્ન પોતાની માન્યતા પ્રદર્શિત કરી છે. વાલ્મીકિમાં શ્રીરામનો પ્રાદુર્ભાવ પુનર્વસુ નક્ષત્રમાં થયો છે એમ બતાવવામાં આવ્યું છે -

**ततश्च द्वादशे मासे चैत्रे नावमिके तिथौ ॥८॥**
**नक्षत्रेऽदितिदैवत्ये स्वोच्चसंस्थेषु पञ्चसु ।**
**ग्रहेषु कर्कटे लग्ने वाक्पताविन्दुना सह ॥९॥**
**प्रोद्यमाने जगन्नाथं सर्वलोकनमस्कृतम् ।**
**कौसल्या जनयद् रामं दिव्यलक्षणसंयुतम् ॥१०॥**

(વાલ્મીકિ રા. બાલ કા-૧૮-૮,૯,૧૦)

જ્યારે શ્રી આચાર્યચરણ ભાગવતાર્થ નિબન્ધના નવમસ્કન્ધમાં લખે છે -

**मध्यन्दिने हरेर्जन्म सूर्यवंशे तदा रविः ॥७७॥**
**अत्यन्तं तपतीत्यस्य स्वस्मिन् तेज उपाददे ।**
**यावन्तो धर्मसचिवास्ततो नाशमुपागताः ॥७८॥**
**नवम्यां भगवज्जन्म नवग्रहबलाय हि ।**
**पुष्ये षड्गणसंयुक्तश्चतुर्मूर्त्तिर्हरिर्बभौ ॥७९॥**

(ભાગવતાર્થ નિબન્ધ ૯-૭૭,૭૮,૭૯)

અહીં શ્રી પુરુષોત્તમજી યોજનામાં લખે છે -

**पुष्य इति । 'सिंहो यथा सर्व चतुष्पदानां तथैव पुष्यो बलवानुडूना' मिति ज्योतिर्वाक्ये तस्य बलवत्वोक्तेः तस्मिन्नित्यर्थः । अगस्त्यसंहितायां यद्यपि पुनर्वसौ जन्मोक्तं तथापि तत्कल्पान्तराभिप्रायं ज्ञेयम्। भविष्योत्तर एकादश्यां वामनावतारवदिति।**

(ભા. નિ. યો. ૯ - ૭૭, ૭૮, ૭૯)

આ પ્રકારે રામાયણમાં જ્યાં શ્રીરામજન્મ પુનર્વસુમાં બતાવ્યો છે ત્યાં શ્રીઆચાર્યચરણ પુષ્યનક્ષત્રમાં જન્મ માન્ય કરે છે. એવી જ રીતે રામાયણમાં રાવણ દ્વારા સીતાહરણનો પ્રસંગ બતાવવામાં આવ્યો છે ત્યાં પણ શ્રીઆચાર્યચરણ પોતાની વિશિષ્ટ શૈલી દ્વારા વિચાર પ્રસ્તુત કરે છે -

**सीताया हरणं नास्ति नर्येण सान्तिकं कृता ॥८९॥**
**तेनैव निर्मिता माया तामग्नौ विनिवेश्य तु ।**
**हत्वा रावणमत्युग्रं स्वां गृहीत्वा पुरं ययौ ॥९०॥**

(ભા. નિ ૯-૮૯-૯૦)

અહીં તેઓશ્રી સીતાહરણના પ્રસંગમાં બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેવાયેલી કથાના અનુસાર પહેલાં અગ્નિએ સીતાને પોતાની પાસે સુરક્ષિત કરીને માયિક સીતા આપી, જેનું હરણ રાવણ દ્વારા થયું તથા રાવણવધ પછી અગ્નિપરીક્ષાના સમયે માયિક સીતાનું તિરોધાન કરી મૂલ સીતા શ્રીરામને આપી, આ કથાને શ્રીઆચાર્યચરણ માન્ય કરે છે. આ ઉપરાન્ત રામાવતારના વિષયમાં પ્રત્યેક કલ્પના વૈવસ્વત મન્વન્તરના અઠ્ઠાવીસમાં ત્રેતામાં રામજન્મ થાય છે એમ શ્રીઆચાર્યચરણ પોતાની આ માન્યતાની સાથે-સાથે પોતાનો આ મત પણ પ્રદર્શિત કરે છે કે રામરૂપમાં ક્યારેક પૂર્ણાવતાર છે, ક્યારેક અંશાવતાર છે, તો ક્યારેક કલ્પ વિશેષમાં રામ

અવતાર રૂપમાં નથી પણ હોતા. આ પ્રમાણે રામરૂપ વિષયમાં શ્રીઆચાર્યચરણ ત્રણ માન્યતાઓને પ્રસ્તુત કરે છે. એવંચ, શ્રીરામ પુરુષોત્તમ સ્વરૂપ હોવાના કારણે સર્વનિર્ણય, ભાગવતાર્થ, સુબોધિની, સહસ્ર નામ વગેરેમાં શ્રીકૃષ્ણના અનન્તર અન્ય અવતારોની અપેક્ષા શ્રીરામચરિત્રમાં શ્રીઆચાર્યચરણનું કંઈક વિશેષ ખેંચાણ સ્પષ્ટતયા જોવા મળે છે. યદ્યપિ આનાથી એઓશ્રીના આરાધ્ય, સર્વસ્વ, હૃદયસ્વામી શ્રીકૃષ્ણની પ્રીતિમાં ક્યાંય અન્તર ઉત્પન્ન થતું નથી બલકે અવતારી શ્રીકૃષ્ણજ પૂર્ણરૂપે શ્રીરામરૂપમાં યા કૃષ્ણરૂપમાં આવ્યા છે. તેથી બીજા અવતારો પણ અંશ - કલાદિ વડે તે શ્રીકૃષ્ણનાજ છે આવો ભાવ શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તથી નિષ્પન્ન થાય છે. આ બધાં કારણોનો વિચાર કરતાં પ્રતીત થાય છે કે રામાયણ ઉપર પણ શ્રીઆચાર્યચરણ દ્વારા લખવામાં આવ્યું હોઈ શકે છે. હા,એ નિશ્ચિતરૂપે કહેવું શક્ય નથી કે આપશ્રીએ સમ્પૂર્ણ રામાયણ ઉપર ભાષ્ય લખ્યું હોય. કારણ કે આપશ્રીના પ્રાદુર્ભાવનું મુખ્ય પ્રયોજન શ્રીભાગવતનો વ્યાસ-વિષ્ણુ સમ્મત અર્થ પ્રકટ કરવો છે. જો કે સમ્પ્રદાયમાં આ માન્યતા ઘનિષ્ઠ રૂપે પ્રચલિત છે કે ભૂતલત્યાગની પ્રથમઆજ્ઞા થઈ ત્યારે શ્રીઆચાર્યચરણે સુબોધિની લેખન કરાવવું આરંભ કર્યું જે તૃતીયસ્કન્ધ પૂર્ણ થતાં બીજી આજ્ઞા થઈ તેથી વચ્ચેના બાકીના સ્કન્ધોને છોડીને સીધું જ દશમ પર લખાવવું શરૂ કર્યું અને તે દશમ પછીથી એકાદશના પાંચમા અધ્યાયના બીજા શ્લોકનું પણ વ્યાખ્યાન પૂર્ણ થયું ન હતું અને ત્રીજી આજ્ઞા થઈ (તથા ત્યારે જ માધવભટ્ટ કાશ્મીરી જે લેખનકાર્ય કરતા હતા તે તીર લાગવાથી ભગવત્ શરણ થઈ ગયા) અતઃ સંન્યાસ ગ્રહણ કર્યો. જો કે આ માન્યતા શ્રીગોકુલનાથચરણના સમયમાં પણ હતી કે જે તેમની અન્તઃકરણ પ્રબોધની ટીકાથી જાણવા મળે છે, તથા આજ વાતનું સમર્થન શ્રીહરિરાયજી, શ્રીવ્રજરાયજી, શ્રીપુરુષોત્તમજી જેવા મહાવિદ્વાન, શ્રીઆચાર્યચરણનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરેલા એવા મહાનુભાવો દ્વારા કરવામાં આવેલું છે. તેથી આથી વિરુદ્ધ પોતાનો મત

રાખવાનો મારો અધિકાર પણ નથી અને સામર્થ્ય પણ નથી, તેમ છતાં પણ મહાનુભાવોની આ નિગૂઢવાણી અને શ્રીઆચાર્યચરણના અતિગૂઢ, દિવ્યચરિત્રને હું મારી પ્રાકૃત બુદ્ધિથી સમઝી શક્યો નથી, જ્યારે તેઓ અનુગ્રહ કરશે ત્યારે સમઝી શકાશે.

તેમ છતાં પણ આજ માન્યતામાં રહીને વિચારવામાં આવે તો શ્રીસુબોધિનીનું લેખન સહુથી વધુ આવશ્યક હતું. તથા તેના ઉપરાન્ત ઉપનિષદો ઉપર તથા ગીતા ઉપર પણ ભાષ્ય બહુ જ જરૂરી હતું જે આજે અનુપલબ્ધ હોવાથી તથા આપશ્રીએ લખ્યું છે તેવા કોઈ ઉલ્લેખના અભાવમાં નથી લખવામાં આવ્યું એ માનવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. ત્યારે આ સર્વને છોડીને સમ્પૂર્ણ રામાયણ ઉપર ભાષ્ય લખવાને માટે કોઈ અવકાશ જ નથી રહેતો. અતઃ જો શ્રીઆચાર્યચરણ દ્વારા રામાયણ પર લખવામાં આવ્યું પણ હશે તો કોઈ ભાગ વિશેષ પર યા તો પછી સ્થૂલ પ્રકારે સારરૂપે લખવામાં આવ્યું હોઈ શકે છે.

**પ્રશ્ન-૪** શ્રી આચાર્યચરણે શ્રીમદ્ભાગવત તથા વાલ્મીકિ રામાયણ એમ બન્નેનો સમાધિભાષા તરીકે સ્વીકાર કર્યો છે, અને સિદ્ધાન્તમાં ભાગવતને માટે **‘वृत्त्यर्थं नैव युञ्जीत’** વગેરે વાક્યોથી ભાગવત વડે વૃત્તિનો નિષેધ કરાયેલો છે, જ્યારે ભાગવતથી વૃત્તિનો ત્યાગ કરીને રામાયણ વડે વૃત્તિ ચલાવવાના ૮૪ વૈષ્ણવોની વાર્તામાંથી પ્રસંગો ઉપલબ્ધ થાય છે તો બન્ને વચ્ચે ભેદ કેમ ?

**ઉત્તર-૪** ભાગવત જ્ઞાનાવતાર વ્યાસજીની સમાધિભાષા છે અને વાલ્મીકિ રામાયણ મહર્ષિ વાલ્મીકિની સમાધિભાષા છે. આ બન્નેમાં માત્ર સમાધિભાષાના સામ્યથી બધી જ વાતોમાં સમાનતા ગ્રહણ કરી શકાય નહિ. ન તે પ્રકારની કોઈ આવશ્યકતા પણ રહે છે. સાથે જ ભાગવત

સમાધિભાષા છે એટલા માટે **‘वृत्त्यर्थं नैव युञ्जीत’** એવું શ્રીઆચાર્યચરણે કહ્યું છે એમ પણ નથી.

અહીં આનુષંગિકતયા એક સ્પષ્ટતા કરવી હું ઉચિત સમઝું છું કે યદ્યપિ બન્ને સમાધિભાષા હોવા છતાં પણ વાલ્મીકિ એ મહર્ષિ કોટિમાં છે, જ્યારે વ્યાસજીની અવતાર કોટિ છે, અને એમાં પણ અવતાર કોટિમાં પણ જ્ઞાનાવતાર કોટિ છે. એવંચ વેદોનો વિભાગ, પુરાણોનો વિભાગ તથા શ્રીમદ્ ભાગવતનો પ્રાદુર્ભાવ આ બધા હેતુઓને લઈને જ શ્રીહરિ પોતાની જ્ઞાનકલા વડે વ્યાસ રૂપમાં અવતીર્ણ થયા. અતઃ બન્ને સમાધિભાષા હોવા છતાં પણ બન્નેમાં રહેલા અન્તરનો સ્વીકાર કરવો પડશે.

નિબન્ધ સર્વનિર્ણય પ્રકરણ (૨૫૩-૨૫૪)માં શ્રીઆચાર્યચરણ દ્વારા જયાં વૃત્તિ વિષયમાં નિષેધ કરાયેલો છે તે આ પ્રકારે છે -

**अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात् ।**
**पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ।। २५३ ।।**
**वृत्त्यर्थं नैव युञ्जीत प्राणैः कण्ठगतैरपि ।**
**तदभावे यथैव स्यात्तथा निर्वाहमाचरेत् ।**
**त्रयाणां येन केनापि भजन् कृष्णमवाप्नुयात् ।।२५४।।**

**અર્થ -** (આ શ્લોકના પૂર્વ બતાવાયેલ બાહ્યભજન, આન્તરભજનના અભાવમાં (ત્રીજો પક્ષ) શ્રીભાગવતનો કોઈપણ હેતુ વિના,અત્યન્ત આદરની સાથે પ્રયત્નપૂર્વક પાઠ કરવો. કંઠમાં પ્રાણ આવી જાય એવી દશા થવા છતાં પણ વૃત્તિને માટે ભાગવતનો ઉપયોગ સર્વથા નહિ કરવો,એના અભાવમાં જે કોઈ રીતે પણ (ભાગવત કથાથી વૃત્તિ રૂપ ભાગવત વિક્રયનો ત્યાગ કરી) અન્ય પ્રકારથી થઈ શકે તે રીતે જીવન નિર્વાહ કરવો (કિન્તુ

વૃત્ત્યર્થ ભાગવતનો ઉપયોગ નહિ જ કરવો), આ પ્રકારે ભાગવતના ઉપયોગ વડે પણ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરવી.

અહીં **‘सर्वहेतुविवर्जितम्’** એમ જે કહેવાયું છે તે બધા વર્ણોને લક્ષ્યમાં રાખી કહેવામાં આવ્યું છે. કારણ કે લોકો ભાગવતનો ઘણા હેતુઓથી ઉપયોગ કરે છે. તેમજ અન્ય પુરાણ વગેરેમાં પણ શ્રીમદ્ ભાગવતનું ફલ ભિન્ન-ભિન્ન પ્રકારે બતાવાયેલું છે. જેમકે મરણ પછીથી પ્રેતાત્માની સદ્ગતિને અર્થે, કોઈક પાપવિશેષની નિવૃત્તિના અર્થે વગેરે વગેરે. તો જેમ વેદની મુખ્ય પ્રવૃત્તિ જીવોને સંસારથી મુક્તિ અપાવવી છે. તેને અર્થે જ વેદમાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ છે. યજ્ઞ-યાગ વગેરે પણ ચિત્તશુદ્ધિ અને યજ્ઞાત્મા શ્રીહરિની ઉપાસનાને અર્થે કહેવાયેલા છે તેમ છતાં પણ વેદમાં **‘पुत्रकामो यजेत’** જે કામિત ફલ બતાવવામાં આવ્યું છે તે નિત્યકર્મમાં નિષ્ઠાના હેતુથી બતાવવમાં આવ્યું છે, નહિ કે પુત્રકામનાવાળાઓના સન્તોષને માટે બતાવવામાં આવ્યું છે. નિત્ય અને કામ્યકર્મમાં, કામ્યકર્મમાં જે પ્રધાન ફલ થાય છે તે નિત્યમાં અંગત્વેન જ થઈ જાય છે. આ પ્રકારે નિત્યકર્મનું પણ જે ફલ થાય છે તે થાય છે તો ભગવાન વડે જ. આ પ્રકારે આના વડે ભગવાનનું સર્વરૂપથી માહાત્મ્ય જ્ઞાપન કરીને ભગવત્સ્વરૂપમાં નિષ્ઠા વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ જ રીતે પુરાણ વગેરેમાં જે ભાગવત વિષયક ફલનું નિરૂપણ છે તથા ભાગવતમાં પણ વિભિન્ન સ્થળે જે ફલશ્રુતિ છે એ પણ એ પ્રકારે જ છે. પણ શ્રીભાગવતનું મુખ્ય ફલ એ ભગવાન શ્રીકૃષ્ણ જ છે અને એના શ્રવણ-પઠનનો મુખ્ય હેતુ શ્રીકૃષ્ણની ભક્તિ જ છે, અન્ય નહિ. તેમ છતાં પણ જે પ્રકારે અનધિકારી લોકો **‘पुत्रकामो यजेत’** વગેરે વાક્યોનો અર્થ બુદ્ધિ વડે કામિત ફલપ્રાપ્તિ જ ગ્રહણ કરે છે, તેવી રીતે એ ભકિતમાર્ગમાં રહેલા લોકો કે જેમની કર્મમાં અથવા ઉપાસના વગેરેમાં જ નિષ્ઠા છે અને તે નિષ્ઠા પણ આત્મસમ્બન્ધી ન હોઈ માત્ર લૌકિક જ છે તે લોકો નારાયણકવચ વડે ભૂતપ્રેતાદિથી રક્ષા,

મત્સ્યાવતાર કથાથી સંકલ્પસિદ્ધિ, બાલરક્ષાસ્તોત્ર વડે બાળકોની સુરક્ષા, રુકિમણીહરણ કથા દ્વારા વિવાહ માટે સ્ત્રી-પુરુષની પ્રાપ્તિ, સ્યમન્તકોપાખ્યાન દ્વારા કલંકની નિવૃત્તિ, રાસપંચાધ્યાયી દ્વારા હૃદયરોગ **(Heart Disease)** નિવારણ, પુંસવન વ્રતકથા દ્વારા પુત્રપ્રાપ્તિ, લક્ષ્મીપ્રાદુર્ભાવિશ્લોક (૮-૮-૮) દ્વારા લક્ષ્મીપ્રાપ્તિ, શસ્ત્રક્રિયા **(Operation)** ની સફળતાને અર્થે તથા અભીષ્ટ કાર્યપૂર્તિના અર્થે (જુદા-જુદા ક્રમથી) ભાગવત પારાયણ વગેરે વગેરે પ્રકારથી ભાગવતનો ઉપયોગ કરે છે તથા એનો ઉપદેશ કરે છે. યદ્યપિ શાલિગ્રામ વિષ્ણુસ્વરૂપ હોવાથી પૂજ્ય છે, તેમ છતાં પણ સુવર્ણ પરખવાના કામમાં અથવા મૂર્ખતાવશ વાંટવા પીસવાના કામમાં કોઈ શાલિગ્રામનો ઉપયોગ કરે તો તે પણ થઈ તો શકે છે, પણ તે સાચો ઉપયોગ તો નથી જ. તેથી જ ત્યાં જો કોઈ (સાચો) વૈષ્ણવ હશે તો તે ક્યારેય શાલિગ્રામનો પૂજાથી ઈતર અન્ય ઉપયોગ નહિ જ કરશે. જે વૈષ્ણવ નથી એ સુવર્ણકાર જ શાલિગ્રામ વડે સોનાની પરખ કરશે. વૈષ્ણવતામાં આવતાં શાલિગ્રામમાં ભગવદ્બુદ્ધિ થતાં તો તે સુવર્ણકાર પણ એ પ્રકારનો ત્યાગ કરીને અન્ય સાધનો વડે જ પોતાની વૃત્તિનું કાર્ય કરશે. વાસુદેવદાસ છકડા દ્વારા રાખના ગોળામાં શાલિગ્રામનો ભાવ માત્ર કરવાથી અને ત્યારબાદ તેને તોડવાના કૃત્ય પર શ્રીઆચાર્યચરણે તથા શ્રીગોપીનાથજીએ પોતાની અપ્રસન્નતા પ્રકટ કરી હતી. સીતાનું રૂપમાત્ર ધારણ કરવાના કૃત્ય પર શિવજીએ સતીનો પત્નીરૂપમાં અસ્વીકાર કર્યો હતો. તો પછી ભાગવતને સાક્ષાત્ ભગવત્સ્વરૂપ માનીને પછી વૈષ્ણવો એ ભાગવતનો લૌકિક વિષયમાં ઉપયોગ કેવી રીતે કરી શકે છે ? અને જો તેવો ઉપયોગ કરે છે તો તેને શાલિગ્રામથી મગ પીસવાની ઉપમા આપવાથી ઈતર બીજું શું કહી શકાય ? અતઃ ચાહે પોતાને માટે હોય કે પછી બીજાને અર્થે હોય, અથવા તો આ લોકસમ્બન્ધી યા પરલોકસમ્બન્ધી કોઈ પણ લૌકિક વિષયને લઈને વૈષ્ણવો દ્વારા ભાગવતનો ઉપયોગ એ સર્વથા અનુચિત જ છે.

શ્રીભાગવત શ્રીકૃષ્ણનું સાક્ષાત્ નામાત્મક-વાઙ્મય સ્વરૂપ છે. એના બાર સ્કંધો પુરુષોત્તમ શ્રીકૃષ્ણના બાર અંગો છે. અહીં શ્રીઆચાર્યચરણ દ્વારા પ્રતિપાદિત શ્રીભાગવતાર્થ નિબન્ધના કેટલાક વાક્યો પ્રસ્તુત છે - **'इतीदं द्वादशस्कन्धं पुराणं हरिरेव सः'** (૧-૬ કારિકા) **'यादृशो भगवान् भागवतरूपो जातस्तादृशोऽयं वर्णितः' धारणं पाठतः, तस्य भगवद्रूपत्वात्तेन रूपेण भगवानेव धृतः । हृदि स्थितो भगवान् यत् कार्यं करिष्यति तदनेनापि करिष्यति'** (૧-૮, ૯, ૧૦, પ્રકાશ) એવીજ રીતે ભાગવતમાં પણ **'पिबत भागवतं रसमालयम्'** અહીં ભાગવતની રસરૂપતા બતાવાઈ છે જે પુરુષોત્તમ સ્વરૂપાત્મકતાનેજ દ્યોતિત કરે છે. અતઃ ભાગવત એ સાક્ષાત્ ભગવદ્રૂપ હોવાથી, વૈષ્ણવોને માટે ભગવત્સ્વરૂપવત્ સેવ્ય હોવાથી ભક્તિથી અતિરિક્ત અન્ય કોઈપણ પ્રકારે એનો ઉપયોગ એ અનુચિતજ હોવાથી શ્રીઆચાર્યચરણ વડે વૈષ્ણવોને માટે વૃત્ત્યર્થ ઉપયોગનો નિષેધ કરવામાં આવ્યો છે.

પહેલાં સર્વ હેતુ રહિત પઠન કરવાનું કહીને ફરીથી જે વૃત્તિનિષેધ કરવામાં આવ્યો છે તે મારી સમઝ પ્રમાણે એ વૈષ્ણવોને લક્ષ્યમાં રાખી કરવામાં આવ્યો છે જે બ્રાહ્મણ વર્ણના છે. કારણ કે વૃત્તિનો પ્રશ્ન બ્રાહ્મણોમાં જ ઉપસ્થિત થાય છે. બ્રાહ્મણ વૈષ્ણવોને એવી ભ્રાન્તિ થવી સમ્ભવ છે કે યજ્ઞ કરવા, અનુષ્ઠાન વગેરે કરવું, પુરાણ વગેરેને સપ્તાહ આદિ પ્રકારોથી શ્રવણ કરાવવું, પ્રાયશ્ચિત્ત વગેરે કર્મ કરાવવા, પૌરોહિત્ય કર્મ કરવું વગેરે પ્રકારે જનહિત કરતા રહેવું, ધર્મ પ્રવૃત્તિ કરતાં-કરાવતાં રહેવું અને એનાથી જે દ્રવ્યપ્રાપ્તિ થઈ શકે તેનાથી પણ જીવનવૃત્તિ ચલાવવી એ બ્રાહ્મણોને માટે શાસ્ત્રોક્ત અધિકાર સિદ્ધ વાત છે, અતઃ એ હેતુથી અમારા દ્વારા શ્રીભાગવતનો ઉપયોગ તો અનિષિદ્ધ જ કહેવાશે. એવી ભ્રાન્તિ થાય તો તેના નિરાકરણને માટે નિષેધરૂપે કહેવામાં આવ્યું છે કે નહિ ! આ ઠીક નથીજ. ધર્મ-જ્ઞાન-ઉપાસના ઈત્યાદિ માર્ગોથી ભક્તિમાર્ગ ભિન્ન અને

વિલક્ષણ હોવાથી જેમ એ માર્ગોમાં સોપારીમાં ગણેશ વગેરે દેવોનું આવાહન કરવું અને કર્મપૂર્ત્તિ પર વિસર્જન થાય છે એ પ્રકારથી પણ ભગવત્સેવા નથી, ન તો કરવામાં કર્તાપણાનો અહં પણ રાખવાનો છે. અપિતુ દાસ ભાવ ના દૈન્યપૂર્વક સેવા કરવાની છે. બ્રહ્મસમ્બન્ધ દ્વારા જે સેવકપણાના બીજને સંસ્કારિત કરવાની છે એની વૃદ્ધિને માટે અથવા જે સેવકભાવ હૃદયમાં પ્રવૃદ્ધ થયેલો છે એની સુરક્ષાને માટે નામાત્મક અથવા રૂપાત્મક બધાંજ ભગવત્સ્વરૂપનો ઉપયોગ માત્ર ભક્તિના અર્થેજ કરવો જોઈએ; અન્ય નહિ. આ વિષયમાં એક બીજું કારણ પણ શ્રી આચાર્યચરણ ભાગવતાર્થ નિબન્ધમાં બતાવે છે કે - **'इदं नामात्मकं भगवतो रूपं, तत्स्वविक्रेतरि विक्रयसाध्यातिरिक्तं फलं न प्रयच्छति'** (ભાગવતાર્થ નિ.૧-૨૭) વૃત્તિનો હેતુ હૃદયમાં રાખી શ્રીભાગવત શ્રવણ કરાવનાર પાસેથી શ્રવણ કરવા છતાં પણ માત્ર લૌકિક જ ફલ સિદ્ધ થશે. કિન્તુ તેથી અતિરિક્ત એનાથી શ્રેષ્ઠ જે અલૌકિક ભક્તિરૂપ ફલ છે તે નિષ્પન્ન નહિ થાય. અલૌકિક ફલને માટે કહેવામાં આવ્યું કે - **'तथा भागवतस्य फलं-साक्षाद् भगवत्प्रवेशः, सर्वसन्देहराहित्यं, भगवत्कृपा, सर्वत्र निर्भयत्वं, परमप्रेम चेति परीक्षिच्छुकसमागमेन निरूपितम्'** (ભાગવત નિ. ૧-૨૨) શ્રી ભાગવતના પઠન, પાઠન, શ્રવણનું જે ફલ છે તે આજ છે કે - સાક્ષાત્ ભગવાનનો હૃદયમાં પ્રવેશ (આવિર્ભાવ) થવો, સર્વ પ્રકારના સંદેહથી રહિત થવું, ભગવદ્ અનુગ્રહ થવો, સર્વત્ર નિર્ભયતા સિદ્ધ થવી અને પ્રભુમાં પરમ (ઉત્કૃષ્ટ) સ્નેહ થવો. એટલા માટે શ્રીભાગવત હોય કે પછી ભગવત્ સ્વરૂપ હોય અથવા ભગવત્પ્રસાદ હોય એનો કોઈ પણ પ્રકારે વિક્રય એ પુષ્ટિસમ્પ્રદાયાનુયાયીને માટે સર્વથા અનુચિત તેમજ નિષિદ્ધ છે. આજ વાતને શ્રીહરિરાયચરણનાં વાક્યોમાં સમર્થન મળે છે કે **'तस्य सेवां प्रकुर्वीत यावज्जीवं स्वधर्मतः । न फलार्थं न भोगार्थं न प्रतिष्ठा प्रसिद्धये'** વૃત્તિ ઉપરાન્ત યશ, પ્રતિષ્ઠા, દ્રવ્યોપાર્જન અથવા અન્ય હેતુઓને લઈને પણ શ્રીભાગવતનો ઉપયોગ તેમજ ભગવત્સેવામાં મનોરથ વગેરે યા દર્શન વગેરેનો પણ નિષેધ

આનાથી આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

આ પ્રકારે આ બધાં કારણોને લઈને શ્રીભાગવતનો વૃત્તિ માટેના ઉપયોગનો નિષેધ શ્રીઆચાર્યચરણ દ્વારા કરવામાં આવ્યો છે.

રામાયણ પણ શ્રીરઘુનાથ ચરિત્રનું પ્રતિપાદક છે . એવીજ રીતે હરિવંશ તથા ગર્ગસંહિતા શ્રીકૃષ્ણના ચરિત્રને વર્ણવે છે તથા 'વિષ્ણુ પુરાણ દશાવતારચરિત્રનું પ્રતિપાદન કરે છે. અતઃ માત્ર ચરિત્રવર્ણનથી જ નિષેધ નથી કરી શકાતો. જે પ્રકારે શ્રીભાગવતની ભગવદ્રૂપતા સિદ્ધ છે તે પ્રકારથી ઉપર કહેવાયેલા શાસ્ત્રો માટે સિદ્ધ નથી થતી. એમ તો દરેક પુરાણ એક યા બીજા રૂપમાં ભગવચ્ચરિત્ર યા ભગવદ્યશનું જ ગુણગાન કરે છે. બ્રાહ્મણોને પુરાણ વગેરે શાસ્ત્રોના પઠન-પાઠનથી પ્રાપ્ત દ્રવ્યને ગ્રહણ કરવાનો અધિકાર છે. જે પ્રકારે યજ્ઞ વગેરેમાં દક્ષિણાના રૂપમાં પ્રાપ્ત દ્રવ્યને ગ્રહણ કરવાનો અધિકાર છે. રામાયણની પુરાણ તુલ્યતા હોવાથી રામાયણ, મહાભારત તથા અન્ય પુરાણો વડે વૃત્તિ નિષિદ્ધ નથી થતી. તેમ છતાં પણ એટલું તો નક્કી જ છે કે અન્ય પુરાણોની અપેક્ષા રામાયણનું કંઈક વૈલક્ષણ્ય તો છે જ, કારણ કે આમાં શ્રીરામભક્તિનો પણ હેતુ મુખ્ય રૂપમાં નિહિત છે. જ્યારે અન્ય પુરાણોનો હેતુ ધર્મપ્રવર્તન છે. રામાયણમાં પણ ધર્મ પ્રવર્તન તો હેતુ રૂપમાં છે જ, કિન્તુ મુખ્યરૂપમાં ભગવચ્ચરિત્ર દ્વારા ભક્તિ પણ હેતુરૂપ છે. અતઃ જે લોકો રામાયણ દ્વારા શ્રીરામની ભક્તિપ્રાપ્તિની ઈચ્છાવાળા છે તેમણે રામાયણના પઠન-પાઠન વડે વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે વૃત્તિથી મુખ્ય ભક્તિ (પુરુષોત્તમ સમ્બન્ધિની)ની નિષ્પત્તિ નથી થતી.

અહીં એક સ્પષ્ટતા અપેક્ષિત છે કે ૮૪ વૈષ્ણવોમાંથી પદ્મનાભદાસજીના પ્રસંગમાં ભાગવતથી વૃત્તિ ચલાવવાના ત્યાગનો પ્રસંગ મળે છે, પણ ત્યાં રામાયણથી નહિ કિન્તુ મહાભારતથી વૃત્તિનું પ્રતિપાદન મળે છે.

**પ્રશ્ન-૫** એમ સાંભળવામાં આવે છે કે શ્રી આચાર્યચરણ પત્રોમાં પ્રથમ મંગલ રૂપમાં તેલુગુ ભાષામાં **'શ્રીરામુલુ' (શ્રીરામજી)** એમ લખતા હતા. જ્યારે આજે આપણા સમ્પ્રદાયમાં પોતાના સેવ્ય સ્વરૂપનું નામ લખવાની પરિપાટી છે એવું જોવામાં આવે છે. તો આમ આ બન્નેમાં અન્તર કેમ છે ? તેમજ આ બન્નેમાંથી કઈ પ્રણાલી બધાને માટે સમ્પ્રદાયમાન્ય અને ઉચિત છે ?

**ઉત્તર-૫** આ પ્રશ્ન તો તમારા-અમારા પહેલાં શ્રી પ્રભુચરણને પણ થઈ શકે છે ? તેમ છતાં પણ શ્રીપ્રભુચરણના પત્રોમાં કે ગ્રન્થારમ્ભમાં આવી કોઈ પ્રણાલી જોવામાં આવતી નથી. સાથે જ શ્રી આચાર્યચરણના હસ્તાક્ષરમાં પણ મારી જાણકારી મુજબ એક-બે સ્થાનો પર જ આ પ્રકારનું પ્રમાણ મળે છે, જેમાંથી એક તો એક તીર્થ પુરોહિતને લખીને આપેલા પત્રમાં છે, આ સિવાય શ્રીઆચાર્યચરણના હસ્તાક્ષરમાં પણ પ્રાપ્ત નથી. અતઃ બે પ્રકારની પ્રણાલી જ જ્યારે સમ્પ્રદાયમાં નથી તો પછી કોઈ એકને માન્ય કરવું કે પછી કોઈ એકને ઉચિત બતાવવાનો પ્રશ્ન જ રહેતો નથી. શ્રીરામ ભગવત્સ્વરૂપ હોવાને કારણે પ્રસંગોપાત્ત એમનું નામ બોલવું યા લખવાનો કોઈ નિષેધ તો છે જ નહિ. શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી સહિત શ્રીપુરુષોત્તમજી પર્યન્તના મહાનુભાવો તથા તેમના પરવર્તી અત્યાર સુધીના મહાનુભાવોમાં 'શ્રીહરિઃ' શ્રીકૃષ્ણાય નમઃ' 'શ્રી ગોપીજનવલ્લભાયનમઃ' તથા કેટલાક લોકો પોતાને ત્યાં બિરાજમાન શ્રી....નું જે નામ હોય તેમનું નામ લખવું, એવી પરમ્પરા પ્રાયઃ સમ્પ્રદાયમાં જોવામાં આવે છે.

**પ્રશ્ન-૬** પુષ્ટિ પુરુષોત્તમ અને મર્યાદા પુરુષોત્તમમાં શું અન્તર ?

**ઉત્તર-૬** આ અનન્ત કોટિ બ્રહ્માંડમાં પુરુષોત્તમ તો એક જ છે, જેને

આપણે વેદાન્તની ભાષામાં પરબ્રહ્મ નામથી ઓળખીએ છીએ. પુરુષ બે છે, એક ક્ષર પુરુષ, બીજો અક્ષર પુરુષ. જેને માટે ગીતાના પંદરમાં અધ્યાયમાં બતાવવામાં આવ્યું છે કે -

**द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।**
**क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥**

(ગીતા. ૧૫- )

સકલ વિશ્વમાં ફેલાયેલો સમસ્ત ભૂતવર્ગ એ ક્ષર પુરુષ છે. અને રાશિભૂત-સમુદાયરૂપમાં રહેલો તે અક્ષર પુરુષ છે. **'ક્ષરતીતિ ક્ષરઃ'** એ વ્યુત્પત્તિ પ્રમાણે ક્ષરણશીલ સ્વભાવવાળો=પ્રવાહિત-ચલિત થવાના સ્વભાવવાળો એ ક્ષર કહેવાય છે, તથા જે ક્ષરણશીલ સ્વભાવવાળો નથી, જે નિશ્ચલ યા અવિચલ છે, જે સદા એક સ્થાનમાં એક પ્રકારે જ રહે છે એવો ક્ષરરૂપથી ભિન્ન એ અક્ષર કહેવાય છે. આ બે પુરુષો છે. આ બન્નેથી ભિન્ન પર, આ બન્નેથી શ્રેષ્ઠ એવા પરબ્રહ્મને જ પુરુષોત્તમ તરીકે ઓળખવામાં આવે છે. ગીતાના પંદરમા અધ્યાયમાં ભગવાન પોતાને સ્વયંને પુરુષોત્તમરૂપમાં પ્રતિપાદિત કરતાં કહે છે -

**उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।**
**यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥**
**यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।**
**अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥**

(ગીતા. ૧૫- )

આ પ્રકારે ક્ષર તથા અક્ષર આ બન્ને ભગવાનને-પુરુષોત્તમને આધીન

છે, જ્યારે પુરુષોત્તમ કોઈને આધીન નથી, તે સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી પોતાની ઈચ્છા અનુસાર ક્રીડા કરે છે. પુરુષોત્તમની ઈચ્છાને અનુકૂળ એમની ક્રીડામાં આ બન્ને પુરુષો યોજિત થાય છે .

આ પ્રકારે શ્રીરામરૂપ હોય કે પછી શ્રીકૃષ્ણરૂપ હોય એમના પુરુષોત્તમપણામાં ક્યાંય કોઈ અન્તર નથી આવતું. હવે રહ્યો સવાલ મર્યાદા તથા પુષ્ટિશબ્દમાં રહેલા અન્તરનો તો એનું નિરૂપણ શ્રી આચાર્યચરણે ‘નિબન્ધ’ તથા ‘પુષ્ટિપ્રવાહ મર્યાદા’ ગ્રન્થમાં ખૂબ સારી રીતે કરેલું છે. સૃષ્ટિની ઉત્પત્તિના સમયે ભગવાનમાંથી અનન્ત જીવો (અંશો)નો આવિર્ભાવ થયો. **‘यथाग्नेर्क्षुद्रा विस्फुल्लिङ्गा व्युच्चरन्ति’ ‘पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ’** (બ્રહ્મસૂત્ર-૩) એમ શ્રુતિ તથા સૂત્રમાં પ્રતિપાદન કરવામા આવેલું છે. ગીતાના સોળમા અધ્યાયમાં જીવ શબ્દથી બે પ્રકારો ગ્રહણ કરવામાં આવ્યા છે (૧) દૈવી સમ્પદાવાળા (૨) આસુરી સમ્પદાવાળા, આ બન્ને અનુક્રમથી ભગવદંશ તથા માયાંશ છે. માયાંશના વિષયમાં **‘जीवेशावाभासेन करोति’** ( નૃસિંહ પૂર્વતા. ૩૫. ) આ સ્થળે પ્રતિપાદિત છે જેનું શ્રીપુરુષોત્તમજીએ નૃસિંહ તાપિની ઉપનિષદ્‌ની ટીકામાં ખૂબ સારી રીતે પ્રતિપાદન કરેલું છે. જેની ચર્ચા વિસ્તારભયથી અહીં નથી કરતા. તેમ છતાં પણ સારાંશમાં એ આસુરી જીવો છે કે જે મુક્તિને માટે સદા અનધિકારી છે અને એ દૈવી જીવો છે કે જેમનામાં મુક્તિ પ્રાપ્ત કરવાનો અધિકાર નિહિત છે. ગીતાના શબ્દોમાં જ જોવામાં આવે તો -

**दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता ।**

(ગીતા. ૧૬-૫)

**तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।**
**क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥**

**आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।**
**मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥**

(ગીતા.૧૬-૧૯,૨૦)

આ રીતે આસુરી જીવોને માટે બ્રહ્મસાયુજ્યનો અનધિકાર બતાવવામાં આવ્યો છે. તેમજ તેમની કદાચિત્ મુક્તિ પણ છે તો તે મહા અન્ધતમમાં પ્રવેશરૂપ છે. જ્યારે દૈવી સમ્પદાવાળાઓ સદૈવ મુક્તિના અધિકારી હોય છે. તે લોકો ભગવદિચ્છાથી સૃષ્ટિમાં રહીને અન્તમાં ફરીથી બ્રહ્મસાયુજ્ય પ્રાપ્ત કરી લે છે, જેમ કોઈ સફરમાં ઉપડેલો વ્યક્તિ ફરીને પાછો ઘરે આવી જાય. હવે આ (સૃષ્ટિમાં આવેલા દૈવી) જીવોને માટે સૃષ્ટિમાં રહેલી દશાથી લઈને બ્રહ્મસાયુજય સુધી પહોંચવાનો કોઈ માર્ગ પણ હોવો જરૂરી છે. નહિતર તે લોકો મુક્તિનેજ પ્રાપ્ત નહિ કરી શકશે. ત્યારે દૈવીજીવો અધિકાર ભેદથી બે પ્રકારના છે. અતઃ એમના માર્ગ પણ શાસ્ત્રોમાં બે પ્રકારના પ્રાપ્ત થાય છે. જે જીવોને સૃષ્ટિની ઉત્પત્તિના સમયે પ્રભુએ નિજ સેવાર્થ પોતાના અનુગ્રહક્ષેત્રમાં રાખ્યા તે પુષ્ટિજીવ કહેવાયા, જેમનું સૃષ્ટિમાં આવવું તથા પુનઃ પ્રાપ્તિ એ બન્નેમાં પ્રથમમાં કારણરૂપ ભગવદિચ્છા અને બીજામાં ભગવદનુગ્રહ છે. જયારે પુષ્ટિજીવોથી અતિરિક્ત જે અન્ય દૈવીજીવ છે એમના માર્ગને માટે જ ભગવાને અતિશય કૃપાપૂર્વક વેદોને પ્રકટ કર્યા. વેદમાં બતાવેલ મર્યાદાઓનું (વિહિત આચરણોનું યથોચિત પાલન તેમજ નિષિદ્ધ આચરણોના સર્વથા ત્યાગનું યથોચિત-યથાસમય) પરિપાલન કરીને યથોક્તક્રમ અનુસાર ગન્તવ્ય પર પ્રયાણ કરતાં તે જીવો કાલાન્તરમાં મોક્ષને પ્રાપ્ત કરે છે. આને જ મર્યાદા માર્ગ કહેવામાં આવે છે. મર્યાદા માર્ગમાં પણ બે ભેદ છે (૧) સામાન્ય કૃપાભાગીજીવોનો. (૨) વિશેષ કૃપાભાગી જીવોનો. ભલે મર્યાદા પ્રકારે સહી છતાં પણ એમના મોક્ષને માટે પ્રભુ દ્વારા અધિકાર નિશ્ચય કરાયેલો છે તેથી તે લોકો કૃપાભાગી તો છે જ, ત્યારે જ

તો તેઓ બ્રહ્મસાયુજ્ય યા ભગવત્તત્વ સુધી પહોંચવાના સામર્થ્યવાળા બને છે. તેમ છતાં પણ આ કૃપામાં પણ બે પ્રકાર હોવાથી સામાન્યકૃપા ભાગી જીવો ક્રમમોક્ષને પ્રાપ્ત થાય છે જેને ગીતામાં **'बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते' मनुष्याणां सहस्रेषु...' 'अग्निर्ज्योतिरहः शुक्लः...' 'धूमो रात्रिस्तथा कृष्णः...'** વગેરે વાક્યોથી કહેવામાં આવ્યું છે. જો કે આમ તો મર્યાદામાર્ગી બધાજ જીવો પ્રથમ પ્રકારમાં જ આવે છે પરંતુ આવા જીવોમાં ક્યારેક પ્રભુનો વિશેષ અનુગ્રહ થતાં જે ફલ એમને ક્રમથી ઘણા લાંબા કાળે પ્રાપ્ત થવાવાળું હોય છે તે જ ફળ વિશેષ કૃપાએ ક્રમમાં ગયા વગર જ સદ્યઃ આ શરીર છોડતાં જ પ્રાપ્ત કરી લે છે. આજ બે પ્રકારોને ક્રમમુક્તિ તથા સદ્યો મુક્તિ એમ બે વાક્યોથી કહેવામાં આવે છે. વેદમાં કહેવાયેલા સાધનો વડે વર્ણ-આશ્રમ ઈત્યાદિના આચારોનું સારી રીતે પાલન કરતાં, જ્ઞાન-કર્મ-ઉપાસના-ભક્તિ-યોગ-સાંખ્ય -તપ વગેરે માર્ગો ઉપર મુક્તિને લક્ષ્યમાં રાખી ચાલવું આ મર્યાદા માર્ગ છે. પોતાનામાં અત્યન્ત અનુગ્રહ ધર્મને પ્રકટ કરીને જયારે ભગવાન જીવને પોતાના સ્વરૂપ સમ્બન્ધવાળી એવી ભક્તિ (સાધનરૂપા, ફલરૂપા) પ્રદાન કરે ત્યારે રસાત્મક ભગવત્સ્વરૂપના પૂર્ણ પ્રાદુર્ભાવને લક્ષ્યમાં રાખી ભગવદ્ ભક્તિમાં પ્રવૃત્ત થવું એ પુષ્ટિમાર્ગ છે.

મર્યાદા માર્ગમાં જ્ઞાન, કર્મ ભક્તિ વગેરે સાધનોના આધાર પર યથોચિત સાધનોને કરવાથી તે કરનાર જીવ ઉપર સંતુષ્ટ થયેલા એવા પ્રભુ મર્યાદામાર્ગનું શ્રેષ્ઠ ફળ જે ભગવત્સાયુજ્ય છે તે સાયુજ્ય વગેરે પ્રકારનો મોક્ષ તે જીવને આપે છે. અહીં પણ ફલના દાનમાં મુખ્ય તો ભગવત્તોષ જ છે. અતઃ મર્યાદામાર્ગમાં પણ જે મુખ્યફલ છે તે તો ભગવત્કૃપાથી જ પ્રાપ્ત થાય છે. તેમજ સાધનોના વિષયમાં કયાં સાધનો ક્યાં સુધી કેટલા કરવાથી ભગવત્તોષ થશે એ બાબતમાં સાધનોનો તો નિર્દેશ વેદમાં કરાયેલો છે પણ કયાં સુધી, કેટલા એનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નહિ હોવાથી તથા ઋષિઓ દ્વારા કરાયેલા સાધનોમાં ક્યાં સુધી કેટલા એ વિષયમાં બધામાં જ જુદું-જુદું હોવાથી એ

જાણી શકાય છે કે આ નિશ્ચય ભગવાને પોતાના હાથમાં રાખ્યો છે. અતઃ અહીં જે નિયમનો અભાવ છે તે અંશ પુષ્ટિ છે. અતઃ સાધનો કરવા છતાં પણ ભગવત્ સમ્બન્ધી ફલનું દાન તો પ્રભુ પુષ્ટિ પ્રકારે જ કરે છે. અન્યથા તે સાધનો પણ પુષ્ટિના અભાવમાં માત્ર અક્ષર પર્યન્ત જ જશે, ભગવાન સુધી તેની ગતિ નહિ થઈ શકશે. કારણ કે શ્રુતિ-સ્મૃતિ બધામાંજ સાધનો વડે પરતત્ત્વનું અપ્રાપ્યપણું બતાવવામાં આવ્યું છે. આ પ્રકારે મર્યાદામાર્ગથી પણ પુરુષોત્તમ સમ્બન્ધ કરવાવાળા જીવો માત્ર મર્યાદા પ્રકારના ન હોઈ મિશ્રભેદથી મર્યાદા-પુષ્ટિ પ્રકારના અધિકારવાળા હોય છે એવો નિશ્ચય થાય છે. આમ મર્યાદા માર્ગ એ સાધન સાપેક્ષ છે. સાધનો વડે જીવની ઊર્ધ્વગતિ થાય છે તથા તેમાં ભગવદનુગ્રહ મળતાં તે પુરુષોત્તમ પર્યવસાયી બને છે. સરળ ભાષામાં કહીએ તો સ્કૂલ-કોલેજોમાં થનારી વાર્ષિકી પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓનાં પેપરોને તપાસી ગુણાંક આપનારાઓની માફક મર્યાદામાર્ગસ્થ પ્રભુ કાર્ય કરે છે. જેમ વિદ્યાર્થીઓ વડે વાંચવા-લખવાનું સાધન કરવું જરૂરી છે, તેમજ સામાન્ય ભૂલોને છોડી બાકીનું બધું બરાબર લખવું પણ જરૂરી છે. લખ્યા પછીથી કયા લેખનને કેટલા ગુણાંક આપવા અને કઈ ભૂલના કેટલા ગુણાંક ઓછા કરવા આ બધું પેપર તપાસનાર ઉપર નિર્ભર કરે છે.અને થોડા ઓછા ગુણાંક હોતાં વિદ્યાર્થીને આગળ વધવામાં રુકાવટ આવી શકે છે, આવી સ્થિતિમાં પેપર તપાસનાર જો ઈચ્છે તો કૃપા ગુણાંક પણ આપી શકે છે. એવીજ રીતે જીવે પણ સાધન કરવા અને તે પણ બરાબર રીતે કરવા એ જરૂરી છે. તેમ છતાં પણ જીવ સ્વભાવવશ ભૂલો રહી જાય છે. પણ એ સાધન કરનારમાં ભક્તિરૂપ યોગ્યતા મળેલી હોતાં પોતાના કૃપાગુણાંક વડે અક્ષરથી અધિક એવું પુરુષોત્તમ સમ્બન્ધી ફલનું દાન પ્રભુ એ જીવને કરે છે, તેમજ સાધનમાં પણ કયા જીવની કઈ-કઈ ભૂલોને કેટલું મહત્ત્વ આપવું અને કેટલું ન આપવું આ બધું પ્રભુ જ નિશ્ચય કરે છે.

આ પ્રકારે પ્રભુ મર્યાદા માર્ગમાં બિરાજીને પૂર્વોક્ત પ્રણાડી વડે મર્યાદા માર્ગ સમ્બન્ધી ફલનું દાન કરે છે, જ્યારે પુષ્ટિમાં બિરાજીને પ્રભુ ભાગવત દ્વિતીય સ્કન્ધમાં બતાવ્યા પ્રકારે **‘अह्न्यापृतं निशि शयानमतिश्रमेण लोकं विकुण्ठमुपनेष्यति गोकुलं स्वम्’** (ભા. ૨-૭-૩૧) આ પ્રકારે સર્વ સાધનોથી રહિત એવા જીવોને પણ એમનાથી કોઈ પણ સાધન કરાવ્યા વિના જ પોતાના સ્વરૂપ સમ્બન્ધવાળી ભક્તિને ફલરૂપમાં કે જે મર્યાદા માર્ગીય ચતુર્વિધમોક્ષફલથી પણ અધિક છે તે કૃપાપૂર્વક પ્રદાન કરે છે. જીવનો પોતાનામાં લય નહિ કરીને પ્રભુ એના હૃદયમા અનન્ત લીલાઓ સહિત પ્રકટ થાય છે. આ પુષ્ટિફલ-સ્વરૂપાનન્દનું દાન પ્રભુ પુષ્ટિસ્થ થઈ ને જ આપે છે, જ્યારે મર્યાદામાં બિરાજે છે ત્યારે નથી આપતા. એટલા માટે જ રામાવતારના પ્રસંગમાં અગ્નિકુમારોને આ અવતારમાં નહિ પરન્તુ કૃષ્ણાવતારમાં ફલદાનનું વરદાન આપ્યું. તેમ છતાં પણ શ્રીરામ પુરુષોત્તમ સ્વરૂપે પૂર્ણાવતાર છે એટલા જ માટે એમણે સ્વરૂપાનન્દ દાનનું વરદાન પણ આપ્યું. અન્યથા અંશ-કલા વગેરેથી પ્રાદુર્ભૂત ભગવત્ સ્વરૂપ સ્વરૂપાનન્દનું દાન આપવાનું વરદાન નથી આપતા. કારણ કે આ પૂર્ણત્વથી જ શક્ય છે તથા જે પૂર્ણ હોય તે જ આપી કૃપાને કરી શકે.

તેમજ પુરુષોત્તમ એવા પ્રભુના બે સ્વરૂપભેદ બતાવવા માટે જ શાસ્ત્રોમાં વૈકુંઠ અને ગોલોક એવા બે ભેદ ભગવદ્ધામ સમ્બન્ધી બતાવાયેલા છે. એટલા માટે જ ગોપીગીત સુબોધિનીમાં **‘वैकुण्ठादप्यधिको जयः.’** વગેરે વાક્યો વડે શ્રી આચાર્યચરણે વ્રજનો વૈકુંઠથી અધિક જય બતાવ્યો છે. વ્રજની શાશ્વત સ્થિતિ પણ શાસ્ત્રોમાં પ્રતિપાદન થયેલી છે જેને શ્રીપ્રભુચરણે ભાષ્યમાં **‘तानि परे तथा ह्याह’** એ સૂત્રમાં **:‘ता वान्युश्मसि’** એ મંત્રના વ્યાખ્યાનમાં પ્રતિપાદન કરેલી છે. વૈકુંઠમાં લક્ષ્મીની સાથે બિરાજીને વૈકુંઠ સમ્બન્ધિની પોતાની લીલાઓના અવગાહન વગેરે દ્વારા એ ભક્તોને આનન્દિત કરે છે. પુષ્ટિ માર્ગીઓના પરમ ફલરૂપમાં વ્રજ (ગોલોક)માં

શ્રીયૂથાધિપતિઓની સાથે બિરાજીને પોતાની સ્વરૂપાનન્દ સમ્બન્ધિની લીલાનુભવના દાન વડે પુષ્ટિમાર્ગીય ભક્તોને આનન્દિત કરે છે.

આ પ્રકારે પુષ્ટિપુરુષોત્તમ તથા મર્યાદા પુરુષોત્તમ એવા પ્રભુનાં બેસ્વરૂપો વચ્ચેનો રહેલો ભેદ યથામતિ શ્રીઆચાર્યચરણની કૃપા દ્વારા અહીં બતાવવામાં આવ્યો છે. જીવસ્વભાવવશ બાલચાપલ્યવશ જે પણ દોષ થયા હોય તેને શ્રીઆચાર્યચરણ શ્રીપ્રભુચરણ કૃપા પૂર્વક ક્ષમા કરે.

**પ્રશ્ન-૭** ‘મર્યાદા પુરુષોત્તમ’ આ શબ્દમાં ‘પુરુષોત્તમ’ અને ‘મર્યાદા’ આ બન્ને શબ્દોનો સમ્બન્ધ કંઈક બરાબર નથી લાગતો કારણ કે જો પુરુષોત્તમ છે તો ત્યાં મર્યાદા કેવી ? અને મર્યાદા પ્રતિબદ્ધપણું છે તો પછી ત્યાં પુરુષોત્તમ કેવી રીતે ?

**ઉત્તર-૭** અહીં શ્રીરામરૂપમાં બિરાજમાન પ્રભુના સ્વરૂપનું પ્રતિપાદક વાક્ય તે ‘પુરુષોત્તમ’ છે અને રામાવતાર સબ્બન્ધિની લીલા પ્રતિપાદક વાક્ય તે ‘મર્યાદા’ છે. જે પ્રકારે ભગવાન પોતાની ઈચ્છાથીજ અવતાર લે છે તેવી જ રીતે પોતાની ઈચ્છાથી જ લીલા પણ કરે છે. અહીં સર્વત્ર ઈશ્વર સ્વાતંત્ર્ય અબાધિત છે. અતઃ જે રીતે ભારતના પ્રધાનમંત્રી બીજા મંત્રાલયોના દફ્તર પણ પોતે સંભાળવા માંગે તો તે સંભાળી શકે છે, એને કોઈ રોકી શકતું નથી, તેમજ અન્ય અન્ય દફ્તરોને તે તે મંત્રાલયોમાં જઈને થોડો સમય ત્યાં ઉપસ્થિત રહી ત્યાંના કાર્યોનું પરિવહન કરે તો તેથી એના ગૌરવમાં કે પ્રધાનમન્ત્રી તરીકેના અધિકાર યા સત્તામાં કોઈ બાધા ઉત્પન્ન થતી નથી. અતઃ ત્યાં જેમ આ પ્રશ્ન નથી ઊઠતો કે જો પ્રધાનમંત્રી છે. તો પછી તે ગૃહમંત્રાલય, નાણાં ખાતું યા વિદેશ ખાતાનું પરિવહન કેવી રીતે કરી શકે છે, તેવી જ રીતે અહીં પણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનની મર્યાદા સમ્બન્ધિની લીલાઓના વિષયમાં પણ પ્રશ્ન અસ્થાનીયજ બની જાય છે.

ભગવાને શ્રીરામ રૂપમાં પ્રગટ થઈને મર્યાદા માર્ગમાં બિરાજીને વેદ મર્યાદાના સંસ્થાપનને અર્થે મર્યાદા લીલાનો પ્રાદુર્ભાવ કર્યો છે, તેમ છતાં પણ તેઓ પુરુષોત્તમ છે તેથી તેઓ મર્યાદાથી પ્રતિબદ્ધ છે એવું નથી. ત્યારે જ તો મર્યાદાથી વિરુદ્ધ સમુદ્રને પણ લાંઘે છે, ભીલ જાતિની સ્ત્રી શબરી ઉપર પણ કૃપા કરે છે અને વાનરોને પણ પોતાની સાથે લઈ જઈ વૈકુંઠમાં શાશ્વત સ્થાન આપે છે. તેઓ પુરુષોત્તમ છે તેથી જ અગ્નિકુમારોને પુષ્ટિલીલા સમ્બન્ધી સ્વરૂપાનન્દના દાનનું વરદાન પણ આપે છે, અન્યથા જયાં બીજી સ્ત્રીના વિષયમાં કલ્પના કરવી તે પણ મર્યાદા ભંગ છે ત્યાં વરદાન આપવાનો તો સવાલ જ ક્યાં રહે છે ? એટલા માટે 'મર્યાદા પરુષોત્તમ રામ' અર્થાત્ 'મર્યાદા સમ્બન્ધિની લીલા ને કરનારા રામરૂપે બિરાજતા શ્રીપુરુષોત્તમ, મર્યાદા સમ્બન્ધિની લીલા એ પુરુષોત્તમ હોય તેજ કરી શકે છે. પુરુષ તો મર્યાદાને આધીન હોય છે, તે તેવા સમ્બન્ધવાળી લીલા શું કરી શકે ?

**પ્રશ્ન-૮** **'रामोऽपि रसरूपत्वात् अस्मत् प्रभुसमो मतः'** આ ઉક્તિમાં શ્રીરામની રસરૂપતા અને પુષ્ટિપ્રભુથી સમાનતા, આ બે વાતને વધુ સ્પષ્ટતાથી સમજાવવાની કૃપા કરશો.

**ઉત્તર-૮** **'रामोऽपि रसरूपत्वात् अस्मत् प्रभुसमो मतः'** આ વાક્ય શ્રીહરિરાયમહાપ્રભુ દ્વારા શ્રીનૃસિંહ-વામન જયન્ત્યુત્સવ વ્રતવૈશિષ્ટ્ય નિરૂપણ ' ગ્રન્થમાં કહેવાયેલું છે. શ્રીરામને શ્રીઆચાર્યચરણ પૂર્ણાવતાર કહે છે તથા પૂર્ણ પરબ્રહ્મનું સ્વરૂપ શ્રી આચાર્યચરણ નિબન્ધમાં આ પ્રકારે બતાવે છે :-

**निर्दोषपूर्णगुणविग्रह आत्मतंत्रो निश्चेतनात्मकशरीरगुणैश्च हीनः ।**
**आनन्दमात्रकरपादमुखोदरादिः सर्वत्र च त्रिविधभेदविवर्जितात्मा ॥**

(નિબન્ધ શા. પ્ર. ૪૪)

અતઃ પૂર્ણાનન્દતા એ પૂર્ણ પરબ્રહ્મનું સ્વરૂપ લક્ષણ છે. પૂર્ણાનન્દની રસરૂપતા શ્રુતિસિદ્ધ છે. અતઃ શ્રીરામ પણ રસરૂપ છે એ તો નિશ્ચિત જ છે, અતઃ પુષ્ટિમાં બિરાજમાન પ્રભુનું સ્વરૂપ જે પ્રકારે રસરૂપ છે તેવી જ રીતે પૂર્ણ પુરુષોત્તમ મર્યાદામાં બિરાજી પ્રાદુર્ભૂત થાય ત્યારે પણ એમની રસરૂપતામાં કોઈ બાધા નથી આવતી. આ રસરૂપતા જ સમાન અર્થમાં કહેવામાં આવી છે. તેમ છતાં પણ સમાનતામાં કંઈક ભેદ હોય છે. અન્યથા સમાન શબ્દ જ નિરર્થક બની જાય. અહીં સમાનતામાં જે ભેદ છે તે મુખ્યરૂપે ધર્મ પ્રાકટ્ય સમ્બન્ધી છે. જેમ વ્યવહારમાં શ્રીમન્ત અને શ્રીમન્તદાતા એમાં જે ભેદ છે તે જ રીતે પુષ્ટિપ્રભુ શ્રીમન્ત પણ છે અને દાતા પણ છે. જ્યારે મર્યાદામાં પ્રભુ બિરાજે છે ત્યારે પોતાના શ્રીમન્તપણાને તો પ્રકટ રાખે છે પણ તેની દાતૃતા તિરોભૂત રાખે છે. અર્થાત્ તેઓ રસરૂપ હોઈને પણ પોતાના રસદાતૃ ધર્મને તિરોભૂત રાખે છે. એટલાજ માટે ઋષિઓ દ્વારા પ્રાર્થના કરાતાં સ્વરૂપાનન્દના દાનનું વરદાન માત્ર આપ્યું છે.

**પ્રશ્ન-૯** જેમ સારસ્વત કલ્પમાં પુરુષોત્તમ રૂપે શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થયું તે પ્રમાણે રામાવતારમાં પણ કોઈ કલ્પભેદ છે ? કે પછી પ્રત્યેક કલ્પના પ્રત્યેક ત્રેતામાં થનારા રામાવતાર પુરુષોત્તમ રૂપે જ થાય છે ?

**ઉત્તર-૯** રામાવતાર પ્રત્યેક કલ્પના પ્રત્યેક ત્રેતામાં થાય છે એ બરાબર નથી પણ પ્રત્યેક કલ્પના વૈવસ્ત મન્વતરના ચોવીસમા અથવા તો અઠ્ઠાવીસમાં ત્રેતામાં (ત્રેતા અને દ્વાપરના સંધ્યાંશમાં) થાય છે. પુરાણોમાં રામાવતારના કાલ વિષયમાં ઉલ્લેખો છે ત્યાં-ત્યાં પ્રાયઃ ચોવીસમો ત્રેતાયુગ બતાવવામાં આવ્યો છે. ક્યાંક પાઠભેદથી અઠ્ઠાવીસમો પણ છે. સર્વનિર્ણય નિબન્ધના આવરણભંગમાં ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી અઠ્ઠાવીસમો ત્રેતા બતાવે છે - **'प्रतियुगमिति। 'वैवस्वतमन्वन्तरीयाष्टाविंशतितमे त्रेतायामित्यर्थः ।'** (સ.

નિ. પ્ર. આવરણભંગ-૮૧) મૂલ વિષય પર આવીએ. પ્રશ્ન રામાવતાર કાલવિષયક નથી કિન્તુ પુરુષોત્તમ રૂપે કલ્પભેદથી કોઈ કલ્પમાં કે પછી પ્રત્યેક કલ્પમાં રામાવતાર પુરુષોત્તમ રૂપે છે તે પ્રશ્ન છે.

આ બાબતમાં અમે પહેલાં કહી ગયા છીએ તે પ્રમાણે શ્રી. આચાર્યચરણ સર્વથી વિશિષ્ટ પ્રકારે માન્યતા રજૂ કરે છે - **‘निर्माणपक्षेऽपि यथा दशरथपुत्रेषु कश्चिदवतारः कश्चिन्न तथा विश्वसृजां गर्भो विराट् कदाचिद् ब्रह्मशरीरं कदाचिज्जीवशरीरम्’** (સુબો ૧-૩-૧) **‘अनेन भगवान्पूर्ण एव रघुनाथोऽवतीर्ण इति सूचितम्’** (સુબો ૨-૭-૨૩) **‘अथवा रघुनाथो हि पुरुषोत्तम उच्यते’** (નિબન્ધ ભાગવતાર્થ પ્ર. ૯-૭૭) **‘कदाचिद्रामः पुरुषोत्तमावतार एवेति पद्मपुराणादवसीयते’** (શ્રી પ્રભુચરણ, નિબન્ધ ભા.પ્ર પ્ર. ૫-૧૦૪) આ મુજબ રામ વિષયમાં ત્રણ પ્રકારો બતાવાયા છે. (૧) પુરુષોત્તમરૂપે અવતાર (૨) પુરુષોત્તમના અંશથી અવતાર અને (૩) ક્યારેક કોઈ વખતે રામ અવતાર નથી પણ. સુબોધિનીના પ્રથમ વાક્ય પરના પ્રકાશમાં શ્રીપુરુષોત્તમજી સમજાવે છે કે - **‘कश्चिन्नेति । भारते सभापर्वणि यमसभायां दाशरथे रामस्य कथनात्कस्मिंश्चित्कल्पे रामोऽवतारो नेत्यर्थः’** (સુબો પ્ર. ૧-૩-૧) (આજ કથા થોડા ફેરફારથી પદ્મપુરાણમાં પણ કહેવામાં આવી છે) આમ ક્યારેક પૂર્ણાવતાર છે, ક્યારેક અંશાવતાર છે, તો ક્યારેક અવતાર નથી. પણ આ વાતથી એટલો તો નિશ્ચય થાય જ છે કે દરેક કલ્પમાં પૂર્ણાવતાર થાય છે અથવા દરેક કલ્પમાં બીજા અવતારોની માફક અંશાવતાર થાય છે એવું નથી, જો કે આ સમ્બન્ધમાં કોઈ વિશેષ સંશોધન કરવામાં આવ્યું હોય અથવા તો કયાંક કોઈ આ બાબતમાં વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે તેવું જાણવા મળતું નથી. તેમ છતાં પણ પૂર્ણરૂપે શ્રીરામનો ક્યારેક અવતાર છે તે તો શ્રીઆચાર્યચરણનાં વાક્યોથી તથા નીચે જણાવેલ પદ્મપુરાણના તથા બ્રહ્મવૈવર્ત પુરાણનાં વાક્યોથી સ્પષ્ટ પુરવાર થાય છે -

**‘शेष उवाच’**

**लोकान्निरयसंमग्नान् ज्ञात्वा लोकेश्वरेश्वरः ।**
**कीर्तिं प्रथयितुं लोके यया धारं तरिष्यति ॥**
**एवं ज्ञात्वा दयावार्धिः परमेशो मनोहरः ॥**
**पुरा त्रेतायुगे प्राप्ते पूर्णांशो रघुनन्दनः ।**
**सूर्यवंशे समुत्पन्नो रामो राजीवलोचनः ॥**

(પદ્મપુરાણ, પાતાલખંડ-૩૬-૬, ૭, ૮,)

(વેદવતી પ્રતિ આકાશવાણી)

**जन्मान्तरे ते भर्ता च भविष्यति हरिः स्वयम् ।**
**ब्रह्मादिभिर्दुराराध्यं पतिं लप्स्यसि सुन्दरि ॥८॥**
**सा च कालान्तरे साध्वी बभूव जनकात्मजा ।**
**सीतादेवीति विख्याता यदर्थे रावणो हतः ॥२१॥**
**महातपस्विनी सा च तपसा पूर्वजन्मनः ।**
**लेभे रामं च भर्तारं परिपूर्णतमं हरिम् ॥२२॥**
**संप्राप्य तपसाऽऽराध्यं स्वामिनं च जगत्पतिम् ।**
**सा रमा सुचिरं रेमे रामेण सह सुन्दरी ॥२३॥**

(બ્રહ્મવૈવર્ત પુરાણ, પ્રકૃતિખંડ, અ. ૧૪)

આમાંથી બ્રહ્મવૈવર્તની જે આખ્યાયિકા સીતાના પૂર્વજન્મની છે વનવાસ સમયે અગ્નિએ શ્રીરામને છાયાસીતા આપી જેનું રાવણ દ્વારા અપહરણ થયું તેની છે જેનો ઉલ્લેખ શ્રીઆચાર્યચરણ દ્વારા ભાગવતાર્થ નિબન્ધના નવમસ્કન્ધમાં કરવામાં આવેલો છે. બ્રહ્મવૈવર્ત રથ્યન્તર કલ્પની રીતિને દર્શાવનારું છે. જો કે આમાં સ્પષ્ટ રીતે રથ્યન્તર કલ્પની આ કથા છે

તેવો ઉલ્લેખ નથી તેમ છતાં પણ અન્ય કલ્પોનો ઉલ્લેખ કર્યા વિના જ સહજ રીતે આ કથા રજૂ થયેલી હોઈ એમ કલ્પના કરી શકાય છે કે ઉપર્યુક્ત કથા રથ્યન્તર કલ્પની હોઈ શકે છે. તે આધારે શ્રીરામના પૂર્ણાવતાર રૂપે પ્રાકટ્યનો કલ્પ રથ્યન્તર છે એમ કલ્પના થાય છે. સમ્પ્રદાયના મૂર્ધન્ય વિદ્વાનોમાંના એક નિ. લી. ગોસ્વામી શ્રી દીક્ષિતજી મહારાજ (મોટા મન્દિર-મુંબઈ) નાં પ્રવચનોમાં એકવાર મારા સાંભળવામાં આવ્યું હતું કે પૂર્ણાવતારરૂપે શ્રીરામનું બે વખત (જુદા-જુદા બે કલ્પોમાં)પ્રાકટ્ય થયું છે. અને આ વાતને સમર્થન પણ મળે છે કે બ્રહ્મવૈવર્ત તથા પદ્મપુરાણમાં કહેવાયેલ રામચરિત્રના પ્રસંગોમાં ક્યાંક ક્યાંક ભેદ પણ છે, જેથી બે કલ્પ માટે જ કલ્પના કરી શકાય છે. પણ પદ્મપુરાણમાં કહેવાયેલ રામકથાનો કયો કલ્પ તે આજે કહેવું અશક્ય છે. આ પ્રશ્નના પૂર્ણ અને સ્પષ્ટ ઉત્તર માટે પુરાણો તથા રામાયણોમાંથી સંશોધન જરૂરી છે. આને માટે હું ઈચ્છા ધરાઉં છું અને તે માટે પ્રયત્નશીલ પણ છું, પ્રભુ સફળતા આપશે તેવી શ્રદ્ધા રાખું છું. પણ હાલ ઉપર બતાવ્યા પ્રમાણે જ કહી શકાય છે તેથી અધિક કહેવું આજે શકય નથી.

**પ્રશ્ન-૧૦** પુષ્ટિમાર્ગમાં સેવ્યરૂપે માત્ર વ્રજાધીશ શ્રીકૃષ્ણ જ છે, તો પછી આ માર્ગની સેવા પ્રણાલીમા રામનવમીને દિવસે પંચામૃત સ્નાન, જોડ-કુલ્હેના ભારી શ્રૃંગાર, તથા ઉત્સવભોગ, રામજન્મનાં કીર્તનો આ ઉપરાન્ત દશહરાના દિવસોમાં કરખાનાં કીર્તનો દ્વારા રામલીલાનું ગાન વગેરે કેમ કરવામાં આવે છે ? પરમાનન્દદાસ વગેરે અષ્ટ સખાઓ વડે રામલીલાનું ગાન એ પુષ્ટિપ્રણાલીથી કેવી રીતે સુસંગત છે ?

**ઉત્તર-૧૦** આ પ્રશ્ન માત્ર શ્રીરામ માટે જ નહિ પણ શ્રીવામનજી-શ્રીનૃસિંહજી શ્રીબલદેવજી-શ્રીયમુનાજી-શ્રીગિરિરાજજી-શ્રીસ્વામિનીજી-શ્રીવ્રજભક્તો-શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી, સાત બાલકો, ગુરુઘરના તિલકાયત અથવા તો જે-તેના ગુરુદેવ વગેરે અનેક બાબતોમાં પ્રશ્ન થઈ શકે છે. કારણ કે આ બધાંની સેવાનો અથવા તો કીર્તનોમાં લીલાગાનનો પ્રકાર તો સમ્પ્રદાયમાં જોવા મળે જ છે. બધાના વિષયોની ચર્ચા અહીં ખૂબ લાંબી થઈ જશે તેથી સંક્ષિપ્તમાં જ વિચારીએ કે -

**रसो वै सः**' વગેરે શ્રુતિઓથી પ્રતિપાદ્ય રસાત્મક પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ કે જે પરમફલરૂપ - પરમાનન્દ છે તે વ્રજાધીશ શ્રીકૃષ્ણનો સેવ્યરૂપે સિદ્ધાન્તમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. સેવ્ય શ્રીકૃષ્ણ અનેકવિધ લીલાના કર્તા છે. તેથીજ શ્રીઆચાર્યચરણ પણ શ્રીસુબોધિનીમાં હજારો લીલા-લક્ષ્મીઓથી સેવિત થયેલા પ્રભુનું સ્મરણ કરે છે અને નિરોધ સ્કન્ધમાં વર્ણવેલી સર્વ લીલાઓ સહિત પ્રભુને પોતાનાં હૃદયમાં બિરાજવા વિનન્તી કરે છે. તેમજ પ્રભુનું નામાત્મક સ્વરૂપ શ્રીભાગવત કે જેમાં પ્રભુની દશવિધલીલાઓ વર્ણવવામાં આવેલી છે, તેથી અવતારોનું પણ સ્મરણ પુરુષોત્તમની લીલાસ્મરણના પ્રકારે છે. જેમ પૂતના, કંસ, રાવણ વગેરેના વધમાં પૂતના, કંસ કે રાવણના મૃત્યુનું મહત્ત્વ નથી, તેમજ તેમના મૃત્યુના ચિન્તનથી જીવને કંઈ પ્રાપ્તિ પણ નથી, પણ ભગવાને તેમનો વધ કર્યો છે એ લીલાનું સ્મરણ જ મહત્ત્વ ધરાવે છે. પુષ્ટિમાર્ગમાં કૃષ્ણરૂપ સેવ્ય છે તે પણ અવતારપણાથી નહિ પણ મૂલરૂપથી છે. એ વાત અલગ છે કે કૃષ્ણાવતારમાં પોતાનું જે ગોલોકસ્થ મૂલરૂપ છે તેને જ પ્રગટ કર્યું છે. ચતુઃશ્લોકીમાં શ્રીઆચાર્યચરણે **'भजनीयो व्रजाधिपः'** વાક્યથી વ્રજાધીશની ભજનીયતા બતાવી છે તે પણ મૂલરૂપ માટેની જ છે. મૂલરૂપે પ્રભુ ગોપવેશધર રૂપમાં વૈકુંઠથી પણ શ્રેષ્ઠ એવા ગોલોકમાં પોતાની અનેકવિધ લીલાઓ તથા વ્રજભક્તો સહિત બિરાજે છે એ વિષયને બ્રહ્મવૈવર્ત પુરાણ વગેરેમાં વિસ્તારથી બતાવવામાં આવેલું છે. સારસ્વત કલ્પના અઠ્ઠાવીસમા દ્વાપરના સંધ્યાંશમાં કૃષ્ણાવતાર થયો તેમાં પ્રભુએ પોતાનું ગોલોકસ્થ મૂલરૂપ પ્રકટ કર્યું તેની સાથે - સાથે પોતાની અનેકવિધ લીલાઓને પણ પ્રકટ

કરી. તે લીલાઓને જ પુષ્ટિમાર્ગીય કીર્તન પ્રણાલિકામાં ગાવામાં આવે છે. તેમજ તે લીલાના અનુરૂપ સેવા પ્રણાલિકા પણ છે. અતઃ જે ગોલોકસ્થ લીલાઓ છે તે પ્રભુએ વ્રજમાં પ્રકટ કરી હતી અને તે લીલાઓ ભક્તોના આનન્દાર્થ આજે પણ પ્રકટ કરે છે. અતઃ રામ-નૃસિંહ-કે વામન જયન્તીનો સેવામાં સમાવેશ એ તે - તે રૂપની ભક્તિ પરત્વક નહિ પણ સાક્ષાત્ પુરુષોત્તમની લીલાભાવના પરત્વક છે.

ઉપરાન્ત નન્દાલયની ભાવનાથી વિચારવામાં આવે તો નાના બાલકૃષ્ણને શ્રીયશોદાજી પોતાના ખોળામાં બિરાજાવીને ઈતિહાસની વાર્તાઓ ભગવાનને સંભળાવે છે - લાલા ! આજ રામનવમી છે, શ્રીબાલકૃષ્ણ માતાને પૂછે રામ કોણ હતા? મા સંભળાવે કે રામ લક્ષ્મણ-ભરત-શત્રુઘ્ન ચાર ભાઈઓ હતા. એમનું આવું નાનપણ હતું. રાજા દશરથને ત્રણ રાણીઓ હતી,રામે આ રીતે શિવધનુષ તોડી સીતા સ્વયંવરમાં સીતાજીને પરણ્યા,કૈકેયીના કહેવાથી રામને વનવાસ થયો, રાવણે વનમાં સીતાનું હરણ કર્યું વગેરે-વગેરે વાર્તા કહે ત્યારે સાંભળતાં - સાંભળતાં રાવણના કૃત્યને સાંભળતાં બાલકૃષ્ણ એકદમ ક્રોધાવેશમાં માના ખોળામાંથી ઊભા થઈ જાય અને પોતાના નાના મુખારવિન્દથી જોરથી બોલતાં કહે ક્યાં છે રાવણ હમણાં જ હું તેનો વધ કરીશ, આ રીતે ભગવાન દ્વારા પોતાના રામરૂપનું ચિન્તન થવાથી રામસમ્બન્ધી સર્વ લીલાઓ યશોદાના આંગણામાં પ્રત્યક્ષ ઉપસ્થિત થાય અને શ્રી યશોદાની રામનવમી સાર્થક થાય છે. અને નન્દાલયમાં ઊભા થયેલા આ દશ્યને ભક્તો દર્શન કરી પોતાનાં કીર્તનો દ્વારા લીલાગાન કરે છે. એ લીલાગાન જ રામ લીલાનાં, કરખાનાં નૃસિંહજીનાં કે વામનજીનાં પદો છે.

આમ આમાં મૂળરૂપથી ઈતર અન્યનું આમાં ભજન નથી તેથી બીજા કોઈ પ્રશ્નો રહેતા નથી.

• • • • • • • •

# પ્રશ્ન-ઉત્તર-૪

## વિષય :- વિદેશોમાં નિવાસ કરનારા ભારતીય વૈષ્ણવોની સ્વધર્માચરણ અને ભગવત્સેવા વિષયક સમસ્યાઓ-વિદેશમાં રહી શું કરવું ?

**પ્રશ્નકર્તા - સમ્પાદક 'આચાર્યશ્રીવલ્લભ' (માસિક પત્ર)**

**(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)**

**ઉત્તર આપનાર - પૂ.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી-વડોદરા**

આ પ્રશ્ન-ઉત્તર 'આચાર્યશ્રીવલ્લભ' (હિન્દી)ના વર્ષ-પ્રથમ
અંક ૮-૧૧-૧૨માં પ્રકાશિત થયા હતા.

- **આશૌચ-રજસ્વલા વગેરેમાં શાસ્ત્રોક્ત પવિત્રતાનો અમેરિકા વગેરે દેશોમાં રહી નિર્વાહ કરવો નક્કી જ કઠણ છે.**
- **ભારતીય ધોતી પહેરવામાં વધુ સમય જાય છે તેથી ત્યાંના લોકો ધોતી પહેરવું પસન્દ કરતા નથી.**
- **વિદેશોમાંની વર્તમાન પરિસ્થિતિની દષ્ટિએ અસમર્પિતનો ત્યાગ કરવો ઘણું જ પ્રતિકૂળતા ભરેલું છે.**
- **વિદેશમાં રહેતા બાળકોને વધુ વિદેશી હવાથી દૂર રાખવું કઠણ છે, પરન્તુ તેમનામાં ભારતીય સંસ્કારોનું સિંચન જરૂર કરી શકાય છે.**

**પ્રશ્ન-૧** ભારતની બહાર વિદેશોમાં આપે અત્યાર સુધીમાં યુ.એસ.એ., કેનેડા, યુ. કે, આરબ રાષ્ટ્રો વગેરે ઘણા રાષ્ટ્રોનો પ્રવાસ કર્યો

છે જ્યાં આપણા ભારતીયોની ઘણી મોટી સંખ્યા સ્થાયી અથવા અસ્થાયી રૂપમાં નિવાસ કરે છે. અતઃ ત્યાંના પ્રત્યક્ષ અનુભવથી આપે જે જાણ્યું પામ્યું હોય તેના આધારે આપ અમારા આ (નીચે મુજબના) પ્રશ્નોનું સમાધાન આપવાની કૃપા કરો કે તે વિદેશોમાં વસેલા ભારતીયોને વિદેશમાં નિવાસ કરતાં પોતાની સંસ્કૃતિ અને સ્વધર્મ (જન્મ મરણનું આશૌચ, રજસ્વલાધર્મ, સેવા વગેરે) નો નિર્વાહ કરવામાં શી મુશ્કેલીઓ આવે છે યા આવી શકે છે ? અને તે બાબતનું શું સમાધાન હોઈ શકે છે ?

**ઉત્તર-૧** જ્યાં સુધી અમેરિકા યુરોપ વગેરે પશ્ચિમી રાષ્ટ્રોનો સવાલ છે ત્યાં સુધી ત્યાંની સંસ્કૃતિ, ત્યાંનાં ઘરોની બનાવટ, ત્યાંનુ રહન-સહન વગેરે સર્વને જોતાં અમને એમ અનુભવવા મળ્યું કે આશૌચ, રજસ્વલાધર્મ વગેરેમાં અનેક પ્રકારે શાસ્ત્રોમાં બતાવાયેલ પવિત્રતાઓનો જે વિચાર કરાયેલો છે તે બાબતમાં નિશ્ચિતરૂપથી ત્યાં રહીને નિભાવ કરવો એ કઠણ જ નહિ અપિતુ અસમ્ભવ પણ છે. ત્યાં પ્રાયઃ દરેક લોકોને આ બાબતોનો નિભાવ કરવામાં મુશ્કેલીઓ પડતી મારા જોવામાં આવી છે. કંઈક તો ત્યાંનુ વાતાવરણ, ત્યાંના વાતાવરણથી પ્રભાવિત જનમાનસ અને કંઈક તો ત્યાંના રહન-સહનમાં ખાસ કરીને આ (સૂતક-રજસ્વલા.) વિષયમાં પાલન કરવામાં જે પ્રતિકૂલતાઓ છે તે પણ એક બહુ મોટું કારણ છે. કારણ કે ત્યાંના જે હાઉસ (ઘરો) બનેલા છે અને એમાં રહેવાની જે ત્યાંની પદ્ધતિ છે એમાં રહીને કોઈપણ વ્યક્તિ ચાહીને પણ આ બધી બાબતોનું પાલન કરવામાં નિતાન્ત અત્યધિક કઠણાઈઓનો અનુભવ કરે છે તેમજ તે લોકો માટે આ બધું પાલન કરવું અસમ્ભવ બની જાય છે. ઉદાહરણ માટે જેમ પ્રસૂતિના વિષયમાં ત્યાં ફક્ત ત્રણ દિવસ જ હોસ્પિટલમાં રાખવામાં આવે છે. ત્રણ દિવસ બાદ જચ્ચા બચ્ચાને બન્નેને ઘરે લઈ આવવું પડે છે. તેમજ ત્યાંનાં ઘરોમાં એવી કોઈ સુવિધાઓ હોતી નથી કે જે અહીં ભારતમાં જે પ્રકારે પવિત્રતા અપવિત્રતાના સમ્બન્ધમાં પાલનને માટે હોય છે. આવુંજ

રજસ્વલાધર્મ વગેરે બાબતોમાં પણ સમજવું જોઈએ. ઉપરાન્ત ત્યાંનું જીવન પણ એટલું બધું અધિક વ્યસ્ત મશિનરી જેવું હોય છે અને ત્યાં આ વિષયો માટે (ધર્મ પરિપાલન માટે) જરૂરી સામગ્રીઓ પણ મળતી નથી. અતઃ આનું સમાધાન શું હોઈ શકે છે તે અમારા માટે નહિ અપિતુ જે મોટા-મોટા દિગ્ગજ આચાર્યો છે એમને માટે પણ સમ્ભવતઃ આ પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપવો કઠણ હશે. તેમ છતાં પણ કંઈકને કંઈ તો વિચારવું જ જોઈશે. મારી સમજ પ્રમાણે દેશ, કાલ અને પરિસ્થિતિ પ્રમાણે ત્યાં વૈયક્તિક આધારે જેટલું થઈ શકે એટલું પાલન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ત્યાં અમે આ મુજબ જ શિક્ષા અને સમાધાન આપ્યું છે. ધર્મશાસ્ત્રમાં જે પ્રકારે કહેવામાં આવ્યું છે **'पान्था शूद्रवदाचरेत्'** આ પ્રકારે (**If Possible**) (આ શબ્દનો ત્યાં વારંવાર પ્રયોગ કરવો પડે છે.) તમારાથી જેટલું થઈ શકે તે મુજબ પ્રયત્ન કરવો જોઈએ. એવં આ પરિસ્થિતિને દષ્ટિગત રાખીનેજ ત્યાં સ્વરૂપ સેવાનો ક્રમ અમે ઉચિત નથી ગણ્યો. ન તો ભગવત્ સ્વરૂપને (મૂર્તિરૂપમાં) અમે સેવ્ય કરીને પધરાવી આપ્યા છે. પુષ્ટાવ્યા વિનાની સેવા ભલે જ સામ્પ્રદાયિક દષ્ટિ કોણથી અવૈધ મનાતી હોય તેમ છતાં પણ આ પરિસ્થિતિને જોતાં પુષ્ટાવ્યા વિના પણ સેવા પ્રકાર ત્યાં ચાલતો રહે અને તે વડે ત્યાંના લોકો યેન કેનાપિ પ્રકારેણ (ગમે તે પ્રકારે પણ) ભગવત્સમ્મુખ રહે એજ શ્રેષ્ઠ છે.

**પ્રશ્ન-૨** શું આપ એમ અનુભવ કરો છો કે વિદેશમાં રહીને પણ વૈષ્ણવ સેવાથી બહિર્મુખ ન બને તે માટે કોઈ સ્વતંત્ર સંહિતા બનાવવી જરૂરી છે ?

**ઉત્તર-૨** શુદ્ધિપુષ્ટિમાર્ગીય દષ્ટિએ જોવામાં આવેતો ત્યાં (વિદેશમાં વસતા ભારતીયોમાં) ખૂબ જ બહિર્મુખતા છે એમ કહી શકાય છે, તેમ છતાં પણ હિન્દુત્વ યા ધાર્મિકતાનો સવાલ છે તે બાબતમાં ત્યાંના

જનમાનસમાં (ત્યાંના ભારતીયોમાં) સન્તોષકારક સ્થિતિ અમને જોવા મળી છે. ત્યાં અમને એમ અનુભવ થયો કે વિદેશમાં નિવાસ કરી રહેલા ભારતીય લોકો (ભલે ધર્મપરિપાલનના વિષયમાં એમનામાં શિથિલતા રહી હશે. પરંતુ) ઈશ્વર અને ધર્મને વિશેષ રૂપે શ્રદ્ધાદષ્ટિથી જુએ છે, જે વાત ભારતમાં રહેતી યુવા પેઢીમાં જોવા નથી મળતી. અતઃ એમને માટે સેવા વિષયક આચાર સંહિતા આજ હોઈ શકે છે. એમનું ભગવત્સામ્મુખ્ય બન્યું રહે તદર્થ પાંચ અથવા દસ મિનિટનો બહુજ સ્વલ્પ સેવાક્રમ બતાવવો જોઈએ. મેં જે ક્રમ ત્યાં લોકોને બતાવ્યો છે તે આ પ્રકારે છે - સવારે સ્નાન કર્યા પછીથી શ્રીગોવર્ધનધરણ શ્રીનાથજીના ચિત્રજીને જગાવીને, વસ્ત્ર ધરાવી, ગુંજામાળા ધરાવી, મિશ્રી-બદામ-મેવો-દૂધ (આ બધું ત્યાં સરલતાથી ઉપલબ્ધ થઈ જાય છે) નો ભોગ ધરીને ત્યાર બાદ મંગલાચરણ, યમુનાષ્ટક, સર્વોત્તમ સ્તોત્ર, કૃષ્ણાશ્રય આટલો પાઠ કરી, ભોગ સરાવી, ચિત્રજીના ચરણ સ્પર્શ કરીને, દંડવત્ પ્રણામ કરી, પ્રભુને પોઢાવી, પરસ્પર જયશ્રીકૃષ્ણ કહેતાં પોતપોતાના વ્યવસાયમાં પ્રવૃત્ત થવું, તથા રાત્રિમાં ભોજનના પછી ને સૂતા પહેલાં અષ્ટાક્ષરમંત્રની એક માળા તેમજ બાળકો માટે ૧૦ વખત ઉચ્ચારણ કરવું તથા જયશ્રીકૃષ્ણ કહીને પછી સૂવા જવું. આનાથી આટલા અંશોમાં પણ એમનું ભગવત્સામ્મુખ્ય બન્યું રહે છે. ત્યાંની દૈનિક જીવન વ્યવસ્થાજ એવી છે જેમાં પ્રાયઃ દરેક લોકો સવારે સાડાછથી સાત વાગ્યા સુધીમાં પોતપોતાની જોબમાં-વ્યવસાયમાં ચાલ્યા જાય છે, તેથી સવારે દરેકનેજ ખૂબજ ભાગ-દોડ મચેલી રહે છે, એવામાં દસ મિનિટથી વધુ સમયનો ક્રમ એમને માટે જરૂરી નથી રહી શકતો. શનિવારે તેમજ રવિવારે ત્યાં રજા રહે છે ત્યારે તે લોકો સેવામાં એક કલાક જેટલો સમય આપી શકે છે. ઘણાં લોકોએ આ મુજબનો નિશ્ચય પણ કરેલો છે. અમે એ લોકોને મુકુટ, પાઘ વગેરેના શ્રૃંગારો શીખવ્યા પણ છે અને તે મુજબ તે લોકો પ્રભુને શ્રૃંગાર ધરાવે છે તથા યથાશક્ય સામગ્રી બનાવીને ભોગ ધરવો તે શનિ-રવિએ એ લોકો કરે છે. અસ્પર્શ (અપ્રસ) ના સમ્બન્ધમાં જો કે એક પ્રકારે

એને ભ્રમજ કહેવાશે છતાં પણ (અસ્પર્શનો ભલે ભ્રમ સહી) એ ભ્રમ પણ અમે એમને શીખવ્યો છે. સ્નાન કર્યા પછીથી શૌચસ્થાનને સ્પર્શ કર્યા વિના બહાર આવી (ત્યાં સર્વત્ર નાહવાનો બાથરૂમ અને શૌચસ્થાન ભેગાજ હોય છે) રેશમી ટેરેલીન વગેરેના પેન્ટ વગેરે પહેરીને (ત્યાં ધોતી મળતી પણ નથી. તેમજ ત્યાંના ભારતીયો ધોતી પહેરવું જાણતા પણ નથી. તેથી પશ્ચિમી વેશ ભૂષાની છૂટ આપી છે.) (સેવાના સમયે પહેરવાના વસ્ત્રને અલગથી રાખવામાં આવે તેમજ તે વસ્ત્રથી સેવા સિવાયનો બીજો વ્યવસાય કરવામાં ન આવે) તેમજ મહિલાઓ પણ રેશમી સાડી પહેરીને (તેઓ પણ પોતાના વસ્ત્રને અલગ રાખે) ભગવત્સેવામાં જોડાય. આ ઉપરાન્ત અઠવાડિયાની બે રજાઓમાંથી એક દિવસ બધા લોકો પોતપોતાના પરિવારમાં રહીને, સાથે બેસી સત્સંગ કરે અને બીજા દિવસે આસપાસના રહેનારાઓ અથવા તે વિભાગમાં રહેતા દરેક પરિવારના લોકો આપસમાં મળીને સત્સંગ કરે. આ વડે પણ બહિર્મુખતા દૂર કરી શકાય છે. સત્સંગમાં ષોડશ ગ્રન્થો તેમજ કેટલાક સ્તોત્રોના પાઠ-ધૂન-ભજન તેમજ ચોર્યાસી-બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ અને ‘શિક્ષાપત્ર આચમન’ (શિક્ષાપત્રને પચાવવાની શક્તિ દરેકમાં નહિ હોવાથી શિક્ષાપત્ર ઉપર થયેલ પ્રવચનનું એક પ્રકાશન) તથા ષોડશગ્રન્થોના અનુવાદ-વિવેચન, સામ્પ્રદાયિક માસિક પત્રિકાઓમાંના લેખોનું વાંચન, અષ્ટછાપ કીર્તન વગેરેનો ક્રમ સત્સંગ માટેનો નિર્ધારિલો છે.

**પ્રશ્ન-૩** આપે જણાવ્યું કે અમેરિકામાં આશૌચ વગેરેનું પાલન શક્ય નથી. બીજી એ વાત પણ કહેવામાં આવી કે મેં એક સ્વલ્પ ક્રમ પણ આપ્યો છે જેમાં યમુનાષ્ટક, સર્વોત્તમસ્તોત્ર વગેરે સ્તોત્રપાઠ કરવા તથા ચિત્રસેવા પણ કરવી, એવો સ્વલ્પ ક્રમ બતાવ્યો છે. ઉપર્યુક્ત બે પ્રકારની વાતોથી આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે રજસ્વલા અવસ્થા અથવા સૂતક વગેરેની અવસ્થામાં ભગવત્સેવા અથવા સ્તોત્રપાઠ થઈ શકે છે ? શું આપ તેમ માનો છો ?

**ઉત્તર-૩** અહીંના આપણા મૂલસિદ્ધાન્તોના અનુસાર આ થઈ શકે નહિ, તથાપિ ત્યાંની પદ્ધતિના અનુસાર રજસ્વલા-સૂતક વગેરેની નિવૃત્તિના પછી, સ્નાન કર્યા પછીથી (ત્યાંની દષ્ટિએ સ્નાન કર્યા પછીથી) સ્તોત્રપાઠ વગેરે કરવામાં આવે એ ત્યાંને માટેની વિશિષ્ટતા છે. અર્થાત્ રજસ્વલા-સૂતક વગેરેની અવસ્થામાં એ લોકોએ સેવા પાઠ વગેરે નહિ કરવા જોઈએ, કિન્તુ તેની નિવૃત્તિના પછી સ્નાન કરીને વસ્ત્ર બદલીને પછી, જેટલું બની શકે તેટલું કરવું જોઈએ. કારણ કે એ લોકો આપદ્ધર્મમાં છે અને એમનાથી યથાશક્ય જેટલી થઈ શકે તે મુજબ પવિત્રતાનો નિર્વાહ કરવો જોઈએ. આ પ્રકારે યથાશક્ય નિર્વાહ કરતાં સેવા-પાઠ વગેરેની અમે આજ્ઞા આપી છે.

**પ્રશ્ન-૪** ત્યાં (વિદેશમાં) વસીને સેવા કરવાવાળાઓને જો મરણ-સૂતક પ્રાપ્ત થાય તો તે વખતે તેઓ પોતાને ત્યાં બિરાજમાન સેવાની શી વ્યવસ્થા કરી શકે છે ? (શું થઈ શકે છે ?)

**ઉત્તર-૪** ભારતમાં પણ આ સમસ્યા તો છે જ પૂ. શ્રી દાદાજી-પિતામહચરણ (પૂ.પા. ગોસ્વામી શ્રી વ્રજરત્નલાલજી મહારાજ-સુરત)ની સમક્ષ આ વિષયની ચર્ચા કરી હતી તેના અનુસાર આવી અવસ્થામાં કે જ્યારે કોઈ પણ સેવા કરનાર ન હોય તો એવી સ્થિતિમાં શ્રીઠાકોરજીને દંડવત પ્રણામ કરીને બીજી કોઈ પણ સેવા કરવી નહિ, પ્રભુને જગાડવા વગેરે કંઈ પણ કરવું નહિ તેમજ મન મનમાં અષ્ટાક્ષરનું સ્મરણ કરતાં **'अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः'**શ્રી આચાર્યચરણની આ ઉક્તિનું મનમાં સ્મરણ કરતાં પ્રભુથી ક્ષમા પ્રાર્થના કરવી. સૂતકથી નિવૃત થતાં, શુદ્ધ થયા પછી, સ્નાનાદિ વડે પવિત્ર થઈ, પછી શ્રીઠાકોરજીની જેટલા દિવસ સેવા થઈ શકી ન હોય તેટલા દિવસ નો - તેટલા ગણો અધિક ભોગ ધરવો અને માનભોગ વગેરેનો પરિશ્રમભોગના રૂપમાં ભોગ ધરવો ત્યાર બાદ તેના

અંગભૂત અષ્ટાક્ષરની ત્રણ માળા બરાબરનો જપ કરવો, આ મુજબની વ્યવસ્થા અમે ત્યાં આપી છે.

**પ્રશ્ન-૫** આપ એમ જણાવી ચૂક્યા છો કે ત્યાં (વિદેશમાં) ધોતી વગેરે નથી મળતા, તેથી પેન્ટ વગેરે પહેરીને જ ભગવત્સેવાની અમે આજ્ઞા આપી છે. પરંતુ અમારી એવી જાણકારી છે કે લોકો ભારતથી પોતાના સગા-સમ્બન્ધીઓ દ્વારા અથાણા-પાપડ વગેરે પણ ત્યાં મંગાવે છે, પોતાની જરૂરિયાત મુજબની જે પણ વસ્તુઓ હોય કે જે ત્યાં -વિદેશમાં મળતી ન હોય તે બધું જ ભારતથી મંગાવે છે, તો પછી શું તે લોકો ધોતી જેવી જરૂરિયાતની વસ્તુઓ ભારતથી મંગાવી શકતા નથી ?

**ઉત્તર-૫** જરૂર મંગાવી શકે છે, કિન્તુ તે લોકોને ધોતી પહેરતા નથી આવડતું તેમજ ધોતી પહેરવું તે લોકો સર્વથા પસંદ પણ નથી કરતા. કારણ કે ધોતી પહેરવામાં વધુ સમય ચાલ્યો જાય છે. જ્યારે અમે પહેલાં જ કહી ચૂક્યા છીએ કે સવારમાં તે લોકોને ખૂબ જ ભાગ-દોડ મચેલી રહે છે. અહીં ભારતમાં પણ આજ કાલ યુવાન છોકરાઓ તથા કેટલાક વૃદ્ધોને પણ ધોતી પહેરતાં નથી આવડતું, અતઃ અહીં પણ તે લોકો લુંગી પહેરીને જ કોશિશ કરતા હોય છે.

**પ્રશ્ન-૬** **'असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्'**શ્રીઆચાર્યચરણની આ આજ્ઞાનું પાલન એક વૈષ્ણવ કઈ રીતે કરી શકે છે ?

**ઉત્તર-૬** જ્યાં ભારતમાં જ હવે અસમ્ભવ જેવું થઈ ગયું છે ત્યાં વિદેશને માટે તો પછી પ્રશ્ન જ નથી રહેતો. જેમ અહીં પણ કહેવાય છે તેમ ત્યાં પણ કહી શકાય છે અને કહેવામાં આવે પણ છે કે તમે જ્યારે પણ,

ક્યાંય પણ ભોજન કરો તો તેના પહેલાં ત્રણ વખત અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ કરીને પછી ખાન-પાન કરો. આજ એક માત્ર ઉપાય છે. વિદેશમાં તો આ ઉપરાન્ત પણ ભક્ષ્યાભક્ષ્યનો પણ પ્રકાર પ્રચલિત છે. એ જુદી વાત છે કે અમે ઘણાં લોકોને પ્રતિજ્ઞા લેવડાવીને ભક્ષ્યાભક્ષ્યથી મુક્તિ અપાવી છે અને આજે પણ તે લોકો પરિત્યાગ કરીને શાકાહારી બન્યા છે. તેમ છતાં પણ ત્યાં રેસ્ટોરન્ટમાં તેમજ ઓફિસોમાં ખાવુંજ પડે છે અને ત્યાં જે શાકાહાર હોય છે તે પણ અભક્ષ્યની સાથે જ મૂકેલો હોય છે. તો આ બધી વાતોના બહુ ઊંડાણમાં ઉતરવું મારી દૃષ્ટિમાં બહુ ઉપયુક્ત નથી. છતાં પણ વિવેકધૈર્યાશ્રયમાં શ્રી આચાર્યચરણની આ ઉક્તિના અનુસાર કે **'अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः'** આવી સ્થિતિમાં - અશક્ય સ્થિતિમાં હોવાથી શરણમંત્ર અષ્ટાક્ષરનું સ્મરણ કરીને, શરણભાવના કરીને બધો વ્યવહાર કરવો આજ એકમાત્ર ઉપાય છે.

**પ્રશ્ન-૭** અસમર્પિત ત્યાગ વિષયક પ્રશ્નના ઉત્તરમાં આપે જે જણાવ્યું તેથી આ પ્રશ્ન થાય છે કે શું આપ હવે એમ માનો છો કે અસમર્પિત ત્યાગનો સિદ્ધાન્ત યા આગ્રહ હવે જરૂરી નથી રહ્યો ?

**ઉત્તર-૭** આગ્રહ તો જરૂર અપેક્ષિત છે. સિદ્ધાન્તના વિષયમાં તો અસ્વીકાર કરી જ શકાય તેમ નથી. પરંતુ અસમર્પિત ત્યાગનો આગ્રહ ચાહીને-ઈચ્છીને પણ લોકોને માટે અસમ્ભવ જેવો થઈ ગયો છે. હોટલ, વીશી, લોજ અને તેવી જ બીજી જગ્યાઓ પર જઈને ભોજનાદિ કરવું એમને માટે અનિવાર્ય બની ગયું છે. અને જ્યાં આવી સુવિધાઓ પ્રાપ્ત નથી તથા કરોડોની સંખ્યામાં આ વાત બની રહી છે તો એ દૃષ્ટિથી અસમર્પિતનો ત્યાગ યુગની દૃષ્ટિથી પ્રતિકૂલ થઈ ગયો છે. અતઃ આ વિષયમાં જેટલું થઈ શકે તેટલું કરવું જોઈએ અને આવા સમયમાં પ્રભુનું સ્મરણ કરવું જોઈએ. ભારતમાં તો કંઠી વગેરે દ્વારા પણ (પ્રસાદી) થઈ શકે છે.

**પ્રશ્ન-૮** વિદેશમાં નિવાસ કરનારા વૈષ્ણવોનાં સન્તાનો કે જેના (બાલ્યકાળથી લઈને) જીવનનો અધિક સમય વિદેશી વાતાવરણ અને વિદેશી સંસ્કૃતિની વચ્ચે ગુજર્યો છે તથા ભારતીય સંસ્કૃતિ અને સ્વધર્મનો જેમને બહુજ ઓછો (નગણ્ય) અનુભવ છે એમનામાં સ્વધર્મ અને સંસ્કૃતિના સંસ્કારો યથાવત્ ટકાવી રાખવાને માટે અત્યારે ત્યાં શી વ્યવસ્થા અથવા પ્રવૃત્તિઓ છે ?

**ઉત્તર-૮** 'યથાવત્' આ શબ્દને માટે તો હું ફરીથી આજ કહીશ કે આ તો ભારતમાં પણ હવે અદશ્ય જેવી વાત બનવા જઈ રહી છે, 'યથાવત્' તો અહીં પણ દેખાતું નથી તો પછી વિદેશને માટે તો પ્રશ્ન જ નથી રહેતો, તેમ છતાં પણ અધિકાંશમાં ભારતીય સંસ્કૃતિનું અવલમ્બન લોકો કરી શકે આને માટે ત્યાં જે અમે જોયું છે તે આ છે કે કેટલાએ ભારતીયો પાંડુરંગ શાસ્ત્રીજીની સ્વાધ્યાય પ્રવૃત્તિ વડે, ચિન્મયાનન્દ મિશન દ્વારા, વિશ્વહિન્દુ પરિષદ્ દ્વારા અને અન્યાન્ય ઘણી બધી ભારતીય હિન્દુ પ્રવૃત્તિઓ ચાલે છે જેમાં સ્વાધ્યાય, શિબિર, ક્લાસો વગેરેનો સમાવેશ થાય છે, એના દ્વારા ભારતીય સંસ્કૃતિ સમ્બન્ધી પ્રશિક્ષણ પ્રાપ્ત થાય છે. પાછલાં ત્રણ વર્ષોમાં અમેરિકા- યુ.કે.-ગલ્ફના-સિંગાપુર વગેરેમાં વલ્લભકુળના ગોસ્વામી આચાર્યો અને બેટીજીઓ વગેરેના પદાર્પણ થતા રહ્યા છે. એના વડે, એમના સત્પ્રયાસોથી તેમજ સત્સંગ દ્વારા એક વાત બહુજ સારી પ્રારમ્ભ થઈ છે કે આપણી ભારતીય સંસ્કૃતિ અને વૈષ્ણવ સંસ્કૃતિને-સ્વધર્મને ટકાવી રાખવા માટે ત્યાં કેટલાયે જુદા-જુદા પ્રકારના સત્સંગ મંડળો સ્થાપિત કરાયેલાં છે, ઘણા પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિઓનું પણ પ્રચલન કરવામાં આવેલું છે. તથા સ્વલ્પક્ષેત્રોમાં જ સહી પરંતુ મન્દિરોનું પણ નિર્માણ અને પ્રચલન ઘણું જોવામાં આવે છે. આના દ્વારા સ્વધર્મના-સંસ્કૃતિના સંસ્કારો ટકાવી રાખવા માટે ઘણી જ સફળતાપૂર્વક યત્ન કરવામાં આવી રહ્યો છે અને તેનો કંઈક સફળ અંશ પણ જોવા મળે છે.

**પ્રશ્ન-૯** આપે જણાવ્યું કે ત્યાં બાળકોમાં ભારતીય સંસ્કારોના સિંચન માટે પ્રયાસો થઈ રહ્યા છે, તે કયા સંસ્કારોનું સિંચન થઈ રહ્યું છે ?

**ઉત્તર-૯** હિન્દુ સનાતન સંસ્કારોનો પ્રયાસ થઈ રહ્યો છે. જેમ કે ભગવદ્ગીતા, આપણે ભારતીય છીએ, આપણો હિન્દુ ધર્મ છે વગેરે. પરંતુ ત્યાં કેટલીએ મુશ્કેલીઓ હોવાને કારણે જેને મૌલિક યા પાયાના તોર પર કહી શકાય એવું ત્યાં નથી થઈ રહ્યું કિન્તુ એમને ધાર્મિક જ્ઞાન આપવામાં આવે છે.

**પ્રશ્ન** - મતલબ કે જ્ઞાન આપવામાં આવે છે પણ સંસ્કાર નથી અપાતા ?

**ઉત્તર** - સંસ્કારથી તમે શું કહેવા માંગો છો? જનોઈ-મુંડન વગેરે ?

**પ્રશ્ન** - જે પણ આપણી સંસ્કૃતિ સમ્બન્ધી હોય છે.

**ઉત્તર** - નહિ. તે નથી આપવામાં આવતા. હા, પોતાના માતા-પિતાથી કેવી રીતે વ્યવહાર કરવો. ગુરુજનોથી કેમ વર્તવું, કેમ બોલવું, કેવી રીતે બેસવું વગેરે શીખવવામાં આવે છે.

**પ્રશ્ન-૧૦** પ્રશ્ન નવના જ અનુસન્ધાનમાં તે બાળકોમાં ધાર્મિક અથવા સંસ્કાર સમ્બન્ધી પ્રશિક્ષણને માટે શું જરૂરી છે ? તેમજ તેવી પ્રવૃત્તિઓ વડે શું તે બાળકોને વિદેશી હવાથી દૂર રાખીને ભારતીય સંસ્કારોને જીવિત રાખી શકાશે ?

**ઉત્તર-૧૦** વિદેશી હવાથી દૂર રાખવું કઠણ છે. પરંતુ તે બાળકોમાં ભારતીય સંસ્કારોનું સિંચન જરૂર કરી શકાય છે અને તે કાર્ય કંઈક અંશોમાં ત્યાં થઈ રહ્યું પણ છે. એમના પ્રશિક્ષણમાં વિવિધ પ્રકારના ક્રમ શનિ-રવિએ ત્યાં પ્રચલિત કરી શકાય છે. ત્યાં હિન્દુમન્દિરોમાં પણ આ સમ્બન્ધમાં કેટલાંક કાર્યો થઈ રહ્યા છે તેને પણ વિશેષ ગતિ આપવી જોઈએ, સાથેજ વિડીઓ-ઓડીઓ કેસેટ તથા પુસ્તિકાઓ વગેરે પણ બાલપ્રશિક્ષણ અને સંસ્કાર સિંચનમાં ઉપયોગી થઈ શકે છે. આ માટે ઠોસ વિચારણા કરીને કોઈ યોજના જરૂર બનાવવી જોઈએ. જો આ બાબતમાં કોઈ નિશ્ચિત યોજનાનો અમલ કરવામાં નહિ આવશે તો એ વાતનો ઘણો મોટો ભય છે કે ત્યાંનાં બાળકો પર ઈસાઈ (ક્રિશ્ચિયન) પ્રભાવ ઘણો જ છે અને આગળ ચાલીને તે લોકો હિન્દુ તરીકે રહેશે નહિ. આને માટે પ્રશિક્ષણ ખૂબજ આવશ્યક છે. અમે ત્યાં (વિદેશમાં) આજ જણાવ્યું છે અને આ વાત પર જ જોર પણ આપ્યું છે કે માતા-પિતા પોતે જ ધર્મના સિદ્ધાન્તોથી પ્રશિક્ષિત થઈને પોતાનાં બાળકોને શનિ-રવિએ પ્રશિક્ષણ આપતાં રહે. ઘરથી મેળવેલા સંસ્કારો જ વધુ ઉપયુક્ત થઈ શકે છે એમ અમારો અનુભવ છે.

**પ્રશ્ન-૧૧** આપનું અથવા આપની માફકજ બીજાઓનું વિદેશમાં વારેઘડીએ જવું, તેનાથી ત્યાં વસેલી ભારતીય પ્રજામાં નવચેતના અને બાળકોમાં સંસ્કાર સિંચનના વિષયમાં શું ઉપયોગી સિદ્ધ થયું છે ? એ મુજબનો આપ સન્તોષનો અનુભવ કરો છો ? શું આપના વિદેશગમનથી ત્યાં કંઈક વિશેષ પ્રદાન થઈ શક્યું છે ?

**ઉત્તર-૧૧** જો કે આ પ્રશ્નનો ઉત્તર પહેલા અપાયેલા ઉત્તરોમાં આવી જ જાય છે તેમ છતાં પણ - અહીંથી જે લોકો- યોગ્ય વ્યક્તિઓ ત્યાં ગયા છે અને યોગ્ય પ્રવૃત્તિઓ કરી છે તે દ્વારા સનાતન વૈદિક સંસ્કૃતિને તેમજ આપણા પુષ્ટિમાર્ગને ઘણોજ લાભ પ્રાપ્ત થયો છે. આ પ્રકારના આવાગમનથી નિઃસંદેહ આ સમ્બન્ધમાં પ્રગતિ થઈ શકે છે એવો મને

વિશ્વાસ છે. ખાસ કરીને અમેરિકાના અમારા અનુભવોથી એમ જણાયું છે કે જ્યાં પુષ્ટિસમ્પ્રદાયના વિષયમાં ત્યાં શૂન્યતા હતી ત્યાં ભગવત્કૃપાથી પુષ્ટિસમ્પ્રદાય પ્રતિ ત્યાંના લોકોમાં શ્રદ્ધા ધીરે-ધીરે વધી રહી છે. સ્વાધ્યાય-સત્સંગ માટે ત્યાંના લોકોમાં ભૂખ જાગૃત થઈ છે તેમજ શ્રીગોવર્ધનનાથજીના મન્દિરોની માંગણીઓ પણ જનતામાં વધી રહી છે. શ્રીઆચાર્યચરણના ઉત્સવ પર શ્રીઆચાર્યચરણનું ચિત્ર પધરાવીને ત્યાંના રાજમાર્ગો પરથી શોભાયાત્રા કાઢવાનો હવે આરમ્ભ થઈ ચૂકયો છે. કૃષ્ણજયન્તી (જન્માષ્ટમી) ઉત્સવ પણ આપણા પોતાના ઢંગથી મનાવવો પ્રારમ્ભ થયો છે. આ ઉપરાન્ત પણ બીજી-બીજી પ્રવૃત્તિઓ જે પહેલાં નહિ હતી તે હવે આરમ્ભ થઈ છે અને આશા છે કે જો આજ ક્રમ આવનારાં વર્ષોમાં પણ બરાબર ચાલતો રહ્યો તેમજ આ તરફ આગળ પણ બરાબર ધ્યાન આપવામાં આવશે તો ઘણો જ ઉત્કર્ષ (ત્યાં) થઈ શકે છે એવો અમને વિશ્વાસ છે.

**પ્રશ્ન-૧૨** વિદેશમાં નિવાસ કરનારા ભારતીયોથી અતિરિક્ત યુરોપિયન પ્રજામાં શ્રીઆચાર્યચરણના તત્ત્વજ્ઞાનના વિષયમાં તે લોકોની શી જાણકારી છે તથા આ અંગે તે લોકોમાં (શ્રીવલ્લભ તત્ત્વજ્ઞાન સમ્બન્ધમાં) કેવી માન્યતા પ્રવર્તાઈ રહી છે?

**ઉત્તર-૧૨** ત્યાંના સ્થાનિક લોકો ભલે પછી તે ગોરા હોય કે કાળા હોય એમનામાં શ્રીઆચાર્યચરણ અને પુષ્ટિસમ્પ્રદાયના વિષયમાં જાણકારી બિલકુલ જ નથી આ અફસોસની સાથે કહેવું પડી રહ્યું છે. આનું મુખ્ય કારણ આ જ છે કે આને માટે જે પ્રયત્ન થવો જોઈએ તે અત્યાર સુધી આપણા તરફથી કરવામાં આવ્યો નથી. કિન્તુ પાછલાં બે વર્ષોથી પ્રયાસો શરૂ થયા છે તેમજ તે આંશિક સફળ પણ થયા છે જેનાથી ત્યાંના લોકોને કંઈક-કંઈક જાણકારી થવા લાગી છે. આ વિષયમાં નિઃશંકપણે કહી શકે એવા એક અમેરિકન જેમણે શ્યામદાસ નામ ધારણ કર્યું છે. તેઓ પોતાના જીવનમાં ચુસ્ત રીતે વૈષ્ણવતાનું પાલન કરતાં આપણા કેટલાએ ગ્રન્થોનો અંગ્રેજીમાં અનુવાદ કરીને એના પ્રકાશન દ્વારા ઘણોજ સારો પ્રચાર કરી રહ્યા છે, આનાથી પણ કંઈક લાભ પ્રાપ્ત થઈ રહ્યો છે. આ ઉપરાન્ત પણ સમ્પ્રદાય સમ્બન્ધી અંગ્રેજી પુસ્તકોના પ્રચારથી પણ એક પ્રતિશત જેટલી ત્યાંના લોકોમાં જાણકારી થવા લાગી છે. જો આ પ્રકારે પ્રચારનો પ્રયાસ બરાબર થતો રહ્યો તો સમ્પ્રદાય તેમજ શ્રીઆચાર્યચરણના વિષયમાં ત્યાંના લોકોને નિશ્ચિત રૂપે સારી એવી જાણકારી થઈ શકે છે. એટલું જ નહિ અપિતુ એમની શ્રદ્ધા પણ વધશે અને તે લોકો આપણા સમ્પ્રદાયનું શિષ્યપણું ગ્રહણ કરીને અનુયાયી પણ બની શકે છે. અમારા દ્વારા અમેરિકામાં સંસ્થાપિત અ.વિ. શ્રીવલ્લભપ્રીતિ સેવા સમાજ ‘દ્વારા આના અંગે પ્રયાસ થઈ રહ્યા છે અને ભગવત્કૃપાથી તે સફળ થશે એવી મને શ્રદ્ધા છે.

**પ્રશ્ન-૧૩** પ્રશ્ન-૧૨ ના અનુસન્ધાનમાં એ લોકોમાં (વિદેશની યુરોપિયન પ્રજામાં) શ્રીવલ્લભતત્ત્વજ્ઞાનનો વિશેષ રૂપે પ્રચાર-પ્રસાર શું સમ્ભવ છે ? જો હા સમ્ભવ છે, તો તે માટે શું કરવું જરૂરી છે ?

**ઉત્તર-૧૩** વિશેષ રૂપે અંગ્રેજી ભાષા પર સારો એવો કાબૂ હોય તેવા ભારતીય તત્ત્વજ્ઞાનના ઠોસ વિદ્વાન, તત્ત્વવેત્તા શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તના પ્રકાંડ વિદ્વાન હોય તેવા લોકોનું વિદેશમાં જવું - આવવું થતું રહે અને ખાસ કરીને તે અંગ્રેજોનેજ (યુરોપિયનોનેજ) બોલાવીને એમના વચ્ચે કાર્યક્રમો થતા રહે જેમાં પ્રવચન, શિબિર, વાર્તાલાપ વગેરે, તો આનાથી કાર્ય સિદ્ધ થઈ શકે છે. સાથેજ જો આવા લોકો પોતાની સાથે ત્યાં આપવા માટે પર્યાપ્ત (પ્રમાણસર) સાહિત્ય સાથે રાખે તો એનાથી ઘણો સારો પ્રભાવ પડી શકે છે.

**પ્રશ્ન-૧૪** શું આપ એવી શ્રદ્ધા ધરાવો છે કે વિશેષ પ્રયત્ન કરવાથી

યુરોપિયન-અંગ્રેજોને પણ આ સમ્પ્રદાય તરફ આકર્ષીને એમને પણ અષ્ટાક્ષર વગેરે વૈષ્ણવી દીક્ષાથી દીક્ષિત કરી શકાય છે તેમજ એમનામાં પણ શ્રીઆચાર્યચરણ દ્વારા ઉપદેશાયેલ સેવા-ભક્તિનો પ્રકાર પ્રચલિત કરી શકાય છે ?

**ઉત્તર-૧૪** આ બાબતમાં હું આશાવાદી છું. પૂર્વમાં કહી ચૂક્યો છું કે શ્યામદાસ જેવા કેટલાક લોકો (વધુ સંખ્યામાં ન સહી, નગણ્યજ સહી) આ સમ્પ્રદાયમાં દીક્ષિત છે અને સેવા વગેરે કરી રહ્યા છે. અતઃ વિવેક બુદ્ધિ પૂર્વક એમને અષ્ટાક્ષર વગેરે મંત્રથી દીક્ષિત કરીને, એમનામાં સંસ્કાર સિંચન કરીને બધું સમ્ભવ બની શકે છે.

**પ્રશ્ન-૧૫** આપે જણાવ્યું કે 'શ્રીવલ્લભ પ્રીતિ સેવા સમાજ' દ્વારા અમેરિકનો યા અંગ્રેજોને માટે પ્રયત્નો આરમ્ભાયા છે તે પ્રયત્નો કયા અને કેવા પ્રકારે કરવામાં આવી રહ્યા છે ?

**ઉત્તર-૧૫** ત્યાં એક બે જગ્યાએ કે જ્યાં સારા પ્રોફેસર હોય ત્યાં તેમને (પ્રોફેસરોને) આપણું સાહિત્ય આપીને તેમને (સમ્પ્રદાયના વિષયમાં) સુપઠિત તૈયાર કરવામાં આવી રહ્યા છે, તેમજ તે લોકો તૈયાર થઈને આપણા સ્વાધ્યાય કેન્દ્રોમાં આ લોકોને (અમેરિકનો-અંગ્રેજોને) બોલાવશે અને તેમને સમજાવશે એવો ક્રમ બેસાડ્યો છે.

**પ્રશ્ન -** અત્યાર સુધીમાં આવું ક્યારેક થયું છે ?

**ઉત્તર-** થોડું થોડું ક્યારેક આવું થયું છે.

**પ્રશ્ન -૧૬** અત્યાર સુધીમાં આપે અમેરિકાના ત્રણ વખત પ્રવાસ

ખેડ્યા છે, તે દરમિયાન આપે ત્યાંના અમેરિકનોમાં રસ (પ્રચાર ને અર્થે) કેમ નથી લીધો ?

**ઉત્તર -૧૬** મારા અમેરિકાના ત્રણ વખતના પ્રવાસ દરમિયાન ત્યાં રહેનારા આપણા વૈષ્ણવો કે જે ભારતીય પણ છે, તે વૈષ્ણવ હોવા છતાં પણ પુષ્ટિમાર્ગ સમ્બન્ધી કંઈ પણ જાણતા ન હતા. અતઃ પ્રથમ એમને તૈયાર કરવા એ મેં વિશેષ જરૂરી સમજ્યું. તેમ છતાં પણ મારા પ્રવાસના અન્તર્ગત યત્ર-તત્ર (જ્યાં-ત્યાં ક્યાંક) કેટલીક જગ્યાએ ત્યાંના લોકોને પણ અમારી સભાઓમાં આમંત્રિત કર્યા હતા અને અમારા હિન્દી તથા ગુજરાતી ભાષામાં થયેલ વ્યાખ્યાનોના અંગ્રેજી ભાષાન્તર દ્વારા એમને પણ સંદેશ આપવામાં આવ્યો હતો અને તેથી કેટલાએ લોકો અમને મળ્યા અને શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્ત પ્રત્યે પોતાની આસ્થા પણ પ્રકટ કરી છે.

**પ્રશ્ન -૧૭** તો શું આપ હવે આગળના પ્રવાસમાં અમેરિકનો-અંગ્રેજોમાં વિશેષ કાર્ય કરવાની ઈચ્છા ધરાવો છો ? અથવા એમનામાં કંઈ વિશેષ પ્રવૃત્તિ કરવાની કોઈ નિશ્ચિત યોજના ધરાવો છો ?

**ઉત્તર -૧૭** એવી અમારી ભાવના છે અને એવી આશા પણ છે અને આને માટે કેવા પ્રકારની યોજના કરવી તે અમારા વિચારની અંદર છે. પણ અત્યારે કોઈ નિશ્ચિત યોજના તો નથી, પણ બનાવવાનો વિચાર જરૂર છે.

……

# પ્રશ્ન - ઉત્તર -૫

## વિષય :- પુષ્ટિમાર્ગ વર્તમાન

**પ્રશ્નકર્તા - સમ્પાદક‘આચાર્યશ્રીવલ્લભ’ (માસિક પત્ર)**
**(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)**
**ઉત્તર આપનાર - ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી**
**(કિસનગઢ-પાર્લા,મુંબઈ)**

આ પ્રશ્ન-ઉત્તર ‘આચાર્યશ્રીવલ્લભ’ (ગુ.મા.પ.) વર્ષ-૮ના
અંક-૨માં પ્રકાશિત થયા હતા.

(તા.૧૯-૧-૯૯ના રોજ પાર્લા-મુંબઈ નિવાસસ્થાને પ્રત્યક્ષ મુલાકાત માં)

**- ગોસ્વામી બાળકો પૂજારી ન બને તેમાં મારો ઈન્ટરેસ્ટ છે અને હું પૂજારી થવા માંગતો નથી.**

**- મારા કહેવાથી ચુભતું હોય તો ચુભાવતો રહીશ, હું મરીશ તો મારું ભૂત પણ કરડતું રહેશે, કારણ કે મારી વાસના એવી થઈ ગઈ છે. પણ આપ પૂજારી નથી એ અન્ત સુધી કહેતોજ રહીશ.**

**- અત્યાર સુધીમાં દરેક પ્રયત્નોમાં મેં એમ કયારેય કહ્યું નથી કે સડનલી ચેન્જ કરો, પણ પહેલાં લોકોમાં સિદ્ધાન્ત કબૂલો, સિદ્ધાન્ત સમજાવો અને લોકો સિદ્ધાન્ત સમજતા થાય ત્યારે એનો અમલ શરૂ કરો.**

**- વિફલ ગયા પછી જ મેં આ જાહેરમાં કહેવાનો માર્ગ લીધો છે અને હવે આ વાત પરસ્પર મતભેદ સુધી નથી રહી પણ આખું માળખું જ સડી ગયેલું છે અને તેમાં આપણે રહીએ છીએ.**

**- હું સમ્પ્રદાય બે ભાગે તોડવા નથી માંગતો પણ સમ્પ્રદાયના હાલના માળખામાં હું પરિવર્તન ચાહું છું અને તે પણ એ કે આજે મારો વિરોધ કરનારા ગોસ્વામી બાળકોએ જે પહેલાં કોર્ટમાં સ્ટેટમેન્ટ આપ્યા છે કે ‘આ મારું ઘર છે’ એ માળખું હું ઈચ્છું છું.**

**પ્રશ્ન - ૧** અત્યારે કેટલાક લોકોનો આપના ઉપર એવો આક્ષેપ છે કે ચર્ચાસભા દ્વારા, વિશોધનિકા વગેરે ગ્રન્થો દ્વારા, પુસ્તિકાઓ દ્વારા, કેસેટો દ્વારા આપ જે આન્દોલન ચલાવી રહ્યા છો અને એમાં દેવલકતા વગેરે જે સિદ્ધાન્તો આપે નિરૂપિત કર્યા છે - બતાવ્યા છે એનાથી આજે સમ્પ્રદાય બે ભાગમાં વહેંચાઈ રહ્યો છે અને તેનાથી વૈષ્ણવો સંભ્રમિત (Confused) થઈ રહ્યાં છે. કેટલાક લોકો એમ પૂછતા જોઈ શકાય છે કે અમારે શ્રીનાથજી વગેરે મન્દિરોનો પ્રસાદ લેવો ? કે ન લેવો ? એક જણ આમ કહે છે અને બીજો આમ કહે છે. ત્યારે પ્રશ્ન એ છે કે આપે જે આપના આ વિચારો રજૂ કર્યા કે કરી રહ્યાં છો કે પછી આપ આન્દોલન ચલાવી રહ્યા છો તેમાં આપનો શો હેતુ છે ? તેમજ સિદ્ધાન્તો વ્યવહારપક્ષમાં સમ્પ્રદાય સમક્ષ પ્રસ્તુત કરીને આપ કેવાં પરિવર્તનો ઈચ્છો છો કે આ પ્રકારના વ્યાવહારિક પરિવર્તનો સમ્પ્રદાયમાં થવાં જોઈએ ?

**ઉત્તર -૧** જો કે આ બધા પ્રશ્નોનો ખુલાસાવાર વિગતનો વિસ્તૃત રીતે ઉત્તર આવી જાય તેવી મારી એક પુસ્તક બહાર આવી જ રહી છે, કદાચ ૨૦-૨૫ દિવસમાં આવી જશે. તેમ છતાંએ સંક્ષેપમાં એટલું કહેવાનું રહ્યું કે મને પર્સનલી એવું ફીલ થાય છે કે છેલ્લા દોઢસો વર્ષથી જ્યારથી બ્રિટીશરોનો ટ્રસ્ટ એક્ટ આવ્યો અને જ્યારથી બાળકો પોતાને - બધું જ શેઠિયાઓને હવાલે કરતા ગયા, એક તબકકો આપણા સમ્પ્રદાયનો એવો હતો કે જ્યારે ગોસ્વામી બાળકોના સેવકો; સેવક કહેવા કરતાં મોનીટરી રીસોર્સીસ જો કે ન કહેવું જોઈએ તો એ જે મોનીટરી રીસોર્સીસ હતા એમાં ચોખ્ખા બે ફાંટા હતા. એક તરફ રાજાઓ હતા અને બીજી તરફ કોમન

પબ્લિક હતી, રાજાઓ આપણા સેવક હતા તેને કારણે આપણો જે વટ હતો આખી સોસાયટી ઉપર કે કોઈક વખત આપણે સિદ્ધાન્ત કે અપસિદ્ધાન્ત કહીએ કે તેનો અમલ થાય તેની પરવા કર્યા વગર જ આપણો ઝંડો ફરકતો હતો. તેમાંથી આ સામન્તવાદ ગયો અને પૂંજીવાદ આવ્યો. બ્રિટીશરો સાથેનો અને તેમાંથી ખાસ કરીને મુંબઈ-સુરત એ બધા જે ઈન્ડસ્ટ્રીયલ સીવીલાઈઝેશન જે નવો ડેવલપ થયો અને તે દરમિયાન રાજાઓ ગયા અને આપણને ઈન્ડસ્ટ્રીઆલીસ્ટો ઉપર ડીપેન્ડ થવું પડ્યું અને ત્યાર પછીની જે વાત છે તે શેઠિયાઓને પ્રસન્ન કરવાની છે. એટલે કે શેઠિયાઓને પ્રસન્ન કરવા માટે આખું સેવાનું રૂપ આપણે ત્યાં લેવાતું ગયું અને એનાં ઉદાહરણો આમાં (પ્રકાશિત થનાર પુસ્તિકામાં) ટાંક્યા છે કે શેઠિયાઓએ ટાઈમ ટુ ટાઈમ આપણને ખરીદવાનો અભિગમ રાખ્યો હતો અને ટાઈમ ટુ ટાઈમ આપણે આપણી જાતને, આપણા પ્રભુને, આપણી સેવાની વ્યવસ્થાને, આપણા ધર્મને વેચવાનો અભિગમ અપનાવ્યો. હવે શરૂઆતમાં શું છે એ નાના સ્કેલમાં થઈ રહ્યું હતું એટલે એ સ્કેલની જે વિસ્ફોટકતા તેમજ સિદ્ધાન્તવિરુદ્ધતા હતી તે સ્પષ્ટતયા સામે ન આવી. આજે આપણે એ વળાંક પર આવ્યા છીએ કે જો બીજાં ૫૦ વર્ષ આવી રીતે જશે તો બીજાઓ કન્વિન્સ થાય કે ન થાય પણ મારું હૃદય કન્વિન્સ્ડ છે કે આપણા ગોસ્વામીઓ ભૂલી જશે કે આપણે ધર્મગુરુ હતા, આપણે પૂજારી થઈ જઈશું. વૈષ્ણવો ભૂલી જશે કે આપણા શ્રીવલ્લભાચાર્યનાં સન્તાનો ધર્મગુરુ તરીકે હતા; કોઈ મન્દિરના પૂજારી તરીકે નથી. આ કારણે જો આવી અધોગતિ આપણી થવાની હોય તો થાય, બધા મરશે તો હું એ મરીશ, બધા મરશે, ને હું બચી જઈશ એવું નથી અને હું એકલો બચી જવા માંગતોય નથી, આ સ્થિતિમાં બધા જ જો મરતા હોય તો. સામૂહિક આત્મઘાત કરવો? મુદ્દો એ છે કે આત્મઘાત કર્યા સિવાય પણ જો આપણે જીવી શકતા હોઈએ તો શા માટે ન જીવવું ? ધર્માચાર્ય તરીકે જીવવામાં અપરાધ શો છે ? આપણે ત્યાં ગૃહસેવા હતી, તનુવિત્તજા સેવા હતી, ભાવસંગોપનનો સિદ્ધાન્ત હતો,

અપરિવારજનોને દર્શન કરાવવા માટે કંઈ સેવા હતી નહિ અને એ બાબતનાં વચનો તો બધાં સ્પષ્ટ જ છે. તેમ છતાં એ અંગે જેણે શાસ્ત્રાર્થ કરવો હોય તે કરી જુએ, જે કરશે એના છબરડા-ધબડકાજ થશે. (બીજાઓની દૃષ્ટિમાં) બધા જ પ્રશ્નો પર કદાચ હું શતપ્રતિશત ખોટો હોઉં તો પણ વાતો કહેવાની શરૂઆત મેં કરી નથી. છેલ્લી ૩-૪ પેઢીથી બધાજ બાળકો આ વાત કહેતા આવ્યા છે અને એ બધીજ વાતો મેં અમૃતવચનાવલીમાં ટાંકી છે અને અત્યાર સુધીમાં જે જે પણ કેસો નડિયાદ, સુરત, મુંબઈ, તિલકાયતજીના કેસો લડાયા છે તે પણ આજ ગ્રાઉન્ડ પર લડાયા છે કે આ મારું જાહેર મન્દિર નથી પણ આ મારું ઘર છે, અમે પબ્લિક પાસેથી સેવા માટે પૈસા લેતા નથી, પબ્લિક અમને ભેટ આપે છે. આ કહીને પણ આપણે કોર્ટમાં હારી ગયા. કોર્ટમાં એટલા માટે હારી ગયા કારણ કે કોર્ટમાં આપણે સિદ્ધાન્તો રજૂ કર્યા નથી. નાથદ્વારા જેવી પ્રધાનપીઠમાં આપ લીસ્ટ જુઓ કે જે સિદ્ધાન્ત નિરૂપક વચનો છે તેમાંનું એક વચન પણ કોર્ટમાં મૂકવામાં નથી આવ્યું. હવે બધા એમ કહે છે કે કોર્ટની સામે આપણું શું ચાલે ! અરે કોર્ટની સામે તો ન ચાલે પણ જૂનાગઢ કેસમાં એટલે જ અમે ઈન્ટરવેન્શન કર્યું કે તમારે જૂનાગઢ હવેલી માટે જે કંઈ ચુકાદો આપવો હોય તે આપો પણ સમ્પ્રદાયના સિદ્ધાન્તો સ્પષ્ટ કરો. પણ ત્યાં શું થયું કે ત્યાં પેલા જે જૂનાગઢવાળા હતા એમણે કોર્ટ પાસે એટલી બધી હાય પૈસા ! કરી કે જેથી કોર્ટ પાસે બીજું ચિત્ર જ ઉપસ્થિત ન થયું કે આ કેસમાં સિદ્ધાન્તનો પણ કોઈ જુદો ઈસ્યુ છે. સદર કેસનું તેમજ અમે પણ કોર્ટમાં ઈન્ટરવીનર તરીકે ઊભા થયા એનું પણ કોર્ટે એવું જ અર્થઘટન કર્યું કે આ બધામાં કંઈક પૈસાનું જ લફરું લાગે છે અને તેથી કોર્ટે એમ કહ્યું કે વારુ ત્યારે ચરણભેટ જે છે તે તમારી પ્રાઈવેટ; બાકીની બધીજ ભેટો જે છે તે ઠાકોરજીને થયેલી તે પબ્લિક. આને કારણે શું થઈ ગયું કે જે બાળકો મને સપોર્ટ કરતા હતા તે મને કહેવા લાગ્યા કે ચરણભેટ તો હવે પ્રાઈવેટ થઈ ગઈ, હવે શો ઝઘડો ? તેથી હવે આગળ બન્ધ કરો નહિ તો બીજામાં કંઈક ફસાઈ જઈશું. પણ મેં

કંઈ ચરણભેટ માટે ઝઘડો નહોતો કર્યો એ વેરીફ્રેન્ક, હું એ વાત માટે દુઃખી છું કે મે ઈન્ટરવેન્શન કર્યું શા માટે ! કારણ કે ઈન્ટરવેન્શન કર્યું ન હોત ને ચરણભેટ કદાચ પબ્લિક ઠરી હોત તો બધાંજ બાળકો મારી સાથે જ હોતે, આજે બધા વિરોધી થઈ ગયા- દુશ્મન થઈ ગયા, વાંધો નહિ, આ તો બાળલીલા છે, પણ હું તો એમ સમજું છું અને મે સિદ્ધ કરીને દેખાડચું છે કે મારા કિસનગઢના કેસમાં બધાજ  સિદ્ધાન્તો કોર્ટમાં રજૂ કર્યા અને પૂર્વના સુપ્રિમ કોર્ટના ત્રણ-ત્રણ ડિસીસનો અગેઈન્સ્ટ છે ને કોર્ટ કાયદાકીય આધારે યા અસલના સિદ્ધાન્તોના આધારે, ડોક્યુમેન્ટના આધારે અને લો એટલે ત્રણે આધારે અમારા મન્દિરને શત-પ્રતિશત પ્રાઈવેટ ઘોષિત કર્યું છે. એટલે એ મુદ્દો ખોટો છે કે કાયદો આપણી આડે આવે છે. કાયદો આડે નથી આવતો પણ આપણે આપણા સિદ્ધાન્તો રજૂ નથી કર્યા, નહિતર હું કેવી રીતે જીત્યો ? જો સુપ્રિમકોર્ટના ત્રણ ડિસીસનો વિરુદ્ધ હોય તો ઈમ્પોસિબલ કે હાઈકોર્ટ કોઈ જુદું જજમેન્ટ આપે. આજની તારીખમાં મેં એ વિજયનો ઉત્સવ નથી મનાવ્યો કારણ કે તેથી હું હૃદયથી ખુશ નથી. હું જીતી ગયો એનું એ દુષ્પરિણામ આવ્યું કે હું સુપ્રિમ કોર્ટમાં નહિ જઈ શકું, મારા પગ કપાઈ ગયા, મારે તો હાઈકોર્ટમાં હારીને પણ સુપ્રિમકોર્ટથી ડિસીસન લેવું હતું. પણ મારી કફોડી સ્થિતિ એવી છે કે જો હું સિદ્ધાન્તો કોર્ટમાં રજૂ નહિ કરતે તો આગળ સુપ્રિમ કોર્ટ સાંભળતે નહિ અને રજૂ કર્યા તો હું જીતી ગયો છું. કિસનગઢમાં ચેરીટી કમિશ્નર અમને એમ કહેતા હતા કે તમારું આ મન્દિર પબ્લિક છે. મે ચેરીટી કમિશ્નર આગળ સિદ્ધાન્તો રજૂ કર્યા કે અમારા આ સિદ્ધાન્તોના અનુસાર શું અમારું મન્દિર પબ્લિક થઈ શકે છે ? એમણે સિદ્ધાન્તમાં કંઈ ઈન્ટરેસ્ટ  લીધો નહિ. આસિસ્ટન્ટ ચે. કમિશ્નરે કહ્યું કે સિદ્ધાન્તને વિચારવાની જરૂર નથી, મોકાની જાંચ કરવા એક દિવસ હું મન્દિરમાં આવ્યો ત્યારે ૫-૧૦ વૈષ્ણવોને મન્દિરમાં દર્શન કરતાં જોયા અને મને કન્વિન્સિંગ લાગે છે કે આવનાર લોકો એમના ***ધાર્મિક અધિકારની*** રૂએ દર્શન કરવા આવે છે. અમે ત્યાં હારી ગયા. શ્રીવલ્લભાચાર્યપંચશતી

આવી તે વખતે કિસનગઢમાં મેં સાત દિવસ પ્રવચન કર્યાં કે સમ્પ્રદાયના સેવા સમ્બન્ધી સિદ્ધાન્તો શું છે. રોજ પ્રવચન પછી પ્રશ્નોત્તરી થતી હતી. આવનાર શ્રોતાવર્ગમાં ઘણા જજો અને વકીલો પણ આવતા હતા જેમાં કેટલાક મારા પક્ષના અને કેટલાક વિપક્ષના પણ હતા. બધી જ જાતના એમણે સવાલ કર્યા અને ખૂબજ સન્તોષકારક મેં ઉત્તરો આપ્યા. અન્તે જ્યારે બધાએ પોતાનો સન્તોષ વ્યક્ત કર્યો કે હવે અમારે કંઈ પૂછવાનું રહેતું નથી. અને અમે ઉત્તરથી સંતુષ્ટ છીએ. ત્યારે મેં વિસ્ફોટ કર્યો કે ***‘તો કાલથી મન્દિરમાં બધાંને માટે દર્શન બન્ધ’*** જો દર્શન કરાવવા માત્રથી જ ચેરીટીકમિશ્નર એમ કહે કે આ મન્દિર પબ્લિક છે તો લો દર્શન બન્ધ કર્યાં. તેને કારણે ઘણો બધો વિરોધ પણ થયો. ત્યારબાદ એક વાર ફરીથી સભા ભરી અને તેમાં હું દસહજારની નોટો લઈને ગયો અને સિદ્ધાન્તના પુસ્તકો લઈને ગયો. મેં કહ્યું આ બન્ને મારી પાસે છે, મેં સિદ્ધાન્ત સમજાવ્યા છતાં પણ કંઈક ન સમજાયું હોય તો પૂછો, છતાંએ તમને લાગતું હોય કે મેં ખોટું કર્યું છે તો સ્ટેમ્પ પેપર પર મારી સહી લઈ લો કે હું ખોટું કરી રહ્યો છું, તમે કોર્ટમાં જાઓ અને મને કાઢી દો, જો તમે એમ કહેશો કે મન્દિર અમારે ચલાવવું જ છે તો હું એક મહાદેવજીનું મન્દિર ચલાવવા તૈયાર છું પણ પુષ્ટિમાર્ગનું મન્દિર ચલાવવા તૈયાર નથી. પછી પબ્લિકમાંથી તો કોઈ વિરુદ્ધમાં આગળ આવ્યું નહિ પણ અમારો કેસ આસીસ્ટન્ટથી ઉપર ચેરીટીકમિશ્નર પાસે ગયો. ચેરીટી કમિશ્નરે મને બોલાવી કહ્યું કે તમારે શો ઝઘડો છે તે સિદ્ધાન્તનો તમે ખુલાસો કરો. મેં કહ્યું અમારે ત્યાં ગૃહસેવાજ હોય છે અને જાહેર સેવા હોતી નથી  તેથી તમે સિદ્ધાન્ત ડિસાઈડ કરો, જો હું ખોટો હોઉં તો.એમણે કહ્યું તમને હું સોલ ટ્રસ્ટી બનાવું પછી કંઈ વાંધો છે ? મેં કહ્યું ટ્રસ્ટી તો હું ત્યારે બનું કે જ્યારે એમ મંજૂર કરું કે આ મન્દિર છે; હું તો કહી રહ્યો છું કે આ મારું ઘર છે તેથી સ્લોટર હાઉસના મેનેજરની કોઈ પોસ્ટ આપતા હો તો લેવા તૈયાર  છું પણ મારા ઘરમાં ટ્રસ્ટીની પોસ્ટ લેવા હું તૈયાર નથી. ત્યારે ચેરિટી કમિશ્નરે કહ્યું કે તો પછી એ જાણાવો કે પુષ્ટિમાર્ગનાં મન્દિરો

કેટલાં ? મને ખબર નહોતી કે એ મને કેવી રીતે ટ્રેપ કરવા માંગે છે તેથી મેં મન્દિરો ગણાવવા શરૂ કર્યા ગણાવતાં - ગણાવતાં પછી ધીમેથી એણે જેમ નાથદ્વારા ગણાવ્યું. આ ગણાવ્યું, તે ગણાવ્યું અને હળવે રહીને મને પૂછ્યું કામવનનું મદનમોહનજીનું મન્દિર ? તો મેં કહ્યું હા, એ પુષ્ટિમાર્ગનું છે. તો એમણે એપ્લિકેશન કાઢીને બતાવી કે જેમાં અમને ટ્રસ્ટમાં નોંધો એવી અરજી હતી, (હસીને) આપણે તો ફસાઈજ ગયા, આપણે દાવો કરીએ છીએ કે સિદ્ધાન્તથી ટ્રસ્ટ થતું નથી અને અમારે ત્યાં મન્દિર નહિ પણ ગૃહસેવા છે ને જેને મેં કબૂલ કર્યું કે કામવનવાળા અમારા મુખ્ય પીઠાધીશો પૈકીમાંના એક છે ને એમની જ ટ્રસ્ટ માટેની એપ્લિકેશન એમણે કાઢી દેખાડી. ત્યારે મારે કહેવું પડ્યું કે એમણે સુસાઈડ કરવો હોય તો એમનો અધિકાર છે, એમને સુસાઈડ કરવો છે માટે મારે ફાંસીએ ચઢવું એવો ન્યાય શું હોઈ શકે છે ? આથી અલગ બીજું શું હું કહેતે ?

**પ્રશ્ન -** (વાતના વચમાં જ પ્રશ્ન કરીને) એક પ્રશ્ન એવો આમાં થાય છે કે 'ગૃહસેવામાં' 'ગૃહવત્સેવા' એવો અર્થ ન લઈ શકાય ?

**ઉત્તર-** પછીથી આનો ઉત્તર આપું છું પણ આપે પૂછ્યું ને કે શા માટે આપ ફૂટ પાડો છો ? તેથી એની હિસ્ટ્રી બતાવી રહ્યો છું કે - તો ચેરીટી કમિશ્નરે કહ્યું કે તો પછી ગોસ્વામીજી હું આપને કોઈ જાતની કંઈ હેલ્પ કરી શકતો નથી. મેં કહ્યું આપ રોંગ ઈમ્પ્રેશનમાં છો કે આપનાથી કોઈ હેલ્પ માંગી છે, જો આપને મારી વાત કન્વિન્સિંગ ન લાગતી હોય તો એ મુદ્દા પર મારા કેસને કાઢી નાંખો. આ પહેલાં એમની સાથે સિદ્ધાન્ત બાબતની મારી લાંબી ડિસ્કશન થઈ ચુકી હતી તેથી એમણે બીજું સ્ટેન્ડ લીધું કે સિદ્ધાન્તનો પ્રશ્ન અહીં ગૌણ છે, આ મન્દિર મુખ્યરૂપે જેણે બનાવ્યું તે અમારા કિસનગઢ રાજ્યના પ્રાઈમમિનિસ્ટર હતા અને એ 'નાજરજી' નામે ઓળખાતા હતા. (કિસનગઢ મહારાજાના પ્રાઈમમિનિસ્ટર એ

ઈન્સિડેન્ટલી નાજર હતા.) નાજર એટલે રનવાસમાં પહેરો ભરનાર નાન્યેતર - કાપુરુષો (હિજડા લોકો) અને એ ત્યાંથી પ્રમોટ થઈને પ્રાઈમ મિનિસ્ટરની પોસ્ટ પર આવ્યા હતા તેથી તેઓ 'નાજરજી' નામે પ્રસિદ્ધ હતા. ઉર્દૂ ભાષામાં નાજરનો અર્થ 'ક્લર્ક' પણ થાય છે. ચેરીટી કમિશ્નરે કહ્યું કે એક સાધારણ ક્લર્ક મન્દિર કેવી રીતે બન્ધાવી શકે ? એટલે આ સરકારી મન્દિર હતું અને સરકારી મન્દિરમાં તમે પૂજારી છો; તેથી તમે પૂજારીપણાનો એપોઈન્ટલેટર રીન્યુ કરાવો કારણ કે ઘણાં વર્ષો થઈ ગયાં પણ રીન્યુ નથી થયું. અથવા તમે રીન્યુ નહિ કરાવશો તો તમારે ઠેકાણે બીજાને એપોઈન્ટ કરીશું એવું ભયંકર જજમેન્ટ એમણે આપ્યું. એટલે સિદ્ધાન્તનો આખો મારો જે આર્ગ્યુમેન્ટ હતો એ સાઈડટ્રેક થઈ ગયો. આખો સિદ્ધાન્ત ઈસ્યૂ જ પતી ગયો અને ડોક્યુમેન્ટરી ઈસ્યૂ થઈ ગયો. ત્યાર બાદ રાજસ્થાન ગવર્નરનો એક ઓર્ડિનેન્સ બહાર પડ્યો કે બધાં મન્દિરોની એક નવીજ કેટેગરી નક્કી કરો. ચેરીટી કમિશ્નરના જે ઓબ્ઝર્વેશન હતા એ બધા આઉટ ઓફ ધ લો હતા, ચેરીટી કમિશ્નરને એ રાઈટ નથી ટેકનિકલી, લીગલી કે પબ્લિક ટ્રસ્ટ એક્ટમાં જે પ્રોવિઝન ન હોય તેવા પ્રોવિઝનમાં અમને પબ્લિક જાહેર કરી શકે. એણે એવા પ્રોવિઝનમાં અમને પબ્લિક જાહેર કર્યા અને એવા જ બીજા કેસો પણ પેન્ડિંગ હતા. કામવનવાળાનું વ્રજવિહારીજી કે વ્રજનિધિજી એવા નામનું કોઈક મન્દિર છે એનો કેસ, અલવરના રાજાના ઘણાં બધાં મન્દિરોના કેસો, એ પણ પેન્ડિંગ હતા તેથી બધાને એકી સાથે ક્લબ કરીને એક નવીજ કેટેગરી ઊભી કરી 'સરકારી મન્દિર સુપુર્દગી' શ્રેણીમાં એટલે મૂળમન્દિર સરકારના અને સેવા પૂજા માટે પૂજારીઓને સુપુર્દ કરવામાં આવ્યા હોય અને આવાં મન્દિરોને માટે પબ્લિક ટ્રસ્ટ એક્ટમાં કોઈ પ્રોવિઝન છે નહિ એટલે એમણે ઓર્ડિનેન્સ કાઢવો પડ્યો. એ ઓર્ડિનેન્સ અમારા ઉપર પણ લાગુ કરી દીધો કે સુપુર્દગી શ્રેણીમાં તમે આવો છો. અમે રાજસ્થાન હાઈકોર્ટમાં જઈને સ્ટે ઓર્ડર લીધો કે અમે અપીલમાં છીએ અને આ ઓર્ડિનેન્સ આવ્યો છે તેથી તેને માટે પણ અમને સ્ટે ઓર્ડર

આપો અને અમને સ્ટે ઓર્ડર મળ્યો. અમારો કેસ રાજસ્થાન હાઈકોર્ટમાં પેન્ડિંગ હતો મિનવ્હાઈસ જૂનાગઢનો કેસ સુપ્રિમકોર્ટમાં ગયો. ત્યારે જ મને થયું હતું કે આમાં જે સિદ્ધાન્ત બાબત છબરડા થશે તેની અસર અમારા કેસ પર પણ આવશેજ - સુપ્રિમકોર્ટ બાઈન્ડિંગ થવાથી. એટલે હું પહેલાં તિલકાયત મહારાજને મળ્યો અને કહ્યું કે સિચ્યુએશન એવી છે કે આપના કેસમાં સિદ્ધાન્તો રજૂ થયા નહિ એનો માર બધાને પડવા જઈ રહ્યો છે. આવી સ્થિતિમાં એકવાર આપણે બધા ગોસ્વામી ભેગા મળીને આપણો સિદ્ધાન્ત શો છે તે તો સ્પષ્ટ કહી દઈએ. તિલકાયત મહારાજે અમને કહ્યું કે સરકારે અમને જે આપ્યું છે તેનાથી અમે સન્તુષ્ટ છીએ અને આપ લોકો સફળ થાઓ એવી મારી શુભકામના. એટલે મને એમ લાગ્યું કે તિલકાયતજી - ફુફાજીએ મને ગ્રીન સિગ્નલ આપી દીધું છે અને મેં બધા સિદ્ધાન્તો છાપવા શરૂ કર્યા. છાપવાના શરૂ કર્યા તે દરમિયાન જૂનાગઢ કેસનું જજમેન્ટ આવ્યું એટલે તે વખતે મેં એક સર્ક્યુલર બહાર પાડ્યો કે સિર કપાવવા છે કે હાથ ? નક્કી કરો. આજની તારીખે અને એ બધા જ છાપાઓમાં મેં છપાવ્યો. ફરીથી અમે મિટિંગ માટે તિલકાયતજી મહારાજ પાસે ગયા તો એમણે ના પાડી દીધી કે ના અમે આવી મિટિંગમાં ઈન્ટ્રેસ્ટેડ નથી. હવે શું કરવું ? તો પછી તિલકાયતજી પદેન વૃદ્ધ છે તો વયસા વૃદ્ધ સુરતવાળા મહારાજશ્રી છે તેથી તેમને વિનન્તી કરી કે આના આપ અધ્યક્ષ બનો અને આપની અધ્યક્ષતામાં આપણો સિદ્ધાન્ત શો છે તે ડિસાઈડ થાય. આ મિટિંગ જે થવાની હતી તે ટોટલી ક્લોઝ ડોર થવાની હતી,આમાં ફક્ત ગોસ્વામીઓજ ભાગ લેવાના હતા. પણ કલ્યાણરાયજીએ એમાં શું લફરું કર્યું એ મને એક્ચ્યુઅલી સમજમાં ન આવ્યું કે ઈન્સાઈડ સ્ટોરી શું છે ? પણ આઉટ સાઈડ સ્ટોરી મારી પાસે આવી તે એટલીજ હતી કે કલ્યાણરાયજી એક દિવસ મારી પાસે આવ્યા ને બધા જ સિદ્ધાન્તો એમની આગળ મેં વાંચી સંભળાવ્યા કે આ હું રજૂ કરવા જઈ રહ્યો છું આમાં કંઈ ત્રુટી હોય તો તે આપ બતાવો. એમણે વાંચીને કહ્યું કે આ બધા જ સિદ્ધાન્તો

શતપ્રતિશત સાચા છે. સાચા છે એમ એમણે કયા અર્થમાં કહ્યું એ મને ખબર નહિ તેથી મેં કહ્યું કે જો બધા સાચા છે તો આપ સહી કરો. એટલે પછી તરત એ ચાલ્યા ગયા અને પછી મિટિંગમાં મહારાજશ્રીને પણ નહિ પધારવા દીધા અને મિટિંગમાં બાલુરાજા પધાર્યા. એઓ મારાથી વયસા જ્યેષ્ઠ છે પણ એવા જ્યેષ્ઠ તો નહિ જ કે જે પીઢીથી જ્યેષ્ઠ હોય. એટલે પછી વિચાર્યું કે પોરબન્દરવાળા ગોવિન્દરાયજી ફુફાજી પધાર્યા છે એમને ચેયરમેન બનાવીએ. કંઈક પદેન વૃદ્ધ હોય તો કંઈક આપણું કરેલું વ્યવસ્થિત કહેવાય. તે વખતે સિદ્ધાન્તનો ડોક્યુમેન્ટ - જાહેરનિવેદન આપણે એક સંયુક્ત ઘોષણાપત્રના રૂપે પ્રસ્તુત કર્યો કે જેથી કોર્ટમાં પણ ક્યારેક કામ આવે કે અમારો સિદ્ધાન્ત આ છે, જેની જે હોય તે જાણે. એ હેતુથી ડિકલેરેશન કરવું અને તે માટેની આપણી આ મિટિંગ હતી, તેમાં બધાની સિગ્નેચર થઈ, મેં બધું વાંચી સંભળાવ્યું, સાંભળ્યા પછી ચેરમેન તરીકે ગોવિન્દરાયજીએ સહી કરી. બીજા બધાએ સહી કરી અને તેમાં બાલુરાજાએ પણ સહી કરી. બીજે દિવસે એમણે આવીને મને એમ કહ્યું કે સિદ્ધાન્તો તો બધા અમને માન્ય છે પણ ધન્ધો બીજો ચાલે નહિ અને ઓચિંતા આપ કહો કે આ ભેટ લેવી આપ બન્ધ કરો તો પછી બધા ક્યાં જાય ? આ તો બહુ પંચાત થઈ ગઈ ! હવે શું કરવું ? મેં કહ્યું કે જુઓ એ મારો વિષય નથી કે ધન્ધો આપણો શો છે, પણ જો આપણો સિદ્ધાન્ત આપણે ડિકલેર નહિ કરીશું તો આપણે બધા જ મરીશું. આજ નહિ તો કાલની તારીખમાં. જો આ મન્દિર હશે તો સરકાર તે વખતે જ મૂવમેન્ટ્સ ચલાવી રહી હતી કે હરિજનોને પણ પૂજારી બનાવો .એક બાજુથી આને આપણે જાહેર મન્દિર તરીકે ટ્રસ્ટ કરાવીએ, પછી તો આપણે કહીજ નહિ શકીએ કે હરિજનોને આમાં પૂજારી નહિ બનાવો. આપણે ભલે ફાંકો મારીએ કે અમે વલ્લભવંશજ પુરુષોત્તમ છીએ પણ કોર્ટ તો આપણને ન તો પુરુષોત્તમ જ માની રહી છે કે ન તો આપણને ધર્માચાર્ય જ માને છે. આઉટ એન આઉટ બધે જ ઠેકાણે પૂજારી માની રહી છે. આવી સ્થિતિમાં આપણા ઠાકોરજી પણ જાય, ઘર

પણ જાય, આપણું જે સમ્પ્રદાયમાં સ્ટેટસ હતું તે પણ ગયું, આપણો સમ્પ્રદાયમાં જે રોલ હતો તે પણ ગયો, તેવા આત્મઘાતથી આપણને શો ફાયદો ? તે મને ત્યારેએ નહોતું સમજાયેલું અને આજેએ હું સમજી શકતો નથી. શા માટે એવો આત્મઘાત આપણે કરવો જોઈએ, જો આપણે સિદ્ધાન્ત કહી શકતા હોઈએ. કોન્સ્ટિટ્યુશને આપણને એ અધિકાર આપ્યો છે કે કોઈ પણ ધર્મની કોઈ પણ તમારી ધાર્મિક માન્યતા ખરેખર હોય તો એને ઓવરરુલ કરીને કોઈ પણ પબ્લિક ટ્રસ્ટ રુલ બનાવવામાં નહિ આવે, તેથી આપણે ફન્ડામેન્ટલ રાઈટનો લાભ લેવો જોઈએ કે પછી ક્ષુદ્ર રીતે પૈસા માટે કે મનોરથના લડુ-મઠરીના લોભમાં એ ફન્ડામેન્ટલ રાઈટ જતો કરવો ? તે વખતે મને ખબર ન પડી કે આમાં ઈન્સાઈડ સ્ટોરી શું છે, પછીથી જાણવા મળ્યું કે આમાં ઈન્સાઈડ સ્ટોરી પીઠ વાદનો ઝઘડો છે. આ તો ઘણું ખોટું થયું, આવા ક્ષુદ્ર ઝઘડાને કારણે આખા સમ્પ્રદાયને ફસાવવામાં આવે તો તે ઘણું ખોટું છે. મેં પછી એના અપોઝિશનમાં 'પુષ્ટિમાર્ગીય પીઠાધીશ સ્વરૂપ ઔર કર્તવ્ય' લખ્યું. એક ફેક્ટ આપને બતાવું બાલકૃષ્ણલાલના સેવ્યનિધિત્વમાં મારી જે પણ માન્યતા હોય તેમ છતાં પણ શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીના સેવ્યનિધિમાં હું કોઈ દુર્ભાવ કરી શકું નહિ, બલ્કે શ્રીહરિરાયજીના જણાવ્યા અનુસાર આધુનિક ગોસ્વામી બાળકોના પુષ્ટ કરેલા પણ સાક્ષાત્ પુરુષોત્તમ છે અને હું પણ એ મતનો જ છું તેથી તો પછી શ્રીબાલકૃષ્ણલાલ માટે હું કેમ બોલી શકું ? મેં ગાળો નથી આપી પણ જરૂર મેં એ વાતને પોઈન્ટ આઉટ કરી કે ઠાકોરજીને આપણે ઉપર-નીચે કરીશું તો એમાં બધાનો સર્વનાશ થશે. પીઠ આચાર્યગૃહના આધારે હોવી જોઈએ; ઠાકોરજીના આધારે ન હોવી જાઈએ. નહિ તો આપણે પૂજારી કહેવાઈશું અને પૂજારી થઈશું તો કાલે સરકાર કોઈને પણ પૂજારી તરીકે એપોઈન્ટ કરશે તો આપાણી પાસે એક્સક્યુઝ શું રહેશે કે એને નહિ રાખો ને અમને રાખો. એટલે વંશવાદને છોડો નહિ કે પૂજારીવાદને પકડો નહિ, હજુ સુધી મારી એ પુસ્તિકાનો મને જવાબ સામા તરફથી અપાયો નથી.

ત્યારબાદ કેટલાક લાકોએ એકને બોલાવીને પૈસા આપીને મારા વિરુદ્ધ લેખ લખાવ્યો અને તે છાપામાં છપાવાનો હતો. મને એની ખબર નહોતી, પણ લખનારના બાપને ખબર પડી એટલે એણે માફી માંગવા મારી પાસે પોતાના દીકરાને મોકલ્યો કે આ છોકરો તો બેવકુફ છે અને આપનાજ ગોસ્વામી વર્તુળના બન્ને જાણે ચઢાવીને લેખ લખાવ્યો છે પણ અમારા માટે તો આપ બધા જ સરખા છો એટલે આ તકરારમાં પડવા માંગતા નથી. પછી એ લેખ તો પ્રકટ થયો નહિ. એના પહેલાં વલ્લભરાયજીએ ભોગીભાઈને ફોન કર્યો કે શ્યામમનોહરજીને કહેજો કે કોઈ લખેલો લેખ એમને મળે તો તે અમારો લખેલો છે એમ તેઓ ન માને, ત્યાં સુધી તો મને લેખ મળ્યો જ નહોતો તેથી મેં કહ્યું કે મને કોઈ લેખ મળ્યો નથી અને ત્યાં સુધી વલ્લભરાયજી સાથે મારા બહુજ સારા સમ્બન્ધ હતા, કલ્યાણરાયજી સાથે અવાર-નવાર વાદવિવાદ થતા તો જેમ ઠાકોરજીથી ઘર નથી હોતું પણ ઘરના ઠાકોરજી હોય છે. વગેરે. તે પછી શું થયું કે કહેવડાવ્યું એટલે મને કોરીલેટ થયું કે આ બધું શું ભીતરખાનેથી ચાલી રહ્યું છે. એટલે મેં એક દિવસે સુરતના મન્દિરના કાગળિયાઓ ડિસ્ટ્રીબ્યૂટ કરાવ્યા, ચાલો તમે જે કહો છો - જે ગાળો આપો છો તે બધું હું કબૂલું છું પણ સિદ્ધાન્તો તો સ્પષ્ટ કરો. હવે સિદ્ધાન્ત સ્પષ્ટ કરવા નથી અને ઉપરાન્ત પેલા અમારા વ્રજાધીશજીને બલીનો બકરો બનાવી નાસીકમાં ઊભા કર્યા. યદ્વા-તદ્વા જે વલ્લભરાયજી તેમનાથી વિધાન કરાવે અને પછી વલ્લભરાયજી જ તેની પ્રશંસા કરે કે બહુ સુંદર માર્ગદર્શન આપ્યું. જે એમાણે પહેલાં જ સિદ્ધાન્તો કબૂલ કરી નાખ્યા છે એની વિરુદ્ધમાં એ બફાટ કરી રહ્યા છે. એમાણે તો બફાટ કર્યો પણ તમે તો ભાણેલા છો - વિદ્વાન છો, તમે 'પુષ્ટિના શીતળ છાંયડે'માં જે સિદ્ધાન્તો લખ્યા છે તેનું તો એ ખંડન કરી રહ્યા છે અને તેને માટે કહો છો કે તેમાણે સિદ્ધાન્તની બધી શંકાઓનું નિવારણ કરી દીધું? તેથી પછી ચર્ચાસભા ગોઠવવાનું વિચાર્યું. ત્યારે બધા યુવાન ગોસ્વામી બાળકોએ મને કહ્યું કે આ સભા આપ ગોઠવો નહિ કેમકે આપ ગોઠવશો

તો આપ જ ગોઠવી રહ્યા છો ને આપ બધું કરી રહ્યા છો તો અમને કેવી રીતે ખબર પડે કે સાચું શું છે ? મેં કહ્યું તો હું ખસી જાઉં છું તમે ગોઠવો. તમે ગોઠવી શકતા હો તો તમારા નિયમ પ્રમાણે ભાગ લેવા હું તૈયાર છું. એ લોકોએ નિયમો ઘડયા, જો ક્યારેક કોઈ અડચણ આવતી તો બધા મળીને મારી પાસે આવતા હતા અને એ લોકોને જ્યાં-જ્યાં અડચણ આવતી ત્યાં મને પૂછતા ત્યાં હું એમનું બધું કબૂલ કરી લેતો હતો. એ લોકોએ કહ્યું ચર્ચા વખતે વાર્તાઓને ઉદ્ધૃત કરવામાં ન આવે તો મેં કહ્યું ઓલરાઈટ - એમજ થશે. વાર્તાઓ ઉદ્ધૃત નહિ કરું પણ સિદ્ધાન્ત વચનો ઉદ્ધૃત કરીશ, કેટલાક લોકોએ કહ્યું અમે શ્યામમનોહરજીને અનુવાદ શા માટે આપીએ ? કોણ છે શ્યામમનોહરજી ? મેં કહ્યું તમે મને નહિ આપો,હું મારો અનુવાદ રજૂ કરું છું એમાં તમે ત્રુટી બતાવો, એ તો તમે બતાવી શકો છો ને ? એટલે મેં ભાવાનુવાદ આપ્યો ને તેમાં મેં નોટીસ આપી કે જો આ ભાવાનુવાદમાં ત્રુટી ન બતાવી શકો તો મોંમાં રબરની ટોટી મૂકીશ કે તમે બોલી નથી શકતા, યા તો પછી તમે ખુલીને સામે આવો. જે વખતે પહેલી મિટિંગમાં બન્ધ બારણે ચર્ચા થઈ તેમાં સહી થઈ ગયા પછી બીજે દિવસે આવી સહી વીથડ્રો કરાવી ગયા, હવે કોઈ પણ સ્ટેટમેન્ટ પર ચેરમેન સહી વીથડ્રો કરાવી જાય તો તે સ્ટેટમેન્ટની વેલીડીટી કેટલી ? બીજે દિવસે બાલુરાજાએ પાછો મને લેટર લખ્યો છે કે સ્ટેટમેન્ટના બધા મુદ્દાઓ સાથે અમે સહમત છીએ (હસીને) આ બાળલીલાનો અન્ત કેવી રીતે લાવવો ? મેં એ લેટર છાપ્યો કે ‘અમે બધા મુદ્દાઓ સાથે સહમત છીએ’ તો આપ સહમત છો - સાઈન વીથડ્રો કરી રહ્યા છો તેમાં નિરન્તર વિરુદ્ધધર્માશ્રયતા પ્રકટ કરી રહ્યા છો પણ આ વિરુદ્ધધર્માશ્રયતા કોર્ટને કેવી રીતે સમજાવવી ? એટલે પછી મને એક વાત ફાઈનલ થઈ ગઈ કે બાળકોથી સિદ્ધાન્ત નિવેદન આપવાની આપણી અપેક્ષા તો બેકાર છે, મેં વિચાર્યુ તો હવે વૈષ્ણવોનો કોન્ટેક્ટ કરો. જ્યારે બાળકો આ પ્રશ્ન પર એક નથી થઈ શકતા તો પછી મેં શપથપત્ર નો ઈસ્યૂ પ્રકટ કર્યો કે ચલો શપથ લો કે તમે આ ભવાડામાં શામિલ નહિ થાઓ. ત્યારે બધાના

ઈન્દ્રાસન ડાવાંડોળ થયા. હવે જો હું તોડવા માંગતો હોંઉં તો શા માટે આટલી ચાપલૂસી કરું ? મારા કિસનગઢના કેસમાં કોઈ પણ ગોસ્વામીના સપોર્ટ વિના કેસ મેં જીતીને બતાવ્યો છે કે નથી બતાવ્યો ? અને આજની તારીખમાં આટલી વિષાક્ત વાણી બોલી રહ્યો છું કોણ મારું શું બગાડી શક્યું છે ? પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભામાં તે દિવસે મને મૌખિક સૂચના આપવામાં આવી હતી કે તમને નાત બહાર મૂકવામાં આવશે અને ત્યારેજ મેં મેસેજ અપાવ્યો હતો કે જઈને મારા વતી વિનન્તી કરો કે મને નાત બહાર કાઢો અને જો હું અપીલ કરું કે મને નાતમાં લો તો ખરેખર હું દીક્ષિતજીનો પુત્ર નહિ. હું નાત બહાર નીકળીશ અને પાછો નાતમાં નહિ જાઉં અને પછી પણ સિદ્ધાન્ત કહીશ તો પછી શું કરશો ? વધારે ફસાઈ જશો, આજે તો નાતમાં છું અને વલ્લભકુળનો છું એમ માનીને જ બોલી રહ્યો છું એટલા માટે બોલી રહ્યો છું કે આપણે બધા જ વલ્લભકુળના છીએ, તો જો મારો તોડવાનો હેતુ હોતે તો શા માટે હું આવું કરતે ?

**પ્રશ્ન -૨** અત્યાર સુધીમાં આપે જે વાતો કહી તેમાં ગોસ્વામી બાળકોનાં મન્દિરો પ્રાઈવેટ થાય ને ટ્રસ્ટના ન થાય અને એમની માલિકીનાજ રહે, તો તેમાં આપને કેમ ઈન્ટ્રેસ્ટ છે ?

**ઉત્તર -૨** તેમાં મારો ઈન્ટ્રેસ્ટ એટલા માટે છે કારણ કે ગોસ્વામી બાળકો બધા પૂજારી ન થઈ જાય કેમકે બધા પૂજારી થશે તો મારે પણ પૂજારી થવું પડશે અને હું પૂજારી થવા માંગતો નથી. એટલે મારે ઈન્ટ્રેસ્ટ છે.

**પ્રશ્ન -૩** આપે અત્યાર સુધી જે આન્દોલન ચલાવ્યું કે અત્યારે જે રીતે ચાલી રહ્યું છે તેમાં આપને પોતાને સન્તોષ છે કે જેમ ચાલી રહ્યું છે તે બધું બરાબર ચાલી રહ્યું છે, બધું રાઈટ વે પર જઈ રહ્યું છે ?

**ઉત્તર -૩** એવું છે કે મેં જે જે પોઈન્ટો પર જે જે પણ આશાઓ રાખી કે બાળકો બધા ભેગા થશે તો ખરેખર આ પોઈન્ટોને સમજશે. હવે જે બાળકો એવા છે - આપણા બાળકો કેવા છે એની એક વાત બતાવી દઉં કે આ જે કાગળ મેં મોકલાવ્યા તે રજીસ્ટર્ડ પર કોઈ સહી કરે કે ન કરે તેથી યુ.પી.સી. (એટલે અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટ)થી મોકલ્યા હતા. જે બાળકોને મોકલ્યા હતા તે પૈકી એક બાળકને આ કાગળ મળ્યો અને એ બાળકે પૂછ્યું કે યુ.પી.સી. એટલે શું ? ત્યારે કોઈ પ.ભ. એ કહ્યું કે યુ.પી.સી. એટલે અન્ડર પોલીસ કસ્ટડી, એટલે એમણે વકીલને બોલાવ્યા કે બચાવો મને, આ શ્યામમનોહરજી ષડ્યંત્ર કરી રહ્યા છે. ત્યારે વકીલે સમજાવ્યું કે મહારાજ ! યુ.પી.સી એટલે અન્ડર પોલીસ કસ્ટડી નહિ પણ અંડર પોસ્ટલ સર્ટિફિકેટ એવો અર્થ થાય. આવા તો આપણા બાળકો છે, કોઈ રીતે સમજે નહિ, ગાળો ખાઈને સમજાવીએ તો પણ ન સમજે. આ બાળકોને એ વાત ક્યારે સમજમાં આવશે કે એમના પગ કપાઈ રહ્યા છે.

**પ્રશ્ન -** મારા પ્રશ્નનો આમાં ઉત્તર નથી આવ્યો કે આપને આન્દોલનથી સન્તોષ છે ?

**ઉત્તર -** એટલે મેં જે સન્તોષ માટે ૧-૨-૩-૪-૫-૬ સ્ટેપ ધાર્યા હતા તે બધા જ સ્ટેપમાં હું વિફલ ગયો છું. સહુથી પહેલાં મેં ધાર્યુ હતું કે તિલકાયત મહારાજની ચેરમેનશીપમાં કલોઝ ડોર મિટિંગ કરીએ ને કોઈને પણ ખૂંચે નહિ એવો એક સર્વમાન્ય નિર્ણય લઈએ. તેમાં જો તિલકાયત મહારાજ એમ કહે કે સરકારે જે અમને આપ્યું છે તેમાં અમને સેટિસ્ફેસ્કશન છે એટલે એ સેટિસ્ફાઈડ છે પૂજારીપણાથી તો હવે મારે શું કરવું ? એટલે મેં બીજા નંબરે પદથી નહિ તો વયસા જે સર્વથી વૃધ્ધ હોય તેમની ચેરમનશીપમાં નિર્ણય લેવો તેમ વિચાર્યું તેથી મેં સુરતવાળા શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીનો વિચાર કર્યો. જો હું તિલકાયત વિરોધી કે મહારાજશ્રીનો વિરોધી હોત તો હું મહારાજશ્રીને શા માટે બોલાવત ? કયા અર્થમાં મને કોની ગરજ છે ? એમની પોસ્ટ માટે મને રીગાર્ડ ન હોત તો તેઓ વયસા પદેન જયેષ્ઠ છે અને મારા તાતજી મહારાજ જેવા છે એ બાબતમાં મને આદર ન હોત તો શા માટે મેં એમને ચોઈસ આપી ? એટલે તેઓ ન પધાર્યા તો ગોવિંદરાયજીને માટે કેમ મેં ચોઈસ આપી? તેમજ સાઈન વીથડ્રો કરાવ્યા પછી પણ મેં બાળકોના અગેઈન્સ્ટમાં સ્ટેટમેન્ટ નહોતાં આપ્યાં. માઈન્ડઈટ - શપથપત્રમાં અમે કોઈ બાળક પર એલીગેશન નથી મૂક્યું કે તમે દેવદ્રવ્ય ખાધું છે, બલ્કે અમે કબૂલ કર્યું છે કે અમે દેવદ્રવ્ય ખાધું છે અને અમને સમજ પડી છે કે આનાથી અમારાથી પાપ થયું છે ખાવાથી, તો ચોરી હું કબૂલ કરું છું ને તમને કેમ પરસેવો છૂટે છે એનો ખુલાસો કરો, અને જો આટલું મનમાં લાગતું હતું તો આવવું જોઈતું હતું ને મિટિંગમાં ? કેમ આપ ન પધાર્યા ? મેં તો આરોપ કર્યો નથી પણ મેં ચોરી કરી છે કહીને આપ ફસાઈ ગયા ને ? ત્યારે જ તો આપ આટલા નારાજ થઈ ગયા છો. અમે તો કહ્યું કે અમે દેવદ્રવ્ય ખાધું છે ને પરસેવો આપને છૂટી ગયો ? ધેર મસ્ટ બી સમ વીક પોઈન્ટ, મને તો તે વખતે જ ખ્યાલ આવી ગયો હતો કે આ બધું પોકળ ચાલી રહ્યું છે. કોઈની પાસે કોઈ ગ્રાઉન્ડ નથી.

**પ્રશ્ન-** આ વાત આપ લોકોના બે વ્યક્તિના પરસ્પર મતભેદો......

**ઉત્તર-** આ વાત પરસ્પર બે વ્યક્તિના મતભેદ ઉપર નથી રહીને, આજે વાત હવે આવી પહોંચી છે એ એવા મુકામ ઉપર આવી છે કે આ આખું માળખું સડી ગયું છે અને સડેલા માળખામાં જેમ ચિડિયાઓ રહેતી હોય છે સમજ્યા વિના તેમ આપણે આ સડેલા માળખામાં રહી રહ્યા છીએ. આ માળખામાંથી આપણે નીકળવા માંગતા નથી પણ એ સમજતા નથી કે આ પડશે તો આપણું શું થશે ?

**પ્રશ્ન-** તો આ માળખાને આપ ચેન્જ કરવા માંગો છો ?

**ઉત્તર-** ડેફિનેટલી.

**પ્રશ્ન-** અને નવું માળખું આપ સેટ કરવા માંગો છો ?

**ઉત્તર-** એક વાત કહું, નવા માળખાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. આપણે બધાએ અથવા જે લોકો આજે મારો વિરોધ કરી રહ્યા છે એ લોકોએ પહેલાં કોર્ટમાં એવા સ્ટેટમેન્ટ આપ્યા છે કે નથી આપ્યા કે આ મારું ઘર છે ? હું એ માળખાને ઈન્ટ્રોડ્યુસ કરવા માંગું છું. એ લોકો (વિરોધ કરનારાઓ) નવું માળખું ઈન્ટ્રોડ્યુસ કરી રહ્યા છે. હું નવી વાત ઈન્ટ્રોડ્યુસ નથી કરતો.

**પ્રશ્ન-** નવાનો અર્થ છે આજે જે છે તેમાં આપ ચેન્જ કરવા માંગો છો, એટલે કે આજની જે ડિઝાઈન છે તે આપને અભીષ્ટ નથી; તેથી તેને તોડી જૂની જે અસલ ડિઝાઈન હતી તેને આપ સેટ કરવા માંગો છો, એમ કહેવું બરાબર છે ?

**ઉત્તર-** બરાબર છે. કોર્ટમાં હારી ગયા તેથી હિંમત શા માટે હારી જવી જોઈએ ! આ મુસલમાનો કાર્ટમાં શાહબાનો કેસમાં હિંમત નહિ હાર્યા તો એક્ઝિક્યુટીવ લેવલ પર આખા સુપ્રિમકોર્ટનું જજમેન્ટ ફેરવાઈ ગયું અને આપણે તો કોર્ટમાં સિદ્ધાન્ત નહિ પ્રસ્તુત કરવાને કારણે હાર્યા છીએ તેથી ફરીથી પ્રસ્તુત કરી દઈશું તો શા માટે આપણે નહિ જીતીએ ?

**પ્રશ્ન-** આપ જે આન્દોલન ચલાવી રહ્યા છો કે જેમાં આપ અસલ માળખું ફરીથી ફીટ કરવા માંગો છો તેમાં બધા ગોસ્વામી બાળકોના સહકાર વિના આપ શું તે કરી શકશો ખરા ?

**ઉત્તર-** સહકાર લેવા તો પ્રયત્ન કર્યો જ છે !

**પ્રશ્ન-** તેમ છતાં પણ જો સહકાર ન જ મળ્યો તો આપ આ ભગીરથ કાર્ય કરી શકશો ખરા ?

**ઉત્તર-** નહિ આપશે તો પછી હું પબ્લિકનેજ આગળ કરીશ પછી.

**પ્રશ્ન-** તો પછી એમ નથી લાગતું કે જે સમ્પ્રદાયની બાગડોર ગોસ્વામી બાળકોના હાથમાં છે ત્યાંથી સરકી જઈ સામાન્ય પ્રજામાંથી કોઈ આની બાગડોર સંભાળે એવો એક નવો ઈસ્યૂ આમાંથી પેદા થઈ રહ્યો છે ?

**ઉત્તર-** મૂળ મુદ્દો એ છે કે જો ગોસ્વામી બાળકો પોતે પોતાની બાગડોર સંભાળવા જ ન માંગતા હોય અને પૂજારી જ થવા માંગતા હોય અને એમાં પણ પાછા મહાપ્રભુજીના સિદ્ધાન્તને વગોવતા હોય તો વ્હાય નોટ વૈષ્ણવ ? મેં એજ વાત કલ્યાણરાયજીને પત્રમાં લખી હતી સ્પષ્ટ રીતે કે ઉચિત છે કે આપણે આપણા આચાર્યત્વનો નિર્વાહ કરીએ, પણ સાત બાળકોના ઘરમાંથી આજે બેજ બાળકોના વંશ બચ્યા છે, ધારો કે કાલે આ બે બાળકોના વંશ પણ ન રહે તો પુષ્ટિમાર્ગે મરવું કે જીવવું ? વન્સ એન્ડ ઓલ પહેલાં આ ડિસાઈડ કરો. જો જીવવું હોય તો ક્લિયરલી આપણે બે ઓપશન્સ આપવાજ પડશે. તેમાં ફર્સ્ટ ઓપશન એ છે કે વલ્લભકુળ બાળકોએ આચાર્યોચિત ગરિમાથી જીવવું જોઈએ. અને ન જીવવા માંગતા હોય તો કોઈ ક્રિશ્ચિયન થઈ રહ્યું છે, કોઈ મુસલમાન થઈ રહ્યું છે, કોઈ શું થઈ રહ્યું છે, જેને જે થવું હોય તે થાય, પણ એટલિસ્ટ વલ્લભસમ્પ્રદાય અને તેના સિદ્ધાન્તને તો બચાવવા પડશે. કોઈને પૂજારી થવું હોય તો તેનાથી મને શી લેવા-દેવા ? હું આપને કહું કે આપ ગધા નથી, આપ ઘોડા છો પણ તેથી આપને ગુસ્સો આવતો હોય કે તમે કોણ બોલનારા, અચ્છા ભાઈ, જો આજ્ઞા, આપ મને ગધા કહો તો તેને પણ હું કબૂલી લઉ, તોએ આપને ગુસ્સો આવે તો પછી શું થઈ શકે ? તોએ મને કહેવામાં આવે છે કે હું તરાડ

પાડું છું તો જો તરાડ જ પાડવી હોય તો હું આપને ઘોડા શા માટે કહું ? નાતબહાર મૂકવા માંગતા હોય તો કાઢીને તો જુઓ, પછી તો હું ગોસ્વામીઓથી બન્ધાયેલો નથી ને ? આજે તો હું દિલથી માની રહ્યો છું અને દિલથી માનું કે ન માનું પણ શરીરથી તો હું બન્ધાએલોજ છું, હું આજે પણ દિલથી બન્ધાયેલો છું, જો બન્ધાયેલો ન હોત તો હું મારું ઘર પ્રાઈવેટ કરીને બેસી રહેતે, મારું ઘર તો આજે પ્રાઈવેટ ઠરીજ ચૂકેલું છે અને હું ટુ બી વેરી ફ્રેન્ક એ પ્રાઈવેટ થઈ ગયું એનાથી નથી મને કોઈ લાભ અને ન પ્રાઈવેટ થતે તો ન કોઈ તેનાથી મને હાની થતે, કારણ કે હું અહીં (પાર્લામાં) બધી રીતે હેપી છું આ તો ફક્ત સમ્પ્રદાયના સિદ્ધાન્તો કોર્ટમાં રજૂ કરવામાં આવે તો શું પરિણામ આવે છે તે દેખાડવાને માટે મેં કેસ લડ્યો છે.

**પ્રશ્ન-** સમ્પ્રદાયનો સિદ્ધાન્ત ડિસાઈડ કરીને આપવા માટે કોર્ટમાં આપ એકલાજ સમર્થ અને પર્યાપ્ત હતા, કોઈનો સહકાર-સહયોગ મળે કે ન મળે પણ આ સમ્પ્રદાયનો સિદ્ધાન્ત છે એમ આપ એકલા જ કોર્ટમાં મૂકીજ શકતા હતા; પછી આ બધાની શી અપેક્ષા છે ?

**ઉત્તર-** કોર્ટમાં મેં તો સિદ્ધાન્ત મૂક્યાજ છે પણ એટલા માટે અપેક્ષા છે કે બધાજ બાળકોનું એમાં શ્રેય થાય, બધાજ બાળકો બચે, કોર્ટમાં સિદ્ધાન્તો મેં મૂક્યા છે અને કોર્ટમાં હું જીત્યો પણ છું. સિદ્ધાન્ત રજૂ કરવામાં આવે તો શું નથી મળતું એ દેખાડવા લડ્યો છું. હાઈકોર્ટમાં જજે સ્પષ્ટ વાત કહી છે કે ભવિષ્યમાં પણ ક્યારેય પણ આ મન્દિરમા સરકારે દખલ કરવી હોય તો ગોસ્વામીજીથી પૂછ્યા વિના ન કરવી, વિધાઉટ કન્સેન્ટ. છે આપના કોઈના પણ મન્દિરના આવા ડિસીસનો ? આપ કહો છો કે મેં જે સિદ્ધાન્ત કોર્ટમાં રજૂ કર્યા છે તે ખોટા છે તો ચલો જઈને કરોને અપીલ?

**પ્રશ્ન-** બસ ! મારું એ જ પૂછવું છે કે આ ગ્રાઉન્ડ છોડીને આપે પબ્લિકલી કેમ જવું પડ્યું ?

**ઉત્તર-** હવે એ કે બધા બાળકો સમજે કે એ ઘોડા છે -ગધા નથી. મને ગધેડો સમજીને જો બધા પોતાને ઘોડો માનવા તૈયાર હોય તો મારો ઝઘડો ખતમ થયો. હું રાઈટિંગમાં આપવા તૈયાર છું કે મેં દેવદ્રવ્ય ખાધું છે અને હું મહાપતિત છું પણ આપ આચાર્યબાલક છો અને પૂજારી નથી એમ સમજો તો મારો ઝઘડો આજે ખતમ થાય અને જો આપ સમજવા તૈયાર ન હો તો હું તો એમ કહેતોજ રહીશ. મારા કહેવાથી આપને ચૂભતું હોય તો ચૂભાવતો જ રહીશ. હું તો શું હું મરી જઈશ તો મારું ભૂતે આપને કરડતું રહેશે. કેમકે મારી વાસના એવી થઈ ગઈ છે હવે, **‘अन्ते या मतिः सा गतिः’** એ ન્યાયે કદાચ મને એમ લાગે છે કે તે વખતે ઠાકોરજી યાદ આવે કે ન આવે પણ આ પૂજારી બાળકોજ મને યાદ આવશે અને મારૂં ભૂત વળગશે.

**પ્રશ્ન-૪** અત્યારે જે આપે પેપરો દ્વારા અથવા તો પત્રિકાઓ દ્વારા જે પ્રકાર લીધો છે કે બધું જાહેરમાં સામે લાવવું એની જગ્યાએ માત્ર સિદ્ધાન્તોનુંજ પ્રતિપાદન કરો અને જાહેરમાં જવામાં ન આવે તેવો કોઈ પ્રકાર - વિકલ્પ કંઈ વિચારી શકાય તેમ નથી ?

**ઉત્તર- ૪** એ હવે બાળકોએ આવવું જોઈએ. મેં મારી રીતે બધાજ પ્રયત્નો કરી લીધા છે, હવે જો મારાથી કંઈ બીજી અપેક્ષા હોય તો બાળકોએ જણાવવી જોઈએ-પ્રકટ કરવી જોઈએ, એ અપેક્ષાઓ માટે જો મેં રિસ્પોન્સ ન આપ્યો હોત, રિસ્પોન્સ આપવાની વાત બાજુ પર મેં એ વાત પ્રપોઝ કરી હતી તે વખતે પણ ફેઈલ ગયા. હવે આપ રિસ્પોન્સ આપવાનું કહો છો પણ રિસ્પોન્સ તો ત્યારે અપાય કે જ્યારે બાળકો કોઈ નક્કર પ્રપોઝલ લઈને

આવે મારી પાસે તો હું રિસ્પોન્સ આપી શકું. થોડા વખત પહેલાં મથુરેશજી મારી પાસે આવ્યા એકદમ મુત્સુદ્દીપણાથી, એમણે કહ્યું જો એમ કરવામાં આવે તો ઘણું સારું થાય કે ગોસ્વામી વર્ગમાંના વડીલોની હાજરીમાં મિટિંગ કરવામાં આવે અને તે વડીલો જે નિર્ણય આપે તે બધાએ માન્ય કરવા. મે કહ્યું ચાલો હું આજે બન્ધાવા તૈયાર છું પણ મારી એક શરત રહેશે કે વડીલોએ પૂર્વમાં પોતાની કહેલી વાતોથી ફરી ન જવું, તો એમણે કહ્યું એ ભૂતકાળની વાતોને આપ વચનમાં ન લાવો. છે ને રાજનીતિજ્ઞતા કે નહિ ?

**પ્રશ્ન -૫** હવે છેલ્લો પ્રશ્ન છે કે મન્દિરો ટ્રસ્ટમાં નોંધાઈ ગયા છે અને તેને માટે આપણે લડીએ પણ ખરા, તો એ જ્યારે તે ટ્રસ્ટમાંથી કેન્સલ થશે ત્યારે થશે, તેમજ કેટલાક મન્દિરો ટ્રસ્ટમાં નથી નોંધાયેલા તો પણ ત્યાં લાંબા કાળથી તે મન્દિર સાથેની લોકલાગણી ટ્રસ્ટ થયેલા મન્દિર જેવી કેળવાઈ ચૂકેલી છે, ધારો કે એક મન્દિર છે ને તે પ્રાઈવેટ છે પણ લોકલાગણી એ મન્દિર સાથેની એવી કેળવાઈ ગયેલી છે કે આ મન્દિર સાર્વજનિક છે કારણ કે ત્યાં રેગ્યુલર સમય-સમયનાં દર્શનો થાય છે, સમયના ફેરફારો જનતાને જણાવાય છે. ત્યાં ભેટ મનોરથ વગેરે વડે લોકોથી પૈસા પણ લેવામાં આવે છે, હવે એવા સ્થળોમાં ભલે ભૂલથી યા લોભથી સહી, બધું બગડેલું છે તેમ છતાં પણ તેને કારણે જે લોકલાગણી દ્રઢતાથી કેળવાઈ ચૂકી છે તેનું સડનલી ઓપરેશન (એકદમ રાતોરાત ફેરફાર કરી નાંખવો) એ શું હિતાવહ રહેશે ?

**ઉત્તર -૫** એવું મેં કોઈ દિવસ કહ્યું નથી અને એના જે જે પણ પ્રપોઝલ આપ્યા ને કાઉન્ટર એના એવા મિસયુઝ થાય છે - કરાયા છે જે મિસયુઝના હું આપને દાખલા આપું તો ખરેખર આપને ખ્યાલ આવશે કે આપણે બાળકો કેવા છીએ. દાખલા તરીકે મેં એક પ્રપોઝલ આપ્યો કે જ્યાં સુધી લોકલાગણીને સાચા માર્ગ પર આપણે વાળી નથી શકતા ત્યાં સુધી કોઈ ફેરફાર કરવો નહિ પણ જસ્ટ (સાચી દિશા બતાવતો સિદ્ધાન્ત) કહેવાનું શરૂ કરો અને જો કોઈ આપણા ઉપર એલીગેશન મૂકે કે ભાઈ તમે સિદ્ધાન્ત આમ કહી રહ્યા છો અને પ્રેક્ટિસ જુદી જ કરી રહ્યા છો તો પબ્લિક ઉપર જ વાત નાંખો કે તમે સુધરી જાઓ, અમે બધું સુધારી લઈશું. મારી આ વાતનો બધા બાળકોએ અર્થ કર્યો કે અચ્છા અચ્છા હવે અમે તો સમજ્યા કે સિદ્ધાન્ત ખાલી કહેવા પૂરતાજ છે. લ્યો ત્યારે, પહેલેથી કહેવું જોઈતું હતું ને અમે એમ માનતા હતા કે સિદ્ધાન્તને અમલમાં મૂકવાના છે, એટલે અમે આપને મિસઅન્ડરસ્ટેન્ડ કર્યા. એમ બાળકો કહે છે. હવે આપજ કહો કે આનો શો ઉપાય ? આવા એક નહિ પણ ઓછામાં ઓછા છ પ્રપોઝલ છે મારી પાસે પણ હવે મને બીક એ લાગે છે કે જો હું પ્રપોઝલ મૂકું તો ફરીથી એમ કહેશે કે અચ્છા અચ્છા એમ છે ! તો-તો વાંધો જ નથી.

આ રીતે એમ કહેવું નથી કે સડનલી ચેન્જ કરવું પણ પહેલાં લોકોમાં સિદ્ધાન્ત કબૂલો, લોકોને સિદ્ધાન્ત સમજાવો, લોકોને સિદ્ધાન્તના સાચા માર્ગ પર વાળો અને ત્યારે અનુકૂળ વાતાવરણમાં સિદ્ધાન્તનો અમલ શરૂ કરાવો.

**સંપાદક** :- આપનો ખૂબ ખૂબ ધન્યવાદ આપે અમારા 'આચાર્ય શ્રીવલ્લભ' માસિક પત્રના ગ્રાહકો માટે આપનો કીમતી સમય ફાળવી આપે પ્રશ્નોના ઉત્તરો આપ્યા. ફરી - ફરી આપને આ પ્રમાણે પરિશ્રમ - આપીશું અને આપ આપના કીમતી સમયને ફાળવશો તેવી હું આપનાથી આશા રાખું છું. **નમસ્કાર.**

• • • • • • • •

# પ્રશ્ન-ઉત્તર - ૬

## વિષય :- પુષ્ટિમાર્ગ વર્તમાન

**પ્રશ્નકર્તા - સંપાદક 'આચાર્યશ્રીવલ્લભ' (માસિક પત્ર)**

**(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)**

**ઉત્તર આપનાર - પૂ. ગો. શ્રીઈન્દિરાબેટીજી મહોદયાશ્રી**
**- વડોદરા**

(તા. ૨૬-૧-૧૯૯૪ ના રોજ તેઓશ્રીના વડોદરાના નિવાસ સ્થાને
લીધેલી પ્રત્યક્ષ મુલાકાતમાં થયેલ ચર્ચા - 'આચાર્યશ્રી વલ્લભ'
ગુ.મા.પ.ના વર્ષ -૮ ના અંક - ૨ મે - ૧૯૯૪માં પ્રકાશિત)

- **હું ભંડોળી ભાગવત નથી કરતી**
- **મધર ટેરેસા અને ઈન્દિરાબેટીજી ભિન્ન-ભિન્ન વ્યક્તિત્વ છે.**
- **ગોસ્વામી પરિષદે પુષ્ટિમાર્ગ માટે બહુ મોટું કામ કરવાનો સમય આવી ગયો છે.**

**પ્રશ્ન -૧** આજે વર્તમાનમાં પ્રચલિત જે પુષ્ટિમાર્ગ છે એમાં જે કંઈ પણ ચાલી રહ્યું છે, જે થઈ રહ્યું છે અને જેમ વર્તાઈ રહ્યું છે તે બાબતમાં આપ શું વિચારો છો ?

**ઉત્તર -૧** વર્તમાન સમયમાં પુષ્ટિમાર્ગની જે પરિસ્થિતિ છે, જે કંઈ ચાલી રહ્યું છે એ બધું જ અનિયંત્રિત અને જાણે પાટા પરથી ગાડી ઉતરી ગયેલી હોય તેવું ચાલી રહ્યું છે અને એમ પણ કહી શકાય કે જેને જેમ ફાવે તેમ જુદી જુદી રીતે બધા વર્તી રહ્યા છે. મને એવું લાગે છે કે વર્તમાન સમયમાં કોઈ ધારા ધોરણ રહ્યાં નથી, કોઈ નીતિ નિયમો રહ્યાં નથી અને શ્રી મહાપ્રભુજીના નામે પોતપોતાની રીતે જુદા જુદા અર્થઘટનો કરીને લોકો ચાલવાની કોશિશ કરી રહ્યાં છે. એટલે આજે પુષ્ટિમાર્ગ નધણિયાતો અને રાજા વગરની પ્રજા જેવો હોય એમ મને લાગે છે.

**પ્રશ્ન -** આપ એમ કહેવા માંગો છો કે આજે સમ્પ્રદાયમાં કોઈનું નેતૃત્વ રહ્યું નથી ?

**ઉત્તર -** નેતૃત્વ રહ્યું નથી એમ કહેવા કરતાં વધારે પડતું નેતૃત્વ થઈ ગયું હોય એમ લાગે છે. એટલે બધા જ નેતાઓ બની ગયા હોય એવું મને લાગે છે. કહેવાય છે કે ઘણા રસોઈયાઓ હોય અને જેમ રસોઈ બગડી જાય તેમ નાના મોટા બધાજ આજે નેતાઓ થઈ ગયા હોય એવું લાગે છે. એટલા માટે નેતૃત્વહીન આખો સમાજ બનતો જઈ રહ્યો છે.

**પ્રશ્ન -** તો આપની દષ્ટિએ આ પ્રકારે નેતૃત્વહીનતાનો સમય આવવાનું કારણ શું ?

**ઉત્તર -** કારણ કદાચ એ હોઈ શકે કે આપણા ગોસ્વામીસમાજનું જે બન્ધારણ છે તે, અને તેમાં આપણા ગોસ્વામી સમાજમાં એકતાનો અભાવ છે તે. આપણા ગોસ્વામીઓની અંદર પણ કોઈ એકને આપણે વડીલપણું આપવું જોઈએ તેવું વડીલપણું આપણે એકતાથી સ્વીકારતા નથી, અથવા જેને આપ્યું છે તેનો નિર્વાહ થતો નથી.

**પ્રશ્ન -** 'વડીલપણા' થી આપનોઅર્થ સ્પષ્ટ થતો નથી. વડીલપણાથી આપ કોઈ વ્યક્તિને અહોભાવથી જોવું તે કહેવા માંગો છો ?

અથવા વયસા કહેવા માંગો છો ? કે પછી પદથી આપ વડીલપણું કહેવા માંગો છો ?

**ઉત્તર -** મને એમ લાગે છે કે ગોસ્વામી પરિષદને ખૂબ સક્રિય બનાવવી જોઈએ. કારણ કે સમ્પ્રદાયમાં આગેવાનો તો ગોસ્વામી સમાજ છે અને ગોસ્વામી સમાજે જ એનું આગેવાનપણું લેવું જોઈએ. આજે જો ગોસ્વામી સમાજની અંદર પોતાનો એક વડીલ સ્વીકારવાની વૃત્તિ ન હોય, પોતે સ્વૈચ્છિક રીતે કોઈને વડીલપણું આપેલું ન હોય તો પછી દરેક પોતપોતાની રીતે ચાલે. પ્રભુકૃપાથી આપણી ગોસ્વામી પરિષદ્ બનેલી છે તો આ ગોસ્વામી પરિષદ્માં ભાગ લેતા આપણા ગોસ્વામી બાળકો સ્વયં એના પ્રમુખને એવી રીત ચૂંટે જેનું વડીલપણું બધાજ ગોસ્વામી બાળકો સ્વૈચ્છિક રીતે સ્વીકારે અને ગોસ્વામી પરિષદ્‌ને એ અધિકાર આપવો જોઈએ કે પુષ્ટિમાર્ગમાં વર્તમાન સમયની જે પ્રક્રિયાઓ છે એનો અંદરો અંદર બહુમતિથી નિર્ણય કરીને શું હોવું જોઈએ એ ધારા ધોરણો નક્કી કરે. આજે આપણી પાસે કોઈ કોન્સ્ટીટયૂશન નથી અને કોઈ નેતા નથી તેથી આ કોન્સ્ટીટયૂશન પણ ગોસ્વામી પરિષદ્ ઘડે અને નેતૃત્વ પણ ગોસ્વામી પરિષદ્ સ્વૈચ્છિક રીતે નક્કી કરે અને પોતાની ઈચ્છાથી એ પદ આપે.

**પ્રશ્ન -** આપણી પાસે કોન્સ્ટીટયૂશન છે નહિ કે પછી એનું સંકલન નથી?

**ઉત્તર -** કોન્સ્ટીટયૂશન છે નહિ એમ કહેવાનો મારો કોઈ મતલબ નથી. કારણ કે ૫૦૦ વર્ષથી સમ્પ્રદાય ચાલ્યો આવે છે એ કંઈ એમને એમજ ચાલતો નથી આવ્યો. એની પાસે એની પદ્ધતિનું કોન્સ્ટીટયૂશન હતું, પરંતુ સમય જાય તેમ દરેક ધારા ધોરણોમાં પરિવર્તન તો આવવાનાંજ છે. તો એ પરિવર્તનો શું હોઈ શકે, એનો નિર્ણય આખો ગોસ્વામી સમાજ કરે એજ

વધારે યોગ્ય છે. એટલે પ્રત્યેક સમયમાં જુદા જુદા નિયમો પરિસ્થિતિને જોઈને ઘડાવા જોઈએ પણ એના માટેનું એ પ્રકારનું કોઈ સંગઠન આપણામાં રહ્યું નથી.

**પ્રશ્ન -** શું આપ એવી આશા રાખો છો કે ગોસ્વામી બાળકોની પારસ્પરિક - માનસિક - વૈચારિક જે પરિસ્થિતિ યા પદ્ધતિ છે એની અંદર આપ જેવું સૂચવી રહ્યા છો તેવું કોઈ સંગઠન સર્જી શકાવાની શક્યતાઓ છે ?

**ઉત્તર -** મને ગોસ્વામીઓ પ્રત્યે અવિશ્વાસ નથી. હું એમ માનું છું કે આમાંથી એકાદ બે પ્રાજ્ઞ અને પ્રબુદ્ધ જે સમજૂતી સાધી શકે એવા હોય એ લોકો થોડોક પ્રયત્ન કરે અથવા વધારે પ્રયત્ન કરીને પણ આ દિશામાં પ્રયાસ કરશે તો નિરાશા મળશે એવું મને નથી લાગતું. શરૂઆત ભલે નિરાશા જેવી હશે. આપણને એમ લાગે છે કે આપણે પરસ્પર વૈમનસ્ય ધરાવીએ છીએ કે એક બીજાની અંદર વિશ્વાસ નથી ધરાવતા; છતાં પણ આપણામાં પ્રાજ્ઞ પુરુષો તો છે જ, સાવ નગુણો સમાજ હોય એમ મને નથી લાગતું.

**પ્રશ્ન- ૨** હવે બીજો પ્રશ્ન છે - સમ્પ્રદાયનું નેતૃત્વ વલ્લભકુળનાજ હાથમાં રહેવું જોઈએ એ એક પક્ષ છે, બીજો પક્ષ છે સમ્પ્રદાયનું નેતૃત્વ વલ્લભકુળ અને વૈષ્ણવો બન્નેના હાથમાં રહેવું જોઈએ અને ત્રીજો પક્ષ છે કે વલ્લભકુળનું નેતૃત્વ હવે બરાબર રહ્યું નથી તેથી સમ્પ્રદાયમાં દરેક ક્ષેત્રે હવે વૈષ્ણવોનું જ નેતૃત્વ હોવું જોઈએ. એમ આ ત્રણ પક્ષોમાંથી આપ શો મત ધરાવો છો ?

**ઉત્તર-૨** પહેલી વસ્તુ તો એ છે કે શ્રીમહાપ્રભુજીએ પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના વંશજોમાં મૂક્યું છે અને વંશજોમાં કેટલીક ખૂબીઓ હું જોઈ રહી છું. જ્યાં સુધી આ વંશ શુદ્ધ રહેવાનો છે ત્યાં સુધી આ નેતૃત્વ

વંશજોના હાથમાં રહે એજ ઉચિત છે. એ મને ખબર નથી આ કરાલ કલિયુગમાં વંશ ક્યાં સુધી કેટલો શુદ્ધ રહેશે ? ત્યારની આખી પરિસ્થિતિ જુદી છે. પણ અત્યારે જે કંઈ છે એની અંદર વલ્લભકુળ નેતૃત્વ કરશે તો એ વધારે સારું નેતૃત્વ થશે એમ હું માનું છું.વૈષ્ણવોમાં શ્રીઠાકોરજીની સેવા પણ કેમ કરવી એના જાણકારો પણ મુઠ્ઠીભર જોઉં છું. કમસે કમ આપણામાં આપણી પરમ્પરાઓ છે અને આપણી પાસે આપણી પ્રણાલિકાઓ છે, આપણી પાસે વત્તે-ઓછે અંશે પણ આપણી સંસ્કૃતિ પણ જળવાએલી છે કે જે સંસ્કૃતિ વૈષ્ણવસમાજમાં જળવાએલી હું જોતી નથી. એટલે જો વર્તમાન સમયમાં વલ્લભકુળ જાગૃત થઈ જાય અને નેતૃત્વ પૂરું પાડશે તો એક બહુજ સારું નેતૃત્વ આવશે. પરંતુ જો આપણે ચૂકતાજ જઈશું તો અને આપણા કર્તવ્યને નહિ સંભાળીશું તોબીજું નેતૃત્વ ક્યારે આવી જશે એ કહી શકાય તેમ નથી. આપણે બેધ્યાન બની ગયા છીએ, આપણે પરસ્પર એકતા નથી ધરાવતા તેથી બીજી બારી ખુલી ગઈ હોય તેવું મને દેખાય છે.

**પ્રશ્ન -** એટલે બીજી બારી ખુલી ગઈ છે તે હિતાવહ નથી એમ આપ માનો છો ?

**ઉત્તર -** હા,એમ ચોક્કસ માનું છે કે જો આપણે જાગૃત હોઈએ તો. કારણ કે ખુલેલી બીજી બારીમાં પણ એવું સમર્થ વ્યક્તિત્વ નથી જોતી કે જે શ્રીમહાપ્રભુજીના પગલે પગલે ચાલીને આપણી પરમ્પરાને નિર્વાહી શકે. હા, શિષ્યપરમ્પરા આપણે ત્યાં આવી નથી,આપણાજ કોઈ વલ્લકુળની વ્યક્તિ શિષ્યપરમ્પરાને ચાલુ કરીને તેવા શિષ્યને શીખવે અને એ જાણે તો એ વાત જુદી છે અને એનો સમય હજુ અત્યારે આવ્યો નથી. કારણ કે આજે આપણી અંદર શ્રીમહાપ્રજીનો અંશ બિરાજે છે અને એટલું તો મને લાગે છે કે આપણે કમ સે કમ એટલા તો નગુણા નથી કે શ્રીમહાપ્રભુજીની પરમ્પરાને આપણે ભૂલી ગયા હોઈએ. આપણી વચ્ચે એટલું ચોક્કસ છે કે એ પરમ્પરાઓને રાખીને પણ જે ઉચ્ચ આદર્શો ચારિત્ર્યના હોવા જોઈએ એ આપણે ખોઈ દીધા છે. એટલે આપણે જાગૃત થઈ અને એકબીજાને સમજવાની કોશિશ કરીએ તો વલ્લભકુળમાં અદ્ભુત શક્તિ છે એમ હું માનું છું.

**પ્રશ્ન - ૩** ત્રીજો પ્રશ્ન એ છે કે - એક તો આપણા સમ્પ્રદાયની પ્રાચીન પદ્ધતિઓ કે જે શ્રી મહાપ્રભુજી, શ્રીગુસાંઈજીથી લઈને શ્રીહરિરાયજી - શ્રીપુરુષોત્તમજી વગેરે સુધીમાં હતી કે જેને આપણે શુદ્ધપુષ્ટિ કહીએ છીએ જેમાં આપણી મન્દિર પ્રણાલિકા,આપણી સેવા પ્રણાલિકા,આપણી ભક્તિ પ્રણાલિકા એ બધાનો વિકાસ શુદ્ધ પુષ્ટિ સિદ્ધાન્તોના આધાર પર આ મહાનુભાવોએ કર્યો, આજનો યુગ જોતાં શું કોઈ પરિવર્તન તેમાં આપ ઈચ્છો છો કે કેમ ? કે પછી તે બરાબર જ છે - આ મુજબ જ ચાલવું જોઈએ ?

**ઉત્તર -૩** તમારો પ્રશ્ન બહુ સુંદર છે બાવા ! કારણ કે જે શુદ્ધપુષ્ટિ પ્રકાર છે એ પ્રકારને ઝીલનારો વર્ગ આજે મને બહુ દેખાતો નથી. એની અંદર પરિવર્તનની આવશ્યકતા છે. નાનો દાખલો આપું આપણા મન્દિરમાં વસંતના દિવસોમાં **‘व्रजयुवतीशतसङ्गे’** આ કીર્તન ગાઈએ છીએ. હવે હું જાહેરમાં જ્યારે ઠાકોરજીને ખેલાવું છુ, એના અર્થો હું સમજું છું અને બીજા લોકો પણ સમજનારા હોય છે, ત્યારે મને એમ લાગે છે કે આ એકાંતભક્તિ છે, તો પદગાન સહ હું ઠાકોરજીને ખેલાવતી હોઉં અને બીજા લોકો મને જોતા હોય ત્યારે મારા ચિત્તમાં સંકોચ અનુભવાય છે. એટલે ચોક્કસ આમાં પરિવર્તન આવવું જોઈએ અને શું આવવું જોઈએ એ હું એકલી સૂચન નહિ કરી શકું એ સમગ્ર ગોસ્વામી સમુદાય દ્વારા જ નક્કી થઈ શકે. હું તો એમ માનું છું કે હવે ગોસ્વામી પરિષદે પુષ્ટિમાર્ગ માટે બહુ મોટું કામ કરવાનો સમય આવી ગયો છે. જુદા જુદા પ્રશ્નોના બધાજ નિર્ણયો લેવા માટે

ગોસ્વામી પરિષદે સંગઠિત બનવાની મને બહુજ જરૂર જણાઈ રહી છે. એમાં કોઈ સમર્થ નેતૃત્વ આવે અને એ નેતૃત્વનો સ્વીકાર આપણો સમાજ કરે તો જ આપણું શ્રેય થશે.

**પ્રશ્ન -** આમાં આપે જે જણાવ્યું - સૂચન કર્યું એ માત્ર એક મુદ્દાકીયજ કેટલાંક કીર્તનોને લઈને છે. પણ મારો પ્રશ્ન છે અત્યારે વૈષ્ણવો માટેની પુષ્ટિમાર્ગની પ્રણાલિકામાં મુખ્ય મુખ્ય રૂપે આપ કયાં પરિવર્તન ઈચ્છી રહ્યા છો ?

**ઉત્તર -** હું આખા વિશ્વમાં ફરું છું, લોકોના જીવનની પરિસ્થિતિ અને પ્રશ્નોને પણ જોઉં છું, તેમાં લગભગ મોટે ભાગે બધે જ અસ્પર્શ (અપ્રસ)ના પ્રશ્નો ઘણા જટીલ બને છે. તેમજ ઘણા લોકો અસ્પર્શ (અપ્રસ) ને લઈને સમ્પ્રદાયથી વિમુખ બનતા જઈ રહ્યા છે. એક બાજુ અપ્રસનો આગ્રહ રાખનારા લોકો છે તો એનાજ કુટુંબના બીજા લોકોને એમ લાગે છે કે પુષ્ટિમાર્ગ બહુ જડ બનતો જઈ રહ્યો છે. આ અપ્રસ કેવળ પુષ્ટિમાર્ગનોજ પ્રશ્ન નથી. આ તો સમગ્ર હિન્દુધર્મનો પ્રશ્ન છે. પરંત લોકો એમ સમજી બેઠા છે કે અપ્રસ એટલે જ પુષ્ટિમાર્ગ. એટલે સમય પ્રમાણે આપણે પરિવર્તન કરવું જોઈએ. દાખલા તરીકે કૂવાનું પાણી આપણને બધે મળતું નથી, અપ્રસમાં નાહીનેજ બ્રહ્મસમ્બન્ધ મંત્ર બોલવો જોઈએ એવી જાતના નિયમો રાખવાથી પોણા ભાગનો વૈષ્ણવ સમાજ બ્રહ્મસમ્બન્ધના શબ્દોથી વિમુખ બની ગયો છે, મુંબઈ જેવા શહેરમાં કોટડી જેવા એક રૂમમાં લોકો રહેતા હોય ત્યારે એવા લોકોએ ક્યાં સુધી - કેટલી અપ્રસ રાખવી એ આપણે નક્કી કરવાની જરૂર છે. બીજી વાત એ છે કે વિધિ-નિષેધોની બાબતમાં લોકો મન ફાવે તેમ વર્તી રહ્યા છે. જે જે ગામોમાં હુ જાઉં છું ત્યાં ત્યાં સેવાની બાબતમાં લોકોમાં ઘણી ગેરસમજ પ્રવર્તે છે. કોઈ કહે છે કે ઝારી આમ જ મૂકાય અને કોઈ કહે છે બન્ટો આમજ મૂકાય.

એટલે કે નાના નાના (સાધારણ) વૈષ્ણવો પણ જુદા જુદા સિદ્ધાન્તો કહેતા હોય છે. એટલા માટે સેવાના વિષયમાં સામાન્ય વૈષ્ણવથી લઈને દરેક વધારે ને વધારે સેવામાં ઊંડા ઉતરી શકે એ પ્રકારના નિયમો આપણા સમાજે ઘડીને એમને આપવા જોઈએ. કારણ કે આ સમય એવો નથી રહ્યો કે બધા સમર્પિત લઈ શકે. પણ જો સમર્પિત લેવું જ હોય તો કેટલી હદ સુધી લઈ શકાય, કેવી રીતે લઈ શકાય તેની સમજ પણ જરૂરી છે. એવી જ રીતે અન્યાશ્રયના વિષયમાં પણ ઘણીજ ગેરસમજો પ્રવર્તે છે. આખા વિશ્વમાં અપ્રસ, અન્યાશ્રય અને સેવા આ ત્રણ વિષયમાં લોકોની જબરદસ્ત ગેરસમજો છે. એક બાજુ અન્યાશ્રયનો અર્થ લોકો જુદો જુદો કરે છે. એ હોટલોનું ખાશે છતાં એ બીજાને કહેશે તેં ફલાણાનો પ્રસાદ ખાધો. પ્રાચીન પ્રકૃતિના લોકો જે જડતાથી અન્યાશ્રયનો આદેશ આપે છે એનાથી આજનો ભણેલો ગણેલો વર્ગ વિરુદ્ધ થઈ જાય છે. એટલે અન્યાશ્રયનું યોગ્ય અર્થઘટન આપણે લોકોને બરાબર સમજાવવું પડશે. ચોથી વાત એ છે કે આપણા સિદ્ધાન્તો વિશે લોકોમાં ઘણીજ ગેરસમજ પ્રવર્તે છે. પુષ્ટિમાર્ગ એટલે વિધિ-નિષેધનોજ માર્ગ એમ લોકો સમજે છે. આપણી પાસે આપણું ઠોસ વેદાન્ત છે, આપણી પાસે આગવી વિચારસરણી છે એ સમજતા નથી. એટલે જે આપણું વેદાન્ત છે એની પાછળનો જે બૌદ્ધિક વિચાર છે એને પણ સરળ શબ્દોમાં આપણે લોકો સુધી પહોંચતો કરવો જોઈએ. આપણે કયા બ્રહ્મને-બ્રહ્મના કયા રૂપને માનીએ છીએ ? તો બસ લોકો એમ માને છે, આપણે કૃષ્ણને માનીએ છીએ અને કૃષ્ણ એટલે જે અવતાર થયો તે, પરંતુ તે અવતારી છે, મૂલ સ્વરૂપ છે આ બધી વિભાવનાઓથી સમાજ ઘણોજ અનભિજ્ઞ છે અને તેથી બીજા બધા સાથે આપણે બહુ ઓર્થોડોક્સ દેખાઈએ છીએ. એટલે ઘણી - ઘણી વસ્તુઓ સમજવાની રહે છે. એટલે પુષ્ટિમાર્ગ માટે સ્પષ્ટતાને અને તે પ્રમાણે મૂળ સિદ્ધાન્તાનુસાર પરિવર્તનને ઘણો અવકાશ છે.

**પ્રશ્ન-૪** વૈષ્ણવોને માટે અમુક બાબતોને આપ અનિવાર્ય માનો છો કે નહિ? જેમ કે બ્રહ્મસમ્બન્ધ. વૈષ્ણવ પરિવારમાં ઉત્પન્ન એવા કોઈને પણ માટે બ્રહ્મસમ્બન્ધ લેવું આપ અનિવાર્ય માનો છો ? આ એક પ્રશ્ન થયો અને બીજો પ્રશ્ન છે કે દરેક વૈષ્ણવોએ પોતાના ઘરમાં ભગવત્સેવા કરવી જ જોઈએ ? કે પછી તેને માટે આપ કંઈ બીજું સૂચવો છો ?

**ઉત્તર-૪** તમે જે બ્રહ્મસમ્બન્ધ માટે પૂછ્યું તો જ્યારે નવરત્ન ગ્રન્થ જોઉં તો તેમાં **‘अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम् । यैः कृष्णसात्कृतप्राणैः तेषां का परिदेवना’** આમાં હીનાધિકારી, મધ્યમાધિકારી અને ઉત્તમાધિકારી એવા ત્રણ અધિકારી જોઉં છું. લોકો બ્રહ્મસમ્બન્ધ સમજ્યાવિના લે, સમજીને લે કે કૃષ્ણસાત્ પ્રાણ કરીને લે આમાં અત્યાર સુધી એવી પ્રણાલિકા રહી છે કે બ્રહ્મસમ્બન્ધ લીધા વિના ચાલે જ નહિ. એટલે ઘણીવાર જો કે મને હસવું આવે કે આપણે કોઈના હાથનું પાણી પીવા માટે એને બ્રહ્મસમ્બન્ધ લેવડાવીએ છીએ. વૈષ્ણવોને ત્યાં જ નહિ પણ આપણાં ઘરોમાં પણ નોકરોને પણ એ માન્યતા ધરાવતો હોય કે ન ધરાવતો હોય તોએ જો એ બ્રહ્મસમ્બન્ધ લે છે તો જ એને સેવામાં રાખીએ છીએ, તોજ એની પાસે દાણા વીણવાની કે માળા બનાવવાની સેવા કરાવીએ છીએ. પ્રાચીન પરમ્પરા તો એવી જોઈ છે કે કોઈપણ પ્રકારની પુષ્ટિમાર્ગીય સેવાકીય પ્રવૃત્તિ કરવા માટે બ્રહ્મસમ્બન્ધ અનિવાર્ય છે. જ્યારે અનિવાર્યતાની સામે જોઈ પછી બીજો પણ વિચાર આવે છે કે બ્રહ્મસમ્બન્ધ લઈને પણ લોકોને એમાં આસ્થા નથી, પ્રીતિ નથી અને ગમે તેવા આચરણ કરે છે. તો ત્રીજી બાજુ એવાએ મારા નાનપણમાં સંસ્કારો અપાયા છે કે આ જન્મમાં નહિ તો ત્રણ જન્મમાં પણ બ્રહ્મસમ્બન્ધ ફલીભૂત થયાવિના રહેતું નથી. આવા બધા વિચારો બાલ્યાવસ્થાથીજ સંસ્કારમાં સાંભળેલા છે. એટલે તમે જે પ્રશ્ન પૂછ્યો એને માટે આજે મારા મનમાં સંઘર્ષ ચાલી રહ્યો છે કે બ્રહ્મસમ્બન્ધ લેવું અનિવાર્ય છે કે અનિવાર્ય નથી. આ બન્ને પ્રશ્નોને લઈને મારા મનમાં - ચિત્તમાં સંઘર્ષ ચાલે છે અને તેનું સમાધાન હજુ સુધી મને મળ્યું નથી.

**પ્રશ્ન -** મનમાં સંઘર્ષ ચાલે છે એ વાત જુદી છે. પ્રશ્ન એ છે કે માણસે પાસપોર્ટ કઢાવ્યો તો તે વિદેશ જવા માટે કઢાવ્યો કે દેશમાં રહેવા માટે કઢાવ્યો છે ? બ્રહ્મસમ્બન્ધ લીધું તે એણે જ્યાં છે ત્યાંને ત્યાંજ રહેવા માટે લીધુંછે કે પછી તે જગ્યાએથી બીજી જગ્યાએ ખસવા માટે લીધું છે ?

**ઉત્તર-** એ તો વાત છે કે પાસપોર્ટ કઢાવ્યો પછી ક્યારે જવાશે એ ખબર નથી એટલે એની એલીજબલીટી નથી એમ કહી શકાય નહિ.

**પ્રશ્ન-** એવું છે કે બીજી જગ્યાએ ખસવા માટે એટલે કે મનમાં આગળ વધવાની ઈચ્છા રાખી બ્રહ્મસમ્બન્ધ લેવું અને તેવી કોઈ ઈચ્છા વિના જ બ્રહ્મસમ્બન્ધ લેવું એમ બે વચ્ચે અન્તર છે ?

**ઉત્તર -** એવું છે કે બાળકને ખબર નથી હોતી કે આ રસ્તે સારી રીતે જવાશે. જેવી રીતે બાળક નાનું હોય છે અને તેના મા-બાપ પાસપોર્ટ કઢાવીને મૂકી રાખે છે, બાળકને ઈચ્છા હોતી નથી; છતાંએ મા-બાપ પાસપોર્ટ કઢાવી રાખે છે તો ભવિષ્યમાં ક્યારેક બાળકને એમ લાગે છે કે પાસપોર્ટ જો નીકળ્યો છે તો હવે હું જલદીથી આગળ જઈશ. પછી તે વખતે એને પાસપોર્ટ કઢાવવાનો વિલમ્બ થતો નથી. એટલે તમે જે ઉદાહરણ આપો છો તેના જવાબો તો બીજી ઘણી રીતે છે પણ મને જે બીજું પણ ચિન્તન ઘણીવાર થઈ આવે છે એ ચિત્તમાં એમ આવે છે કે આપણે પુષ્ટિમાર્ગમાં થોડાક તબક્કાઓ પણ પાડી શકીએ છીએ.પહેલો તબક્કો છે અષ્ટાક્ષરનો અષ્ટાક્ષર પણ આપણે સાવ બાલ્યાવસ્થામાં આપી દઈએ છીએ. દાખલા તરીકે પ્રભુના શરણે જવાની ઈચ્છા હોય તો પહેલો તબક્કો

એ અષ્ટાક્ષર, પછી બ્રહ્મસમ્બન્ધ, ત્યાર પછી સામાન્ય રૂપમાં ચિત્રસેવા જેવું કે નામસ્મરણ જેવા નિયમો અને ત્રીજા તબક્કામાં વધારે આગળ જવું હોય તો જેટલી અનુકૂળ હોય તેટલી ભગવત્સેવા, ચોથા તબક્કામાં ઘણા બધા નિયમો, જેમ કે બજારનું નહિ ખાવું, અમુક રીતના નિયમો પાળવા અને પાંચમા તબક્કામાં પૂર્ણ રીતે અન્યાશ્રય અને અસમર્પિતનો ત્યાગ કરીને, ભગવત્સેવાપરાયણ બનીને, પ્રભુપરાયણ બનીને પોતાના લૌકિક અને વૈદિક વ્યવહારનો નિર્વાહ કરવો. આજે પહેલેથી જ બધા નિયમો આપી દઈએ છીએ એનાથી લોકો ભડકી જાય છે. એટલે બીજો એક વિચાર આ પણ મારા ચિત્તમાં આવે છે કે તબક્કાવાર એના વિભાગો આપણે પાડવા જોઈએ. દાખલા તરીકે હિન્દુધર્મે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ જેવા ભેદો પાડ્યા છે એવી રીતે આપણે એક વૈષ્ણવ બનવા માટેની યોગ્યતા પ્રમાણે અધિકાર પ્રમાણે કોઈનો અધિકાર ઊંચો હોય અને તેની રુચિ ઊંચી હોય તો એ સીધો પણ આગળ વધી શકે, પરંતુ પ્રથમ અષ્ટાક્ષર, પછી બ્રહ્મસમ્બન્ધ અને ત્યાર બાદ ચરણ સ્પર્શ જેટલી પણ સેવા, નામમંત્ર વગેરેનું રટણ એ મુજબ પહેલા તબક્કામાં વૈષ્ણવોને કૃષ્ણાશ્રય -વિવેકધૈર્યાશ્રય અને નવરત્ન આ ગ્રન્થોનું શિક્ષણ આપવું જોઈએ. એટલે દાસભાવ જાગે અને દાસભાવમાં શિક્ષણસહ ધીરે ધીરે આગળ વધે અને પ્રભુમાં એને રસ જાગે ત્યારે રસભાવ સુધીનો એનો વિકાસ થાય. એટલે એ વૈષ્ણવની શરૂઆત દાસભાવથી થાય અને જેમ જેમ આગળ વધે તેમ તેમ એ રસભાવમાં ઉતરે . પણ આજે હું ઉલટું જોઉં છું કે દાસભાવ તો કોઈને આવતો નથી અને લોકો રસભાવમાં ઉતરી જાય છે. એટલે જો આવી રીતે તબક્કાવાર એ વૈષ્ણવનો અધિકાર જોઈને એને આગળ લઈ જવામાં આવે તો વધારે સુંદરતા આવે એ વાત ચોક્કસ છે.

**પ્રશ્ન -૫** નાના-મોટા જે પણ વૈષ્ણવો હોય તેમને ત્યાં સામાન્ય યા વિશેષ કોઈ પણ પ્રકારની ભગવત્સેવા ઘરે હોવીજ જોઈએ એવો આગ્રહ આપ ધરાવો છો ? કે પછી નહોય તો પણ ચાલે ?

**ઉત્તર-૫** મારા વિચારથી નાના મોટા અંશમાં પણ ભગવત્સેવા એના ઘરમાં તો હોવી જ જોઈએ. એણે શક્તિપ્રમાણે, રુચિ પ્રમાણે સેવા કરવી જોઈએ. પણ એવો આગ્રહ નહિ કરવો જોઈએ કે એણે અસમર્પિત છોડી જ દેવું જોઈએ. કારણ કે બાળક એકડિયા ભણતો હોય અને એમ કહેવામાં આવે કે તું એમ.એ ના પરીક્ષા પત્રો આપ તો તે બરાબર નથી. તેથીજ પહેલાં મે તબક્કાવાર વિકાસની વાત કરી છે. એ બાળકને શરૂઆતમાં આપણે એને દાસ છું-શરણે આવેલો છું એ રીતનું શિક્ષણ એના વૈચારિક ગળથૂથીમાં આપવું જોઈએ અને એ વિચારોમાં એના ગુરુ પ્રત્યે પણ શ્રદ્ધા જાગે તેમ શિક્ષણ આપવું જોઈએ. બ્રહ્મસમ્બન્ધ લઈને પણ લોકોને શ્રીમહાપ્રભુજી પ્રત્યે શ્રદ્ધા જોતી નથી. એટલે જેમ દાસભાવમાં પોતાના ઈષ્ટ પ્રત્યે દાસભાવના છે તેમ ગુરુ પ્રત્યે પણ શરણભાવના એના ચિત્તમાં હોવી જોઈએ.

**પ્રશ્ન -૬** ગઈકાલના જમાનામાં જેમ લોકોને ઘરે રાજસેવાઓ બિરાજતી હતી જે આજે લગભગ લુપ્ત થઈ ગઈ છે અને ગોસ્વામી બાળકોને ત્યાં ગ્વાલમંડલીઓનું પ્રમાણ વધતું જઈ રહ્યું છે. તો આપને એમ લાગે છે કે આ બધાનું કારણ આજની આપણી હવેલી પદ્ધતિ કે મન્દિર પદ્ધતિ જે વિકાસ પામી એનાં આ દુષ્પરિણામો છે ?

**ઉત્તર-૬** એનાં દુષ્પરિણામો છે એમ મને નથી લાગતું. એનાં દુષ્પરિણામો એટલા માટે નથી જોતી કારણ કે આટલું પણ છે તો તેથી લોકોને દર્શન કરવાનો ભાવ કે થોડીક પણ આપણી સંસ્કૃતિનો ખ્યાલ આવે છે. જો કે આપણી હવેલી પદ્ધતિઓમાં પણ હવે ધીરે ધીરે જે ભાવનાઓ, જે સંસ્કૃતિઓ લુપ્ત થવા માંડી છે, જે પ્રાચીન પદ્ધતિ હતી એ પ્રાચીન

પરમ્પરાઓમાં આજે અર્થકરણ ઘુસી ગયું હોય એમ મને ચોક્કસ લાગે છે. પણ એને લીધે આ સેવાઓ ઘટી ગઈ હોય એવું મને નથી લાગતું, પરંતુ વર્તમાન લોકોમાં જે લૌકિકતાઓ વધી ગઈ છે - પ્રવાહિતા વધી ગઈ છે અને લોકોમાં બીજાં બધાં કાર્યોમાં રસ-રુચિ વધ્યાં છે તેથી કરીને લોકોને આ સેવા પ્રકાર બન્ધન રૂપ લાગે છે. એટલે વર્તમાન સમય, સેવાઓ બાબતમાં વડીલોએ જે બાળકને કહ્યું હોય કે આટલું તો તારે કરવું જ જોઈએ તે, અત્યારના કાળમાં લોકોની જીવવાની રીત-ભાત-પદ્ધતિ આ બધી બાબતો વધુ જવાબદાર છે. કારણ કે બધીજ જાતના સંયમો અને તપ વર્તમાન સમયમાં ધીરે ધીરે જતા જાય છે. અપ્રસને હું એક તપ રૂપમાં જોઉં છું એ ખોટી છે એમ પણ હું નથી માનતી, એ એક જાતની તપશ્ચર્યા છે એ વાત ચોક્કસ છે, અત્યારે થોડા દિવસ પહેલાં જ અમેરિકામાં એક છોકરાએ મને કહ્યું હતું કે આપણે જોડા શું કામ બહાર કાઢવા જોઈએ? કારણ કે એ ક્રિશ્ચિયનોની સ્કૂલમાં -મીશનોમાં એવી રીતે લોકોને પ્રેયર કરતાં જુએ છે. પછી એક જણે તો મને એવું કહ્યું કે જેમ ડ્રાઈવ ઈન સીનેમાઘરો હોય છે એવીજ રીતે આપણા મન્દિર બનાવીએ તો મોટરમાં બેઠાં બેઠાં જ ઠાકોરજીનાં દર્શન થઈ જાય. એટલે લોકોની મનોરુચિ એટલી બધી છીછરી બની ગઈ છે અને એટલી છીછરી મનોવૃત્તિને અનુરૂપ જેમ જેમ આપણે પરિવર્તન કરતા જઈશું તેમ તેમ મને લાગે છે કે આપણે આપણી સીમાઓથી બહુ દૂર ચાલ્યા જઈશું. આટલું બધું પરિવર્તન પણ જરૂરી નથી કે જે આપણી હિન્દુધર્મની સીમાઓને તોડી નાંખે અને આપણી સામ્પ્રદાયિક મૂળ પ્રણાલિકાઓને તોડી નાંખે.તેમજ એટલી બધી જડતાઓ પણ જરૂરી નથી કે આજના સમયમાં માણસ પાળી ન શકે. એટલે મધ્યમ માર્ગે આપણે ચાલવું જોઈએ.

**પ્રશ્ન-૭** આજે જે આપણા પુષ્ટિમાર્ગીય મન્દિરોમાં તે પછી ટ્રસ્ટનાં હોય કે પ્રાઈવેટ હોય ત્યાં જે રીતે આજે પૈસાનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે અને મનોરથોના જે રીતના પ્રકારો આજે ડેવલપ થયેલાં છે જેમાં મેં આ કરાવ્યું - મારા પૈસાથી આ થયું વગેરે જે લોકો માને છે અને બોલે પણ છે, તે બધું આપને પુષ્ટિમાર્ગને અનુકૂળ લાગે છે ખરું ?

**ઉત્તર -૭** નવ્વાણુ ટકા નથી લાગતું. કારણ કે ગિરિરાજ બાવાનું મન્દિર ચલાવ્યા પછી, અહીંની પ્રણાલિકાઓ જોયા પછી ઘણીવાર લોકો આવી રીતે આવ્યા, જો કે અમે એક નિયમ રાખ્યો કે કોઈ સામગ્રી વગેરેના નામ લેવા નહિ -કશું કહેવું નહિ, પરંતુ આ વખતનો અધિકમાસનો મારો અનુભવ કહું કે જે દરેક વખતે મને થયો નથી. સુન્દર સજાવટો કરી, લોકો પુષ્કળ આવ્યા પણ એમ લાગ્યું જાણે લોકો જેમ ગણપતિને જોવા કે બીજી સજાવટો જોવા જાય છે એ રીતે લોકો માત્ર પ્રદર્શન જોવા જ આવતા હતા એવી મને અંદરથી ફિલીંગ થઈ. એટલે આ કરીને પણ મને લાગે છે કે આ પ્રણાલિકામાં ક્યાંક પરિવર્તન કરવું જોઈએ. આ મન્દિર પદ્ધતિમાં ચોક્કસ કશુંક ખૂટી તો રહ્યું જ છે. હું એમ પણ નથી માનતી કે મન્દિર પદ્ધતિ બન્ધ થઈ જવી જોઈએ અને હું એમ પણ નથી માનતી કે જે મન્દિર પદ્ધતિ આજે છે તે બરાબર છે. એટલે એમાં શું પરિવર્તન હોવું જોઈએ, તો ઘણીવાર વિચાર કરતાં એમ લાગે છે કે ગુરુગૃહમાં કે ભગવન્મન્દિરોમાં નિવાસ કરવા આપણા શિષ્યો-ત્યાગી શિષ્યોની પદ્ધતિઓ હતી કે જે નોકરી કર્યા વગર કેવળ સેવાભાવનાથીજ કરતા હોય તેવી પંક્તિઓ લુપ્ત થઈ ગઈ છે. આપણી પાસે ચતુર્થાશ્રમનો સંન્યાસી વર્ગ નથી. તો પણ આપણી પરમ્પરામાં જોઈએ છીએ તો **‘अव्यावृत्तो भजेत् कृष्णम्’** અવ્યાવૃત્ત બનીને કૃષ્ણને ભજે, ઘણા લોકો પહેલાં શ્રીજીબાવાની સેવામાં એમને એમ રહેતા હતા, શ્રીમહાપ્રભુજીની સેવામાં રહેતા હતા એવા વૈષ્ણવોના દાખલાઓ આપણે જોઈએ છીએ. તો એવા વૈષ્ણવ કે જેને સંન્યાસ લેવાની પણ જરૂર નથી અને છતાં પણ કુટુંબ પરિવારમાં પણ બહુ ઓતપ્રોત થવાની જેને જરૂર નથી એવો જો એક વર્ગ ઊભો કરવામાં આવે અને મન્દિરોમાં એવા વર્ગને આપણે

પોષણ આપીએ જેને 'તદીય વૈષ્ણવજન' આપણે કહી શકીએ, નામ ગમે તે આપીએ પણ એવાઓનો જો એક વર્ગ ઊભો કરીએ કે જે ભગવત્સેવા પરાયણ હોય, જેને પોતાની લૌકિક બહુ ચિન્તાઓ ન હોય અને એ સેવા - સ્મરણ અને સમ્પ્રદાયના કાર્યોમાં પોતાનો વધુ સમય આપી શકે, તો આખો પ્રશ્ન બહુજ જુદી રીતે ઉકેલી શકાય તેમ છે.

**પ્રશ્ન -૮** તો પછી વ્યક્તિગત સેવાનું સમાજ માટે જાહેર પ્રદર્શન એ સમાજને સંસ્કૃતિમાં વાળવા માટે એક મન્દિરની સ્થાપના કરીએ અને ત્યાં લોકો આવે જાય અને તેથી ત્યાં લોકોની આત્મીયતા કેળવાય એ વાત જુદી છે; પણ આપણી વ્યક્તિગત ભગવત્સેવા એનું જાહેર સામાજિકકરણ એ યોગ્ય છે ? અયોગ્ય છે ? કે એમાં કોઈ ફેરફાર છે ?

**ઉત્તર-૮** એક વાત ચોક્કસ છે કે તમે કહો છો એ પ્રમાણે યોગ્ય તો બહુ લાગતું નથી કારણ કે તેથી બન્ધનો બહુ લાગી જતાં હોય છે. લોકોને માટે આપણો ઘણો સમય જાય છે અને પરિણામે આપણી જે ચિત્તની એકાગ્રતા છે એમાં વિક્ષેપો આવેજ છે. એટલા માટે વ્યક્તિગત સેવા વ્યક્તિગત રાખીને અને મન્દિરનો પ્રકાર પણ અલગથી રાખવો જોઈએ.

**પ્રશ્ન-૯** **'चेतस्तत्प्रवणं सेवा'** શ્રીમહાપ્રભુના આ વાક્યનો આધાર લઈને પ્રાયઃ વિદ્વાનો દ્વારા એમ સાંભળવામાં આવે છે કે પુષ્ટિમાર્ગમાં તો ભગત્સેવા જ સેવા છે. એટલે પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા સિવાય ઈતર સાથે સેવા શબ્દ સાંકળી શકાય નહિ. જે અન્યાશ્રયની આપ વાતો કહી ગયા એમાં આ બધી વાતો આવી જાય છે રામસેવા, નરસિંહસેવા, દેવીસેવા, પંચદેવસેવા વગેરે. તો પછી જ્યારે પુષ્ટિમાર્ગમાં બીજા કોઈની પણ સેવા કરવાની નથી તો પછી માનવસેવા એ અન્યાશ્રય નહિ કહેવાય?

**ઉત્તર-૯** એક વાત તમને કહું કે જ્યારે આ સેવા શબ્દ આપણે વાપરીએ છીએ ત્યારે ચોક્કસ ભક્તિપૂર્વક શ્રદ્ધાપૂર્વક જે આપણું કર્તવ્ય છે એ ભગવત્સેવા જ છે. પરંતુ આપણા આત્મીય ધર્મ તરીકે ભગવત્સેવા છે. શ્રીમહાપ્રભુજીએ દેહધર્મ અને આત્મીયધર્મ એમ બે પ્રકારે ધર્મ બતાવ્યા છે. તો આ દેહ જ્યાં સુધી છે એ પિતાનો છે તો પિતાની સેવા પણ જરૂરી છે. આ દેહ માતાનો છે, આ દેહ કોઈ દેશનો છે, આ દેહ કોઈ સમાજનો છે, આ દેહ જુદી જુદી અનેક વસ્તુઓ સાથે સંકળાયેલો છે, તો જેના જેના આપણે ઉપકારો લીધેલા છે એ ઉપકારોનું ઋણ ચુકવવા માટે આ સેવાઓ સમાજમાં જરૂરી છે. બીજી વાત એ પણ છે કે દરેક દેશમાં પોતપોતાની એક માંગ હોય છે. ધારો કે ભારત ગરીબ દેશ છે તો એની આ માંગ છે. તો આપણે જેમ પ્રભુના દાસ છીએ તેમ લૌકિક રીતે આપણે દેશના નાગરિક પણ છીએ. તો લૌકિક રીતે જો આપણે ખાવું પીવું વગેરે બધું કરતા હોઈએ તો લૌકિક રીતે આ બધાં કર્તવ્યો પણ આપણે કરવાં જોઈએ. હું આને અલૌકિક કર્તવ્યો કહેતી નથી પણ એને દેહધર્મ સમજીને નિર્વાહ કરવાનું કહું છું અને એ જો દેહધર્મનો નિર્વાહ ન કરે તો જેમ એક પિતાની સેવા પુત્ર ન કરે તો એ નિંદાને પાત્ર બને છે, પતિની સેવા પત્ની ન કરે તો એ નિંદાને પાત્ર બને છે એવી રીતે શ્રીમહાપ્રભુજીએ આપણને કહ્યું છે કે **'लौकिकं वैदिकं चापि कापट्यात्तेषु नान्यथा'** તો એ મુજબ લૌકિક અને વૈદિક કર્મો કરવાની આપણને આજ્ઞા કરેલી છે. તો એ આજ્ઞા પ્રમાણે પણ આપણે આપણો ભગવદ્ધર્મ સમાજમાં વગોવાય નહિ એટલા માટે પણ આ કૃતિઓ કરવી જોઈએ. ઉપરાન્ત દયાની પણ વાત કહેવાઈ છે,આપણે આવા કાર્યોમાં પ્રવૃત્ત થઈએ તો એ કંઈ ખોટું નથી. એજ ભગવત્સેવા છે એમ નથી માનતી, એ આપણી કરુણાની અભિવ્યક્તિ છે.

**પ્રશ્ન-૧૦** આજે જે તિરુપતિબાલાજી જેવાં મન્દિરોમાં ઠાકોરજીના નામ પર આવેલું દ્રવ્ય સમાજસેવામાં કે બીજા ઉપયોગમાં જાય છે તેને આપ

યોગ્ય ગણો છો ? કે અયોગ્ય ગણો છો ?

**ઉત્તર-૧૦** આ પ્રશ્ન એટલો જટીલ છે કે આ દેવદ્રવ્ય બન્યું કે ન બન્યું ? પહેલો પ્રશ્ન આ બહુ જબરદસ્ત છે.

**પ્રશ્ન-** દેવદ્રવ્ય કરતાં પણ એક વ્યક્તિએ દેવને માટે આપેલો પૈસો. તમને એક વ્યક્તિએ હોસ્પિટલ માટે પૈસા આપ્યા, હવે એ પૈસાને તમે હોસ્પિટલમાં ન વાપરી સ્કૂલમાં વાપરી નાંખો તો એને જેમ આજના વ્યવહારમાં બરાબર ગણાતું નથી, એક બાબત માટે આપેલા પૈસા એ બીજા પ્રોજેક્ટમાં વાપરી ન શકાય, તેમ આપનારે એ શ્રદ્ધાથી પૈસા આપ્યા છે કે આ ભગવાનમાં-ભગવાન માટે વપરાય તે અર્થે એણે આપ્યા છે અને શ્રદ્ધા છે કે આ મન્દિરમાં આપીશ તો શ્રીબાલાજીના કોઈને કોઈ કામમાં આવશે. જો એને સરકારી કે સામાજિક કાર્યોમાં આપવાની ઈચ્છા હોતે તો તેને માટે તો બીજી સંસ્થાઓ હતીજ અને એ ત્યાં આપીજ શકતો હતો, પણ એણે ત્યાં નહિ આપીને અહીં આપ્યા છે, તો એવા આવેલા પૈસાનો બાલાજીથી કે એમના કામથી ઈતર કાર્યોમાં ઉપયોગ કરવામાં આવે એ શું બરાબર છે ?

**ઉત્તર-** એ ખોટું જ છે બાવા ! પણ એથી ઊલટું મેં શું જોયું કે ભગવાનનો પૈસો જે મન્દિરમાં જે મહારાજમાં કે જે મહન્તને કે જે વ્યક્તિને સોંપવામાં આવ્યો એ પૈસાનો ઉપયોગ જો એ ભોગ અને રંગરાગમાં કરતો હોય અને પોતાના નિજાનન્દ અર્થે કરતો હોય એ જેટલું ખોટું છે, એટલે આ રસ્તો કદાચ આવ્યો હોય એમ હું માનું છું. એ જે ભગવદ્ દ્રવ્ય હતું એ ભગવદ્ દ્રવ્યનો ઉપયોગ અત્યાર સુધી પોતાના રંગરાગમાં અત્યન્ત કર્યો એના રીએક્શન તરીકે આ પદ્ધતિ આવી છે.

**પ્રશ્ન-** આ આપના જવાબથી તો એમ ફલિત થાય છે કે એકે

ચોરી કરી એમાં પાંચ જણા હતાં, બાકીનાઓએ કહ્યું તું એકલો શા માટે ખાય, આપણે પાંચ જણાં કેમ ન ખાઈ જઈએ ?

**ઉત્તર-** પણ જ્યાં પાંચ માણસો ભેગા થશે ત્યાં સમાજ ઊભો થવાનો અને સમાજની સાથે અર્થકરણ આવશે. એટલે ભેગા થયેલા પાંચ માણસોએ નક્કી કરવું પડશે કે કયો પૈસો સીધો ઠાકોરજી માટેનો છે અને કયો પૈસો ઠાકોરજીમાં સીધો અંદર ન જાય. કારણ કે જો એક ઠેકાણે બધું કેન્દ્રીકરણ થવાનું છે તો એ કેન્દ્રીકરણ થયા પછી પ્રશ્ન તો આવવાનો જ છે કે ક્યાં સુધી કઈ વસ્તુનો કેટલો વિનિયોગ થાય અને અર્થકરણમાં એ વસ્તુ વધશે અને વધશે એટલે એનો સદુપયોગ થશે યા દુરુપયોગ થશે, છતાંએ બીજો ઉપયોગ થવાનો છે, વાપરવાના ક્ષેત્રો સુધી વપરાય અને છતાંય જો વધારે આવશે તો તે વધવાનું જ છે. એટલે એના વ્યવસ્થાપકોએ પહેલેથી જ એવી વ્યવસ્થા કરવી જોઈએ કે જેથી એ આવનાર દ્રવ્ય ભગવદ્ દ્રવ્ય ન બનતાં બીજું દ્રવ્ય બનતું હોય, જેથી બીજાં કાર્યોમાં એ સીધું વાપરી શકાય. એટલો બધો સંગ્રહ ન થઈ જવો જોઈએ કે એ વધારો ભોગમાં જાય કે બીજાના યોગમાં જાય. કારણ કે જ્યાં મન્દિર આવ્યું જ્યાં ૧૦૦ માણસો ભેગા થયા, ત્યાં સમાજ બનશે અને સમાજની સાથે પ્રસિદ્ધિ આવશે અને પ્રસિદ્ધિની સાથે પૈસો આવવાનો છે. એ પૈસો આવ્યા પછી એનો શો ઉપયોગ કરવો એ પણ પ્રશ્ન આવવાનો છે. પ્રભુમાં વાપરતાં વાપરતાં માણસ કેટલું વાપરશે? અને પછી પ્રભુના નામ પર ભોગ જ થવાનો છે કે પછી કંઈ બીજું થવાનું છે ? એ મિજલસો થાય, એ મોટા મોટા મનોરથો થાય, અન્તે તો એ પ્રભુના નામ પર ભોગ જ થવાનો છે. એટલા માટે યા તો વિચારકોએ વિચારવું પડશે કે પ્રભુના નામ પર કેટલો પૈસો જવા દેવો છે. એવી વ્યવસ્થાઓ પહેલેથીજ ગોઠવી રાખવી જોઈએ.

**પ્રશ્ન-** જરૂરિયાત ન હોય તો ના ન કહેવાય આપણાથી એ

લોકોને ? હવે નહિ આપતા, પતરાળામાં જેટલું જોઈતું હોય તેથી વધુને માટેના ન કહેવાય ?

**ઉત્તર -** પણ લોકો નાંખી જાય છે, ધારો કે તમે ઠાકોરજીની પેટી (ગોલખ) મૂકી....

**પ્રશ્ન -** પેટી નહિ મૂકવી જોઈએ ?

**ઉત્તર-** પેટી નહિ મૂકશો તો લોકો છૂટું મૂકી જશે. સાંભળો ! એના ઘણા દાખલાઓ છે. તો પછી પેલો સેવા કરનાર છે એજ ખિસામાં મૂકી દે છે. ડાભામાં શ્રીમહાપ્રભુજીની બેઠકનો દાખલો કહું ત્યાં અમે પેટી નહોતી મૂકી અને ઝારી ભરવા વગેરે માટે સેવા લેવાનું પણ નહોતા માનતા, કારણ કે આ બધું કરવું એ ખોટું છે. આનો દુરુપયોગ થયો અને આવનારાઓને ત્યાં રહેનાર વ્યક્તિએ કહ્યું અહીં ઝારીના આટલા પૈસા મૂકો, તેમજ આવતી બધી ભેટો ખિસામાં મૂકવા માંડી. એટલે ક્યાંકને ક્યાંક પૈસાનો કોઈક તો ઉપયોગ થવાનો જ છે અને આ આપણા શ્રદ્ધાળુ લોકો કે પછી અંધશ્રદ્ધાળુ લોકો એમને સમજાવવું ઘણું અઘરું છે. એટલે આનું નિરાકરણ તો પ્રજા સમજે તો જ આવી શકે તેમ છે. કેટલી વખત મેં લોકોને કહ્યું તોએ લોકો એમને એમ મૂકી જાય છે. મહેતાજીને પૈસા આપી અમારે પાવતી જોઈતી નથી એમ કહી ચાલ્યા જાય છે અને પાવતી વગરનો પૈસો મહેતાજીના ખિસામાં જાય છે. પાવતી આપીએ છીએ તો આપણે લેવડ-દેવડ કરીએ છીએ એવું દેખાય છે. અતઃ આ પ્રશ્નોનો વિચાર પણ બહુ લાંબી દૃષ્ટિથી કરવા જેવો છે. કારણ કે ભેગા મળ્યા, સમાજ થયો, પ્રસિદ્ધિ આવી, અર્થકરણ થયું. તો એ પૈસો ન આવે અને આવે તો શું કરવું એને માટે ઘણો વિચાર માંગી લે છે.

**પ્રશ્ન-૧૧** હવે એક રમૂજનો પ્રશ્ન પૂછી લઉં. કેટલાક વિશેષ અર્થમાં આપના પ્રશંસક લોકો આપને **મધર ટેરેસા** નામે આલેખે છે. આ બાબતમાં આપની શી ટિપ્પણી છે ?

**ઉત્તર -૧૧** (હસીને) મધર ટેરેસા અને ઈન્દિરાબેટીજી એ બન્ને વ્યક્તિત્વ સાવ ભિન્ન ભિન્ન છે. મધર ટેરેસા એ ઈસુખ્રિસ્તના ભક્ત છે અને ઈન્દિરાબેટીજી વિશુદ્ધ રીતે જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજીની ચરણ કિંકરી છે. મધર ટેરસાનું તો લક્ષ્ય જ માનવસેવા અને માનવસેવા એ તો એક બહાનું છે પરંતુ તે નામે એ એક વટાળ પ્રવૃત્તિ છે.જ્યારે ઈન્દિરાબેટીજીનું તો સ્પષ્ટ જ દૃષ્ટિકોણ શ્રીમહાપ્રભુના ચરણારવિંદમાં બેસીને શ્રીવલ્લભના પથ પર ચાલવાનું છે. મધર ટેરેસાને કોઈ સેવા જેવું તત્ત્વ નથી. જ્યારે શ્રીમહાપ્રભુજીની આ પુત્રીએ જ્યારથી શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો વાંચવાનું ચાલુ કર્યું છે ત્યારથી અન્યાશ્રય અને અસમર્પિતના ઉપયોગનો ત્યાગ કરેલો છે. અને ભગવત્‌સેવાનેજ જીવનમાં મુખ્ય રાખીને જ જેમ હમણાં મેં તમને કહ્યું તે રીતે ગૌણ રૂપે એ બીજાં કાર્યોમાં પ્રવૃત્ત થાય છે. અને એમાં પણ જ્યારે પુષ્ટિસમ્પ્રદાય ઉપર ઘણા-ઘણા આક્ષેપો કરવામાં આવ્યા ત્યારે એમ લાગ્યું કે આપણે જો સમાજથી જુદા ચાલીશું તો વૈષ્ણવો તેમજ બીજાઓ શ્રીમહાપ્રભુજીની વિચારધારાનો બહુજ ખોટો અર્થ કરશે. એટલે વલ્લભસમ્પ્રદાયમાં પરમ્પરામાં ઈન્દિરાબેટીજી નામની એક (શ્રીમહાપ્રભુજીની) પુત્રી છે એને કેવળ શ્રીમહાપ્રભુજીનાંજ ચરણારવિન્દમાં અનુરાગ છે,આશ્રય છે. મધર ટેરેસા એ જુદું વ્યક્તિત્વ છે, ઈન્દિરાબેટીજી એ જુદું વ્યક્તિત્વ છે અને બન્નેની સમજ પણ જુદી જુદી છે.

**પ્રશ્ન-૧૨** કેટલાક લોકોનો આપના ઉપર એક આક્ષેપ છે કે આપ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને પુષ્ટિલક્ષ્યમાંથી ચ્યુત કરી એમને માનવસેવાના એક

જુદા જ લક્ષ્ય પ્રતિ દોરી રહ્યા છો ?

**ઉત્તર-૧૨** આજ દિન સુધી એવું બન્યું નથી, માણસો પુષ્ટિલક્ષ્યમાં રહી વધારાનો ફાલતુનો સમય બગાડતા હોય અને એવાઓને માનવસેવાના કાર્યમાં લઈ જવામાં આવે તો કોઈ વાંધો નથી. સેવાના સમયે અથવા તે સમય બાદ કરતાં બાકીના સમયમાં ટી.વી. જોવું, પાનાઓ રમવા, હસી મજાક કરવા અને નકામી નિંદા-કૂથલીઓ કરવી એના કરતાં સત્કર્મ કરવામાં આવે એ કંઈ ખોટું નથી.

**પ્રશ્ન-૧૩** આપના અંગેનો સહુથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે અત્યારે ઘણા લોકો તરફથી ઘણા નહિ તો કેટલાક લોકો તરફથી આપના ઉપર સતત એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે આપ ***'ભંડોળી ભાગવત'*** કરો છો અને શ્રીમહાપ્રભુજીએ જે પોતાના ગ્રન્થોમાં ભાગવતનો ઉપયોગ બીજા કોઈ પણ અર્થે ન કરવો એમ **'पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्'** કહ્યું છે, તેમ છતાં પણ આપ ભાગવતના નામથી સામાજિક કાર્યો માટે દ્રવ્ય ભેગું કરવા આયોજન કરો છો, એટલે શ્રી મહાપ્રભુજી **'सर्वहेतुविवर्जितम्'** કહ્યું હોવા છતાં આપ ભાગવતનો સામાજિક હેતુઓમાં ઉપયોગ કરો છો, એટલે કે સામાજિક કાર્યોને પૂર્ણ કરવા માટે આપની ભાગવત સપ્તાહનાં આયોજનો થાય છે એવો આપના ઉપર સ્પષ્ટ આક્ષેપ છે. તે આક્ષેપનું આપ નિવારણ કરવા માંગો છો ? કે સ્વીકારી લેવા માંગો છો ?

**ઉત્તર-૧૩** ના, આ આક્ષેપનું હું નિવારણ કરવા માગું છું. ***ભંડોળી ભાગવત હું નથી કરતી*** એ સ્પષ્ટ છે. હવે હું તમને સમજાઉં બાવા ! કે જ્યારે મેં ભાગવતજીની શરૂઆત કરી તે દિવસે ભંડોળ શું એવું કંઈ હું સમજતી જ ન હતી. ભગવત્ પ્રેરણા હતી, શ્રી નરહરિ મહારાજ પાસે અભ્યાસ કરતી હતી અને અભ્યાસ કરતાં કરતાં મને એમ લાગ્યું કે એમને

કંઠમાં બહુ શ્રમ પડે છે તેથી મારે એમને સહયોગ આપવો જોઈએ અને એ સહયોગ આપવા માટે મેં શ્રી ભાગવતજીની શરૂઆત કરી. એ વખતે મેં જોયું કે શ્રી નરહરિમહારાજ કંઈ ભંડોળ માટે ભાગવત નહોતા કરતા અને છતાં એ પ્રસંગે ડોનેશન રૂપે, કારણ કે સમાજ એકઠો થાય, લોકો ભેગા થાય ત્યારે ડોનેશન રૂપે, જે કંઈ દ્રવ્ય એમની પાસે આવતું એ બધું દ્રવ્ય શ્રીનરહરિમહારાજ શ્રીકલ્યાણરાયજીના ઘી ફંડમાં અને શ્રીમહાપ્રભુજીની બેઠકોના જીર્ણોદ્ધારમાં વાપરતા હતા. તો આ પ્રશ્ન તે દિવસે કોઈ ગોસ્વામીને ઊઠ્યો ન હતો. શ્રીકલ્યાણરાયજીના ઘી ફંડનું ટ્રસ્ટ પણ એમણે આજ રીતે બનાવ્યું છે અને એ વખતે જે લોકો ભેગા થતા હતા અને તેથી ભંડોળ આવતું હતું તે ભંડોળ માટે ભાગવત કરતા ન હતા. પરંતુ સમાજ એકઠો થાય અને એકઠો થઈને જે કંઈ એમને દ્રવ્ય આપે એ દ્રવ્યથી જ આ બેઠકજીઓના જીર્ણોદ્ધાર થયા છે. વ્રજની પ્રાયઃ બેઠકોમાં જોશો તો ત્યાં શ્રીનરહરિમહારાજનું નામ જોઈ શકાય છે. એવી જ રીતે એમનું શ્રીકલ્યાણરાયજી ઘી ફંડ આજે પણ ચાલી રહ્યું છે. તો મેં એમની જે પ્રક્રિયા જોઈ ત્યારે મને પણ એમ થયું કે હું એમને સહયોગ આપું. કારણકે એ પોતાને માટે પણ કશું જ રાખતા ન હતા. એ ભંડોળ માટે પણ કરતા ન હતા, છતાં સમાજ જ્યારે ભેગો થાય છે ત્યારે કંઈને કંઈ દ્રવ્ય રૂપે પ્રાપ્ત થતું હોય છે. એ પછી - એમના ગયા પછી આ પ્રવૃત્તિ વધુ મોટા પ્રમાણમાં શરૂ થઈ ગઈ. આજ દિન સુધી ભંડોળ ભેગું કરવા માટે મેં શ્રીમદ્ભાગવત કથા નથી કરી છતાં કેટલીકવાર છાપવામાં ભૂલ કરી હશે, મારા કીધા વગર ફલાણા - ફલાણા હેતુને માટે આયોજન કર્યું છે, આવા શબ્દો વાપર્યા હશે અને તે વખતે આયોજકો સાથે મારા ઘણા મતભેદો પણ પડ્યા હશે કે આ આયોજન કોઈપણ જાતના ભંડોળ માટે નથી એ સ્પષ્ટ છે. એટલા માટે જ્યાં બ્રાહ્મણોને દક્ષિણા વગેરેની વ્યવસ્થામાંજ આનો ઉપયોગ કરવામાં આવે છે એટલે જેમને યજમાન બનાવવામાં આવે છે તેમનાથી જે દ્રવ્ય લેવામાં આવે છે ત્યારે એમજ એમને પણ કહેવામાં આવે છે કે તમારા આ દ્રવ્યનો ઉપયોગ

વ્યવસ્થા પૂરતોજ છે. તો એ વ્યવસ્થા માટે એ લોકો યજમાનો બનાવે છે અને આખી પ્રક્રિયા એ લોકો આ રીતે ચલાવે છે. હવે એ પ્રસંગે જે લોકો ભેગા થાય અને ભેગા થઈને કોઈ એક ઉદ્દેશ્યને માટે ડોનેશન આપતા હોય તો એ ડોનેશનથી ભંડોળ માટે ભાગવત કર્યું છે એમ કહી શકાય નહિ, કારણ કે સમુદાય જ્યારે ભેગો થાય ત્યારે ભેગા થયેલા સમુદાયમાં તમે કોઈ પણ એક પ્રવૃત્તિ કરી શકો. દાખલા તરીકે ભાગવતજીની પોથી ઉપર જે દ્રવ્ય આવે તે બધું દ્રવ્ય ગાયોના કામમાં જાય છે.

**પ્રશ્ન-** એ કઈ ગાયોમાં જાય છે ?

**ઉત્તર-** એ જુદી જુદી ગાયોમાં જાય છે. તેવી જ રીતે આરતીમાં પણ જે દ્રવ્ય આવે છે એ પણ બધું ગાયોમાંજ જાય છે. તેવા દ્રવ્યને જુદી જુદી ગૌશાળાઓમાં આપી દેવામાં આવે છે. એ પ્રસંગે જે તે ટ્રસ્ટને લોકો ડોનેશન આપે તે તે ટ્રસ્ટમાં જમા થાય છે. દાખલા તરીકે કોઈ એક યજમાન બન્યો હોય તો એ યજમાન કેવળ ભાગવતજીનોજ નથી હોતો; પણ એ પણ કહે છે કે હું એકાવન હજાર આપું તો તમે મારું નામ ફલાણા ઉપર લખાવશો ? તેથી તે ત્યાં નામ લખાવાનું છે તેનો તે યજમાન બન્યો છે, પરંતુ તેને વિશિષ્ટ લાભ પૂજનનો આપવામાં આવે છે. કંઈ ભંડોળ માટે ભાગવત થાય છે એમ બરાબર નથી. જો કે આપણો સમાજ એવો છે, એની દૃષ્ટિ એવી છે, પરંતુ સમાજની દૃષ્ટિને બદલતાં બદલતાં ઘણો સમય લાગશે. એટલા માટે હવે હું સ્પષ્ટીકરણ જ કરું છું કે જો તમે હેતુ શબ્દ લખશો તો હું નહિ આવીશ. પરંતુ એ પ્રસંગે ભેગા થયેલા ભંડોળને સારા કામમાં વાપરે તો મને કોઈ આપત્તિ પણ નથી હોતી. એટલે હું ભંડોળી ભાગવત નથી કરતી.

**પ્રશ્ન-૧૪** ઘણા લોકોને અત્યાર સુધી ખ્યાલ નથી કે શ્રીમદ્ ભાગવત

સપ્તાહ કરવાનું જ્યારથી આપે આરંભ્યું ત્યારથી આપ જે આમંત્રણોનો સ્વીકાર કરો છો તે આમંત્રણોને સ્વીકારવામાં કાર્યક્રમ અંગેની શું શું સંહિતા કે નિયમો આપના હોય છે કે આ હોય તો જ આમંત્રણ સ્વીકારું અથવા આ હોય તો હું ન સ્વીકારું, તેની વિગત જણાવવા કૃપા કરશો ?

**ઉત્તર-૧૪** મારી પહેલી સંહિતા એ છે કે હું કોઈની પાછળ કથા સ્વીકારતી નથી. બીજી વાત એ છે કે હિન્દુસમાજ હોવો જોઈએ એ રીતે હું કથા સ્વીકારું છું. ત્રીજી વાત એ છે કે મારો વ્યક્તિગત નિવાસ અને મારા ઠાકોરજીનો પ્રશ્ન છે ત્યાં સુધી આવી સમિતિમાંથી એનો વ્યવહાર થવો જોઈએ નહિ. પણ ગામોમાં જે વૈષ્ણવસમાજ છે તે જ મારા સમ્બન્ધી બધી વ્યવસ્થામાં રસ લે છે.

**પ્રશ્ન -** એટલે ભાગવત સપ્તાહના પ્રયોજનથીજે દ્રવ્ય આવેલું હોય છે એમાંથી આપની તપેલી વગેરેનો વ્યવહાર થતો નથી એમ બરાબર છે ને?

**ઉત્તર-** હા, બરાબર છે, આ રીતે વ્યવસ્થા હું ગોઠવડાવું છું. તે ઉપરાન્ત આ દિવસો દરમિયાન જે કોઈ પધરામણી પણ થાય છે તો તેમાં આવેલું દ્રવ્ય પણ ત્યાં જ કોઈ સારા કાર્યમાં વાપરવા અર્પણ કરી દઉં છું.

શ્રીમદ્‌ભાગવતજીની કથા હું સ્વકીય અર્થલાભ માટે નથી કરતી. ભંડોળ માટે પણ નથી કરતી. પુણ્યાર્જન માટે પણ નથી કરતી. પ્રસિદ્ધિ માટે પણ નથી કરતી. ઉપદેશ સ્વરૂપે નથી કરતી. હું તો કેવળ ભગવદ્‌ગુણાનુવાદ સ્વરૂપે જ સ્વજીવનને ધન્ય બનાવું છું. ભગવત્ પ્રેરણાથી ભગવદ્ આદેશ સમજી પ્રભુ જે રીતે જે કાર્ય કરાવે એ કાર્ય કરવા તત્પર રહું છું.

**પ્રશ્ન-૧૫** આપ વ્યાસપીઠ પર બેસીને ભાગવત કથા કરો છો ? કારણ કે આપની જ્યાં પણ કથા હોય છે ત્યાં ત્યાં વચમાં એક પીઠ એવી ગોઠવવામાં આવે છે જેના ઉપર શ્રીમહાપ્રભુજીનું વિશાલ ચિત્ર બિરાજમાન હોય છે અને બાજુમાં એક બીજી પીઠ હોય છે જેના ઉપર આપ બિરાજો છો અને ત્યાંથી આપ કથા કરો છો, તેમજ શ્રીમહાપ્રભુજીવાળી પીઠની બીજી તરફ સ્થાપન - પૂજન વગેરે હોય છે. તેથી પ્રશ્ન ઉદ્ભવે છે કે આપ જ્યાં બિરાજો છો તે મુખ્ય વ્યાસપીઠ છે ? કે પછી શ્રીમહાપ્રભુજીના ચિત્રવાળી પીઠનું સ્થાન એ મુખ્ય વ્યાસપીઠ છે ?

**ઉત્તર-૧૫** મુખ્ય વ્યાસપીઠનું સ્થાન તો શ્રીમહાપ્રભુજી બિરાજે છે તે જ છે. પહેલાં તો એ કહું બાવા ! કે આ વ્યાસપીઠ શબ્દ બે રીતે વપરાતો મેં જોયો છે. એક તો વ્યાસજી જેવા મહાન્ ભગવદ્ અવતારની જ્ઞાનપરમ્પરા અને બીજી પૌરાણિક પીઠ એટલે બે રીતે હું મારી જાતને વ્યાસાસન ઉપર બેસવા યોગ્ય નથી સમજતી. કારણ કે જે વ્યાસજીની જ્ઞાનપરમ્પરા છે. શ્રીમહાપ્રભુજી જે વ્યાસપીઠ બિરાજે છે એ પૌરાણિક પીઠ નથી; પરંતુ જે વ્યાસજીની જ્ઞાનપરમ્પરા છે કે જે શ્રીવ્યાસજીનાં સૂત્રો ઉપર આપશ્રીએ ભાષ્ય લખ્યું છે, તો એના ઉપર શ્રીમહાપ્રભુજી જ બિરાજી શકે અને પૌરાણિક પીઠ પર તો શ્રીમહાપ્રભુજી પણ બિરાજતા નથી, એના ઉપર તો પૌરાણિક વૃત્તિવાળા જ બેસે છે. એટલે બન્ને રીતે હું મારી જાતને વ્યાસપીઠ પર બેસવાને યોગ્ય સમજતી નથી.

બાવા ! મારે જે સ્પષ્ટીકરણ કરવાનું હતું તે મેં કરી દીધું છે. આથી વિશેષ સ્પષ્ટીકરણની હું આવશ્યકતા જોતી નથી. તે છતાં પણ કોઈને સમાધાન ન થતું હોય તો ભગવદિચ્છા, વાદવિવાદોમાં પડવા કરતાં મને લાગે છે કે સમ્પ્રદાયને ઉપયોગી નક્કર પ્રવૃત્તિઓ કરવી વધારે હિતાવહ છે.

***સંપાદક :-*** આપે જે આપનો કીમતી સમય ફાળવી કેટલાક જરૂરી ઉપયોગી

પ્રશ્નોના ઉત્તરો આપ્યા એનાથી અમારા ‘આચાર્ય શ્રીવલ્લભ’ માસિક પત્રના ગ્રાહકો પર મહાન્ ઉપકાર થયો છે અને મને લાગે છે કે આપે આ ઉત્તરો આપીને સમાજમાં આપના અંગેની ઘણી ઘણી ગલત ફહેમીઓનું નિવારણ કરવાનો આપે પ્રયત્ન કર્યો છે. ફરીથી જો કોઈ વિશિષ્ટ પ્રશ્ન હશે તો અમે આપને આ મુજબ ફરીથી શ્રમ આપીશું. **નતયઃ ।**

• • • • • • • •

# પ્રશ્ન - ઉત્તર - ૭

## વિષય : પુષ્ટિમાર્ગ વર્તમાન

**પ્રશ્નકર્તા - સમ્પાદક 'આચાર્યશ્રીવલ્લભ' (માસિક પત્ર)**
**(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)**

**ઉત્તર આપનાર-પૂ.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી - વડોદરા.**

આ પ્રશ્ન ઉત્તર 'આચાર્યશ્રીવલ્લભ' (ગુજરાતી)માં વર્ષ-૮
અંક-૨ માં પ્રકાશિત થયા હતા.

(તા.૨-૨-૯૪ ના રોજ વડોદરા-નિવાસસ્થાને પ્રત્યક્ષ મુલાકાતમાં)

**- અત્યારે જે દરેકને વગર વિચાર્યે બ્રહ્મસમ્બન્ધ આપ-આપ કરાય છે તે ઉત્તમ પક્ષ તો નથી જ અને તેમાં સુન્દર પરિવર્તન કરવું જોઈએ.**

**- પુષ્ટિ સમ્પ્રદાયમાં ગાદી કે પીઠ જેવી વ્યવસ્થા પ્રાચીન કાળમાં થઈ જ નથી. તેમજ મુખ્ય કે ઉપગૃહ જેવું કંઈ છે જ નહિ અપવાદરૂપ તિલકાયત પદથી ઈતર બધા જ ગો. બાળકો સમાન જ છે તેથી તેમાં વૈષ્ણવોએ પડવું ન જોઈએ અને એકસાથે બિરાજમાન ગો. બાળકો હોય ત્યારે તેમનો આદર ગાદીના ક્રમે નહિ પણ વયસ્ ક્રમે જ કરવો જોઈએ.**

**- પુષ્ટિમાર્ગમાં મન્દિરપ્રથા આજની નહિ પણ ૩૫૦ વર્ષ પ્રાચીન છે પણ છેલ્લા ૪૦ વર્ષમાં એમાં જે પરિવર્તન આવ્યું છે એ પ્રાચીન પરમ્પરાથી વિપરીતછે અને તે ઘરમન્દિર નહિ પણ દેવસ્થાન પ્રકારનું છે. તેમ છતાં પણ આજની સ્થિતિ જોતાં તે બન્ધ થવી હિતાવહ નથી.**

**- મારા દ્વારા દેશ-વિદેશમાં જે કેટલાક મન્દિરોની સ્થાપના થઈ છે તેનું સ્વરૂપ ઘરમન્દિર નહિ પણ દેવસ્થાન જેવું છે અને એ સ્વમાર્ગીય સંસ્કૃતિ રક્ષણ, વૈષ્ણવોમાં ભાવવૃદ્ધિ વગેરે સમ્પ્રદાયનું હિત વિચારી કરી છે,**

**પ્રશ્ન-૧** અત્યારે વર્તમાનમાં જે કંઈ પણ પુષ્ટિમાર્ગ છે એ સમ્પ્રદાયના આધુનિક સ્વરૂપ-સ્થિતિ બાબતમાં આપની શી ટિપ્પણી છે ? ગોસ્વામી બાળકો, ગોસ્વામી બાળકો અને વૈષ્ણવોના પરસ્પર સમ્બન્ધો, મન્દિરો, આજે પરસ્પર કેટલાક વિવાદો ચાલી રહ્યા છે તે, મનોરથો આ બધી બાબતો ભેગી કરી એમ સામાન્ય રીતે કહી શકાય કે આ જે કંઈ પણ વર્તમાન છે એ બાબતમાં આપનું શું મન્તવ્ય છે ? અને આપની એ બાબત શી ટિપ્પણી છે ?

**ઉત્તર-૧** તમે જે પ્રશ્ન કર્યો એ ચાર પાંચ બાબતોનો સામૂહિક રીતે પ્રશ્ન કર્યો, અતઃ પ્રશ્નને વધુ સ્પષ્ટ કરવા થોડું વધુ ક્લિઅરિફીકેશન જરૂરી છે તે કરો.

**પ્રશ્નની સ્પષ્ટતા-** આજના સમ્પ્રદાયની જે વર્તમાન સ્થિતિ છે, શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિસમ્પ્રદાય સ્થાપ્યો અને તે પછી શ્રીપ્રભુચરણે એને વિકસાવ્યો એ પછીથી શ્રીહરિરાયજી - શ્રીપુરુષોત્તમજી વગેરેએ પોતાનાથી યથાશક્ય જે વ્યવસ્થાઓ આપી, ત્યારબાદ હમણાં છેલ્લા ૧૦૦ વર્ષની અંદર ધીમે ધીમે એની પદ્ધતિઓમાં, એના રીતરીવાજોમાં, એની મર્યાદાઓમાં,એનાં કાર્યોમાં જે પરિવર્તનો આવતાં ગયાં અને એનાથી આજે જે એક સ્વરૂપ સામે આવ્યું છે એમાં ટોટલ બધી બાબતો આવરી આજના આ સમ્પ્રદાયના સ્વરૂપ માટે આપ સન્તોષ ધરાવો છો ? અથવા, આજનું જે સમ્પ્રદાયનું સ્વરૂપ છે તેમાં આપ કંઈ પરિવર્તન ચાહો છો ?

**ઉત્તર- ૧** પ્રથમ તમારો પ્રશ્ન છે કે આને માટે સન્તોષ ધરાવો છો કે કેમ ? તો એમાં તો હું એટલું કહી શકું કે પરિસ્થિતિ તો નિતાન્ત અસન્તોષજનક છે. સમ્પૂર્ણ યા મહદંશે સન્તોષકારક તો નહિ જ કહી શકાય.

**પ્રશ્ન -** તો આપને ક્યાં ક્યાં અસન્તોષ છે ?

**ઉત્તર-** ઘણી બધી વસ્તુઓ એવી છે કે જેનો આજની પરિસ્થિતિ પ્રમાણે વિચાર કરીએ તો શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણના સમયમાં આની સ્થાપના અને એનો વિકાસ કરવામાં આવ્યો અને તે પછી તમે કહ્યું તેમ શ્રીગોકુલેશપ્રભુ - શ્રીહરિરાયજી જેવા મહાનુભાવોએ જેનું પોષણ કર્યું એ બધાની દૃષ્ટિએ વિચાર કરીએ તો આજે કંઈક સ્વચ્છન્દતા અને એથી ઘણી બાબતોમાં વિપરીતતા પણ યત્ર તત્ર સર્વત્ર અને અસ્મદાદિ વલ્લભકુળમાં પણ દૃષ્ટિગોચર થઈ છે, તે રીતે જોઈએ તો પણ એક અસન્તોષનું કારણ છે. તે ઉપરાન્ત વલ્લભકુળમાં પણ સિદ્ધાન્તના નામે કે વ્યક્તિગત વિવાદ કે વિતંડાવાદના નામે કે તેજોદ્વેષના ભાવથી પ્રેરિત થઈને જે વિગઠન અને પારસ્પરિક કુસંપ અને એકબીજા પ્રત્યેની અસામંજસ્ય યુક્ત નીતિઓ વગેરે એનાથી આપણા સમ્પ્રદાયને ઘણી ક્ષતિ પહોંચી રહી છે, આપણા કુળને પણ ક્ષતિ પહોંચી રહી છે અને એમાં પણ છેલ્લે છેલ્લે આવા બધા વિષયોને લઈને જાહેરમાં પણ વિવાદો સભાઓ દ્વારા કે પેપરો દ્વારા જે થઈ રહ્યું છે એ પણ બહુ મોટું ન્યુસંસ નવેસરથી આપણા સમાજમાં પ્રવેશ્યું છે અને એથી પણ આપણા સમાજને સમ્પ્રદાયને ઘણી મોટી ક્ષતિ થઈ છે. બહારથી જ સમ્પ્રદાયપરનાં આક્રમણો વર્ષોથી થઈ રહ્યાં છે,આજે એના પ્રકારો બદલાયા છે પરંતુ એની જે ગંભીરતા છે એ આજે પણ ઓછી થઈ નથી. આ રીતે વિચારીએ તો એનો જે પ્રતિકાર, એનો જે સામનો જે ઠોસતાથી થવો જોઈએ એ પણ આ બધાં કારણોસર થઈ શકતો નથી. સિદ્ધાન્તના નામે પણ જો વિચાર કરીએ તો સિદ્ધાન્તોનો કોઈ એકતર નિર્ણય એ વિતંડાવાદ જેવી પરિસ્થિતિમાં કે પદ્ધતિમાં કોઈ કાળે થશે નહિ, પરંતુ હું એમ માનું છું કે બધાએ બેસી આપણે કંઈક આમાંથી સંશોધન કરીએ એ વૃત્તિને લઈને અને સાંમનસ્યયુક્ત ભાવનાઓ લઈને એ રીતે જો આનો વિચાર કરવામાં આવશે તો જાહેરમાં નહિ પરંતુ હું પ્રાઈવેટ શબ્દ પણ વાપરતો નથી કારણ કે આમાં જાહેર કે પ્રાઈવેટ જેવું છે નહિ તેથી તેમ કહેવા કરતાં પણ બિનજાહેર રીતે આ વિષયના વલ્લભકુળમાંના જે તજ્જ્ઞ-વિદ્વાન ગોસ્વામી આચાર્યો છે કે વલ્લભકુળના બેટીજી કે પછી ભટ્ટવર્ગના પણ હોય કે શાસ્ત્રી-પંડિતો હોય કે કતિપય સાક્ષર વિદ્વાન વૈષ્ણવો પણ હોય એ બધાએ મળીને પોતાની દૃષ્ટિએ આ બધાનો વિચાર કરવાની આવશ્યકતા છે. આ રીતે પોતાના દાયરામાં રહીને સંશોધનવૃત્તિથી વિચાર કરવામાં આવે તો અને એવી બેઠકો યોજાય તો ભવિષ્યમાં સિદ્ધાન્ત વિષયની સત્યતા શી છે કે પછી શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીને શું અભિપ્રેત છે એનો કંઈક નિષ્કર્ષ નીકળી શકે છે. પણ એવું પણ આજે થતું નથી અને પરિસ્થિતિ ઓર વધારે ડહોળાઈ રહી છે. હવે તો એવું થઈ રહ્યું છે કે પક્ષો પણ પડી રહ્યા છે. પરમ્પરાથી આવતા ઘણા ક્રમો કેટલાક વલ્લભકુળનાં ઘરોથી પણ તૂટી રહ્યા છે. એ તૂટે કે રહે એ મહત્ત્વનું નથી પરંતુ એક પરમ્પરા જરૂર છિન્ન-ભિન્ન થઈ રહી છે એ વાત ચોક્કસ છે. એ વાત આખી જુદી છે કે એ પરમ્પરાઓની જાળવણી ક્યાં સુધી યોગ્ય છે ને ક્યાં સુધી અયોગ્ય છે. છિન્નભિન્ન થયેલી પરમ્પરામાં ઘણીવાર પાપડી ભેગી ઈયળ પણ બફાઈ જાય તેમ સારી વસ્તુઓ પણ નષ્ટ થઈ જાય છે, આવી ઘણી બધી પરિસ્થિતિ છે કે જેને હું અસન્તોષકારક ગણું છું.

**પ્રશ્ન-૨** સમ્પ્રદાયના માળખામાં આપ કયા કયા અને કેવી રીતના પરિવર્તનો વિચારો છો કે આ પરિવર્તનો હોવાં જોઈએ ?

**ઉત્તર-૨** સમ્પ્રદાયનું માળખું અને તેમાં પરિવર્તનો એ તમારો પ્રશ્ન છે. પણ પહેલાં તો આપણે બધા જે મેં પૂર્વમાં વર્ગ કહ્યો તે અને તેમાં ખાસ કરીને વલ્લભકુળ આચાર્યોએ આ વસ્તુ ખાસ વિચારવાની રહે છે કે આ સમ્પ્રદાયનું એઝ ઈટીઝ શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીની મૌલિકતા યુક્ત પરમ્પરા અને પદ્ધતિ છે એ રીતે આગળ એનું વહન થશે ? એક પ્રશ્ન આ

સામે આવીને ઊભો રહે છે. આજના દેશ કાળ અને પરિસ્થિતિ પ્રમાણે એ શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીને અભિપ્રેત પુષ્ટિમાર્ગની જે મૌલિક્તાઓ છે એનું વહન થશે કે કેમ ? અને ક્યાં સુધી થઈ શકશે એ પણ આજના સન્દર્ભમાં આપણે બધાએ વિચારવાની ઘણી આવશ્યકતા છે અને હું તો એમ જોઉ છું કે આવો ઉત્તમ પ્રકારનો માર્ગ અને આજના બિલકુલ અધિકારી નહિ એવા જીવો, તે પણ વિચારણીય બાબત છે. તે ઉપરાન્ત મન્દિર પ્રથા કે મન્દિર નહિ પ્રથા એ બધાનો પણ હું પહેલાં કહી ગયો તે રીતે આજના સમયમાં નિર્વાહ થશે? એ પણ વિચારણીય પ્રશ્ન છે. એટલે પરિવર્તન એ બાબતનો પ્રતીતિકર ઉત્તર આપવા અત્યારે હું સમર્થ નથી, પણ પૂર્વમાં જણાવ્યા મુજબ નિરાકરણ થાય તેમાંથી બધા પ્રશ્નોના જવાબો મળી શકશે. આ રીતે નિર્વાહ થઈ શકે છે અને નહિ થઈ શકતો હોય તો કઈ રીતે આ સમ્પ્રદાયનું સિદ્ધાન્તને અનુકૂળ રહીને આગળ ચાલીને વહન કરવું અને તેને માટે શેની આવશ્યકતા છે તે સવાલ છે અને આ વાતમાં હું વ્યક્તિગત કંઈ કહું એ અસ્થાને કહેવાશે. આ બધી બાબતોનો વિચારવિનિમય કરી બધું કરવું જોઈએ. એમ હું માનું છું. છતાં પણ જેમ કેટલાક વખતથી અનાયાસે જ પરિવર્તન થતું આવ્યું છે એ રીતે જો પરિવર્તનનો વિચાર કરીએ તો જે પરિવર્તન આવવાનું છે તે તો આવીને જ રહેશે, એ તો આપણે કરીએ કે ન કરીએ. પણ એ વાત પણ ચોક્કસ છે કે જો પરિવર્તન પણ કરવું જ હોય તો શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ જે કતિપય વિષયોમાં શ્રીમહાપ્રભુજીના પ્રકારમાં જે આંશિક પરિવર્તન કર્યું તે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તને અભિપ્રેત રહીને કર્યું એમાં આપણને કોઈ શંકાને સ્થાન નથી, એ રીતે આપણે કરવું હોય તો તત્કાલીન પરિસ્થિતિ અનુસાર પરિવર્તન કરવા જરૂર વિચારણા થઈ શકે છે. યથા શ્રીમહાપ્રભુજીના સમયમાં શ્રીગોવર્ધનધરણ-મોટા શ્રીનાથજીની સેવામાં અન્યમાર્ગીય પણ હતા અને તેમાં શ્રીમહાપ્રભુજીને પણ કોઈ આપત્તિ ન હતી. અબ્રહ્મસમ્બન્ધીઓ શ્રીજીની સેવામાં પણ નાહતા હતા. અબ્રાહ્મણો પણ સેવામાં અંદર જતા

હતા એમ વાર્તા સાહિત્ય તથા ચરિત્ર સાહિત્યમાંથી જાણવા મળે છે. શ્રીગુસાંઈજીના સમયમાં એ બધી બાબતોમાં,આપ પોતે જ સમ્પ્રદાયના મુખ્ય શાસક - આચાર્ય તરીકે બધી બાબાતોમાં એમણે પરિવર્તન કર્યું. મુખ્ય સેવામાં બ્રાહ્મણ અને તેમાં પણ સાંચોરા બ્રાહ્મણો જ ચાલે, અન્યમાર્ગીઓ ન ચાલે, ગોપાલમંત્રની દીક્ષાને અમાન્ય કરી અને પુષ્ટિમાર્ગની દીક્ષા માત્ર બ્રહ્મસમ્બન્ધ જ છે એ જાતનો આખો વ્યવહાર ગોઠવ્યો અને તે રીતે આખી આ પદ્ધતિ પ્રચલિત થઈ છે. એવા એવા પરિવર્તન જે પુષ્ટિમાર્ગના હિતને માટે અને પુષ્ટિમાર્ગની આધિદૈવિકતા જાળવવા માટે જે યોગ્ય હતા તે કર્યા છે. એવા જ પ્રકારના કોઈ દેશ કોઈ પરિસ્થિતિ પ્રમાણે મૂળભૂત સિદ્ધાન્તોની મર્યાદામાં રહીને કરવા પ્રાપ્ત થતા હોય તો એમાં જરૂર પરિવર્તન કરવાનો અવકાશ રહે છે અને તે કેવી રીતે એનો તો આપણે બધા ભેગા મળીને જ વિચાર કરી શકીએ.

**પ્રશ્ન-૩** અત્યારે જે મન્દિરપ્રથા ચાલી રહી છે એ મન્દિરપ્રથાને આપ સમ્પ્રદાયાનુકૂલ ગણો છો કે કેમ ? અને એ પ્રથાને આજના સમયમાં ઉચિત અને ઉપયુક્ત આપ ગણો છો કે કેમ ?

**ઉત્તર-૩** જે મન્દિરપ્રથા ચાલુ થઈ છે એ આજની ચાલુ નથી પણ હું માનું છું ત્યાં સુધી ૩૫૦ થી ૩૦૦ વર્ષના લાંબા ગાળાથી ચાલુ થઈ છે. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યને આપણે સવા પાંચસો વર્ષ ગણીએ તો શ્રીમહાપ્રભુજીના - શ્રીગુસાંઈજીના કાળ પછી થોડાં જ વર્ષો પછી એટલે કે ૧૦૦-૧૫૦ વર્ષ પછી આ પ્રથા શરૂ થઈ છે અને એ પ્રથા એટલી પ્રાચીન છે કે હવે એ આખા પુષ્ટિમાર્ગીય સમાજમાં - સમ્પ્રદાયમાં એક અંગ રૂપે તાણાવાણાની માફક વણાઈ ગઈ છે. એટલે એ રીતે હું વિચાર કરું કે શ્રીમહાપ્રભુજીએ જતીપુરામાં શ્રીગોવર્ધનધરણ શ્રીનાથજીના મન્દિરની સ્થાપના કરી તે સિવાય આપશ્રીએ અને પછી શ્રીગોપીનાથજીએ કે

શ્રીગુસાંઈજીએ કદાચ અન્ય મન્દિરોની સ્થાપના ન કરી હોય અને મૂળભૂત વિષયમાં એવી આવશ્યક્તા ન સમજાઈ હોય પણ પાછળના એટલે આપણા પહેલાંના અને તે (શ્રીગુસાંઈજી) પછીના સમયમાં મન્દિર પ્રથાનો ક્રમ ચાલુ થયો હોઈ શકે છે.

**પ્રશ્ન-** એટલે મન્દિરની સ્થાપના કદાચ નહિ કરી હોય કે નિશ્ચિત નથી કરી ?

**ઉત્તર-** મને એમ લાગે છે કે એમને આવશ્યકતા નહિ લાગી હોય તેથી એ પ્રથા ચાલુ કરી નથી. કારણ કે મને એમ લાગે છે કે જેટલા પણ શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીના એટલે કે શુદ્ધપુષ્ટિજીવો, આધિદૈવિક ભાવયુક્ત જીવો કે જેની પદ્ધતિ અને પરમ્પરા આધિદૈવિક છે એ લોકો પોતાના ‘‘**ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ**’’ ઘરની અંદર એટલે ઘરમાં જ રહી સમ્પૂર્ણ પોતાના અન્તઃકરણ, આત્મા વગેરે સર્વના નિરોધપૂર્વક ભગવત્સેવા-સ્મરણ-ભક્તિની અંદર નિરુદ્ધ રહે એજ શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીને અભિપ્રેત છે એવું પ્રતીત થાય છે અને હું પણ એમજ માનું છું. પરંતુ આ જે મન્દિરપ્રથા છે એ પણ ઘણાં વર્ષો પહેલાં એટલે કે આજથી ૩૫૦ વર્ષ પહેલાં શ્રીહરિરાયજીના સમયથી તો ચાલુ થઈ જ ગઈ છે એમાં પણ શંકાને કોઈ સ્થાન નથી કે જે આપણે પરમ્પરાગત ઈતિહાસ જોઈએ છીએ. તો એક વાત નિશ્ચિત છે કે એ મહાનુભાવો આજના અમારા બધા કરતાં નિશ્ચિત ઘણાં વધુ આધિદૈવિકતામાં ડૂબેલા અને તેમાં પહોંચેલા હતા તે પણ મને શ્રદ્ધા છે. એટલે તે વખતે જે આ રીતનું પરિવર્તન આવ્યું તેની પાછળ પણ કંઈક રહસ્ય તો હશે જ.એક વાત ચોક્કસ છે કે મન્દિરપ્રથા ૩૫૦ વર્ષ પહેલાંથી આપણે ત્યાં આવી અને ઠેર ઠેર મન્દિરો ખૂલ્યાં, ભલે ખૂલ્યાં, પણ એ મન્દિરો, મન્દિર શબ્દ એટલે ‘ઘર’ અર્થમાંજ વપરાતા હતા. કોઈ કહે કે મારે મન્દિરે પધારો અને કોઈ કહે કે મારે ઘરે પધારો એટલે

મન્દિર શબ્દ મુખ્યત્વે ગૃહાર્થવાચી વપરાતો હતો અને એની અંદર પણ ગૃહસેવા-ઘરમન્દિર તરીકેની પરમ્પરા ચાલુ થઈ ગઈ એમ હું માનું છું. વલ્લભકુળના માથે બિરાજતા નિધિ-સ્વરૂપો લઈને જે વલ્લભકુળ રહેતા તે પણ ઘરમન્દિરની પરમ્પરા પ્રમાણે જ હતા, સાર્વજનિકતા તો એમાં સર્વથા ન હતી એ તો એકદમ સ્પષ્ટ જ છે. સાર્વજનિક મન્દિરોનો પ્રકાર એટલે દેવસ્થાન રૂપ એ તો પુષ્ટિસમ્પ્રદાયની પરમ્પરામાં નથી જ અને આજે જે એ રૂપ આવે છે એ મૂલભૂત પરમ્પરાથી વિપરીત છે એમ જરૂર કહી શકાય છે એ વાત તો ચોક્કસ જ છે. પણ ઘરસેવા-મન્દિર, ઘરમન્દિર એવો પ્રકાર અને પુષ્ટિમાર્ગના પોતાના સેવકોને દર્શન કરાવવાનો ક્રમ એ તો હું શ્રીગુસાંઈજીના સમયથી છે એમ જોઉ છું અને આજે પણ શ્રીનવનીતપ્રિયજીનું મન્દિર ગોકુળમાં છે. ત્યાં પણ કમળચોક વગેરે મોટી જગ્યાઓ છે ને ત્યાં વૈષ્ણવો દર્શન કરવા આવતા હતા અને એ પુષ્ટિજીવોને કૃપાકરીને દર્શન કરાવતા હતા. વાર્તાસાહિત્ય પ્રમાણે એ વખતે અકબર બાદશાહ જે વેશ પલટો કરીને આવ્યો, તો એ વેશ પલટો કરીને ત્યારે જ આવી શકે છે જયારે બીજા ઈતર લોકો પણ દર્શન કરવા માટે આવતા હોય. એટલે ઘરમન્દિર હોવા છતાં પણ દર્શન કરાવવામાં કોઈ આપત્તિ નહિ હોય એમ હું માનું છું અને એ પ્રકાર વર્ષોથી ચાલતો આવ્યો છે. હમણાં કેટલાક છેલ્લા ૩૦-૪૦ વર્ષથી એ પરિવર્તન આવ્યું છે એની અંદર કંઈક રૂપ બદલાયું છે અને એને માટે હું માનું છું કે પ્રાચીન પરમ્પરાથી અનુસરતું જે એક રૂપ હતું એનાથી આ વિપરીત છે. અતઃ એના પર જરૂર વિચાર થવો ઘટે છે.

**પ્રશ્ન -** આપે એમ જણાવ્યું કે મન્દિરો ખરેખર ગૃહમન્દિર હોવાં જોઈએ, પ્રાચીન રીતના હિસાબે. તો એક માણસનું એક ઘર હોય એ તો સમજી શકાય; પણ જ્યાં ગોસ્વામી બાળકો ન જ બિરાજતા હોય એવાં સ્થાનોમાં પણ જે શ્રીનાથજીનાં મન્દિરો છે તેને આપણે ઘર ગણવા કે મન્દિર ગણવા ?

**ઉત્તર-** હું પહેલાંજ કહી ગયો છું કે આજનું રૂપ દેવસ્થાન જેવું આવી ગયું છે અને એ રૂપ જ્યારથી આ ટ્રસ્ટ એકટ આવ્યો અને ટ્રસ્ટની અંદર બધા નોંધાયા અને એમાં સામૂહિક રૂપે જે એક સ્વામિત્વ ઉત્પન્ન થયું એ પછી એનું રૂપ દેવસ્થાન જેવું તો આવી ગયું છે. પરંતુ એનો મૂળભૂત ભાવ પહેલાં પણ શાખાના મન્દિરો તરીકે ઘર જ હતા, એ વલ્લભકુળના ઘર જ કહેવાતા હતા કે શાખાના ઘર કહેવાતા હતા. હવે એક વસ્તુ ચોક્કસ છે કે મન્દિરપ્રથા જે આવી છે એ વિકૃત હોય કે અનુકૂળ હોય પણ એ ચાલુ છે એ વાત સત્ય છે અને એ મન્દિરપ્રથા આજે સમાજ સાથે એવી વણાઈ ગઈ છે કે મારી દષ્ટિએ એ મન્દિરપ્રથાને બન્ધ કરવાની અત્યારે કોઈ આવશ્યકતા નથી. જો મન્દિરપ્રથા બન્ધ થશે તો રહ્યો સહ્યો પુષ્ટિમાર્ગીયભાવ કે પુષ્ટિમાર્ગ પ્રતિની આસ્થા કે કેટલાક પુષ્ટિમાર્ગીય સંસ્કારો કે પુષ્ટિમાર્ગીય સંસ્કૃતિ એનો બહુ જલદી લોપ થવા સમ્ભવ છે. એટલે પણ મન્દિર પ્રથા હવે બન્ધ કરવા જેવી નથી પણ એમાં સિદ્ધાન્તની દષ્ટિએ કે અન્ય રીતે જે વિકૃતિઓ છે એને દૂર કરી એમાં યથાસમ્ભવ યા શકય તેટલી સિદ્ધાન્તાનુકૂળતા લાવી શકાતી હોય તે રીતે આપણે વ્યવસ્થા કરવી જોઈએ.

**પ્રશ્ન -** તો પછી આપના દ્વારા દેશમાં અને વિદેશમાં ઘણાં મન્દિરોની સ્થાપના થઈ છે અને થઈ રહી છે. તો એ મન્દિરરો આપે ગૃહ સમજીને સ્થાપેલાં છે ? દેવમન્દિર સમજીને સ્થાપેલા છે ? સમ્પ્રદાયનું એમાં કંઈ હિત વિચારીને સ્થાપેલાં છે ? એ મન્દિરો વૈષ્ણવોના તરીકે સ્થાપેલાં છે ? એની થોડીક ચોખવટ આપના શ્રીમુખારવિન્દથી અપેક્ષિત રહે છે.

**ઉત્તર-** હું નિખાલસતાથી કહીશ કે ઘણે ઠેકાણે જે આવા ટ્રસ્ટ મન્દિરોની સ્થાપના કરવામાં આવી છે તે પછી દેશમાં હોય કે વિદેશમાં હોય એનું સ્વરૂપ ઘરમન્દિર તરીકેનું તો નથી જ પણ અત્યારે દેવસ્થાન પદ્ધતિ જે કેટલાક પાછલા સમયથી પ્રચલિત થઈ ગઈ છે એ પ્રચલિત પ્રકારમાં આ મન્દિરોની સ્થાપના કરવામાં આવી છે અને આવી સ્થાપનામાં મને એમ લાગે છે કે પુષ્ટિમાર્ગીય સેવાપ્રકાર સંસ્કૃતિનું સંરક્ષણ અને વૈષ્ણવોના ભાવપોષણ વગેરે જે કેટલાક વિચારો છે એને લઈને આજના સન્દર્ભમાં સમ્પ્રદાયના હિતમાં સ્થાપન કરવામાં આવેલ છે. અને એથી પુષ્ટિમાર્ગીય ભાવ એટલે કે એના દ્વારા પુષ્ટિમાર્ગ તરફ લોકોનો ભાવ વધ્યો છે એ પણ પરિણામ જોવા મળ્યું છે અને મળી રહ્યું છે. એ મન્દિરો દ્વારા પુષ્ટિમાર્ગીય સેવાપ્રકાર સંસ્કૃતિની લોકોની અંદર જે અનાયાસે પણ ભાવનાઓ કેળવાઈ છે અને તેમાંથી પુષ્ટિપુરુષોત્તમ-પુષ્ટિમાર્ગ માટે શ્રદ્ધા વધી છે તેથી સામાન્ય રીતે પણ લોકોને જ્ઞાન મળી રહે છે એ પણ ફલશ્રુતિ જોવા મળે છે. એથી વિપરીત આવું ન કરવામાં આવે તો લોકોનું અન્ય માર્ગ તરફ વધારે વળી જવું સમ્ભવ છે. જો કે આવો પ્રવાહ ચાલુ થઈ જ ગયો છે પણ તેમાં આનાથી રૂકાવટ આવી છે ને આવશે તેવી શ્રદ્ધા છે.

**પ્રશ્ન- ૪** આપણા સમ્પ્રદાયમાં વૈષ્ણવો પાસેથી મનોરથો લેવા, મનોરથોની જાહેરાતો કરવી અને મનોરથ માટે વૈષ્ણવોથી આવેલા દ્રવ્યથી જ તે તે મનોરથો કરવા આ બધાને પણ આપ સમ્પ્રદાયના હિતમાં જ ગણો છો ? કે પછી આ કંઈ ઠીક નથી થઈ રહ્યું એમ આપને લાગે છે ?

**ઉત્તર-૪** એમાં હું માનું છું કે જે વ્યાપારી ધોરણે કમર્શ્યલાઈઝેશન થઈ રહ્યું છે એ તો અયોગ્યજ છે અને એ તો ન જ હોવું જોઈએ. મનોરથોની પેપરોમાં જાહેરાતો, તેમાં આવવા સાર્વજનિક આમંત્રણ વગેરેથી અને એ રીતે પ્રદર્શન પણ બધું યોગ્ય નથી. પરંતુ મનોરથોમાં વૈષ્ણવો પોતાની વિત્તજા સેવા અર્પણ કરતા હોય કે તનુજા એટલે કે શરીરથી પણ સેવા કરતા હોય અથવા તો ખાદ્ય પદાર્થો અર્પણ કરતા હોય અને એ રીતે વલ્લભકુળનાં ઘરોમાં કે આ દેવસ્થાનોમાં મનોરથો વગેરે થતા હોય તો તેમાં મારી દષ્ટિએ આપત્તિ નથી.

**પ્રશ્ન-** તો જે દ્રવ્ય ભગવાનને અર્પણ કરાયેલું હોય તે ભગવદ્ દ્રવ્ય કહેવાય ખરું કે નહિ ?

**ઉત્તર-** હું માનું છું કે પુષ્ટિમાર્ગમાં અર્પણ એ દાનરૂપે નથી પરંતુ સમર્પણ છે. કોઈ પણ વસ્તુ અહીં સમર્પણભાવે થતી હોય છે અને સમર્પણનોજ સિદ્ધાન્ત છે. સન્મુખભેટ જે થાય છે એમાં પણ ભેટ શબ્દ વપરાય છે. દાન શબ્દનો પ્રયોગ થતો નથી. આપણે જે પણ ગુરુ પાસે જઈએ કે કોઈ પણ પૂજ્ય વ્યક્તિ પાસે જઈએ તો તેને ભેટ સોગાત આપીએ છીએ, એક બાળક પાસે પણ જઈએ તો તેને ભેટ સોગાત આપીએ છીએ. આપણા બાળકને પણ કોઈ આપી જતું હોય એની પાછળ એનો શો ભાવ કે હેતુ છે એ ક્યાં જોવા જવાના છીએ ? એટલે પુષ્ટિમાર્ગમાં મૂળભૂત દાનરૂપે અર્પણ છે જ નહિ; અહીં તો સમર્પણ છે. તો હું એમ કહી શકું કે બ્રહ્મસમ્બન્ધ દ્વારા એ બધું સમર્પિત થઈ ચૂક્યું છે એનો આ સમર્પણ ભાવ ફરી પાછો રીપિટ થતો હોય છે. અને તેથી પ્રસાદ ગ્રહણ કરવામાં પણ આપત્તિ નથી. તો પણ મેં પૂર્વમાં જ કહ્યું તે મુજબ આમાં પણ યથાશક્ય સિદ્ધાંતાનુકૂલતા જેટલે અંશે પણ થઈ શકતી હોય તેનો પ્રબન્ધ કરવો જોઈએ. જેમ કે શ્રીઠાકોરજીના નામથી રસીદો ન આપી શ્રીવલ્લભવિઠ્ઠલના નામે આપવી ને સામગ્રીસેવા શબ્દનો પ્રયોગ કરવો વગેરે.

**પ્રશ્ન-૫** અત્યારે ઘણાં ગોસ્વામી બાળકોમાં વિચારભેદ થઈ રહ્યો છે કે દરેકને બ્રહ્મસમ્બન્ધ આપવું અથવા દરેકને નહિ આપવું. દરેકની અંદર પણ કેટલાક અણસમજુ કે અશ્રદ્ધાળુઓને ન આપવું અથવા તો નાના બાળકોને નહિ આપવું પરંતુ સમજણી ઉંમરમાં અને તે પણ શ્રદ્ધાથી આવે ત્યારે જ આપવું. અને કેટલાક લોકોની માન્યતાએ એક પ્રકાર એવો પણ છે કે જે લોકો ઘરે શ્રીઠાકોરજીની સેવા પધરાવી અને સેવા કરવા માંગતા હોય તેને જ બ્રહ્મસમ્બન્ધ આપવું; બીજાને નહિ આપવું. તો આ બાબતમાં આપ શું મન્તવ્ય ધરાવો છો ?

**ઉત્તર-૫** આ બાબતમાં મેં પણ વિચાર કર્યો છે ત્યાં સુધી મને પણ એમ લાગે છે કે બ્રહ્મસમ્બન્ધ મહામંત્ર જેવી બહુ જ પવિત્ર શ્રેષ્ઠ વસ્તુને આજે છેલ્લા ઘણાં વર્ષોથી એટલે કે ૧૫૦-૨૦૦ વર્ષોથી યા એથી પણ પહેલાંનો સમય હશે પણ તે ઘણા સમયથી જે બધાને જ બ્રહ્મસમ્બન્ધ આપવાનો પ્રકાર ચાલ્યો છે એ પ્રકાર યોગ્યાયોગ્યની દૃષ્ટિએ તમે કહ્યું તે મુજબ એ પ્રશ્ન જરૂર વિચારણા કરવા યોગ્ય છે અને જરૂરીપણ છે. પણ કોઈ એક વ્યક્તિવિશેષ - ગોસ્વામી આચાર્ય વિશેષ આનો નિર્ણય લઈ શકે નહિ અને જો આનો નિર્ણય એક કરે તો તે સફળ થાય પણ નહિ અને એ રીતે એની નિરર્થકતા સાબિત થાય છે. અતઃ આ નિર્ણય તો વસ્તુતઃ વલ્લભવંશજ આચાર્યોનો છે અને તેથી બધા આચાર્યોએ ભેગા મળી એકમતિએ નિર્ણય કરવો જોઈએ. આ વાતનો નિર્ણય કરવા જેવો છે એ વાત તો ચોક્કસ છે. આજના સન્દર્ભમાં તો એ વધારે દેખાય છે કે આ જાતની વિચારણા કરવી આપણા માટે બહુ જરૂરી છે. બસ એટલું છે કે આનો ઠોસ વિકલ્પ શો હોઈ શકે એ બરાબર વિચારવું જરૂરી છે.

**પ્રશ્ન-** આપે જણાવ્યું કે આમ કરવું જોઈએ, પણ મારો પ્રશ્ન જુદો છે. મારો પ્રશ્ન છે કે આ બાબતમાં આપનું શું મન્તવ્ય છે ?

**ઉત્તર-** આને કનિષ્ઠપક્ષમાં લગભગ એટલા માટે માનું છું કે આ એક પ્રચલિત પરમ્પરા છેલ્લાં કેટલાંક વર્ષોથી ચાલુ થઈ ગયેલી છે અને આજના સન્દર્ભમાં સમાજમાં વણાઈ ગયેલી છે અને એ જાતની ઉક્તિ ચાલી આવેલી છે કે બ્રહ્મસમ્બન્ધ ન હોય એને સેવામાં અધિકાર નથી, પછી તે કોઈ પણ પ્રકારની સેવા હોય. તો આ બધી જે પરમ્પરાગત

માન્યતાઓ છે અને કેટલાક વડીલો એમ પણ આજ્ઞા કરે છે કે શ્રીગુસાંઈજીએ જ આ નિયમ કર્યો છે ગોપાલમંત્રના નિષેધ દ્વારા કે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા હોય તેનેજ સેવાનો અધિકાર મળે છે. એટલે આ બધા પર વિચારણા કરવી જરૂરી છે એમ મારું કહેવાનું તાત્પર્ય છે. અતઃ આ ચાલુ પ્રાણાલિકામાં પરિવર્તન લાવી બધાને બ્રહ્મસમ્બન્ધ ન આપવું જોઈએ એ પક્ષમાં મારું કહેવાનું મન્તવ્ય છે. પણ હું એકાકી-એકતરફી નિર્ણય કરી તેનો અમલ કરવા માંગતો નથી.

**પ્રશ્ન-** આપ અમલમાં ભલે મૂકો કે ન મૂકો, પણ જે આપનું મન્તવ્ય છે એને નિખાલસભાવે સહુના વચમાં રજૂ તો કરી જ શકો છો કે આમ હોવું જોઈએ ?

**ઉત્તર-** હમણાં મેં તમને જે કહ્યું એમાં તમે એ ફલિતાર્થ કરી જ શકો છો કે આપણે જે બધા જ વ્યક્તિઓને બ્રહ્મસમ્બન્ધ આપ આપ કર્યા કરીએ છીએ એ ખરી રીતે તો બરાબર નથી જ, તેથી એ વિષય પર કોઈ સુન્દર પ્રતીતિકર, સારી વિચારણા કરી કંઈક સારી રૂપરેખા આપણે બનાવવી જોઈએ.

**પ્રશ્ન-૬** અત્યારના સંજોગોમાં ગુરુવર્ગ અને શિષ્યવર્ગ, ગોસ્વામી વર્ગ અને વૈષ્ણવ વર્ગ વચ્ચે ઠેકાણે ઠેકાણે વર્ગ વિગ્રહ ચાલી રહ્યો છે અને એમાં ઘણી જગ્યાએ એવું પણ જોવામાં આવે છે કે કેટલીક જગ્યાએ વૈષ્ણવો સમ્પ્રદાયનું સુકાન ગુરુવર્ગના હાથમાંથી ઝૂંટવી લઈ પોતાના હાથમાં લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તો આવા સંજોગોમાં સમ્પ્રદાયનું સુકાન વૈષ્ણવોના હાથમાં જાય એ હિતાવહ યા બરાબર છે? કે એમાં કંઈક સારું થશે ? કે પછી ગોસ્વામી બાળકોના હાથમાં જ સમ્પ્રદાયનું સુકાન યોગ્ય છે ? એ બાબતમાં આપ શું મન્તવ્ય ધરાવો છો ?

**ઉત્તર-૬** વલ્લભકુળના હાથમાં રહે તો જ એની મૌલિકતા જળવાશે અને કાલપ્રવાહને કારણે જે ક્ષતિઓ આવે છે એ ક્ષતિઓમાં પણ નિયંત્રણ કરી શકાશે. પરંતુ તમે હમણાં કહ્યું તેમ સમયમાં જે રીતનો વળાંક અત્યારે આવી રહ્યો છે અને એના કેટલાંક દ્રષ્ટાન્તો પણ નોંધાઈ રહ્યાં છે એ આગળ ચાલીને સમ્પ્રદાયના હિતમાં નહિ હશે એમ હું ચોક્કસ માનું છું.

**પ્રશ્ન-** તો આ બાબતમાં ગુરુવર્ગમાં કંઈક ક્ષતિઓ છે અથવા ગુરુ વર્ગ દ્વારા આજે સમ્પ્રદાયનું સંચાલન જે થઈ રહ્યું છે તેમાં કંઈક ક્ષતિઓ છે એમ આપને લાગે છે ?

**ઉત્તર-** હા, એ તો પહેલાં જ કહી ગયો કે વલ્લભકુળ જે ગુરુવર્ગ છે એમાં પારસ્પરિક બહુ જ આત્યન્તિક રૂપે મતૈક્યનો અભાવ છે. તે ઉપરાન્ત વિચાર, આચાર, આચરણ અને પદ્ધતિ એમાં પણ ઘણું વૈપરીત્ય જોવા મળી રહ્યું છે અને એનો પ્રભાવ અનુયાયી વર્ગ પર બહુ ઘેરો પડી રહ્યો છે. હું એમ કહું છું કે વલ્લભકુળ પોતાના કેટલાક કારણોસર પોતાના અનુયાયી શિષ્યો પરનો પ્રભાવ ધીમે ધીમે ગુમાવી રહ્યા છે. એની અંદર આજના સન્દર્ભમાં આજના વિશ્વનું આપણા દેશનું અને આપણા સમાજનું જે વાયુમંડળ એમાં પરિવર્તન થઈ રહ્યું છે, જે રીતે એનું પ્રચલન થઈ રહ્યું છે એની અંદર આપણી જે કંઈ મૌલિકતાઓ હોય એને યથાસમ્ભવ રક્ષણ પૂરું આપવું - એની સાથે સમન્વય સાધી જે કંઈ સુંદર મધ્યમ માર્ગ નીકળી શકતો હોય એ શોધી એક આખું માળખું તૈયાર કરવાની આવશ્યકતા છે. તો એનાથી કંઈક સુન્દરતા જન્મશે. ત્રીજી વસ્તુ અતિશય કઠીનતા આજનો સમાજ તો નહિ જ ચલાવી શકશે એ પણ વાત સત્ય છે. તો હવે એ સમાજને આપણે મતૈક્ય દ્વારા કોઈક દિશા આપવી પડશે અને વ્યવસ્થા આપવી પડશે, તો જ એનું નિરાકરણ થઈ શકશે.

**પ્રશ્ન-૭** અત્યારે સમ્પ્રદાયમાં જે કેટલાક વખતથી, કેટલું પ્રાચીન છે એ ખબર નથી પણ અત્યારે ‘સૃષ્ટિવાદ’ ચાલી રહ્યો છે. આ આની સૃષ્ટિ અને આ આની સૃષ્ટિ અને જે સૃષ્ટિના હોય એ ઘરના ગોસ્વામી બાળક પાસે જ બ્રહ્મસમ્બન્ધ લેવું. બીજા પાસે નહિ લેવું. આ સૃષ્ટિવાદને માટે આપ શી ભાવના ધરાવો છો ?

**ઉત્તર-૭** એક વાત છે કે વાદ-વિવાદ એ મૂલતઃ- વસ્તુતઃ આવકાર્ય નથી હોતો, એમાં સૃષ્ટિવાદ નામનો પણ કોઈ વાદ હોય કે ચાલુ થયો હોય તો એ વાદરૂપે તો યોગ્ય નથી જ. પરંતુ સ્વતઃ પોતાની ઈચ્છાથી કોઈ પણ પરિવાર કે ગ્રામજનો એમ વિચાર કરતા હોય કે આપણે એક જ ઘરના સેવક હોઈએ તો એની સેવાપ્રણાલિકામાં કે બીજી ઘણી ધાર્મિક પરમ્પરા અનુસરવામાં ઘણી અનુકૂળતા રહે છે. એ રીતે જો વિચારી કોઈ એનો અમલ કરતા હોય ત્યાં સુધી તો વાંધો નથી. પરંતુ જો વાદરૂપે આ વસ્તુ થતી હોય તો એ બરાબર નથી. અને આવો એક ઘર કે એક ગુરુદ્વાર માટેનો દુરાગ્રહ પણ વૈષ્ણવોએ કે વલ્લભકુળે નહિ જ રાખવો જોઈએ.

**પ્રશ્ન-૮** ઘણી જગ્યાએ વૈષ્ણવોને કાર્યક્રમો, પધરામણીઓ વગેરેમાં એક મૂંઝવણ નડતી હોય છે. ઘણા વૈષ્ણવો અને ઘણા ગોસ્વામી બાળકો વૈષ્ણવોને એ રીતે ગાઈડ કરતા હોય છે કે વલ્લભકુળના અલગ-અલગ બાળકો એક સાથે બિરાજતા હોય તે વખતે ગાદીના ક્રમથી એમને આદર આપવો. જેમકે પહેલી ગાદીના બિરાજતા હોય એમને પ્રથમ આદર આપવો અને સાથે બીજી ગાદીના બિરાજતા હોય તો એમને તે પછી આદર આપવો. સાતમી ગાદીના હોય તેમને તે પછી આદર આપવો અને ત્યાર બાદ સાત મુખ્ય ગાદી સિવાયના બીજાં બાળકો બિરાજતા હોય પછી, તે બીજા કોઈ પણ ઘરના કે ઉપગૃહના હોય તેમને આદર આપવો. આદર આપવાનો મતલબ છે કે માળા પહેરાવવી, પ્રથમ નામ લેવું વગેરે તેમાં આવો ક્રમ રાખવો. ત્યારે

કેટલાક વૈષ્ણવો અને ગોસ્વામી બાળકો એમ પણ ગાઈડ કરતા હોય છે તેમજ કેટલાક બાળકો એમ આગ્રહ ધરાવતા હોય છે કે સમ્પ્રદાયની પ્રાચીન પરમ્પરા આ બાબતમાં વયસ્ ક્રમનીજ છે. ગાદી પ્રમાણે આદર આપવાની પરમ્પરા નથી પણ વયના પ્રમાણે જે સહુથી મોટી વયના વલ્લભકુલ બાળક ત્યાં બિરાજમાન હોય તેમને પ્રથમ આદર આપવો, તેમનાથી નાનાને તે પછી અને તેમનાથી પણ નાનાને તે પછી આદર આપવો. તો આમાં પ્રાચીન પરમ્પરા શી છે અને એમાં આપની શી ટિપ્પણી આપી શકો છો ?

**ઉત્તર-૮** પહેલી વસ્તુ તો એ છે કે પુષ્ટિસમ્પ્રદાયમાં ગાદી કે પીઠ જેવી કોઈ વ્યવસ્થા પ્રાચીનકાળથી - શ્રીગુસાંઈજીના સમયથી થઈ જ નથી. શ્રીગુસાંઈજીએ પોતાના સાત લાલજી હતા તે સાતે લાલજીને પોતાનું આચાર્યત્વ, ગુરુત્વ કે ગુરુદ્વારત્વ સમાન રૂપે વિતરિત કર્યું અને એ પછી એ સાતે ઘર કહેવાયા. શ્રીગુસાંઈજીએ ગાદી તો સ્થાપી નથી. શ્રીગુસાંઈજીએ કૌટુમ્બિક વ્યવસ્થા કરી જે સાત ઘર કહેવાયા. હવે એ સ્વાભાવિકજ છે જે મોટાભાઈ હોય તેને નાનો ભાઈ સમ્માનિત કરે. પણ પછીથી એમના લાલજીઓથી કંઈ એવા પ્રકારનો વ્યવહાર રહ્યો નથી તેમજ એ સાતે લાલજીઓએ પણ પોતાને કોઈ ગ્રન્થોમાં કે ક્યાંય પીઠાધીશ્વર તરીકે કે ગૃહાધીશ્વર તરીકે ઓળખાવ્યા હોય કે તેવા કોઈ શબ્દ પ્રયોગ પણ કોઈ ઠેકાણે કર્યા હોય તેમ (તે સમયમાં) પ્રાપ્ત થતું નથી. શ્રીહરિરાયમહાપ્રભુ કે દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી વગેરે જે પણ મહાનુભાવો થયા એમના નામ સાથે પણ પ્રાચીનમાં ગૃહાધીશ્વર કે પીઠાધીશ્વર એવો કોઈ શબ્દ જોડવામાં આવતો નથી અને આવ્યો નથી, કારણ કે પીઠ કે આ મુખ્યઘર એવું કંઈ છે જ નહિ. તમે વચમાં એક શબ્દ પ્રયોગ કર્યો કે ઉપગૃહ, તો ઉપગૃહ એ શબ્દ પણ બરાબર નથી. કારણ કે શ્રીગુસાંઈજીએ પોતાના સાતે લાલજીને એક સમાન - સમાનાધિકરણમાં મૂક્યા છે. બધી વસ્તુઓની અંદર એ રીતે જો પાછળથી પણ તે તે ઘરોના પણ વિભાગ થતા ગયા તો એનું

પણ એ રીતે જ સમાનાધિકરણ પ્રાપ્ત થતું હોય છે. એ લોકોના પરસ્પર વ્યવહારથી; દાખલા તરીકે પિતાનું ઘર અને પિતાના ઘરમાં પરમ્પરા પ્રમાણે જ્યેષ્ઠપુત્રને પોતાનું મુખ્ય નિધિસ્વરૂપ, પિતાનું સ્થાન મળે એમ પરમ્પરા છે અને એ પરમ્પરા પ્રમાણે બીજા ભાઈઓ સાથે રહે અને અલગ થાય તો એમનો ભાગ મળે અને એ રીતે એ લોકો પોતાનું બીજું ઘર સ્થાપે, તો એ ઘર પણ એનું સ્વતંત્ર ઘર થયેલું કહેવાય, પણ એ એના મોટા ભાઈનું કે એના પિતાનું પણ ઉપગૃહ નથી કહેવાતું. એ વાત ચોક્કસ છે કે પિતા જ્યાં સુધી બિરાજમાન હોય છે ત્યાં સુધી એ બન્ને ઘરો એના પિતાના જ હોય છે પણ આ મુખ્ય અને આ ગૌણ એ જાતનો ભેદ નથી હોતો પણ બન્ને ઘરો એમનાંજ હોય છે. કારણ કે પુત્ર રૂપમાં બન્ને એને માટે સમાનજહોય છે. વયસ્ ક્રમ પ્રમાણે જે મોટાભાઈ હોય એ નાનાભાઈ માટે હંમેશા વન્દ્ય હોય છે આદરણીય હોય છે, જેમ પુત્રો માટે પિતા વન્દ્ય હોય છે. એવી રીતે એ પોતાનો પારિવારિક કૌટુમ્બિક ભાગ એની સાથે વૈષ્ણવોને સેવકોને કોઈ પણ બાબતનો સ્પર્શ થતો નથી. વૈષ્ણવો માટે વલ્લભકુળના આચાર્ય એ ગુરુસ્થાને હોવાથી દરેક એને માટે સરખી રીતે સન્માનયોગ્ય છે. હા એક વાત જરૂર છે કે વિશેષ ભાવ કે જેના દ્વારા બ્રહ્મસમ્બન્ધ મંત્ર કે બીજા મંત્રની દીક્ષા પ્રાપ્ત થઈ હોય એ ગુરુદ્વાર રૂપે એને માટે વિશેષ આગ્રહ હોય એ સમજી શકાય એવું છે અને તે હોવું પણ જોઈએ. પણ સમ્માનનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી એ તો સમાન જ રહે છે. એ રીતે જોવા જતાં જે પ્રાચીન પરમ્પરામાં સાતલાલજીના લાલજીઓથી જ જે પરમ્પરા જોવા મળે છે અને એ જ જાતની પરમ્પરા પાછલા કેટલાંક વર્ષો સુધી હતી અને અમે જોઈ પણ હતી અને ઉત્તરોત્તર નાના હોય તેનું ઉત્તરોઉત્તર તે તે પછી સમ્માન કરવામાં આવતું હતું. આજ ક્રમ બરાબર છે અને આજ ક્રમ હોવો જોઈએ. આ જે નવો પીઠાધિપતિવાદ, ગૃહાધીશવાદ કે ઉપગૃહો વગેરે હમણાં હમણાં છેલ્લાં કેટલાંક વર્ષોથી એ પણ બહુ નજીકનાં વર્ષોથી ઊભું કરવામાં આવેલું છે પણ એ બરાબર નથી જ. જો આપણે મૂળભૂત વિષયોનો વિચાર કરીએ તો આપણા સમ્પ્રદાયમાં કેવળ બધા વલ્લભકુળે પોતે જ સર્વાનુમતિથી માન્ય કરેલું છે એ નાથદ્વારામાનું તિલકાયતપદ, એ બધાની સમ્મતિથી ઊભું કરેલું છે અને શ્રીવલ્લભકુળતિલકાયત રૂપે નક્કી કર્યું હતું. એટલે એનું સ્થાન પ્રથમ, અગ્ર સમ્માન્ય છે, એમાં વયસ્ ક્રમનો વિચાર નથી. એ પદનો અપવાદ છોડી બાકીના બધાને જ માટે સમાનાધિકરણ અને સમાન ધોરણ છે એમાં કોઈ શંકા નથી.

**(ઉત્તરદાતાની ઈતર વ્યસ્તતાને કારણે આ પ્રશ્નની ચર્ચા અને આ મુલાકાત અપૂર્ણ રહી છે, ભવિષ્યમાં બાકીના વિષયોની ચર્ચા ભગવદિચ્છાએ થતાં પ્રકાશિત કરી શકીએ તેવી શુભેચ્છા રાખું છું.)**

**- સમ્પાદક -**

• • • • • • • •

# પ્રશ્ન - ઉત્તર - ૮

## વિષય : પુષ્ટિમાર્ગ વર્તમાન

**પ્રશ્નકર્તા - સમ્પાદક ‘આચાર્યશ્રીવલ્લભ’ (માસિક પત્ર)**

**(પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા)**

**ઉત્તર આપનાર- પૂ.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી - કાંકરોલી**

આ પ્રશ્ન ઉત્તર ‘આચાર્યશ્રીવલ્લભ’ (ગુજરાતી)માં વર્ષ-૮ અંક-૫ માં પ્રકાશિત થયા હતા.

(તા.૭-૭-૯૪ ના રોજ વડોદરા નિવાસસ્થાને પ્રત્યક્ષ મુલાકાતમાં)

**- શાસન કરી શકવાની સત્તાના-શક્તિના અભાવમાં ગો.પરિષદ્ સુષુપ્ત થઇ ગઇ છે.**

**-વર્તમાનમાં જાહેરમન્દિર, પ્રસાદ, દર્શન વિગેરેમાં જે ડિસ્પ્યુટ છે એની પાછળ સિદ્ધાન્ત કરતાં પરસ્પરની ખેંચતાણ વધુ કારણ છે.**

**- મનોરથ વગેરે આયોજનો એ ભગવદ્ આદેશ છે.**

**- આયોજન વ્યવસ્થિત રૂપમાં થાય અને તેમાં સમ્પ્રદાયની મર્યાદાનું પાલન થાય માટે અમે ૫૬ ભોગમાં ભાગ લઈએ છીએ.**

**-નિજગૃહથી બીજે ૫૬ ભોગમાં અમે આધિભૌતિક પ્રકારથી કરીએ છીએ.**

**- બધે જે નવા મંદિરો ખુલે છે તે મર્યાદા મિશ્ર પુષ્ટિ સમજીને જ ખુલે છે.**

**- સોમયજ્ઞની તુલનામાં ૫૬ ભોગને હું વિશેષ મહત્ત્વ આપું છું.**

**- સહુથી મોટો અપરાધ છે પ્રસાદ નહીં લેવો.**

**- ભગવદર્થ ગુરુને આપેલું દ્રવ્ય ‘દેવદ્રવ્ય’ નથી.**

**- સંપ્રદાયમાં પ્રથમ આદરણીય તિલકાયતજી, ત્યારબાદ સાત ગૃહાધીશો અને પછી બાકીના બધામાં વયસ્ ક્રમે છે.**

**- આજે બે વચ્ચેના ડિસ્પ્યુટમાં દુરાગ્રહ વધુ છે અને શિષ્ટાચાર રહિત અસભ્યવર્તન વધુ છે તેથી હું મૌન રાખું છું.**

**- ગૃહ સેવા એજ પુષ્ટિ પ્રકાર છે, મંદિર એ મર્યાદા મિશ્ર પુષ્ટિ પ્રકાર છે.**

**પ્રશ્ન-૧** મારો આપને પ્રથમ પ્રશ્ન એ છે કે આ સમયે જે સમ્પ્રદાય છે અને તેની જે પણ પરિસ્થિતિ છે અને તેમાં સમ્પ્રદાયનું જે પ્રકારે પ્રચલન થઈ રહ્યું છે એ બધી બાબતોને લઈને એક સામૂહિક રૂપમાં આ પ્રશ્ન છે કે આ વિષયમાં આપનો શો પ્રતિભાવ છે ?

**ઉત્તર-૧** જુઓ, સમ્પ્રદાયની જે વર્તમાન સ્થિતિ છે એ સ્થિતિના જવાબદાર બાબતમાં અગર જોવામાં આવે તો આપણેજ બધા ગોસ્વામી બાળકો છીએ કે જેઓ પરસ્પર પ્રતિસ્પર્ધાનું રૂપ લઈને સમ્પ્રદાયના અહિતમાં કાર્ય કરવા લાગી જઈએ છીએ. આપણે સમ્પ્રદાયને માટે કાર્ય નથી કરતા, આપણે કેવલ આપણા નામની ઈચ્છાને લઈને કામ કરવાની ઈચ્છા રાખીએ છીએ તેનાથી સમ્પ્રદાયની આ (આજે છે તેવી) ગતિ છે એમ હું માનું છું.

**પ્રશ્ન-૨** આજે સમ્પ્રદાયની જે સ્થિતિ છે અને તેનું આજે જે રીતે પ્રચલન થાય છે તેમાં આપને સન્તોષ છે ? કે પછી આજની જે વર્તમાન

સ્થિતિ છે એમાં જે ધારા- ધોરણો , રીત-રીવાજો, પદ્ધતિ ચાલી રહ્યાં છે તેમાં આંશિક યા વિશેષ પરિવર્તન આપ ઈચ્છો છો ?

**ઉત્તર-૨** જુઓ વાત એમ છે કે આપણે ત્યાં સમ્પ્રદાયમાં જે પરમ્પરાઓ છે તે કોઈ પણ વ્યર્થ નથી, તેની પાછળ નિશ્ચિત વિચારપૂર્ણ કારણ રહેલાં છે. દરેકની પાછળ કોઈને કોઈ કારણ છે અને આપણામાં આજે એક જે ત્રુટી બનેલી છે કે દરેક કોઈ પોતાની ઈચ્છાથીજ દરેક વાતને કહી દે છે (બોલી દે છે), દરેક પ્રશ્નો પર પોતાનાં મન્તવ્યો રજૂ કરી દે છે અને તે પણ પ્રશ્નાવલિઓમાં મેં જોયું કે લોકો (ગોસ્વામી બાળકો) પોતાના હૃદયને - પોતાના હૃદય ભાવોને સ્પષ્ટતયા વ્યક્ત કરવામાં હિચકિચાય છે, શ્યામમનોહરજીના પ્રશ્નોત્તરમાં એ સ્પષ્ટ છે કે ખુલ્લા હૃદયથી વાતો કહી છે તેમાં કોઈ દુરાવ - છુપાવ નથી.

**પ્રશ્ન-** વચમાં એક વાત પૂછી લઉં. આપે જે પ્રશ્નાવલિનો ઉલ્લેખ કર્યો તે અમારા ‘આચાર્ય શ્રીવલ્લભ’ના એપ્રિલ - મે ૯૪ ના અંકમાં છપાઈ છે તેને માટેનો છે ?

**ઉત્તર-** હા, તેને માટેજ મેં કહ્યું છે. એ સન્દર્ભમાંજ હું વાત કરી રહ્યો છું, બીજા જે બે જેમકે ઈન્દિરાબેટીજીના પ્રશ્નોત્તર છે, મથુરેશજીના પ્રશ્નોત્તર છે, એમાં એ સ્પષ્ટતા નથી વિચારોની જે વસ્તુતઃ હોવી જોઈતી હતી. આમાં પણ હું એ સ્પષ્ટ કારણ સમજું છું કે આપસમાં એક બીજાના પ્રત્યે જે આશંકા છે, મનમાં સંદેહ છે કે અમે આમ કહીશું તો બીજાઓ શું કહેશે, આ પ્રકારની આશંકાઓના કારણથી ન તો વિચાર વિનિમય બરાબર થઈ રહ્યા છે અને ન તો એક સ્તર પર બેસીને વિચારક વિચારો પ્રસ્તુત કરવા તત્પર થઈ રહ્યા છે. એટલા માટે યદિ સમયને અનુરૂપ પરિવર્તન અપેક્ષાણીય છે તો એને માટે કોઈ સામૂહિક વિચાર નથી થઈ રહ્યો. જેમકે એમાં પ્રશ્ન આવ્યો છે (ચર્ચા થઈ છે) ગોસ્વામી પરિષદ્‌નો- તેથી બે શબ્દ એના સન્દર્ભમાં પણ કહી લઉં કારણ કે જે સુષુપ્ત ગોસ્વામી પરિષદ્ છે તેના મંત્રીપદે અત્યારે હું છું, તેથી ગોસ્વામીપરિષદ્ વસ્તુતઃ આપણા સમ્પ્રદાયની, આપણા જીવન વ્યવહારની બધી વ્યવસ્થા કરવા બનેલી છે અને તેનો ઉપયોગ થતો રહ્યો છે, પરંતુ વર્તમાન સ્થિતિમાં કેટલીક એવી વાતો બની ગઈ છે કે જે એનામાં નિયંત્રણ કરવાની ક્ષમતા હતી તે એના હાથમાંથી નીકળી ગઈ. તો જ્યાં કોઈ નિયંત્રણ નથી કરી શકતો તો એ પોતાના સિદ્ધાન્તોનું પાલન કરાવવા દબાણપૂર્વક કહી શકતો નથી. અતઃ ગોસ્વામી પરિષદ્‌ની એ સ્થિતિ બની ગઈ કે એ માત્ર સલાહજ આપી શકે છે, કોઈને વાત કહેવી હોય તો તમારે આમજ કરવું જોઈએ એ પ્રકારનું શાસન જ્યાં સુધી ગોસ્વામી પરિષદ્ આપી ન શકે ત્યાં સુધી પરિષદ્‌નો કોઈ ઉપયોગ નથી રહેતો અને પરિસ્થિતિ એ થઈ ગઈ છે કે દરેક વ્યક્તિ પોતાની જાતને તેનાથી (ગોસ્વામી પરિષદ્‌થી) સ્વતંત્ર માને છે. દરેક વ્યક્તિ કોઈ પણ વ્યક્તિનું ભલે પછી તે જ્ઞાનવૃદ્ધ હોય, વયોવૃદ્ધ હોય, યા કેવો પણ હોય કોઈ નિયંત્રણ માનવા તૈયાર નથી, પ્રત્યુત કેવલ એ લોકો પર આપણું નિયંત્રણ લગાવવાની સ્થિતિ પેદા કરી દઈએ છીએ, તો આ કારણ છે કે જેથી ગોસ્વામી પરિષદ્ સુષુપ્ત થઈ ગઈ છે. કારણ કે તે કરે તો શું કરે ? નિર્ણય લે તો નિર્ણયનું પાલન કેવી રીતે કરાવે ? એટલા માટે ગોસ્વામી પરિષદ્ સુષુપ્ત છે. ઘણું જ સારું કહેવાશે અગર આ ગોસ્વામીઓ વિચાર કરીને ફરીથી એને પુનર્જીવિત કરવાનો પ્રયત્ન કરે અને પોતાના મનમાં દ્રઢ નિશ્ચય કરે કે ગોસ્વામી પરિષદ્‌ના આદેશ અનુસાર પોતાનાં બધાં કાર્યો કરશે તો તો ગોસ્વામી પરિષદ્‌ને પુનર્જીવિત કરવાનો પણ કોઈ અર્થ છે. તેમજ ગોસ્વામી પરિષદ્‌ને પણ સક્ષમ નેતૃત્વ મળી શકે છે, એનું કાર્ય પણ સક્ષમ રીતે ચલાવી શકાય છે, પરંતુ વર્તમાનમાં જે સ્થિતિ બનેલી છે તે કેવળ પરસ્પર એકબીજા પ્રત્યે આશંકિત મનોભાવ ના કારણેજ બનેલી છે અને આ આશંકાઓ તો નિશ્ચિત હું માનું છું તે મુજબ સમ્પ્રદાયના હિતમાં નથી અને સમ્પ્રદાયના હિતમાં નહિ હોઈને પણ

સહુથી ખરાબ વાત તો આમાં એ છે કે પરસ્પર વિગઠનકારી છે; સંગઠનનું રૂપ આમાં નહિ આવી શકે. પ્રથમ વાત તો એ છે કે આપ આ પ્રયત્ન જે કરી રહ્યા છો એ પ્રયત્નોનું અગર આ સુપરિણામ આવે કે આપણે લોકો એકચિત્ત થઈને વિચારવિનિમયને માટે બેસીએ અને આ આશંકાઓ મનમાંથી નીકાળી દઈએ કે પરસ્પર ક્યાંય એકબીજાના પગ ખેંચવાનો પ્રયત્ન થઈ રહ્યો છે, તો જરૂર કંઈક આગળ વધી શકાશે. બાકી તો જ્યાં કોઈ પણ સંસ્થામાં કે કોઈ પણ રાજ્યમાં, ક્યાંય પણ જ્યાં શાસન ન હોય - અનુશાસન ન હોય ત્યાં શું થઈ શકે છે ? ત્યાં અરાજકતાજ થશે અને તેજ અરાજકતાની સ્થિતિ આજે વર્તમાનમાં આપણામાં મોજુદ છે. દરેક વ્યક્તિ પોત-પોતાની ઢપલી અલગથી વગાડી રહ્યા છે અને અલગથી વગાડી રહ્યા છે એટલું જ નહિ પરંતુ બીજાના પ્રતિ સમાજમાં એના સ્વરૂપને નીચું બતાવવાની પ્રવૃત્તિ પણ સાથે સાથે કરાઈ રહી છે. જેમ કે સામાન્ય રૂપે હું એક વાત કહું છું કે અગર કોઈ વૈષ્ણવ એમ પૂછવા આવે છે કે ભાઈ અમે બહાર (વિદેશ) રહીએ છીએ, શહેરમાં રહીએ છીએ, ત્યાં કૂવો ઉપલબ્ધ નથી, ઝારી નથી ભરી શકતો, તો અમે નળના જળથી ઝારી ભરીએ ? તો કેટલાએ ગોસ્વામી બાળકો એવા છે કે જે પર્ટિક્યુલર (ગોસ્વામી બાળકોના) ઘરોને સંકેતિત કરે છે કે જો આવી આજ્ઞાઓ લેવી હોય તો ત્યાં એ જગ્યાએ (એ ગોસ્વામી બાળકને ત્યાં) જાઓ. તો આ જે સ્થિતિ છે તે પરસ્પર એકબીજાનું નીચું દેખાડવા માટે એકબીજાની હીનતા દેખાડવા માટે સમાજમાં ઊભી કરવામાં આવે છે. તો આ પ્રવૃત્તિઓ જ્યાં સુધી આપણે નહિ મિટાવીશું ત્યાં સુધી આગળ વધી શકાશે નહિ. અગર બધા ગોસ્વામી બાળકો આમ વિચારી લે કે અમારે આ સમ્પ્રદાયનું સંગઠન કરવું છે, આ સમ્પ્રદાયને બીજા સમ્પ્રદાયની હોડમાં શ્રીમહાપ્રભુજીએ, શ્રી વિઠ્ઠલે જે પરિશ્રમ કર્યો છે એ પરિશ્રમનો વિચાર કરીને અગર આગળ વધારવા માટે પ્રયત્ન કરવો છે તો અત્યારે પણ સમય છે, આજથી બે દાયકા બાદ એ સમય પણ નહિ રહેશે. તે આપ જે પ્રયત્ન કરી રહ્યા છો તે આ રૂપમાં જો સહી બેસે તો જરૂર હું માનું છું કે

બધાની એક મિટિંગ કરવામાં આવે અને એમાં આ વિચારવિનિમય થાય કે આપણે સમ્પ્રદાયને માટે કાર્ય કરવાનું છે, પરસ્પર વ્યક્તિગત રૂપમાં નહિં; તો પણ આવી મિટિંગનો કોઈ અર્થ પણ રહેશે. આજે આપણે ત્યાં આપણા પોતાના માટે કાર્ય કરી રહ્યા છીએ; સમ્પ્રદાય માટે નથી કરી રહ્યા એ સહુથી મોટી ક્ષતિ છે.

**પ્રશ્ન-** આપે જે કહ્યું તેમાંથી એ વાતનો પ્રશ્ન બને છે. એક તો આપે જણાવ્યું કે આજે બધામાં જે વિગઠન છે તે કારણે ગોસ્વામી પરિષદ્ સુષુપ્ત થઈ ગઈ છે. તો પ્રશ્ન એ છે કે જે વિગઠનાત્મક પ્રવૃત્તિ છે કે એકબીજા પ્રત્યે અવિશ્વાસની પ્રવૃત્તિ છે અથવા તો આજે બે ગોસ્વામીઓ વચ્ચે જે પણ મનઃસ્થિતિ-હાર્દિક સ્થિતિ છે એ તો પૂર્વમાં પણ હતી તો પછી આની આજે આ સ્થિતિ કેમ બની ?

**ઉત્તર-** મેં કહ્યું તેમાં એમ નથી કે વિગઠનને કારણે આ છે, પણ તે શાસનના અભાવમાં છે. ગોસ્વામી પરિષદ્‌ના નિર્ણયને માન્ય કરાવવા માટે પાલન કરાવવા માટે ગોસ્વામી સમાજમાં જે નેતૃત્વમાં આવે છે એમના માટે એવી કોઈ સત્તા નથી કે અગર કોઈ નિર્ણયને નથી માનતો તો એના વિરુદ્ધ કોઈ પગલાં લઈ શકાય યા તેની સામે કોઈ વ્યાવહારિક પ્રતિબન્ધ લગાવી શકાય. શાસનની સત્તા જ્યાં સુધી નહિ હશે ત્યાં સુધી ગોસ્વામી પરિષદ્ કોઈ કાર્ય નહિ કરી શકે મેં એમ કહ્યું છે. વિગઠનાત્મક જે સ્થિતિ છે તે આ રૂપમાં છે કે જ્યાં એની પાસે કોઈ સત્તા નથી કે પોતાના બનાવેલા નિયમોનું પાલન કરાવી શકે. તો જે બનાવેલા નિયમોનું પાલન કરાવી શકતી નથી તો પછી તે સંસ્થા તટસ્થજ થઈ જાય છે. તેથી આજે આ સ્થિતિમાં જ છે કે તે સુષુપ્ત અવસ્થામાં છે.

**પ્રશ્ન-** આની જ્યારે સ્થાપના થઈ ત્યારે એ પોતાના બનાવેલા

નિયમોનું પાલન કરાવી શકતી હતી તો પછી આજે કેમ નહિ કરાવી શકે ? જે સ્થિતિ ત્યારે હતી તેજ આજે છે ને જે આજે છે તેજ ત્યારે હતી ?

**ઉત્તર-** નહિ, એમ નથી. વ્યાવહારિક પ્રતિબન્ધ લગાડવા માટે કાયદાકીય અડચણ છે તે અડચણ પહેલાં હતી નહિ. જાતિગત વ્યવહારોમાં, સમાજગત વ્યવહારોમાં પ્રતિબન્ધ લગાવી શકાતા હતા એ સ્થિતિ આજે નથી.

**પ્રશ્ન-** મતલબ કે આજે આપણી પાસે આચાર સંહિતાનો અભાવ છે શાયદ તેનાં આ દુષ્પરિણામો છે ?

**ઉત્તર-** બન્ને વાતો છે. આમાં એક તો જે આના મેમ્બર છે, આપણે ત્યાં (સંસ્થામાં) એક નિયમ છે કે ગોસ્વામી જન્મના મેમ્બર હોય છે, એને માટે કોઈ અલગ નિયમાવલી નથી કે આ પ્રકારે તે મેમ્બર થશે.

**પ્રશ્ન-** આની (ગોસ્વામી પરિષદ્‌ની) મેમ્બરશીપ ફી રૂા. ૧૫-૦૦ લેવાતી હતી ?

**ઉત્તર-** એ દ્રવ્ય તો મેમ્બરશીપ ફીને માટે નહિ પણ સંસ્થાનાં વ્યવહારનિર્વાહ માટે - ખર્ચ વ્યવસ્થા માટે લેવાતું હતું. વચમાં કેટલીક એવી યોજનાઓ બની પણ તે આગળ ચાલી શકી નથી. તો પ્રત્યેક વયસ્ક ગોસ્વામી બાળક જે આના મેમ્બર છે તે યદિ પોતાને આનાં મેમ્બર તરીકે સહી રૂપમાં માને છે તો તો આના નિયમોને માનવાને માટે કટિબદ્ધ પણ થશે અને જો પ્રથમથીજ એના મનમાં એમ બેઠેલું હશે કે હું આનો મેમ્બર નથી તો શા માટે આના નિયમોનું પાલન કરશે? તે પણ આ સંસ્થાનું અગર આ રૂપમાં સંગઠન-પુનર્ગઠન કરવામાં આવે કે બધાજ ગોસ્વામી બાળકો આના મેમ્બર બને અને મેમ્બર બનવાની સાથે સાથે આ પ્રકારના નિયમોનું પાલન કરવાના શપથ પણ લે. જો આમ ન થાય યા કોઈ અન્ય પ્રકારે થાય તો આનાં હાથમાં નિયંત્રણ કરવાની કોઈ સત્તા રહેશે નહિ. આજે કાયદાકીય ધોરણોને લઈ એના હાથમાંથી એ સત્તા નીકળી ગઈ છે જે પહેલાં એના હાથમાં હતી. સેવાવ્યવહાર, જાતિ-ગત વ્યવહાર, સમાજ વ્યવહાર બન્ધ કરવાની અને એ પ્રકારે એના પ્રતિ સમાજમાં જે એક (તિરસ્કૃત) ભાવના પેદા કરવાની સત્તા હતી જેથી જે વ્યક્તિ ભયથી એ નિયમોનું પાલન કરવા તત્પર થતો હતો. એ સત્તા એની પાસે (ગોસ્વામી પરિષદ્ પાસે) નથી માટે આ સંસ્થા સુષુપ્ત છે. આ પ્રકારે સંસ્થાને અગર સબળ બનાવવામાં આવે તો ઘણું થઈ શકે છે. આજે નિયમો બનાવાયેલા છે તે કોઈ વ્યક્તિગત સ્વાર્થને લઈને નથી બનાવાયા, પણ જે પણ નિયમો બનાવાય તે આપણા સામાજિક ઉત્કર્ષને બનાવવા માટે અને એ સામાજિક સ્તરને કાયમ રાખવા માટે, ધાર્મિક સ્તરને કાયમ રાખવા માટે બનાવાય. આ પ્રકારે અગર નિયમ બનાવાય અને આ રૂપમાં અગર મૂકવામાં આવે તો આ સંસ્થા પુનર્જીવિત થઈ શકે છે અને યોગ્ય રૂપમાં કાર્ય કરી શકે છે. આના વિગઠન માટે કેટલાએ પ્રયત્નો થયા એવી તો બધી ઘણી વાતો છે, ક્યાં સુધી કોને માટે કહું ! કેટલાકોને લાગશે કે અમારે માટે આમ કહ્યું, પણ હું તો સપ્રમાણ કહી શકું છું કારણ કે દાદાજી (નિ.લી.ગોસ્વામી શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ - કાંકરોલી) આના મંત્રી રહી ચૂક્યા છે અને પછી હું પણ મંત્રી તરીકે રહી ચૂક્યો છું અને આજે પણ છું એની બધી ફાઈલો આજે પણ મારી પાસે છે અને તે આધારે હું તથ્ય સહિત બધું પ્રસ્તુત કરી શકું છું. આમાં પહેલાંએ અનેક કારણો બની ચૂક્યાં છે ને આજે સંસ્થા સુષુપ્ત છે તેમાં પણ અનેક કારણો બનેલાં છે, શું કહીએ ! ભગવદિચ્છાજ માનવી રહી !

**પ્રશ્ન -** આપે હમણાં જે જણાવ્યું તો એ આધાર પર એમ લાગે છે કે

શ્યામમનોહરજીએ જે એક ઉપાયનું સ્વરૂપ (ફોર્મ્યુલા) રજૂ કર્યું હતું જેમાં ‘આપણા સિદ્ધાન્તોની એક ફોર્મ્યુલા બનાવી કોર્ટમાં માન્ય કરાવી લઈએ’ આ જે ફોર્મ્યુલા હતી તે જો સફળ થાય તો એથી ઘણો લાભ થઈ શકે છે એમ આપને લાગે છે ?

**ઉત્તર-** નક્કી વાત છે, એમાં તો કોઈ બેમત છેજ નહિ. શ્યામમનોહરજીની આ વાતથી તો કોઈ અલગ છે જ નહિ, એને તો યથાવત્ માનીએજ છીએ, જે વાત બરાબર છે એમાં તો ના કહેવાનો કોઈ સવાલજ નથી રહેતો. સવાલ ઊઠે છે તે એ ઊઠે છે કે પ્રત્યેક વ્યક્તિની જે પોતપોતાની પરિસ્થિતિઓ હોય છે જેમ (‘આચાર્ય શ્રીવલ્લભ’ ના પુષ્ટિમાર્ગ વર્તમાન અંકમાં) પ્રશ્નોત્તરમાં તિલકાયતજીના સમ્બન્ધમાં (શ્યામમનોહરજીના) ઉત્તરમાં મેં વાંચ્યું છે તેમાં એમણે એમ કહ્યું કે સુપ્રિમકોર્ટે જે નિયમો બનાવી દીધા છે તેમાં અમે બન્ધાયેલા છીએ.....

**પ્રશ્ન-** (શ્યામમનોહરજીના જાણાવ્યા મુજબ) એમાં ‘અમે સંતુષ્ટ છીએ’ એમ કહેવાયું છે ?

**ઉત્તર-** ‘અમે સંતુષ્ટ છીએ’ એમ ક્યાં સુધી કહેવાયું છે તે તો નથી કહી શકતો પણ જ્યાં સુધી મારી જાણકારી છે એ સમયે એ વાત થઈ હતી કે એ નિયમોમાં અમે બન્ધાયેલા છીએ તેથી તે નિયમોથી અલગ આમ તેમ થવું અમારે માટે શક્ય નથી, પણ જ્યારે ફોર્મ્યુલા કોર્ટથી મંજૂર કરાવી લઈએ અને તેના આધારે તેની વિરુદ્ધમાં (કોર્ટે બનાવેલા નિયમોના વિરુદ્ધમાં) અપીલ કરી આગળ જઈએ ત્યારે અમારા હાથ-પગ ખુલશે. પરંતુ તે જ્યાં સુધી મંજૂર નથી થતાં ત્યાં સુધી જો આપણે આવા વ્યક્તિઓને અતિરિક્ત (બાજુ પર) રાખીએ, જે લોકોને તકલીફ છે - અડચણ છે એમની અડચણને સમજીને એમને આપણે છોડી દઈએ (બાકાત રાખીએ) અને જેમને કોઈ તકલીફ નથી એવા લોકો સંગઠિત થઈને આવા પ્રકારે નિયમ માટે કંઈ કરે તો થઈ શકે છે અને જે તેનાથી આપણે લાભ ઉપલબ્ધ કરી શકીશું તો જે લોકોને તકલીફ છે તે પણ એમાંથી નીકળી જશે. જેમને અત્યારે તકલીફ છે એમને કહેવું કે તમે બધું છોડી દો તો એ તો બધા માટે સંગત થશે પણ નહિ અને તેને કોઈ કરી પણ નથી શકતો. સવાલ જે માત્ર મતભેદનો છે તે આટલા પૂરતો જ છે. જેમને કોઈ તકલીફ છે તો તેનો વિચાર કરીને આ વસ્તુને આગળ મૂકીએ છીએ તો તેમાં આ વિષયથી કોઈ બેમત નથી આજ મતભેદ છે.

**પ્રશ્ન -** હું જે શ્યામમનોહરજીને ઘણી વખત મળ્યો છું અને તેમનાથી ઘણી વખત પ્રશ્નો કર્યા છે. તેમનાથી ઉત્તરો મેળવ્યા છે તેમાં મને જે સમજમાં આવ્યું છે તે એમ છે કે એમનું કહેવું છે કે આપ આપની મુસીબતોથી, આપત્તિઓથી યા બન્ધાયેલા હોવાથી યદિ સિદ્ધાન્તાનુકૂલ પોતાના જીવનમાં કોઈ વ્યવહાર નથી કરી શકતા તો તે જુદી વાત છે; પરંતુ કમસે કમ **‘સિદ્ધાન્ત આજ છે’** એમ તમે કબૂલો તો ખરા, એમાં કોને શી આપત્તિ આવી પડે છે ? આપને કોઈ સિદ્ધાન્ત બાબત મતભેદ છે કે પછી માત્ર આપત્તિજ બાધક છે ?

**ઉત્તર-** જુઓ આપત્તિનું પ્રમાણ પણ આજ છે, કારણ પણ આજ છે. જેમ મેં પહેલાં કહ્યું તેમ પરસ્પર એકબીજા પ્રત્યે અવિશ્વાસ છે એજ આપત્તિનું મૂલ કારણ છે. જેમ આપની શ્યામમનોહરજીથી ચર્ચા થઈ છે એજ સન્દર્ભમાં થોડી વાત હું પણ કહી દઉ, હું અને ગિરિધરબાવા (કામવન) અમે બન્ને જાણા આ પ્રશ્નને કોઈ પણ રીતે હલ કરાય એના પ્રયત્નમાં ચાર-પાંચ કલાક તિલકાયતજીથી વાત કરતા રહ્યા અને એમણે મંજૂર કર્યું અને શ્યામમનોહરજીથી વાત કરી એમણે પણ મંજૂર કર્યું અને

કહ્યું કે તિલકાયતજી જે મુસદ્દો તૈયાર કરી આપે તેના પર તેઓ હસ્તાક્ષર કરશે. તેમજ તિલકાયતજીએ પણ સ્વીકાર્યું કે તેઓ આ બાબત એક મુસદ્દો ઘડી આપી મૂકશે. પરંતુ શું કહી શકાય ! દુર્ભાગ્ય જ આને કહેવાશે કે અમારી જે ચાર-પાંચ કલાકની મહેનત હતી આપણામાંનાજ એક ગોસ્વામી બાળકે આવીને બે મિનિટમાં જાણે શું ઘાલમેલ કરી, બધી જ વાત બદલાઈ ગઈ અને તિલકાયતજી એ કહી દીધું કે હું આ મુસદ્દો તૈયાર નહિ કરાવું અને આ વાત ત્યાંજ ખતમ થઈ ગઈ. તો જ્યાં વિશ્વાસની સ્થિતિ છે તેઓ વિશ્વાસ રાખતે, શ્યામમનોહરજીએ વિશ્વાસ રાખ્યો, તિલકાયતજી વિશ્વાસ રાખે તો આ વાતનો ફેંસલો થઈ શકે છે, કોઈ પણ વચમાં પડી વાત કરી શકે છે યા વચમાં રહીને કોઈ કામ કરી શકે છે. યદિ કોઈને કોઈ પર વિશ્વાસજ ન હોય તો કેવી રીતે કોઈ વાત થઈ શકે ? તેથી જ મેં પૂર્વમાં કહ્યું છે કે આપણામાં જ્યાં સુધી પરસ્પર વિશ્વાસનું વાતાવરણ નથી ત્યાં સુધી કોઈ વાત આગળ વધારવાનો જ પ્રશ્ન નથી. હર એક-હરએક પ્રતિ આશંકિત છે તો શી વાત કરીએ - કોનાથી વાત કરીએ ?

**પ્રશ્ન-** આમાં મારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આવ્યો નથી. મારો પ્રશ્ન એ હતો કે કમથી કમ આપણા ગોસ્વામી સમાજના જેટલા લોકો છે તેઓ પોતાનાં વ્યક્તિગત કારણોથી એટલે કે જેમ કોઈનું મન્દિર ટ્રસ્ટ છે તો ન તો કોઈ એકદમ ટ્રસ્ટને નીકાળી પણ શકાય છે અને એમની તેવી તાકાત પણ છે, કોઈએ તો ઠાકોરજી પણ ટ્રસ્ટમાં લખાવ્યા છે, તો હવે જે ટ્રસ્ટમાં ગયા છે તેનું કંઈ થઈ શકતું નથી, જ્યારે ભવિષ્યમાં કંઈ થઈ જશે ત્યારે જોઈ જવાશે. પરંતુ કમથી કમ આ વાત આપણા સમ્પ્રદાયાનુકૂલ છે કે નથી એ વાતને આપણે જાહેરમાં કેમ નથી કબૂલી રહ્યા ? આજે જે મુખ્ય મતભેદો ચાલી રહ્યા છે તે એ બાબત ચાલી રહ્યા છે કે જેમકે ભેટપૂજા, મનોરથ, જાહેરમન્દિર, જાહેરમન્દિર, પ્રસાદ વગેરે, આ બધી બાબતોને લઈ વૈષ્ણવોમાં ઘણી બધી દુવિધા વર્તાઈ રહી છે કે એક કહે છે કે તમે આમ કરો, બીજો કહે છે તમે આમ કરો નહિ, કોઈ કહે છે કે તમે આ પ્રસાદ ન લો અને બીજો કહે છે કે તમે પ્રસાદ નહિ લો તો દોષી છો, આવી સ્થિતિમાં વૈષ્ણવો ચકરાઈ જાય છે કે શું કરવું - શું ન કરવું ?

**ઉત્તર -** આ બાબતમાં હું માનું છું ત્યાં સુધી સિદ્ધાન્ત કારણ નથી, પરસ્પરની ખેંચતાણ માત્ર કારણ છે. જે આપણે કહીએ છીએ કે તમે આ નહિ કરો, આ નહિ કરો, આ નહિ કરો, યા આ પણ કરો, તે પણ કરો, પેલું પણ કરો, આમાં માત્ર સિદ્ધાન્ત કારણ નથી, પરસ્પર ઘર્ષણ છે જે આજે આ સ્વરૂપમાં ઉપસ્થિત છે. એ સ્વરૂપને અગર આ રૂપમાં વિચારીએ તો - મારા કહેવાનો એ મતલબ નથી કે જ્યાં ભેટ લેવાય છે કે મનોરથ વગેરે થાય છે એ સ્વસ્થ પરમ્પરા છે. એ વિકારોને સુધારવાની અપેક્ષા છે પણ તેથી એમ નહિ કહેવાય કે મનોરથ કરવા કે તેવા આયોજન કરવા એ ગલત છે. આ આયોજન કરવાનો જ તો ભગવદ્ આદેશ છે. એકાદશસ્કન્ધમાં સ્પષ્ટતયા ભગવાને આદેશ આપ્યો છે કે આ પ્રકારે જે ઉત્સવાદિ છે એને એવા પ્રકારે મનાવવા જોઈએ જેમાં એક સામાજિક સ્તરથી લોકોમાં ઉત્સાહ જાગે, આ આયોજનો એટલા માટે જ કરાય છે કે તેમાંથી સમાજમાં તેના પ્રતિ, ધર્મના પ્રતિ, ભગવત્સ્વરૂપ પ્રતિ એ જિજ્ઞાસા વધે, કંઈક એમની સમજમાં આવે કે આ શું છે. અવૈષ્ણવને પણ વૈષ્ણવ કરવા માટે આ અપેક્ષિત છે કે આપણે આ પ્રકારે કોઈ આયોજન કરીએ,આયોજન એ હિસાબેજ થાય છે કે ભગવદ્ આદેશ છે એકાદશસ્કન્ધમાં કહ્યા અનુસાર.

**પ્રશ્ન-** એકાદશ સ્કન્ધમાં જ્યાં ભગવાને પોતાની પૂજા પદ્ધતિ બતાવી છે કે આ રીતે મારી સેવા કરો એમ એકાદશસ્કન્ધના ૨૭માં અધ્યાયમાં ક્રિયાયોગના વર્ણનથી જણાવ્યું છે તેજ આપ કહી રહ્યા છો ને ?

**ઉત્તર** - હા.

**પ્રશ્ન -** તો આ એકાદશસ્કન્ધમાં ભગવાન દ્વારા કહેવાયેલ સેવા પદ્ધતિ છે એ સમ્પૂર્ણ એમને એમ બેઠ્ઠી આપણે ત્યાં લઈ લેવામાં આવી હોય એમ તો નથી ?

**ઉત્તર-** એમ છે કે એને છોડી પણ દેવામાં આવી હોય તેમ પણ નથી. ત્યાં સ્પષ્ટ કહેવાયું છે કે **'वैदिकस्तांत्रिको मिश्र इति मे त्रिविधो मखः'** આમ આ ત્રણમાંથી આપણે ત્યાં કઈ પદ્ધતિ છે ? તો તે મિશ્રપદ્ધતિ છે. તાંત્રિક એટલે આજકાલના જે લોકો સમજે છે તે તાંત્રિક નહિ પણ આગમશાસ્ત્રને અહીં તાંત્રિક કહ્યું છે. આગમશાસ્ત્ર પણ આમાં યથાવત્ પ્રમાણ છે અને આગમશાસ્ત્રના યથાવત્ પ્રમાણોને આચાર્યોએ ગ્રહણ કર્યા છે. આ જેટલા પણ ચતુઃષષ્ટિ અપરાધ દ્વાત્રિંશદપરાધ, દશાપરાધ વગેરે છે એ બધા જ આગમશાસ્ત્રોક્ત છે; બીજા સ્થાનના નથી. તેમજ (હિન્દોલા-રથયાત્રા વગેરે) ઉત્સવાદિમાં પણ બધું આગમશાસ્ત્રોક્ત છે. તેથી માનવું પડશે કે **'वैदिकस्तांत्रिको मिश्र इति मे त्रिविधो मखः'** માંથી મધ્યમમાર્ગ આપણે ત્યાં ગ્રહણ કરાયો છે અને જે આપણો મિશ્ર પ્રકાર છે એમાં નિશ્ચિત પ્રકારે એ મનાયેલું છે કે આપણે બધું આ રૂપે કરવું જોઈએ. કારણ કે આપણે ત્યાં પણ શ્રીઆચાર્યચરણે બન્ને સ્વરૂપો રાખ્યા છે. એમનામાં પુષ્ટિમાર્ગોપદેષ્ટુત્વ પણ છે તો એમનામાં મર્યાદામાર્ગોપદેષ્ટુત્વ પણ છે. આપણી પાસે આવનારા વૈષ્ણવો પ્રવાહમાર્ગી પણ હોય છે, મર્યાદામાર્ગી પણ હોય છે અને પુષ્ટિમાર્ગી પણ હોય છે. આપણે માટે એ અપેક્ષિત છે કે આપણે એ બધાને સાથે લઈને ચાલીએ. તેથી આ પ્રકારનાં આયોજનો કરવામાં આવે છે. અતઃ આમાં કોઈ અનૌચિત્ય નથી. અનૌચિત્ય ક્યાં હોય છે કે જ્યાં એની પદ્ધતિ બદલાઈ જાય છે. અર્થોપાર્જન માટે જ્યાં આ થાય છે ત્યાં એમાં અનૌચિત્ય આવે છે.

**પ્રશ્ન-૩** હવે હું આપને થોડા રમૂજમાં પ્રશ્ન પૂછું છું આશા કરું છું આપ અન્યથા ન વિચારી ક્ષમા કરશો. કેટલાક લોકોનો આપના ઉપર આક્ષેપ જ છે અને એ સમ્બન્ધમાં જો આપ યોગ્ય માનો તો આપના શ્રીમુખે એનું નિરાકરણ ચાહીશ કે છપ્પન ભોગ વગેરે જે મનોરથો છે, તો જેમ આપે જણાવ્યું તેમ આપણે ત્યાં બે-પાંચ વર્ષે દ્રવ્ય ભેગું થઈ જાય તો એનો વિનિયોગ કેમ કરવો ? તો છપ્પનભોગ વગેરે વિશેષ મનોરથો દ્વારા ભોગ સમર્પવો અને તે રીતે દ્રવ્યનો ભગવદ્ વિનિમય કરી દેવો એ હેતુ છે. પણ એક પક્ષ એવો છે જેનું એમ કહેવું છે કે બીજું તો ઠીક પણ છપ્પનભોગ માટે દ્રવ્ય ભેગું કરવું - ઠાકોરજીની સામગ્રી માટે અને પછી છપ્પનભોગ કરવો અને તેમાં પણ ખાસ કરીને એ લોકોનું આપને માટે એમ માનવું અને કહેવું છે કે આપ ***છપ્પનભોગ સ્પેશ્યાલીસ્ટ*** છો અને પાછલા ચાર-પાંચ વર્ષો દરમિયાન વર્ષભરમાં આપના શ્રીહસ્તથી પાંચ, સાત, દસ છપ્પનભોગ થઈ જાય છે એમ જોવા-સાંભળવામાં આવે છે. તો આ બાબતમાં આપનું શું કહેવું છે ?

**ઉત્તર -૩** (હસીને) જરૂર સ્પષ્ટતા કરીશ હું. જુઓ આ વાત એમ છે કે મેં કહ્યું છે તેમ આપણી પાસે આવવાવાળા જે વૈષ્ણવો છે એમાં પ્રવાહમાર્ગી પણ હોય છે. મર્યાદામાર્ગી પણ હોય છે અને પુષ્ટિમાર્ગી પણ હોય છે. આજ સ્થિતિ છે આપણા પ્રત્યેક સ્થાનો-ગુજરાતના જે અસંખ્ય મન્દિરો છે અને બધા જે કાર્યકર્તાઓ છે,એ ગામના જે નિવાસી છે, એ બધાની જે પ્રવાહમાર્ગી સ્થિતિ છે એ સ્થિતિનો પણ આપણે વિચાર કરવાનો હોય છે. તેથી એ રીતે વિચારીએ છીએ. આજે તો લોકોમાં એક હોડ બનેલી છે કે પેલી જગ્યાએ છપ્પનભોગ થયો છે તો અહીં પણ છપ્પનભોગ થવો જોઈએ. એ લોકો (છપ્પનભોગ આયોજન અર્થે) પોતાના ગામમાં સ્વતંત્ર રીતે દ્રવ્ય ભેગું કરે છે કે પછી જાણે શું કરે છે તેનાંથી અમને કોઈ સમ્બન્ધ નથી. અમે ક્યારેય એમનાથી (ગામના લોકોથી) હિસાબ લેતા નથી, અમે ક્યારેય એમનાથી પૈસા લેતા નથી, કિંતુ એ આયોજનને કરવા માટે, એ

આયોજનને સહી - વ્યવસ્થિત રૂપમાં પ્રસ્તુત કરી શકાય, સમ્પ્રદાયની મર્યાદાનું તેમાં પાલન થાય, તે માટે અમે તેમાં ભાગ લઈએ છીએ અને તે પણ એમ સમજીને લઈએ છીએ કે જો અમે અમારા આ ક્ષેત્રમાં ભાગ નહિ લઈશું,અમે નહિ લઈશું તો અમારાજ બીજા અનેક ભાઈ-બન્ધુઓ તૈયાર ઊભા છે કે ત્યાં પોતાનો ચંચુ પ્રવેશ નક્કીજ કરવાના છે. તો પછી શા માટે અમે અમારા એ ક્ષેત્રને વ્યર્થમાં વિકૃત કરીને અને લોકોની ભાવનાઓને અમારાથી વિમુખ કરીએ ? લોકો અગર અમને આ રૂપમાં માને છે કે આનું આયોજન આપ કરો તો અમે એમાં અમને સક્ષમ માનીએ છીએ કે એમાં અમે આયોજન કરવા જઈએ અને અમે આયોજનો કરીએ છીએ તે એ રૂપમાં કરીએ છીએ કે આપણી પ્રાચીન પરમ્પરાઓનો નિર્વાહ જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તેનો નિર્વાહ કરવો. એમાં નિધિસ્વરૂપને પણ પધરાવીએ છીએ, નિધિસ્વરૂપ સહિત છપ્પનભોગ કરીએ છીએ, પ્રત્યેક ગામમાં જે (સ્થાનિક મન્દિરોમાં) સ્વરૂપો બિરાજે છે તેના છપ્પનભોગનો પ્રકાર અમે નથી લેતા, અન્યથારૂપમાંતો આજે માતાજીને હનુમાનજીને બધીજ જગ્યાએ છપ્પનભોગ થઈ રહ્યા છે, એ પ્રકારથી અમે છપ્પનભોગ નથી કરતા, પરંતુ જે છપ્પનભોગના ત્રણ પ્રકારો આપણા સમ્પ્રદાયમાં પ્રાચીન કાળથી પ્રચલિત છે કે જે આધિદૈવિક પ્રકાર, આધ્યાત્મિક પ્રકાર, આધિભૌતિક પ્રકાર, આમાંથી અમે આ (પોતાના નિજગૃહથી ઈતર સ્થળે) સ્થાનો પર આધિભૌતિક પ્રકારને લઈએ છીએ અને મૂલ જે અમારાં સ્થાનો છે ત્યાં અમે આધ્યાત્મિક અને આધિદૈવિક પ્રકાર લઈએ છીએ જેમાંથી ક્યારેક - ક્યાંક આધ્યાત્મિક પ્રકાર પણ રહે છે અને ક્યારેક ક્યાંક આધિદૈવિક પણ રહે છે.

**પ્રશ્ન-** છપ્પનભોગના સમ્પ્રદાય સિદ્ધાન્તમાન્ય આધિદૈવિક, આધ્યાત્મિક, આધિભૌતિક ત્રણ પ્રકારો છે એમ આપે જે જણાવ્યું તો તે પ્રકારો આપની પાસે પરમ્પરાગત રીત સુરક્ષિત છે કે પછી કોઈ ગ્રન્થમાં

ઉલ્લિખિત છે ?

**ઉત્તર -** બન્ને પ્રકારે છે. પરમ્પરાગત પણ છે અને ઉલ્લિખિત પણ છે. આપને શાયદ ધ્યાન હશે કે શ્રી વ્રજાધીશજી મહારાજ કે જેઓ ચાંપાસેની (જોધપુર) ના હતા અને મોટા મહાનુભાવોમાં તેમની ગણના થાય છે એમના દ્વારા પુસ્તકના રૂપમાં લખાયેલી પદ્ધતિ મારી પાસે છે.

**પ્રશ્ન -** આવી પદ્ધતિનો કોઈ ગ્રન્થ પ્રકાશિત હોય એમ લાગતું નથી. ક્યાંય સન્દર્ભના રૂપમાં પણ કોઈ ઉલ્લેખ જોવા-સાંભળવા મળતો નથી ?

**ઉત્તર-** હવે એ પ્રકાશિત હોય ચાહે અપ્રકાશિત હોય પણ આ ગ્રન્થ સર્વજનભોગ્ય પણ નથી. પરંતુ એમના દ્વારા લખાયેલ ગ્રન્થ હસ્તપ્રતના સ્વરૂપે મારી પાસે છે જેમાં છપ્પનભોગ કેવી રીતે કરવો, એની સજાવટ કેમ કરવી, એની ભાવના શી છે એ બાબતે ત્રણે પ્રકારો આ ગ્રન્થમાં નિર્દિષ્ટ છે. તેમજ જ્યાં સુધી છપ્પનભોગનો સવાલ છે કે જે લોકો મારા માટે કહે છે કે હું છપ્પનભોગ સ્પેશ્યાલિસ્ટ છું તો ભલે કહે, હું એ વાતને સ્વીકારી લઉ છું; મને એમાં કોઈ આપત્તિ પણ નથી કે મને અગર કોઈ આમ કહે. કેમકે વાતએ છે કે જે આપણને લોકોને શ્રી આચાર્યચરણે ઉપદેશ કર્યો છે અને વેદ દ્વારા જે આદેશ છે. હવે આજે આપણે યજ્ઞમાં લાગી જઈએ, તથા સોમયાગાદિ કરવા જઈએ છીએ તેમાં કોઈને આપત્તિ થતી નથી તો છપ્પનભોગમાં કેમ આપત્તિ રાખવી ? છપ્પનભોગ તો એજ સોમયજ્ઞનું પુષ્ટિમાર્ગીય રૂપ છે. નિશ્ચિતજ આપ યદિ ‘ષડ્ઋતુ માર્તંડ’ ગ્રન્થ ખોલીને જુઓ તો એજ સોમયજ્ઞનું શું છે અને છપ્પનભોગ શું છે, એમાં હોતા કોણ છે, અધ્વર્યુ કોણ છે. કોણ ઉદ્ગાતા છે, કોણ શું છે બધી જ બાબતોનું

એમાં સ્પષ્ટતયા વિશ્લેષણ કરાયેલું છે. છપ્પનભોગ અને સોમયજ્ઞને એમાં તુલનાત્મક રીતે બતાવ્યા છે. છપ્પનભોગ - સોમયજ્ઞની તુલનામાં સોમયજ્ઞના સ્થાન પર હું છપ્પનભોગ ને વિશેષ મહત્ત્વ આપું છું. સોમયજ્ઞમાં આજે દેશ, કાલ, મંત્ર, કર્તા, દ્રવ્ય, કર્મ વગેરે પ્રકારથી જે સ્પષ્ટ શબ્દ છે આચાર્યોના એ પ્રકારે અનેક ક્ષતિ હું જોઉ છું.

**પ્રશ્ન-** દેશ, કાલ, મંત્ર વગેરેના આધારે આપે જે ક્ષતિ કહી છે તેનો નિર્વાહ તો શ્રીઆચાર્યચરણના સમયમાં પણ શક્ય નહિ હશે, કેમે કે એવી ક્ષતિ તો ત્યારે પણ રહી જ હશે. કારણ કે **‘म्लेच्छाक्रान्तेषु देशेषु’** અને **‘गंगादितीर्थवर्येषु’** એ તે સમયની જ ક્ષતિને બતાવે છે ?

**ઉત્તર-** હા, તે વખતની આ ક્ષતિ છે, પણ જ્યાં પોતપોતાનાં ક્ષેત્ર છે ત્યાં મ્લેચ્છાક્રાન્ત ન હોય તેવાં પણ ક્ષેત્રો હતાં. આપણાં ધાર્મિક ક્ષેત્રોમાં જ્યારે જ્યાં આક્રમણો થતા હતા ત્યારે ત્યાં થતા હતા પરંતુ જ્યાં નહોતા થતા ત્યાં આપણે સ્વતંત્ર પણ હતા કે આપણે આપણા ક્ષેત્રમાં આપણા પ્રકારથી જીવનનિર્વાહ કરતા હતા ત્યારે આજના જેવી સ્થિતિ હતી નહિ.

**પ્રશ્ન-** જ્યાં સુધી શ્રીઆચાર્યચરણ કે શ્રીપ્રભુચરણના નિવાસ સ્થાનોનો તેમજ તેમના જીવન સાથે વિશેષ રીતે સંકળાયેલા રાજ્યો-પ્રાંતો-સ્થાનોનો સવાલ છે ત્યાં સુધી વ્રજ, પ્રયાગ બનારસ આ ત્રણે સ્થળો મ્લેચ્છાક્રાન્તજ હતા ?

**ઉત્તર-** મ્લેચ્છાક્રાન્ત હોઈને પણ, મ્લેચ્છાક્રાન્ત ન હોઈને પણ ત્યાંની ધાર્મિક સ્થિતિ જે હતી તે અંશમાત્ર તો આજે પણ મોજુદ છેજ, તે નથી એમ તો હું નહિ કહીશ પરંતુ ભારતીય સંસ્કૃતિ પ્રતિ એમની જે એક

સંહારક નીતિ હતી તેનો સ્પષ્ટતઃ વિરોધ હતો અને જ્યાં સ્પષ્ટ વિરોધ હોય છે ત્યાં લોકોની તે તરફ પ્રવૃત્તિ કરવાની વધુ-ઓછી ઉત્કંઠાઓ થઈ જાય છે એટલે એની સામે મુકાબલો કરવાની લોકોના મનમાં પ્રવૃત્તિ હતી. અને તે લોકો પ્રવૃત્તિના રૂપમાં મુકાબલો કરતા જ હતા. અને એ વાત નથી કે સ્વચ્છતા નહિ હતી, આજે પણ મંત્રોનો પ્રકાર છે, દેશકાલનો પ્રકાર છે અને તે આજે પણ શુદ્ધ થઈ શકે છે અને તે થતો પણ હશે જ પરંતુ કેટલા અંશમાં કરવો તે યજ્ઞની તુલનામાં આ વાત નથી કરી રહ્યો પરંતુ મારું કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રીમહાપ્રભુજીએ - શ્રીપ્રભુચરણે જે આદેશ આપ્યો છે,તેમજ શ્રીગુસાંઈજીનું નામ પણ **‘षट्पश्चाशत् भोगकर्ता’** ના રૂપમાં કહેવાયું છે તો તે કેમ કહેવાયું છે ? અગર શ્રીગુસાંઈજીનું નામ ‘ષટ્પંચાશત્ ભોગકર્તા’ ના રૂપમાં છે તો હું એમના વંશજ ના રૂપમાં છપ્પનભોગ કરું અને કોઈ મને ***‘છપ્પનભોગ એક્સપર્ટ’*** ના નામે કહે તો તેમાં કોઈ હાનિ નથી.

**પ્રશ્ન-૪** આજે પ્રચલિત વર્તમાનમાં ઠાકોરજીના નામ પર દ્રવ્ય લેવું, ઠાકોરજીના નિમિત્તે ભોગાદિ યા મનોરથાદિ નિમિત્ત દ્રવ્ય લેવું, તેમજ એ દ્રવ્યને દેવદ્રવ્ય ગણવું કે ન ગણવું તેમજ તે દ્રવ્યથી આપણું પોતાનું ભરણ-પોષણ કરવું કે ન કરવું આ બધી બાબતોમાં આપ શો મત સ્વીકારો છો ?

**ઉત્તર-૪** એ નિશ્ચિત વાત છે કે ભગવદર્થ આપણે જે લઈએ છીએ, લેવાનો મતલબ બીજાથી લેવાનો સમ્બન્ધ નથી કહેતો, આપણે કોઈ પણ વસ્તુ ભગવદર્થ લઈએ છીએ તો એનો વિનિયોગ ભગવદર્થે કરીએ છીએ. તો અગર માનીલો કોઈ વસ્તુ દ્રવ્યના રૂપેજ કોઈએ આપી છે કે આનો ઉપયોગ આપ ભગવદર્થે કરો તો એનો ઉપયોગ ભગવદર્થે જ થવો જોઈએ. એ દ્રવ્યનો આપણે આપણા ભરણ-પોષણમાં ઉપયોગ કરીએ તેમ થવું જોઈએ નહિ.

**પ્રશ્ન -** ભગવદ્ દ્રવ્યથી પોતાના ભોજન-પાણી વગેરેમાં ઉપયોગ કરાતાં દેવલકત્વની પ્રાપ્તિને આપ માનો છો કે નથી માનતા ?

**ઉત્તર -** જુઓ ભગવાને જે આરોગ્યું છે એ મહાપ્રસાદને ગ્રહણ કરવામાં હું ક્યારેય આપત્તિ સમજતો નથી. ભગવત્ મહાપ્રસાદ નહિ લેવો આનાથી તો વધીને કોઈ બીજો અપરાધ હું માનતો નથી. સહુથી મોટો અપરાધ છે ભગવત્ પ્રસાદ નહિ લેવો. પ્રસાદ અને મહાપ્રસાદમાં શું અન્તર છે તે પણ યદિ આપણે નથી જાણતા, મહાપ્રસાદ કોને કહેવાય તે પણ આપણે નથી જાણતા ત્યારે જ આવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. અમારા તો પૂર્વજોની આખ્યાયિકાઓ આજે પણ વૈષ્ણવોમાં જીવિત છે. શ્રીવ્રજભૂષણજી મહારાજ અમારી પાંચ પેઢી પહેલાં થઈ ગયા. તેઓ વૃદ્ધ હતા, શ્રીગોવર્ધનધરણ શ્રીનાથજીની સેવામાં તેઓ પધારી રહ્યા હતા, અવસ્થાને કારણે દૃષ્ટિ કમજોર હતી. શ્રી નવનીતલાલના બગીચામાંથી જ્યાં ગલીમાં શ્રીનાથજી મન્દિરમાં જવાય છે ત્યાંથી પધારી રહ્યા હતા. એક વ્યક્તિ સાથે હતો, તે વખતે ત્યાં ગલીમાં પંખાઘરથી આગળ કંઈક પડેલું જોયું. એમણે સાથેવાળા વ્યક્તિને પૂછ્યું કે આ શું છે અને ત્રણે વખત પેલાએ ઉત્તર આપ્યો કે મહાપ્રસાદ છે. મહાપ્રસાદ છે એમ સાંભળ્યા પછી તે ભાતના દાણાઓને ઉઠાવીને મુખમાં મૂકી દીધા અને જયારે અંદર (શ્રીજીની સેવામાં) પધાર્યા તો લોકોએ શિકાયત કરી કે મહારાજે તો સખડી ખાધી છે. તેથી મુખિયાજીએ કહી દીધું કે આપ પુનઃ સ્નાન કરવા પધારો કારણ કે આપે સખડી લીધી છે. એમણે કહ્યું મેં ક્યારે સખડી લીધી છે ? તો મુખિયાજીએ પૂછ્યું કે આપે રસ્તામાં શું લીધું હતું ? તો કહ્યું મહાપ્રસાદ છે. મેં ત્રણ વખત પૂછ્યું કે શું છે અને આણે કહ્યું મહાપ્રસાદ છે તો જે મહાપ્રસાદ છે તે સખડી નથી, જો એકવાર પણ એમ કહી દેતે કે આ સખડી છે તો હું સ્પર્શ પણ નહિ કરતે, તેના ઉત્તરમાં મહાપ્રસાદ છે તેમ ત્રણ વારની આવૃત્તિ પછીથી મહાપ્રસાદ છે તેવો નિર્ણય કરી જો મહાપ્રસાદ છે તો મારે ગ્રહણ

કરવો જ જોઈએ. તેથી મહાપ્રસાદના વિધાનથીજ મેં તત્કાલ ગ્રહણ કર્યો આમાં મેં કોઈ અધમ કાર્ય કર્યું નથી. ત્યાં કેટલાક જાતિસમુદાયના લોકો પણ એકત્રિત હતા એ લોકોએ પણ વાંધો લીધો તો એમણે કહ્યું કે બહાર ચાલો, ભગવન્મન્દિરની સીમાની બહાર જઈને એમણે વમન કર્યું તો એમાં એક પણ ભાતનો દાણો હતો નહિ પણ જે દાણા હતા તે રત્નની સમાન ચમક્યા. તો આમ આપણે ત્યાં જે આર્ષ લોકોની સ્થિતિ છે. યાજ્ઞવલ્કય ઋષિથી વેદ વમન કરાવવામાં આવ્યું અને તિત્તિર પક્ષીના રૂપમાં ચયન કર્યું એ જ પ્રકારે શ્રીવ્રજભૂષણજી મહારાજે પોતાની સ્થિતિ મહાપ્રસાદના સમ્બન્ધમાં પ્રત્યક્ષ દર્શાવી છે. અમે એમની પરમ્પરામાં જન્મ લઈને અગર મહાપ્રસાદની ભાવનાને પણ નહિ સમજીએ તો તો પછી તેથી આગળ શું થઈ શકે છે.

**પ્રશ્ન-** આ તો આપે ઘણી જ સુન્દર વાત કહી પણ જે તર્ક આપવાવાળા છે તેમનો એવો તર્ક છે કે શ્રી મહાપ્રભુજીએ જ્યારે ભગવદ્ દ્રવ્યથી ભોગ સમર્પ્યો ત્યારે (સોનાની કટોરી ગીરવે મૂકી ભોગ ધર્યાના પ્રસંગમાં) તે દિવસે તેમણે પ્રસાદ ગ્રહણ કર્યો નહિ, ત્યાં પણ પ્રસાદજ યા મહાપ્રસાદજ હતો તો પણ તેનું ગ્રહણ કર્યું નથી ?

**ઉત્તર-** પણ એ ભગવદ્ દ્રવ્ય કેમ હતું ! કારણ કે તે વખતે બીજું કોઈ દ્રવ્ય હતું નહિ, એ વસ્તુ (સોનાની કટોરીના દ્રવ્ય) દ્વારા જ બધી સામગ્રી લવાઈ. પ્રભુને જે પણ સામગ્રી ભોગ આવે તે બધું જ દેવદ્રવ્ય હોય છે શું ? એમાં એમ માની લો યદિ કોઈ તેવો અંશ આવી જાય છે તો અંશમાં દોષ હોઈ શકે છે પણ તે સમ્પૂર્ણને દૂષિત નથી કરીશકતો. જેટલું પણ આવ્યું છે. નિત્યના આપણા સંચાલનમાં જે વ્યવસ્થા છે તે ભગવદ્ દ્રવ્ય નથી, ભગવદ્ દ્રવ્ય તો જે ગોલખના રૂપમાં ભેટ આવે છે તેનો પણ ઉપયોગ ભગવત્ સામગ્રીમાં કરાતો નથી.

**પ્રશ્ન-** કેમ ? તે ભગવદ્ દ્રવ્ય છે તેથી ?

**ઉત્તર -** હા, આપણે ત્યાંની તો પરમ્પરા જ આ છે કે આપણે પ્રભુને નહિ શ્રીમહાપ્રભુજીને ભેટ ધરીએ છીએ અને તે ભાવનાથી જ વૈષ્ણવો પણ પહેલાં બધું કરતા રહ્યા છે. એમનામાંથી જ્યાં આ ભાવનાનો નાશ થયો છે. સમજનો નાશ થયો છે, ત્યાર પછીથી પરિસ્થિતિઓ બદલાઈ છે. તો એ જે દ્રવ્ય આવે છે તેનો ઉપયોગ પહેલાં એ પ્રકારે થતો હતો કે નન્દરાયજીના પુરોહિત આવતા હતા ત્યારે એમને આપી દેવામાં આવતું હતું. એ પરમ્પરા નષ્ટ થઈ ગઈ તો ત્યાર બાદ એ પરમ્પરા અનુસાર આજ સુધી અમારે ત્યાં તો આ જ પ્રચલન છે કે એમાં આવે છે એનો વિનિયોગ ગોશાલાના કાર્યમાં થાય છે, એનાથી ભોગસામગ્રી નથી બનતી.

**પ્રશ્ન-** જે ઠાકોરજીને આપવામાં આવ્યું હોય તે દેવદ્રવ્ય, તો જે ઠાકોરજીને માટે અપાયેલું હોય એ દેવદ્રવ્ય નહિ ?

**ઉત્તર-** જો દ્રવ્ય ગુરુને આપવામાં આવે કે આનો વિનિયોગ આપ ભગવદર્થ કરો તો તે ઠાકોરજીને માટે છે પરંતુ તે ગુરુને અપાયેલું છે; ઠાકોરજીને નહિ.

**પ્રશ્ન-** અને જ્યાં ટ્રસ્ટનાં મન્દિરો હોય ત્યાં ?

**ઉત્તર-** ટ્રસ્ટનાં મન્દિર કે બીજા મન્દિરની વ્યવસ્થાઓ તો આજની છે, અને જો ટ્રસ્ટના મન્દિરના રૂપમાં કહો તો આપણે બધા ઓલરેડી ટ્રસ્ટી જ છીએ. આચાર્યચરણે દર્શાવેલી જે બધી વ્યવસ્થા છે તેમાં તો આપણે ટ્રસ્ટી જ છીએ. આપણા ઘરના પણ આપણે ટ્રસ્ટી જ છીએ; બીજું કંઈ જ નથી. આપણું ઘર આપણે નિવેદિત કરી ચૂક્યા છીએ અને ત્યારબાદ આપણા ઘરમાં આપણે ટ્રસ્ટી જ છીએ. આપણું તો કંઈ છે જ નહિ. આપણું કંઈ છે જ નહિ તો પછી આપ ભગવાનને પોતાનું શું લાવી નિવેદન કરશો ? ત્યારે કે જ્યારે તે આપનું છે જ નહિ.

**ઉત્તર -** તેથી જ કહેવાયું છે કે **'भिन्नमार्गपरं मतम्'**

**પ્રશ્ન-૫** હવે મારો એક પ્રશ્ન એ છે કે જ્યારે કોઈ એક સ્થળે ચાર, છ, આઠ ગોસ્વામીબાળકો સમૂહ રૂપે ભેગા હોય ત્યારે કેટલીક વખત વૈષ્ણવોને એક મૂંઝવણ સતાવતી હોય છે સ્પષ્ટ જાણકારીના અભાવમાં કે ઉપસ્થિત ગોસ્વામી બાળકોમાંથી પ્રથમ સત્કાર કોનો કરવો અને ત્યાર બાદ કયા ક્રમથી સત્કાર કરવો. આ વિષયમાં બે વિરોધી પ્રકારની માન્યતા સાંભળવા - જોવામાં આવે છે. એક માન્યતા એ છે કે જ્યારે ગોસ્વામી બાળકો સમૂહમાં ઉપસ્થિત હોય ત્યારે વયસ્ ક્રમથી (ઉંમરમાં મોટા-નાનાક્રમે) આદર સત્કાર કરવો જોઈએ અને બીજી માન્યતા એવી છે કે ગાદીના ક્રમથી પ્રથમ આદર-સત્કાર વગેરે થવા જોઈએ અને ત્યાર બાદ જે ગાદી વિનાના (સાત ગાદીના ગૃહાધીશોથી અલગ) બીજા ગોસ્વામી બાળકો હોય તેમનો આદર સત્કાર કરવો. આ બે વિરોધી માન્યતાઓ વૈષ્ણવો ઉપરાન્ત ગોસ્વામી બાળકોમાં પણ આજે પ્રવર્તે છે. તો આ વિષયમાં આપ શો પ્રકાશ નાંખો છો ?

**ઉત્તર-૫** જુઓ હું આ સ્પષ્ટતયા કહીશ કે જેમ લોકોની ચર્ચામાં આવે છે કે ગાદી યા પીઠ પહેલાં નહિ હતી પણ પાછળથી ઉત્પન્ન કરવામાં આવી છે. પરંતુ થોડો વિચાર કરવામાં આવે તો આવી સ્થિતિ નથી. હા, આ નામો આપણે બીજા લોકોથી અનુકરણમાં અપનાવ્યા છે પરંતુ પીઠ

પરમ્પરા નહિ ગૃહાધીશના રૂપમાં આપણે ત્યાં માન્ય હતી. આ પરમ્પરાઓ ઠેઠથી રહી છે કે શ્રીગુસાંઈજીના સાત પુત્રો હતા અને તેમનાં સાત ઘરો હતાં એ અને શ્રીગોવર્ધનધરનું અર્થાત્ જે તિલકાયતનું સ્થાન છે તે શ્રીવલ્લભનું - શ્રી વિઠ્ઠલનું ગૃહ છે એને ગાદી કહો. પીઠ કહો જે પણ નામે કહો, નામ તો આપણે અનુકરણમાં આપેલાં છે. કોઈ પણ નામથી કહો લોકોને તેમાં કોઈ અન્તર નથી. કારણ કે ‘પીઠ’ શબ્દ આપણે ત્યાં બીજાના અનુકરણમાં છે. આજકાલ લોકોને એક પ્રકારે અનુકરણ કરવાની આદત હોય છે. જો કોઈએ નામ આગળ ૧૦૮ લગાવ્યું તો આપણે પણ ૧૦૦૮ લગાડીએ, કોઈએ ધર્મધુરન્ધર લગાવ્યું તો આપણે પણ તેમ લખાવીએ, કોઈએ મહાપૂજ્ય લગાવ્યું તો આપણે પણ પરમપૂજ્યથી પણ આગળ વધી જઈએ. તેથી પીઠ શબ્દ આપણે બીજાઓની નકલ કરી લીધો છે. આપણે ત્યાં જે જૂની પરમ્પરા છે તે ગૃહપરમ્પરા છે. યદિ કોઈ એમ કહે કે ગૃહપરમ્પરા પ્રાચીન નથી તો તે સાબિત કરી બતાવે. (ભાર દઈને) ખરેખર ગૃહપરમ્પરા પ્રાચીન છે. આ ગૃહપરમ્પરાને લઈને જ સાત ઘરો કહેવાયાં તેમજ શ્રીગોવર્ધનધરના મન્દિરના શિખર પર સાત ધ્વજાઓ સાત ગૃહને લઈને છે. આ સાત ધ્વજાઓ એટલા માટે જ છે કે એ સાતઘરોનું મુખ્ય કેન્દ્રસ્થાન, શ્રીવલ્લભનું સ્થાન, તિલકાયતનું સ્થાન છે. તિલકાયતનું નિયંત્રણ એ સાત સ્થાનો (ઘરો) પર હતું આ એક ખૂબ જ સુવ્યવસ્થિત સુગઠિત આપણા સમ્પ્રદાયની પ્રણાલી હતી અને એ સંરચનાને તોડવાના કારણે જ આજે જે અવ્યવસ્થા મોજુદ છે તે ઉત્પન્ન થઈ છે. સાત ઘરો પર નિયંત્રણ કરવાની સ્થિતિ હતી તિલકાયતની, તિલકાયત સાતઘરોના અધિપતિઓને નિયંત્રણમાં રાખતા હતા. હવે એ જે સાતઘરના અધિપતિ હતા તે પોતપોતાના વિભાગમાં જેટલા (પેટા) ઘરો વહેંચાતા હતા, જેટલાં ઘરો વિભક્ત થતા હતા. અમારે ત્યાં શ્રીદ્વારકાધીશપ્રભુને ત્યાં પાંચ ધ્વજાઓ રહેતી હતી. (તૃતીય લાલજી) શ્રીબાલકૃષ્ણલાલજીના પાંચ ઘરોનું વિભાગીકરણ થયું અને એ પાંચ સંસ્થાઓ (ઘરો) એના (શ્રીદ્વારકાધીશના ગૃહના) અન્તર્ગત રહી એટલા માટે પાંચ ધ્વજાઓ છે. આ પ્રકારે પ્રાચીન પરમ્પરાઓ રહી છે અને એવાં પણ સ્થાનો છે જ્યાં આ પરમ્પરાઓ નષ્ટ પણ થઈ ગઈ છે અને તેથી એ લોકો એક ધ્વજા લગાવી રાખે છે કારણ કે પ્રાચીન પરમ્પરાઓને વિચારવાવાળા લોકો રહ્યા નહિ. એવાં કેટલાંએ સ્થાનો છે કે જ્યાં કોઈ બાળકને ગોદ લેવા પડે અને તે ગોદ જનાર બાળક નાની વયના હોય અને તેને ખબર નહિ હોવાથી ત્યાંની જૂની પરમ્પરાઓ લુપ્તપ્રાયઃ થઈ જાય છે, એના ઘરની જે વિશેષ વાતો છે એ પણ લુપ્ત થઈ જાય છે. તેથી એ અપેક્ષિત છે કે આપણે આ પરમ્પરાઓને બરાબર સમજીએ. લોકો અનેક પ્રકારની ભાવનાઓ કરે છે પરંતુ ખરેખર શ્રીનાથજીમાં સાત ધ્વજ એ સાતઘરોના પ્રતિનિધિત્વને દર્શાવનાર છે. આ સુગઠિતતામાં જેટલા પણ વિભક્ત છે જેમકે તૃતીય ગૃહમાં પાંચ ઘરો છે તેનું સંચાલન તેનું નિયંત્રણ જે ગૃહાધિપતિ હોય તે કરે છે. જેમ સામાન્ય રીતે ક્યાંક અનેક વિદ્વાનો-અનેક છાત્રો અધ્યાપન - અધ્યયન કરાવે છે, કરે છે ત્યાં એમનો એક કુલપતિ હોય છે. તેવી જ રીતે આપણે ત્યાં આપણા સમાજમાં ગૃહાધિપતિ છે કે એ વિભાગના જેટલા પણ ગૃહો છે એના ઉપર નિયંત્રણ કરે છે. એ બધાના (સાતે ગૃહાધિપતિઓના) ઉપર જે તિલકાયત છે, તેથી જ એમને તિલકાયત શબ્દથી વ્યવહૃત કરાયા કે તેઓ પ્રથમ રૂપમાં આચાર્ય શ્રીવલ્લભના રૂપમાં સ્વીકારાયા કે તેઓ બધાનું જ નિયંત્રણ કરે. આ ગૃહ પરમ્પરાઓ જૂની છે અને એને તોડવાના જ એક માત્ર કારણે આજની જે અવ્યવસ્થા છે તે ફેલાયેલી છે. યદિ આ ગૃહપરમ્પરાઓને (અદ્યાવધિ) સ્વીકારાઈ હોતે અને તેમના નિયંત્રણને સ્વીકારવામાં આવતે તો ગોસ્વામી પરિષદની કોઈ અપેક્ષા જ ન હતી. કારણ કે આ એક સ્વતઃ સુગઠિત-વ્યવસ્થિત સમાજ હતો જેને પરસ્પર એકબીજા પ્રત્યેના વૈમનસ્યે છિન્ન-ભિન્ન કરી નાંખ્યો.

**પ્રશ્ન-** માત્ર જાણકારી ખાતર આપને પૂછું છું કે આપે જે સાત

ધ્વજાઓની વાત કહી તો શ્રીગુસાંઈજીએ પોતાના સાત લાલજીઓમાં વિભાજન કર્યું તે પછીથી જ સાત ધ્વજાઓ થઈ ?

**ઉત્તર-** હા

**પ્રશ્ન-** એના પહેલાં એક જ હતી ?

**ઉત્તર-** હા

**પ્રશ્ન-** તો એનો વર્ણ (રંગ) કયો હતો ?

**ઉત્તર-** શ્રીમહાપ્રભુજીએ નામનિવેદન કરાવ્યું એવો જ્યાં શબ્દપ્રયોગ છે ત્યાં એવા ભગવદીયો (ત્યારબાદ-નામનિવેદન થયા બાદ) સેવા પધરાવી સેવા કરી રહ્યા હોય, તો પછી નામનિવેદનનો મતલબ બ્રહ્મસમ્બન્ધ જ માની શકાય.

**પ્રશ્ન-૫** આપણા આજના સમ્પ્રદાયમાં એવી બે માન્યતાઓ પરસ્પર ચર્ચાઈ રહી છે અને ચાલી રહી છે કે સાતઘરના ગોસ્વામી બાળકો કે એના મુખ્ય તિલકાયતો કોઈ સંયુકત કાર્યક્રમમાં, પ્રવચનોમાં, પધરામણીઓમાં - વગેરેમાં ઉપસ્થિત હોય અને એની સાથે જ તે સિવાયના ઈતર - બીજા ગોસ્વામી બાળકો જો સાથે બિરાજતા હોય તો પ્રથમ આદર સત્કાર વગેરે સર્વ ક્રમ પ્રમાણે તિલકાયતનો કરવો અને ત્યાર પછી ઈતર ગોસ્વામી બાળકોનો આદર - સત્કાર કરવો, વયસ્ ક્રમથી નહિ કરવો પણ પદના અનુક્રમથી કરવો. તેમ બીજી માન્યતાનુસાર આથી વિરુદ્ધ પદના ક્રમથી નહિ પણ વયસ્ ક્રમથી જ કરવો. આ બાબતમાં આપ અંગત શું માનો છો ?

**ઉત્તર-૫** હું એમ માનું છું કે વયસ્ ક્રમથી જ થવો જોઈએ. કારણ કે આ જે ગૃહાધિપતિઓની પદવીઓ છે એ પદવીઓનું કોઈ સમાજ ઉપર વિશેષ એટલે કે જે બીજાઓની કે જેની તે પદવીઓ નથી એના કરતા આ પદવીવાળા આચાર્યોનો કંઈ વિશેષ પ્રભાવ કહેવાય એવી કોઈ માન્યતા, એવો કોઈ સિદ્ધાન્ત, એવી કોઈ પરમ્પરા મેં તો જોઈ પણ નથી અને સાંભળી પણ નથી. તેથી વયસ્ ક્રમથીજ આ વસ્તુને લેવી જોઈએ. પોતપોતાના ઘરના

દરેક (વડીલો) તિલકાયત છે. સાત લાલજીઓ હતા એનું ઐતિહાસિક મહત્ત્વ જરૂર હોઈ શકે, જેમ કોઈ ઐતિહાસિક મહત્ત્વનું સ્થળ હોય. ઐતિહાસિક મહત્ત્વને કારણે તથા ત્યાં બિરાજતાં સ્વરૂપો પ્રત્યેનો સહજભાવ દરેક પુષ્ટિમાર્ગીયને હોય. ત્યાં બિરાજતા ગોસ્વામી બાળકો પ્રત્યે પણ આત્મીય સમ્બન્ધના આધારે ભાવ, સ્નેહ હોય તેમાં રંચક પણ ન્યૂનતા ન માનતાં વિશેષ પ્રભાવ સહજ રીતે હોય છે. એમ આ સાત ગાદીઓ પોતપોતાના ઘરને સાતે બાળકોએ સંભાળ્યું એ છે. પહેલી વાત તો એ છે કે ગાદીને લીધે વ્યક્તિનું મહત્ત્વ છે કે વ્યક્તિને લીધે ગાદીનું મહત્ત્વ છે, એ પહેલાં આપ કહો. ગાદીને લીધે એટલે ગમે તે ગાદી ઉપર આવી જાય એનું મહત્ત્વ છે કે વ્યક્તિના વ્યક્તિત્વને લીધે ગાદીનું મહત્ત્વ થયું છે ?

**પ્રશ્ન-** કહેનારાઓ છે એ લોકોનું એમ કહેવું છે કે મહત્ત્વ તો વ્યક્તિનું જ છે અને વ્યક્તિને કારણે જ સ્થાનનું મહત્ત્વ થઈ રહ્યું છે. વ્યક્તિનું મહત્ત્વ એટલા માટે કહ્યું છે કારણ કે એ લોકોના મતાનુસાર શ્રીગુસાંઈજી પ્રભુચરણે પોતાના ગૃહના પોતાના ઉપરાન્ત બીજા સાત વિભાગો કર્યા. એ શ્રી ગુસાંઈજી દ્વારા જે સાત વિભાગો થયા ત્યારથી આ સાતનું મહત્ત્વ છે, એટલે સાત ગૃહોનું નિર્માણ શ્રીગુસાંઈજીએ કર્યું એ સાત મુખ્ય ગૃહ અને બાકીના બીજા તેના અન્તર્ગતના એ ઉપગૃહો કહેવાયા. ત્યારે મુખ્યગૃહ એક હોય છે ને બાકીના બીજા ગૃહો તેના અન્તર્ગત હોય છે. આ બાબતમાં કેટલાક કહેનારાઓએ મને ત્યાં સુધી જણાવ્યું કે દરેક ગૃહની અંદર પહેલાં, બીજા, ત્રીજા વગેરે ગૃહોમાં ધ્વજાઓ રહેતી હતી અને હજુ પણ કેટલાંક ગૃહોમાં તેવી ધ્વજાઓ જોવા મળે છે. જેમ કોઈ મુખ્ય ગૃહ છે એના અન્તર્ગતના બીજાં ચાર ગૃહો છે એ પોતાની ચાર ધ્વજા રાખતા હતા. કોઈના પાંચ હોય તો પાંચ રાખે અને છ હોય તો છ રાખે અને તે આધાર પર શ્રીનાથજી (નાથદ્વાર) એ શ્રીમહાપ્રભુજી અને ગુસાંઈજીનું મુખ્ય ગૃહ હોવાથી ત્યાં સાત ગૃહોની સાત ધ્વજાઓ વિદ્યમાન છે એ એમ સૂચવે છે કે શ્રીનાથજીના ઘરનું

તિલકાયતનું સાત ઘરો ઉપર નિયંત્રણ છે અને તેવી રીતે સાત ઘરોનું પોતાના ઘરોના અન્તર્ગતનાં જે ગૃહો છે તે ગૃહો પર તેનું નિયંત્રણ છે.

**ઉત્તર-** એ જે નિયંત્રણ છે એ નિયંત્રણ કોઈ થોપેલું કે ઠોકી બેસાડેલું નથી. એ પહેલી વાત, એ નિયંત્રણ હતું એને અનુશાસનના રૂપમાં આપણે સ્વીકારીએ તો એ નિયંત્રણનો સ્વીકાર કરતા હતા. જેનાં ઉપર નિયંત્રણ થતું હતું એ એક ભાવાત્મક એકતાના આધારે. અને આજે એવું નિયંત્રણ જ્યારે ભાવાત્મક એકતા ન રહી હોય ત્યારે એવા પ્રકારનું નિયંત્રણ કોઈના ઉપર થોપી ન શકાય. જેવી રીતે પહેલાં શિષ્ટાચાર હતો કે પિતા જો નીચે બેઠા હોય તો પુત્ર ક્યારેય ખુરશી પર કે ઊંચા બેસતા નહિ, બચપનમાં મેં પણ એમ જોયું-શીખ્યું છે, પણ આજે હું મારી સગી આંખે જોઉં છું કે વડીલ નીચે બેઠા હોય અને નાનાં બાળકો ઉપર બેઠા હોય. તો એ શિષ્ટાચાર તૂટી ગયો છે એવા સમયમાં આજના સન્દર્ભમાં એવા પ્રોટોકોલ કેટલે અંશે થોપી શકાય છે, કે કોઈ થોપે તો એને કોઈ થોપવા દે કે નહિ આ એક વિચારણીય પ્રશ્ન છે. અત્યારના સંજોગોમાં તો આ બધું અપ્રાસંગિક બની ગયું હોય એવું મને લાગે છે.

**પ્રશ્ન-** આ અત્યારના સંજોગોમાં અપ્રાસંગિક છે એ જુદો પ્રશ્ન છે અને આ એક પરમ્પરાગત અનુશાસનબદ્ધ સમ્પ્રદાય હતો એ બીજી વાત છે. આપણે એ અનુશાસનમાં રહેવું ન રહેવું એ આપણે આજે વિચારી શકીએ છીએ, પરંતુ આ આપણું એક અનુશાસન છે કે નથી ? એનો આપણે નિશ્ચય કરવાનો છે.

**ઉત્તર-** અનુશાસન જરૂર છે પણ એ અનુશાસનની અંદર હું માનું છું ત્યાં સુધી વયસ્ ક્રમથી આદર થતો હતો. આ અનુશાસન ત્યાં સુધીનું માનવામાં નથી આવ્યું કે ન આવવું જોઈએ અને કદાચ આવ્યું હોય તો મને

એ વ્યાજબી નથી લાગતું કે જેની અંદર વડીલ હોય એ ગાદીપતિ ન હોય અને એનો કોઈ નાનો બાળક હોય અને એ ક્યાંકનો ગાદીપતિ હોય તો એનો વડીલ એ બાળકને નમસ્કાર કરે, પેલો બાળક વડીલને નમસ્મકાર ન કરે, એ શિષ્ટાચાર વિરુદ્ધ હું તો માનું છું. પ્રોટોકોલ જો આટલી હદ સુધી હોય, તો એ પ્રોટોકોલ નુકશાનકારક છે, શિષ્ટાચાર વિરુદ્ધ છે અને વ્યક્તિના વ્યક્તિત્વ નિર્માણમાં પ્રતિબન્ધ બની જાય છે, તેમજ અહંકારને ઉત્પન્ન કરનાર છે એમ હું માનું છું.

**પ્રશ્ન-** આ બાબતને વધુ સ્પષ્ટ કરવા પ્રશ્ન કરું છું કે - આ રીતે વિચારતાં એક ગૂંચમાં આવી પડાય છે કે તો પછી (નાથદ્વાર) તિલકાયતજીનું જે સ્થાન છે તેનો ગોસ્વામી બાળકો સાથેમાં કોઈ પ્રોટોકોલ ખરો ? તેવા કોઈ પ્રોટોકોલને માન્ય કરવો કે ન કરવો ?

**ઉત્તર-** એમ તો પ્રસ્તાવની અંદર સૌ પ્રથમ તિલક ઉપાધ્યાયને થાય છે, તો તેને લીધે ઉપાધ્યાયનું વ્યક્તિત્વ કે અધિકાર વિશેષ - મોટો માની શકાય છે ?

**પ્રશ્ન-** પ્રસ્તાવમાં ઉપાધ્યાયનું તિલક પ્રથમ થાય છે એ પુરોહિત તરીકે, એટલે જ્યાં સુધી પ્રસ્તાવ સ્થળનો સવાલ છે પુરોહિત એ અગ્રગણ્ય છે. અગ્રગણ્ય છે માટે જ તેનો અગ્ર આદર છે. એવી જ રીતે જ્યારે સાંપ્રદાયિકક્ષેત્રની અંદર ચાર, પાંચ કે સાત કે વધુ ગોસ્વામી બાળકો બેઠા હોય તેમાં પદ ક્રમથી અગ્રગણ્યતા ? કે વયસ્ ક્રમથી અગ્રગણ્યતા ? આ પ્રશ્ન છે. એમાં જેમ હવે થોડા સમય બાદ જે પણ નવા તિલકાયત (નાથદ્વારા - શ્રીજીમાં) નિયુક્ત થશે એ વયમાં નાના જ હશે. તો એવા સંજોગોમાં એમનાથી વયમાં જે પણ મોટા બિરાજતા હોય ત્યારે પ્રથમ આદર વગેરે ક્યાં અભિવ્યક્ત કરવો ?

**ઉત્તર-** મોટા વયસ્ક્રમથી જ અભિવ્યક્ત કરવો જોઈએ. મારું જો બધા માને અને મારું જો ચાલતું હોય તો હું આ સિદ્ધાન્તને સ્વીકારું છું. અને અન્યને સ્વીકારવાનું કહું છું મારી દષ્ટિએ આમ છે. વયસ્ ક્રમથી આદર થવો જોઈએ. મતલબ કે તિલકાયત તો કોઈ પણ બની જાય, એમના વંશમાં કોઈ બાળક હોય એ બની જાય એ જુદી વાત છે, પરંતુ (સમારંભ વગેરેમાં) તિલક વગેરે થવું જોઈએ તથા આદરનો સવાલ છે તેમાં વયસ્ ક્રમથી જ થાય એ વધારે યુક્તિસંગત છે એમ મને લાગે છે.

**પ્રશ્ન-** તો પછી જે આ ‘પીઠ’ શબ્દ આપણે ત્યાં આવેલો છે અને દરેક લોકો પોતાની સાથે ‘પીઠ’ શબ્દ લગાડે છે, પ્રથમપીઠ, દ્વિતીયપીઠ, તૃતીયપીઠ વગેરે તો એ પોતાનામાં કંઈક વાસ્તવિકતા ધરાવે છે કે અવાસ્તવિક છે ?

**ઉત્તર-** એવું છે કે એ તો એમને ખબર (થોડા હાસ્ય સાથે) કેટલું વાસ્તવિક છે ને કેટલું અવાસ્તવિક છે ને એ માટે મારો કોઈ અનુભવ નથી. પણ હું એટલું જરૂર કહું છું કે શ્રીપુરુષોત્તમજી, શ્રીહરિરાયજી કે બધા સમર્થ આચાર્યોએ પોતાના નામ આગળ યા નામની પાછળ ‘પીઠ’ શબ્દ લગાડ્યો હોય એવો દાખલો ક્યાંય નથી. એટલે હવે એ કેટલું વ્યાજબી છે એ એ લોકો જાણે. એ લોકો પોતાના નામ સાથે ‘પીઠ’ શબ્દ લગાડે એનાંથી મને કોઈ ઈન્ફીરીઓરીટી કોમ્પ્લેક્સ **(Inferiority Complex)** નથી થતો. હું આદર આપું છું કે ભલે લગાડે ‘પીઠ’ શબ્દ એમ તો લોકો આપણે ત્યાં ‘૧૦૮ શ્રી’ લગાડે છે, કેટલાક ‘૧૦૦૮’ સુધી લગાડે છે અને એમાંથી એ સન્તોષ ન થાય તો ‘અનન્તશ્રી વિભૂષિત’ એમ લગાડે છે. એ લગાડે, એની સાથે આપણને કોઈ દુશ્મનાવટ નથી, પરંતુ એ પ્રમાણે લગાડવા માત્રથી જ કોઈને માટે કોઈ વિશેષ આદર નથી થઈ જતો. આદર તો એનું વ્યક્તિત્વ આપણા ઉપર પ્રભાવ પાડે તો જ એ આદર થઈ શકે છે ? એટલે આવા કોઈ પ્રોટોકોલથી સમાજમાં આદર ઊભો થઈ ન શકે, કેવળ ભેડચાલમાં

ચાલનારા લોકો ઉપર જરૂર આવા પ્રોટોકોલથી કરી શકાય છે. બુદ્ધિજીવીઓ પર ન કરી શકાય. એ તો વ્યક્તિત્વને જોઈને પછી જ એનું અનુસરણ કરી શકે.

**પ્રશ્ન-૬** આપે ગાદીનો પ્રશ્ન આ રીતે ઉકેલ્યો તો એની સાથેને સાથે જોડાયેલો પ્રશ્ન છે તે એમ છે કે - શ્રીનાથજી (નાથદ્વારા) સાથે બિરાજતા, કે જેમને શ્રીનાથજી સાથે બિરાજવાનો અધિકાર પ્રાપ્ત છે, એ કઈ રીતે છે એ હું આજે કહી શકતો નથી, એ સ્વરૂપોમાં ને બીજા સ્વરૂપોમાં કોઈ વૈશિષ્ટ્ય ખરું ?

**ઉત્તર-૬** બધાં જ સ્વરૂપોમાં વૈશિષ્ટ્ય છે, કોઈ સ્વરૂપ ન્યૂનાધિક છે એવું મારું હૃદય માનતું નથી. શ્રીમહાપ્રભુજીને અનુભવ જે સ્વરૂપે કરાવ્યો એ સ્વરૂપને આપણે સેવતા હોઈશું તો એ સ્વરૂપ આપણને પણ તેવી જ રીતે અનુભવ કરાવશે અથવા સ્પર્શ કરતાં વેંત જ અનુભવ કરાવી દે એવો કોઈને અનુભવ નથી. બધા જ ગોસ્વામી બાળકો પર શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીના નિધિસ્વરૂપો બિરાજે છે. અને એવા પણ દાખલાઓ છે કે આજથી ૫૦-૧૦૦ વર્ષ પહેલાં બાળકોએ પુષ્ટાવીને પધરાવી આપેલાં સ્વરૂપો વૈષ્ણવોને અનુભવ કરાવે છે. ભલે દુર્લભ રૂપમાં અને આજે પણ એવા સ્વરૂપો અનુભવ કરાવી રહ્યા છે,અને એમ માની લઈએ કે આ સ્વરૂપ અનુભવ કરાવી રહ્યા છે એ વધુ થઈ ગયા ? અને શ્રીમહાપ્રભુજીના નિધિસ્વરૂપ અનુભવ નથી કરાવી રહ્યા એ ન્યૂન થઈ ગયા ? એમ તો કોઈ દિવસ આપણે સ્વપ્નામાં પણ નહિ માની શકીએ. સ્વરૂપો તો બધા એક સરખા જ છે. હવે એ પાસે બિરાજે કે ન બિરાજે એ ઘરના માલિકની ઈચ્છાની વાત છે. આપણે એમને ત્યાં સ્વરૂપ પધરાવીએ અને તેઓ સ્વરૂપને ઉપર પાસે પધરાવે કે નીચે પધરાવે. એવું જો આપણને ન પોષાતું હોય તો આપણા સ્વરૂપનું ગૌરવ જાળવવા (ત્યાં પધરાવવાનો) દુરાગ્રહ ન રાખવો એમ હું માનું છું.

**પ્રશ્ન-** નહિ. આમાં ઠાકોરજી મને કેટલો સાનુભવ જતાવશે એ બાબતથી આ પ્રશ્ન પૂછાયો નથી. આ પ્રશ્ન પૂછાયો છે તે સામ્પ્રદાયિક રૂઢિમાં અને દેખાતી જે પ્રણાલી છે તેમાં શ્રીનાથજીની સાથે પર્ટિક્યુલર અમુક જ સ્વરૂપો ૭, ૮, કે ૯, જે છે તે જ બિરાજી શકે છે કે જે પ્રથમ છપ્પનભોગ વખતે યા સપ્તસ્વરૂપના સાથે અન્નકૂટ વખતે સાથે બિરાજેલા હતા. આ સિવાય બીજાં સ્વરૂપોને ત્યાં બિરાજવાનો અવકાશ (અધિકાર) નથી.

**ઉત્તર-** એ અવકાશ નથી એની પાછળનું એવું કારણ કોઈ આપી શકશે ? જેણે આ કાયદો ઈમ્પ્લીમેન્ટ **(Implement)** કર્યો એમણે નવો આધાર આપ્યો છે કે આ આઠ-નવ સ્વરૂપો છે એજ નિધિસ્વરૂપો છે અને બીજા બાળકોના માથે શ્રીમહાપ્રભુજીના - શ્રીગુસાંઈજીના નિધિને નામે બિરાજે છે એ શ્રી મહાપ્રભુજી - શ્રીગુસાંઈજીના નિધિ નથી. તો એ વાત બરાબર છે, પણ જો એને નિધિ માનતા હોય તો આ સ્વરૂપ પ્રત્યે અપરાધ છે એમ મને લાગે છે.

**પ્રશ્ન-** એ લોકો બધાં જ સ્વરૂપોને નિધિ તો માને છે પણ એ લોકોના દૃષ્ટિકોણમાં મહારાસસ્થ સ્વરૂપ અને લઘુરાસસ્થ સ્વરૂપ એવા ભેદો કરે છે અને એમાં લઘુરાસસ્થ સ્વરૂપ છે અથવા તો બીજી જે દશમસ્કન્ધ વ્રજસ્થલીલા સાથે સંકળાયેલાં સ્વરૂપ છે તેમાં અને મુખ્ય રાસસ્થ સ્વરૂપ છે તે વચ્ચે ભેદ છે. જેમાં શ્રીનાથજી સર્વના મધ્યનું મુખ્યરાસનું સ્વરૂપ હોવાથી સર્વમાં મુખ્ય છે, એની સાથે જે **‘अष्टौ कृष्णाः’** આઠ કૃષ્ણો, અને એ સિવાયના લઘુરાસના, અને એ સિવાયના પછી બીજી લીલા સમ્બન્ધી, આમ બધાં જ સ્વરૂપો કૃષ્ણસ્વરૂપ હોઈને પણ સ્વરૂપો વચ્ચે જે ભેદ ઉત્પન્ન કરવામાં આવ્યો છે એ બાબત આપના દૃષ્ટિકોણનું સ્પષ્ટીકરણ અપેક્ષિત છે.

**ઉત્તર-** એ ભેદ વિવિધતાલક્ષી ભેદ છે અને આજે આપણે ભેદ

માની રહ્યા છીએ કે મનાવવામાં આવી રહ્યું છે એ વિષમતાલક્ષી ભેદ છે, એટલે વિવિધતાલક્ષી ભેદને હું પણ માનું છું. શ્રી મહાપ્રભુજી, શ્રીગુસાંઈજીએ પણ એ વસ્તુ કહી છે, પરંતુ વિષમતામૂલક જો આવા ભેદ હોય તો તે આપણે ઉપજાવી કાઢેલા ભેદો છે. એટલે મને એ ભેદોમાં યોગ્ય નથી લાગતું.

**પ્રશ્ન-** એટલે એનો અર્થ એ થયો કે આપના ઘરમાં બિરાજતા જે કોઈ પણ ભગવત્સ્વરૂપો હોય, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી કે શ્રીગોકુળનાથજી પ્રભૃતિના નિધિ હોય એમને આપ શ્રીનાથજીથી કોઈ પણ પ્રકારે ન્યૂન માનતા નથી ?

**ઉત્તર-** સવાલ જ નથી. બલ્કે મારા માટે તો એ અધિક છે. મારા માટે તો મારા માથે બિરાજતું સ્વરૂપ અધિક છે. સાક્ષાત્ શ્રીનાથજી જ છે, એમાં હું કોઈ ભેદ સમજતો નથી.

**પ્રશ્ન-** આ એક પ્રશ્ન બાજુ પર મૂકાયો તો એમાંથી જ બીજો પ્રશ્ન ઊભો થાય છે કે જે સ્વરૂપો શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજી ઈત્યાદિના નિધિ નથી એવા અને શ્રીમહાપ્રભુજી વગેરેના નિધિ છે એ બે વચ્ચે આપ ભેદ માનો છો ? પ્રાચીન કોઈ પણ બાળકોના સેવ્ય હોય કે પછી જેમ આપના પિતૃચરણ દ્વારા સેવ્ય હોય તેવા સ્વરૂપો માટે આ પ્રશ્ન છે.

**ઉત્તર-** નહિ. એવું છે કે ભેદ બાબતમાં એક એવો પ્રસંગ બની ચૂક્યો છે કે ક્યાંક સામૂહિક રૂપમાં અન્નકૂટનો મનોરથ નક્કી થયો અને એની બધા વૈષ્ણવોને છાપામાં જાહેર ખબર આપી જાણ કરવામાં આવી કે સૌ લોકો એકાવન રૂપિયા જમા કરાવી પોતાના ઠાકોરજીને આ અન્નકૂટ મનોરથમાં પધરાવી શકે છે જેથી તેમનો પણ સાથે અન્નકૂટ મનાય. તો ઢગલાબન્ધ માણસો આવ્યા પોતાની સેવા સાથે લઈને. તો ત્યાં એ બધાને પહેલાં પૂછવામાં આવ્યું કે તમારા શ્રી.... પુષ્ટાવેલા છે કે નહિ ? તો લોકોએ કહ્યું એ વળી શું છે ? તો એમને સમજાવ્યા કે ભાઈ સ્વરૂપ પુષ્ટાવવાની આપણે ત્યાં પ્રણાલી છે, તેથી પાસેના કોઈ એક મન્દિરમાં મહારાજશ્રી બિરાજે છે તેમની પાસે જઈ પુષ્ટાવી આવો. તો એવા લોકોની (મહારાજશ્રીને ત્યાં પુષ્ટાવવા માટેની) લાંબી લાઈન લાગી ગઈ. લાઈન ઘણી લાંબી હતી અને મહારાજશ્રીને કોઈ અગત્યના કામથી બહાર જવું હતું તેથી બે-ચાર ઝાંપીજીઓમાંથી તો ઠાકોરજીને બહાર પધરાવી પુષ્ટાવ્યા પણ પછી બાકીનામાં (સમય વધારે જાય તેથી) ઠાકોરજીને ઝાંપીજીમાંથી બહાર પધરાવ્યા વિના જ માત્ર ઝાંપીજીને જ હાથ અડાડવાનું ચાલું કર્યું કે જાઓ પુષ્ટ થઈ ગયા. એ વૈષ્ણવો આ રીતે પુષ્ટાવેલા ઠાકોરજીને લઈ અન્નકૂટ વાળા સ્થળ પર પહોંચ્યા અને ત્યાં જ્યારે (મનોરથના આયોજકો-વ્યવસ્થાપકોએ) ઝાંપીઓ ખોલવા માંડી તો એમાંથી અન્ય દેવોની મૂર્તિઓ નીકળવા માંડી, કૃષ્ણ સિવાયની. આ પ્રસંગ મેં શ્યામમનોહરજી (પાર્લા-મુંબઈ) ની પુસ્તિકામાં વાંચેલો યા તેમના મુખે સાંભળેલો અને પછી આ પ્રસંગ આવી રીતે બન્યો એની પુષ્ટિ પણ મુંબઈમાં વૈષ્ણવો દ્વારા થઈ કે આ વાત ખરી છે કે આ પ્રસંગ આવી રીતે બન્યો હતો. તો આ રીતે અગડમ-બગડમ પુષ્ટાવી દેતા હોય તો એવામાં તો પછી ભેદ રહેવાનો જ છે. એટલે આજે તો આપણે જોઈએ જ છીએ કે જેની સાથે આપણો પરિચય હોય, જેની સાથે આપણને સ્નેહ હોય એનાં ઠાકોરજીઓ એક-બીજાની સાથે બિરાજે છે અને જેની સાથે તેવો સમ્બન્ધ નથી તેના ઠાકોરજી પુષ્ટાવેલા છે કે નથી પુષ્ટાવેલા આ તો સમજવું બહુ વિકટ છે, પરંતુ ઠાકોરજીમાં પોતાનામાં જે પ્રમેય શક્તિ રહેલી છે એટલે કદાચ કોઈ બાળકે આ રીતે પણ પુષ્ટાવી દીધેલા હોય, તો પણ હૃદયની અંદર શ્રીમહાપ્રભુજીની કાનીથી હું પુષ્ટાવું છું કે શ્રીમહાપ્રભુજીના હૃદયનું સ્વરૂપ છે **‘नमामि हृदये शेषे’** એ સ્વરૂપની

ભાવના કરીને જો કોઈ બાળક પુષ્ટાવી દે તો જરૂર એ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના નિધિવત્ થઈ જાય છે એમ હું માનું છું.

**પ્રશ્ન-** તો જો આપને ત્યાં શ્રીમહાપ્રભુજીની - શ્રીગુસાંઈજીની નિધિ બિરાજતી હોય એની સાથે આપ આપના પૂર્વજોના સેવ્ય ઠાકોરજીને સાથે પધરાવવા, સાથે બિરાજાવવા, સાથે ભોગ ધરવા એ પ્રકારને આપ અંગીકાર કરી શકો છો ?

**ઉત્તર-** કરી શકું છું તેમ નહિ; કર્યો છે.

**પ્રશ્ન-૭** હવે જે પ્રશ્ન પૂછી રહ્યો છું તે આપના નિજના સન્દર્ભમાં છે કે અત્યારે જે સમ્પ્રદાયમાં વાતાવરણ ચાલી રહ્યું છે, સિદ્ધાન્ત બાબતને લઈને એમાં બે પક્ષો બહુ સ્પષ્ટ રીતે અલગ અલગ પોતાના મન્તવ્યો ધરાવે છે અને એ મન્તવ્યોની અંદર કેટલાક લોકોનો પર્ટિક્યુલર આપના ઉપરનો આક્ષેપ સાંભળવા મળે છે કે આપ દૂધમાં અને દહીમાં બન્નેમાં પગ રાખો છો. તો આ આક્ષેપને આપ સ્વીકારી લો છો ? કે પછી એનું નિરાકરણ કરવા માંગો છો ?

**ઉત્તર-૭** એવું છે કે કેટલાક લોકો દહીં ન ખાતા હોય ને દૂધ જ પીતા હોય, કેટલાક લોકો દૂધ ન પીતા હોય ને કેવળ દહીં ખાતા હોય, એ વ્યક્તિગત એલર્જીનો સવાલ છે. મને દૂધમાં પણ એલર્જી નથી અને દહીંમાં પણ એલર્જી નથી, બન્ને ખાંઉં છું ને ઠાકોરજીને મંગળ ભોગમાં દૂધ અને દહીં બન્ને ધરીએ છીએ. આ તો મેં એક રીતે જવાબ આપ્યો. પણ હકીક્તમાં આ કોઈ **'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે'** જેવી લડાઈ નથી કે જ્યાં હવે સંહાર કરવાને માટે લડાઈ થઈ રહી છે. રાજ્યને માટે અને એને માટે કોઈ કૌરવ પક્ષમાં ને કોઈ પાંડવ પક્ષમાં છે એવો કોઈ સવાલ જ નથી આવતો. આમાં દરેક વ્યક્તિ પોતાને પાંડવ પક્ષ માનતી હોય અને કોઈ પોતાને કૌરવપક્ષ તો માનતીજ ન હોય અને જે પોતાને પાંડવપક્ષ માને એ સામા પક્ષને કૌરવ પક્ષ જ માને એ એ લોકોની તકલીફ છે, એ મારી તકલીફ નથી. મને એવું નથી લાગતું એથી મારો તો આમાં અભિગમ એ જ છે કે પહેલી વસ્તુ તો એ છે કે આનો હજુ અન્તિમ નિર્ણય આવ્યો નથી. વિચારસભામાં આપણે ધારતા હતા કે કદાચ આમાં કંઈક અન્તિમ નિર્ણય આવે. પરંતુ એ આવ્યો નહિ એટલું જ નહિ પ્રોબ્લેમ વધુ જટિલ બની ગયો. હવે કેટલીક બાબત એવી હોય છે કે ખાસ કરીને હું પોતે જે મારા ગળે વાત ઉતરે એનો જ હું સ્વીકાર કરું છું, જે વાત ગળે ન ઉતરતી હોય કે જે વાત આપને રાજી કરવાને માટે, એટલે કોઈ વ્યક્તિને રાજી કરવાને માટે હું ગમે એ વાત સ્વીકારીને એક પક્ષમાં જ બોલ્યે રાખું એવું નથી. હું તો વિચારસભામાં પણ એ માટે ઉત્સુકતાથી આવેલો હતો કે એમાં જે સિદ્ધાન્તની છણાવટો થશે, પારસ્પરિક વાર્તાલાપ દ્વારા એનાથી મારી જિજ્ઞાસાવૃત્તિ છે એની પૂર્તિ થશે, તેમજ મને એ લાભ પણ થયો કે એ વિચારસભામાંથી ઘરે આવ્યા પછી અધ્યયન મારું વધી ગયું, વાંચન, મનન વગેરે જે વૃત્તિ છે એ વિશેષ રૂપે જાગૃત થઈ અને એ રીતે હું તટસ્થ બનીને આમાં જેટલું મને રુચે છે એટલું સ્વીકારું છું. એમાં એ કંઈ જરૂરી નથી કે એક જ પક્ષના વિચાર સ્વીકારી લેવા જોઈએ, પરંતુ શ્યામમનોહરજીની મોટા ભાગની વાતો, એ શ્યામમનોહરજીએ છેડી છે એટલે એ મારે માટે કોઈ નવીન છે એમ હું નથી માનતો, કારણ શું છે, જે આ ગૃહસેવા વગેરેની વાતો છે એ બચપનમાં હું મારા પિતાજીના મુખથી સાંભળતો હતો, તેમ બીજા પણ અમુક બાળકોના પણ એવા વિચારો વ્યક્ત થતાં મેં સાંભળ્યા છે, પ્રથમેશજીના પણ આ જાતના વિચારો વ્યક્ત થતાં મેં વારંવાર સાંભળ્યા પછી, પરંતુ પ્રથમેશજી પૂરેપૂરું જે રીતે શ્યામમનોહરજી કહી રહ્યા છે એમને એમ પૂરેપૂરું નહોતા કહેતા. કોઈ એમને પૂછે તો એમને બીજા પણ એવા દાખલા આપતા કે જેથી આ વિચારધારાથી ઓપોઝીટ જે વાતો થઈ રહી છે એનું પણ સમર્થન મળે. તો આ રીતે પ્રથમેશજી વગેરે માટે - કોઈ બીજા બાળકો માટે એમ ન કહે કે એ દૂધમાં અને દહીંમાં પગ

રાખે છે અને તે ફક્ત મારા માટે જ એમ કહેવાય છે ? હું એ પૂછવા માંગુ છું. આ કંઈ મારા સ્વાર્થથી નથી માનવાનું કે આનું માનીએ તો વધારે સ્વાર્થ પોષાય. તેથી જે વાત મારા ગળે ન ઉતરે તેને આ પાર્ટીવાળા કહે તો પણ નથી માનવાની અને બીજી પાર્ટીવાળા કહે તો પણ નથી માનવાની અને જે વાત મારા ગળે ઉતરે છે, એ વાત આ પાર્ટી કહે તો પણ માન્ય છે અને બીજી પાર્ટી કહે તો પણ માન્ય છે. આમાં સવાલ ગળે ઉતરવાનો છે. એક એવો સવાલ મારી સામે આવ્યો હતો, હમણાં ધનસૂરા તરફ ગયો ત્યારે. શ્રીનાથજીમાં કંઈ સામગ્રી ભેટ આપીએ, પછી એને એ સામગ્રી તો પાછી ભોગમાં આવતી નથી, ભોગમાં તો ભંડારમાંથી જે ભરાય તે આવે. એટલે પછી શ્રીનાથજીએ આપણું સ્વત્વ અંગીકાર ન કર્યું હોય તો એનો પ્રસાદ કેમ લેવો જોઈએ ? આવી જાતની વાતો મેં સાંભળી, તો મારું કહેવાનું ફક્ત એટલું જ છે એ બાબતમાં કે શ્રીનાથજીનો એક પ્રસંગ (૮૪ વૈષ્ણવની વાર્તામાં ત્રિપુરદાસનો પ્રસંગ) આવે છે. મોટા શેઠિયાઓ તથા રાજા-મહારાજાઓએ ગદલ માટે અર્પણ કર્યું હતું છતાં શ્રીનાથજીને એક દિવસે ટાઢ લાગી હતી અને એ ગરીબની ગોદડી ઓઢી ત્યારે જ એમની ટાઢ નિવૃત્ત થઈ. આવા અનેક અનુભવોના પ્રસંગો ઉપરથી મને એમ લાગે છે કે આપણે શુદ્ધ મનોવૃત્તિથી ત્યાં ભેટ ધરીએ છીએ અથવા સામગ્રીમાં કંઈ દ્રવ્યનો વિનિયોગ કરાવીએ તો ત્યાં વસ્તુના અંગીકારમાં પણ મુખ્ય ભાવનો અંગીકાર છે. એ દષ્ટિએ આપણે શા માટે એવું માની લેવું કે આપણામાં જે ભાવ છે તેને શ્રીનાથજી અંગીકાર નહિ કરતા હોય ?

**પ્રશ્ન-** તો પછી અત્યારે જે દેવદ્રવ્ય વગેરેની વાતો ચર્ચાઈ રહી છે, એમાં ઠાકોરજીને ઉદ્દેશીને અપાયેલું જે દ્રવ્ય, મનોરથ માટે કે ઈતર માટે કે સામગ્રી માટે. તેમજ ટ્રસ્ટના મન્દિરોનો પ્રશ્ન આવી રીતે ઊઠયો છે એ બાબતમાં આપ પોતાનું અંગત શું મન્તવ્ય ધરાવો છો ?

**ઉત્તર-** આ બાબતમાં તો એ વાત સ્પષ્ટ જ છે કે મોટા ભાગે મેજોરીટી આપણે જોઈએ તો એવા વ્યક્તિઓ કે જે ઠાકોરજીને ઉદ્દેશીને જ ભેટ કરી રહ્યા છે અને જે પ્રકાર ચાલી રહ્યો છે એ રીતે દેવદ્રવ્ય બને કે ન બને એ પ્રશ્નનું આમ જોઈએ તો હજુ નિરાકરણ થયું નથી. કારણ કે કેટલાક પ્રસંગો આપણે એવા જોઈએ છીએ. કેટલાક ટીકાસાહિત્યમાં પણ આપણે જોઈએ છીએ જેમકે 'સિદ્ધાન્તરહસ્ય'ની એક ટીકા શ્રીવિઠ્ઠલેશજીની છે એમાં એમણે એમ લખ્યું છે કે અન્ય દ્વારા દ્રવ્ય આપણને આવે અને એ ઠાકોરજીને અંગીકાર કરાવીને એનો પ્રસાદ આપણાથી ન લેવાય. પરંતુ આપણા સમ્પ્રદાયના દીક્ષિત સ્રી-પુરુષો, દાસ-દાસીઓ એવા શબ્દ વાપર્યા છે ત્યાં, એના દ્વારા જે કંઈ દ્રવ્ય આપણે અંગીકાર કરીએ, તો એ અંગીકાર કરાવી એના પ્રસાદના વિતરણમાં વાંધો નથી એવું સ્પષ્ટીકરણ એમાં વાંચ્યું છે. પરંતુ ગુરુ દ્વારા જ અંગીકાર થાય તે દોષરૂપ નથી. સીધું દ્રવ્ય પ્રભુને અર્પિત કરવામાં આવે તો દેવદ્રવ્ય થાય જ છે.

**પ્રશ્ન-** એ તો એ સન્દર્ભમાં કહેવાયું છે કે આપણા સમ્પ્રદાયથી ઈતરના લોકો આપણને જે દ્રવ્ય આપે એનો ભગવત્સેવામાં વિનિમય નથી, પણ આપણા સમ્પ્રદાયના લોકો જો સીધું જ ભગવાનને જ આપે તો તે દેવદ્રવ્ય કહેવાય કે નહિ? અહીં આ પ્રશ્ન છે.

**ઉત્તર-** એનું કારણ છે કે સીધું ઠાકોરજીને ક્યારથી આવવા માંડ્યું કે જયારથી આ મન્દિરો વિસ્તૃત પ્રમાણમાં બન્યા. એનું દફતર ને વહીવટ ને એ બધું જુદું ને એની પહોંચ ફાડવાની પ્રથા જ્યારથી વધી ત્યારથી આ પ્રોબ્લેમ ઊભો થયો છે. એટલે પહેલાં તો આપણા સિદ્ધાન્ત પ્રમાણે ગુરુ દ્વારા જ અંગીકાર થાય, ડાયરેક્ટ ઠાકોરજીને કોઈ વૈષ્ણવ અંગીકાર કરાવી નથી શકતો.

**પ્રશ્ન-** એટલે અત્યારે જે ઠાકોરજીને ડાયરેક્ટ અંગીકાર થાય છે તે આપણા માર્ગના સિદ્ધાન્તથી વિરુદ્ધ છે એમ આપને લાગે છે ?

**ઉત્તર-** મને એમ લાગે છે કે એ આપણા માર્ગથી વિરુદ્ધ છે. કારણ કે એવું ન હોત તો પ્રાચીન જે બાળકો છે એ એના માટે એટલો ભય ન રાખતે.

**પ્રશ્ન-** તો પછી જે ટ્રસ્ટનાં મન્દિરો છે એમાં આવેલું દ્રવ્ય એ આ હિસાબે દેવદ્રવ્ય થયું. એ દેવદ્રવ્યથી બનેલો પ્રસાદ ઠાકોરજીને ભોગ આવી બનેલો પ્રસાદ, એ આપણાથી કે વૈષ્ણવોથી કે જે પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત પ્રમાણે જીવવા માંગતા હોય એ લોકોએ લેવો ? કે ન લેવો ?

**ઉત્તર-** આ બાબતમાં જો મારો વિચાર કહેતા હો તો આત્માની અંદર એમ થાય છે કે આપણે અત્યારના સમયમાં ચારે બાજુ ભટકવા કરતાં આપણા ઠાકોરજીને ધરીને જે પ્રસાદ લઈએ એજ વધારે ઉત્તમ છે. નહિ તો આજે ઘણા ટાઈમથી એવું કહેવાય છે કે ફલાણો માણસ પ્રસાદ ખાઈ-ખાઈને બગડ્યો છે. જ્યારે આ દેવદ્રવ્યનો પ્રશ્ન નહોતો આવ્યો ત્યારે પણ લોકો આવી વાતો કરતા હતા. એટલે આ બધી વસ્તુ મનોવૃત્તિ સાથે સમ્બન્ધ ધરાવે છે. જો મનોવૃત્તિ દુષ્ટ હોય તો દેવદ્રવ્ય, ખાઈએ છીએ અને મનોવૃત્તિ શુદ્ધ હોય તો હું નથી માનતો કે એવું કંઈ દેવદ્રવ્ય થઈ જાય, સમજદારી પૂર્વક-ભાવના પૂર્વક પ્રસાદ લીધો હોય તો. જેમાં દેવદ્રવ્ય થતું હોય એમ લાગે ત્યારે સહજ આત્મગ્લાનિ તે લેવામાં થાય.

**પ્રશ્ન-** નહિ. ટ્રસ્ટનું મન્દિર છે, અને ઠાકોરજીને દ્રવ્ય આવ્યું છે અને આપણે પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત પ્રમાણે જીવવા માંગીએ છીએ અને ત્યાં પ્રસાદ લેવાનો પ્રસંગ આવે ત્યારે ત્યાં આપણે શું શુદ્ધ ભાવના કરવી ?

**ઉત્તર-** પ્રસાદમાં એવું છે કે કોઈ આપણને પ્રસાદ આપે અને એ પ્રસાદ આપણા હાથમાંથી નીચે પડી જાય અને નીચે ગોબરમાં પડી જાય, તો શું આપણે ઉપાડીને લઈશું ?

**પ્રશ્ન કર્તા-** નહિ.

**ઉત્તર આપનાર -** કેમ નહિ ?

**પ્રશ્ન-** કેમ કે આ આંખનો દષ્ટિદોષ છે માટે.

**ઉત્તર-** તો એવી રીતે આમાં જો દષ્ટિદોષ લાગતો હોય તો ન લેવો જોઈએ અને જો તેવો દષ્ટિદોષ ન આવતો હોય ને સર્વાત્મભાવ સિદ્ધ થઈ ગયો તો લઈ લેવો જોઈએ.

**પ્રશ્ન -** એટલે સર્વાત્મભાવ સિદ્ધાન્ત થતાં સુધી તો નહિ લેવો જોઈએ ?

**ઉત્તર-** ન લેવો જોઈએ. જેને એવો આગ્રહ હોય એણે નહિ લેવો જોઈએ. અને જેને એવો આગ્રહ ન હોય એણે લેવો જોઈએ.

**પ્રશ્ન-** સર્વાત્મભાવ બાબત એક સ્પષ્ટતા માટે પૂછું છું કે **'सर्वस्मिन् आत्मभावः सर्वात्मभावः'** આપ કહેવા માંગો છો કે **'सर्वोऽपि आत्मनो भावः सर्वात्मभावः'** આપ કહેવા માંગો છો ?

**ઉત્તર-** બન્ને કહેવા માંગું છું, જેણે જે જાણ્યું હોય. અસલમાં તો

આપણી જો મનોવૃત્તિ એવી હોય કે ખાઈજાઉં-ખાઈ જાઉંની, ત્યારે જ આ દેવદ્રવ્યનો પ્રશ્ન ઊભો થાય છે, બાકી જેની મનોવૃત્તિ વિશુદ્ધ હોય એને ખ્યાલ નથી આવતો. દાખલા તરીકે કેટલાક લોકો મન્દિરના પ્રસાદ બાબતમાં - અમારા પિતાજી (નિ. લી. પૂ. ગોસ્વામી શ્રીદ્વારકેશલાલજી મહારાજ - પોરબન્દર) શ્રીગોકુલેશજીના અનન્ય હતા કે જે જ્ઞાતિના બધા જ જાણે છે. એઓ જયારે - જ્યાં ગોસ્વામી બાળકોને ત્યાં પધારતા અને જ્યાં એમનો ઘનિષ્ઠ સમ્બન્ધ હતો એવા બાળકોને ત્યાં એમણે એમના મુખિયાજી કે જ્યાં એમણે જોયું કે આ મુખિયાજી પુષ્ટિમાર્ગમાં ચુસ્ત નિષ્ઠાવાન્ છે અને એમાં આપણે ત્યાં મુખિયાજીમાં યશોદાજીની ભાવનાનો એક પ્રકાર છે, ભાવનાથી એ શ્રીગોકુળનાથજીના ચુસ્ત - અનન્ય હોવા છતાં નિધિ સ્વરૂપોના પ્રસાદનો અનાદર એમણે નથી કર્યો, એમનો પ્રશ્ન કોના હાથે પ્રસાદ મળે છે એ વાતનો હતો. તેમજ બીજા અન્યમાર્ગીનો યા અન્યાશ્રયીનો હાથ અડી જાય તો એમનું મન પ્રસાદ લેવામાં માનતું નહિ. કેટલાક સ્વયંપાકી હોય છે જે પોતે જ બનાવી, ધરી, પાતે જ લે. એ તો વ્યક્તિ એવું નિભાવી શકતો હોય તો એના માટે બરાબર છે, પરંતુ બધાથી એવી વસ્તુ નિભતી નથી. એટલે પ્રસાદ લેવા, ન લેવા બાબત આપણા મનમાં અહોભાવ યા ઘૃણા થાય એના ઉપર આધાર છે. જેમકે આપણે જગદીશ જઈએ ત્યારે ત્યાંના મુખિયાઓ જગદીશની પ્રસાદી સખડી લઈને આવે. તેમાં કેટલાકને જનોઈ પણ ન હોય, તેમજ મારા સાંભળવા મુજબ કેટલાક એવું પણ ખાતા હોય છે જેને આપણે સ્પર્શ કરવો પણ યોગ્ય નથી. છતાં ત્યાં જો પ્રસાદનો એવો ભાવ આવે કે ન લે તો આ થાય - તે થાય એવી વાત કહેવામાં આવે, મેં એ પ્રસાદ લીધો અને એનું રૂપ જોયું અને જે કાંઈ થયું તો મને હૃદયમાં અહોભાવ થવાની જગ્યાએ જુગુપ્સા જેવું થવા લાગ્યું. આશરે ૩૦ વર્ષ પહેલાંની આ વાત છે. તો જરૂર મને મનમાં એમ થયું કે પાપ-પુણ્યને એવાથી ડરીને જો આવું લેવાતું હોય તો એના કરતાં અહીં આવવું ન જોઈએ, એવો મેં દ્રઢ સંકલ્પ કર્યો અને ત્યાર બાદ હજુ સુધી હું ત્યાં ગયો

નથી. એટલે આ પ્રસાદ કયો લેવો, કઈ રીતે લેવો કે કઈ રીતે ન લેવો એમાં શ્રીઠાકોરજીના અધરામૃતનો કોઈ અનાદર નથી. સાક્ષાત્ અધરામૃત તો અત્યન્ત દુર્લભ છે અત્યન્ત કૃપાથી શક્ય છે પણ આ રીતે બીજાના દ્વારા આપણને અધરામૃત પ્રાપ્ત થાય, એમાં આપણા મનમાં અહોભાવ પણ આવી શકે છે ને ઘૃણા પણ આવી શકે છે, એટલે આ બધી મનોવૈજ્ઞાનિક વસ્તુ છે એને સિદ્ધાન્તરૂપમાં બધા ઉપર કેમ થોપી બેસાડાય ? એ મને ખરેખર સમજાતું નથી.

**પ્રશ્ન-** ટ્રસ્ટનાં મન્દિરો હોય........... નવેસરથી વારંવાર............

**ઉત્તર-** પહેલાં એક વાત કહું કે ટ્રસ્ટ મન્દિર કોઈ એ કર્યું - મન્દિરને ટ્રસ્ટ કર્યું એમાં ટ્રસ્ટ કર્યું એનો ગુનો, ટ્રસ્ટ વ્યવસ્થા સંભાળી એનો ગુનો અને એનું વિકૃત ફલ બધું પ્રાપ્ત થાય એ ગુનો, પણ એમાં ઠાકોરજીનો શો ગુનો ? એમાં કઈ રીતે ઠાકોરજી ઠાકોરજીપણાથી ઓછા થઈ જાય ? એ તો કોઈ સિદ્ધાન્ત નથી જ, ઠાકોરજી તો ઠાકોરજી જ રહે છે........

**પ્રશ્ન-** એક જ કૃષ્ણસ્વરૂપમાં ભાવ વડે આખું સ્વરૂપ બદલાઈ જાય છે એ વિષય શ્રીગુસાંઈજી પ્રભુચરણે ગોપાલમંત્રના વિરોધ દ્વારા સ્પષ્ટ કર્યો છે. તો એવી જ રીતે જ્યાં પુષ્ટિભાવ ન હોય, જ્યાં પુષ્ટિભાવની સેવા ન હોય અને જ્યાં પુષ્ટિભાવનો હેતુ ન હોય એવા સ્થળે આપણે પુષ્ટિમન્દિર તરીકે અહીં પુષ્ટિપુરુષોત્તમ બિરાજે છે તરીકે એને કહેવાય ખરું ?

**ઉત્તર-** પુષ્ટિપુરુષોત્તમમાં આપણે ત્યાં આવિર્ભાવ-તિરોભાવનો સિદ્ધાન્ત છે. જેમ ગણેશજીની સ્થાપના થાય અને પછી વિસર્જન થાય કે

જેમ પ્રાણપ્રતિષ્ઠા થાય, એવી રીતે નથી. આપણે ત્યાં ભાવપ્રતિષ્ઠા છે અને જે સ્વરૂપની ભાવપ્રતિષ્ઠા થઈ હોય એમાંથી એનો તિરોભાવ થઈ જાય છે તેવો કોઈ સિદ્ધાન્ત નથી.

**પ્રશ્ન-** હું એમ પણ કહેવા નથી માંગતો. જે સ્વરૂપની પ્રતિષ્ઠામાં આપણો પુષ્ટિહેતુ ન હોય, સ્વરૂપની પ્રતિષ્ઠા વખતે, સ્વરૂપને પધરાવતી વખતે, મન્દિરના નિર્માણ વખતે જો આપણો પુષ્ટિહેતુ ન હોય, સાર્વજનિક આપનો હેતુ હોય અને સાર્વજનિક હેતુ આવવાની સાથે જ નન્દાલયની ભાવના તો ખંડિત થઈ જ જાય છે, તેમજ તદુપરાન્ત આપનો - પધરાવનારનો પુષ્ટ કરનારનો પણ જ્યારે તેમાં પુષ્ટિહેતુ નથી રહ્યો તો એવા સંજોગોમાં એ સ્વરૂપને પુષ્ટિપુરુષોત્તમ કહેવાય ? કે પછી કંઈ બીજું કહેવાય?

**ઉત્તર-** પુષ્ટિપુરુષોત્તમ તો ન જ કહી શકાયને, જ્યારે એમની પ્રતિષ્ઠા જ મર્યાદા પ્રમાણે થઈ હોય......

**પ્રશ્ન-** મર્યાદા પ્રમાણે નહિ. વિધિ પુષ્ટિ રીતિથી થવા છતાં પણ એમાં આપના હેતુનો આખો પ્રકાર મર્યાદા છે એ સન્દર્ભમાં ?

**ઉત્તર-** સ્વરૂપ તો પુષ્ટિપુરુષોત્તમ જ છે એમ હું માનું છું. પરંતુ એ પુરુષોત્તમ પોતાનું સ્વરૂપ પ્રકટ નથી કરી શકતા, આ બધા વાતાવરણમાં, એ તો જ્યારે પુષ્ટિભાવનો સામનો થાય ત્યારે જ તે સ્વરૂપ પોતાનું પુષ્ટિસ્વરૂપ પ્રકટ કરે, ત્યાં સુધી તો એ જે રીતે હોય એ રીતે જ હોય છે.

**પ્રશ્ન-** એટલે જો આપ ‘વાસુદેવ‘ હેતુથી પણ સ્વરૂપનું સ્થાપન કરો તો પણ એમાં પુષ્ટિપુરુષોત્તમ જ પધારે છે એવો કંઈ ગોસ્વામી બાળકોના હાથમાં ચમત્કાર છે, એમ આપનું માનવું ખરું ?

**ઉત્તર-** હું એવું નથી માનતો. **‘नमामि हृदये शेषे’** અને મહાપ્રભુજીના હૃદયનું અનુસન્ધાન કરીને પધરાવે તો જ એમાં પુષ્ટિપુરુષોત્તમનો આવિર્ભાવ થાય છે, એમ હું સ્પષ્ટપણે માનું છું.

**પ્રશ્ન-** એ સાર્વજનિક હેતુમાં શક્ય છે ?

**ઉત્તર-** સાર્વજનિક હેતુમાં એ જરાએ શક્ય નથી.

**પ્રશ્ન-** જ્યારે ક્યાંક સાર્વજનિક જ મન્દિર ખોલવામાં આવે અને એ સાર્વજનિક મન્દિરમાં જ ગોસ્વામી બાળકો દ્વારા આવિર્ભાવ કરવામાં આવે તે વખતે એ આવિર્ભૂત સ્વરૂપ કયું ?

**ઉત્તર-** લોકવેદપ્રથિત અને લોકવેદાતીત એમ બે લીલાઓ કરી છે, એમાં લોકવેદ પ્રથિત સ્વરૂપનો તો આવિર્ભાવ થઈ શકતો હોવો જોઈએ.

**પ્રશ્ન-** લોકવેદપ્રથિત એટલે ચાર વ્યૂહોનાં સ્થાનરૂપ ?

**ઉત્તર-** હા, ચાર વ્યૂહોનાં સ્થાનરૂપ.

**પ્રશ્ન-** એટલે ત્યાં વાસુદેવ વ્યૂહરૂપતા આવી ?

**ઉત્તર-** એક વ્યૂહ તો ત્યાં પણ ગોકુળની લીલામાં પણ સાથે રાખ્યું છે.

**પ્રશ્ન-** એ તો જે વ્યૂહ છે એનું જે વાસુદેવત્વ જે શ્રીગુસાંઈજીએ દ્વાદશસ્કન્ધ ઉપરની કારિકાઓમાં ચતુર્વ્યૂહત્વ પ્રકટ કર્યું છે એ તો આખું લીલાત્મક છે અને એ લીલાત્મક હોવાથી એનો અહીં સમ્બન્ધ થઈ શકે એમ નથી.

**ઉત્તર-** એટલે લીલાત્મક સ્વરૂપનો સમ્બન્ધ નથી એમ જ સ્વીકારવું રહ્યું ને, એટલે જ આજે પુષ્ટિસ્વરૂપનું પ્રાકટ્ય એક જમાનામાં થતું હતું એ આજે દુર્લભ બની ગયું છે એની પાછળ પણ આજ કારણ હોઈ શકે છે.

આ પ્રશ્ન એટલો જટિલ છે કારણ કે એવા પણ સંજોગો બન્યા છે કે સ્વરૂપ સ્વયં પુષ્ટ થઈ જાય, એવું પણ થાય છે ને એવું નથી પણ થતું. શ્રીઠાકોરજીમાં પોતાની પ્રમેયશક્તિ રહેલી છે એ કોઈએ બ્રહ્મસમ્બન્ધ ન લીધો હોય એવાને પણ પોતાનો અનુભવ કરાવી શકે છે. કોલેજોમાં ભણતી કોઈ મુસ્લિમ છાત્રાને કૃષ્ણનો આવો અનુભવ થયો હોય એવા પણ પ્રસંગો મેં વાંચ્યા છે; વર્તમાન સમયમાં એટલે ઠાકોરજીએ પોતાનું પ્રાકટ્ય ક્યાં કરવું એ માટે આપણે એને બાંધી શકતા નથી. પરંતુ જ્યારે ઠાકોરજી શ્રી મહાપ્રભુજીથી બન્ધાણા છે એટલે પુષ્ટિમાર્ગ પ્રમાણે ચાલવું એમાં તો શ્રીમહાપ્રભુજીના આદેશ અનુસારજ ચાલવું એ જ યોગ્ય કહેવાય, એના વિરુદ્ધ ચાલીએ તો પુષ્ટિપુરુષોત્તમનો અનુભવ શક્ય નથી. પરંતુ અપવાદ રૂપમાં જો પ્રભુ પોતે ચાહે તો ગમે એને અનુભવ કરાવી શકે છે, પણ એવું પ્રાયઃ નથી હોતું, બહુ જ અપવાદ રૂપમાં એવા પ્રસંગો બને છે તો ત્યાં એ પુષ્ટિ છે. પુષ્ટિ અને પુષ્ટિમાર્ગ એમાં ફેર છે. પુષ્ટિ જે છે એ તો પ્રભુનો ધર્મ છે અને ધર્મ અનુસાર પૂતનાને પણ એણે મોક્ષ આપ્યો હતો. તો શું આપણે પણ પ્રભુને વિષનો પ્યાલો ધરવો ? પૂતનાએ સ્તનપાનમાં વિષ આપ્યું તો એનો અર્થ એ નથી કે આપણે એ પૂતનાની માફક વિષ ધરીશું તો તે પ્રભુ

મોક્ષ આપશે. રામાનન્દ પંડિતના પ્રસંગમાં જલેબીની વાત આવે છે. તો એ પ્રસંગ પણ અનુકરણીય તો નથી જ. સિદ્ધાન્તની મર્યાદામાં એ પ્રસંગ નથી આવતો પણ ઠાકોરજીની પુષ્ટિ ત્યાં બતાવે છે કે ઠાકોરજી પુષ્ટિપરવશ થઈને - ભાવપરવશ થઈને ક્યારેક પોતાનું સ્વરૂપ પ્રકટ કરી દે. ભગવાન તો સિદ્ધાન્તરૂપી ચીરનું પણ હરણ કરી શકે છે; સિદ્ધાન્ત થી ઉપરવટ થઈને પણ. પણ આપણે તો **‘सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया’** ત્યાં જે વિકલ્પ કહ્યો છે એ દૃષ્ટિએ વિચારીએ તો આનું સમાધાન થઈ જાય છે.

**પ્રશ્ન-** **‘बाधनं वा हरीच्छया’** એમાં હરિની પણ ઈચ્છાનો એક પ્રકાર એક નિશ્ચિત ઈકાઈમાં ત્યાં દર્શાવાયેલો છે. હરિની ઈચ્છાના પ્રકારનો મતલબ આપણા મનમાં કોઈ અસદ્ભાવ આવે કે લૌકિક ભાવ આવે અને એને પણ આપણે હરિની ઈચ્છા માની અને તે મુજબ આપણે સેવામાં પ્રવૃત્ત થઈએ એવું તો કહેવાનું તાત્પર્ય નથી જ ?

**ઉત્તર-** એવું તો ન જ ચાલે, કારણ કે **‘विशेषतश्चेदाज्ञास्याद् अन्तःकरणगोचरः’** ત્યાં જ આગળ કહ્યું છે કે હમણાં એક પુસ્તક ‘બાલકૃષ્ણ કૃપા’ નામે કોઈ જયશ્રીબહેનનું લખેલું બહાર પડ્યું હતું. એ બહેનને એમના લાલન (ઠાકોરજી) અનુભવ કરાવવા લાગ્યા, મારી પાસે શાકઘરિયા બાવા આવ્યા અને મને કહ્યું કે આ બહેનને ઠાકોરજી એવો અનુભવ કરાવી રહ્યા છે કે મેં તને જે જે અનુભવો કરાવ્યા છે તેને તું પુસ્તક રૂપમાં બહાર પાડ, એટલે આમાં આપ આજ્ઞા આપો ને આમુખ લખી આપો. એટલે મેં કહ્યું કે ભાઈ ! પહેલાં મારે પ્રસંગો જાણવા પડે કે શું છે, તો એમણે કહ્યું કે નહિ - નહિ એ તો બધા જ શુદ્ધપુષ્ટિ પ્રસંગો જ છે. એટલે મેં ખરેખર ઉતાવળ કરી કહેવાય કે મેં આમુખ લખી આપ્યું, પણ વિવેક રાખી લખી આપ્યું. મેં એમા લખ્યું કે આ બહેનને અનુભવ થતો હોય તો એનાં અહોભાગ્ય કહેવાય પણ **‘*થતો હોય તો કહેવાય*’** એવા શબ્દોનો મેં એમાં

પ્રયોગ કર્યો અને એમાં પ્રત્યક્ષ અનુભવ-પરોક્ષ અનુભવ એમ મેં બન્ને બતાવ્યા. પરંતુ પાછળથી જ્યારે એ પુસ્તક મારા હાથમાં આવ્યું ત્યારે એમાં બીજા દેવી-દેવતાઓના પણ અનુભવો સાથે આવવા માંડ્યા. એ બધું વાંચીને મને એમ થયું કે આમાં તો વિવેક ભૂલાઈ ગયો છે. એટલે ઘણાંના મારા ઉપર પત્રો આવ્યા કે આમાં આપે આમુખ કેમ લખી આપ્યું, મેં કહ્યું મારો વ્યક્તિગત પરિચય એમની સાથે ન હતો અને શાકઘરિયા બાવા જેવા સમ્પ્રદાયના નિષ્ઠાવાન્ વ્યક્તિએ વિદ્વાન કેટલા છે એ જુદો વિષય છે પરંતુ સમ્પ્રદાયના ભાવપક્ષને તો ઘણી સારી રીતે જાણે છે અને એ ભાવપક્ષને કારણે પેલા બહેનના ભાવને જોઈ પ્રભાવિત થયા હોય એ જે હોય પણ એ પુસ્તકમાં એના જે કંઈ અનુભવો આવ્યા એ શુદ્ધપુષ્ટિ અનુભવવાળા ન હતા. અતઃ એ વાંચીને મને આઘાત લાગ્યો.

**પ્રશ્ન-૮** આપ ‘નવપ્રકાશ’ માસિકના સમ્પાદક પણ છો અને એનું ખૂબ જ કુશલતાથી સમ્પાદન કાર્ય ઘણાં વર્ષોથી યથાયોગ્ય કરી રહ્યા છો. તેથી એક સમ્પાદક તરીકેનો આ સમ્પૂર્ણ સમ્પ્રદાય માટેનો આપનો શો પ્રતિભાવ છે અને માસિક પત્ર ચલાવવામાં એક સમ્પાદક તરીકે આપને શા સારા નરસા અનુભવો થયા, તેના ઉપર આપ કંઈક પ્રકાશ પાડો.

**ઉત્તર-૮** સારા અનુભવોની વાત પછી કરીશું, વિપરીત અનુભવો જે થઈ રહ્યા છે એની વાત હું પહેલાં કરી લઉં. વિપરીત અનુભવોમાં મેં જોયું કે કેવળ આ એક પત્રિકાને વૈષ્ણવ તરીકે નિભાવવી જોઈએ એમ માનીને ગ્રાહક બનનારાઓ ઝાઝા છે અને એને નિભાવી રહ્યા છે. પણ માસિક પત્ર ખોલીને વાંચે અને એના ઉપર પોતાના પ્રતિભાવો વ્યક્ત કરે યા એ જાતના પત્રો આવે એવું બહુ ઓછું થાય છે. સાધારણ રીતે આપણે જોઈએ કે ચિત્રલેખા, અભિયાન વગેરે સામયિકો આવે છે એમાં ‘વાચકોના વિચારો’ સ્તંભ રૂપે પ્રસિદ્ધ થાય છે. એવા વિચારોને પ્રસિદ્ધ કરવાને માટે

મેં આવાહન કર્યું હતું લેખની દ્વારા. પરંતુ એનો પ્રતિભાવ મને બહુ ઓછો મળ્યો. એનો મતલબ એ છે કે જયાં જ્યાં ‘નવપ્રકાશ’ પહોંચતું હશે ત્યાં ત્યાં એટલી વાંચવાની, મનન કરવાની, ચિન્તન કરવાની એટલી ભૂખ નથી. એ ભૂખ ન જાગવાનું કારણ પણ કદાચ આ મન્દિરોની વ્યવસ્થા જે વિકૃત બની ગઈ, જાણે કેટલાં વર્ષોથી, એ જ કારણ મને લાગે છે. બ્રહ્મસમ્બન્ધ લીધા પછી મોટા ભાગના લોકો એમ જ સમજે છે કે અહીં રેડીમેડ બધું જ તૈયાર આપણને મળે અને ત્યાં જઈને દર્શન કરી આવીએ અને પ્રસાદ લઈ આવીએ -મોટાભાગના લોકો આવી મનોવૃત્તિવાળા છે. એ દષ્ટિએ આ પ્રણાલિકા અત્યારે વ્યાપક પ્રમાણમાં દૂષિત થઈ ગઈ છે એમ તો હું સો ટકા માનું છું.

**પ્રશ્ન-** તો આપ આ માસિકપત્ર ચલાવીને આપના પરિશ્રમને કેટલા અંશ સુધી સાર્થક માનો છો ? યા સાર્થક નથી માનતા ?

**ઉત્તર-** જેમ કે સંગીતનો પ્રોગ્રામ હોય ત્યારે એમાં ચાર - પાંચ વ્યક્તિઓ સંગીતના મર્મજ્ઞ બેઠા હોય છે અને એ પાંચ મર્મજ્ઞ બેઠા હોય તો હું પાંચ હજાર બર્દાશ્ત કરી શકું છું, પરંતુ જો એક પણ મર્મજ્ઞ ન હોય તો પાંચ હજારમાંથી એકને પણ હું બર્દાશ્ત ન કરી શકું. આ દષ્ટિએ માસિકપત્ર જે હું કાઢું છું એમાં જે બે, પાંચ-પંદર જણાના પ્રતિભાવને કારણે મારો ઉત્સાહ ક્યારે પણ મન્દ પડ્યો નથી.

**પ્રશ્ન-** આપણા અત્યારે જે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષામાં માસિક પત્રો બહાર પડે છે એ માસિક પત્રો બાબતમાં આપ શું સૂચવી શકો છો ? એમાં પીરસાતું સાહિત્ય, એનો ઢંગ, એની ઢબ, એમાં આ હોવું જોઈએ કે આ ન હોવું જોઈએ વગેરે ?

**ઉત્તર-** એમાં મારો મત એમ છે કે જે રહસ્યલીલાત્મક પ્રસંગો છે એવા પ્રસંગોનું ટાંચણ કે એની છણાવટો આ માસિકપત્રોમાં ન થવી જોઈએ. પહેલાં પણ આપણે જોઈએ તો કૃષ્ણદાસ જે રહસ્યચર્ચા કરતા હતા ત્યારે શ્રીમહાપ્રભુજી પાસે શિકાયત કરવામાં આવી ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે એ લોકોને બોલાવીને પૂછી જુઓ કે મેં શું કહ્યું. તો વૈષ્ણવોએ કહ્યું કે અમને કંઈ સમજાતું નથી. પરંતુ બહારના લોકો એવું સાહિત્ય વાંચે - ભાવનાત્મક સાહિત્ય, તો પેલો મહારાજા લાયબલ કેસ થયો હતો અને એમાં જે સાક્ષીઓએ ભાંગરો વાટચો હતો અને એના કારણે જે કંઈ વિકૃતિઓ બીજા ઈતર આસ્તિક વ્યક્તિઓને આપણા સંપ્રદાય માટે બેસી ગઈ એવી આજના સમયમાં વધારે પ્રમાણમાં બેસી શકે છે. માટે એવું સાહિત્ય માસિકપત્રો દ્વારા બહાર ન પાડતાં પ્રમાણમિશ્રિત પ્રમેય રજૂ કરે ત્યાં સુધી વાંધો નથી. કેવળ પ્રમેય સમ્બન્ધી જે કંઈ લીલાઓ છે એની જે ચર્ચા છે તે ન થવી જોઈએ.

**પ્રશ્ન-** આ સાહિત્યમાં આપ કેવળ લેખોનો જ સમાવેશ કરો છો ? કે કીર્તનો, ભજનો વગેરેનો પણ સમાવેશ કરો છો ?

**ઉત્તર-** કીર્તનો, ભજનો વગેરે હોય છે ત્યારે તેના સાંગીતિક પક્ષને જ લોકો વધુ ગ્રહણ કરે છે -ગ્રાસ્પ (Grasp) કરે છે. એના શબ્દોને ગ્રાસ્પ નથી કરતા એ એક વાત. બીજી જે કૃષ્ણસમ્બન્ધી રસાત્મક વાતો છે એ કેવળ આપણા સમ્પ્રદાયમાં જ છે એવું નથી પરંતુ ઈતર ભકિતમાર્ગીય સમ્પ્રદાયોમાં પણ છે. એનો પણ કુપ્રભાવ નથી પડતો - રામ, કૃષ્ણ યા એવા અવતારો પ્રત્યે કોઈ એવી વાત હોય તો. પરંતુ આચાર્યો પ્રત્યે જ્યારે એવી ભાવનાઓ હોય છે એને ખરેખર વ્યક્ત ન કરવી જોઈએ. એક વખતે ગોસ્વામી બાળકોમાં જ ચર્ચા થતી હતી અને ત્યારે ત્યાં હું પણ બેઠો હતો કે રાસપંચાધ્યાયીના સુબોધિનીજીમાં દર્શાવાયેલ રહસ્ય વકતાઓએ યા કથાકારોએ કથામાં ન કહેવા જોઈએ. પરંતુ કથા દરમિયાન કૃષ્ણચરિત્ર કહેવામાં આવે છે ત્યારે રાસપંચાધ્યાયીના અન્તમાં જ પરીક્ષિતના પ્રશ્નના જવાબમાં આ ચરિત્ર કેટલું નિર્દોષ છે એનો ખુલાસો શ્રીશુકદેવજીના મુખેથી થયેલો છે એ જવાબમાં આ છણાવટ થયા પછી એની દુર્ભાવના પછી કોઈ પણ આસ્તિક વ્યક્તિને થઈ શકતી નથી. એટલે એનાથી એટલો ખતરો નથી. પરંતુ આચાર્યોનું ભાવાત્મક સ્વરૂપ જ્યારે આ રીતે પ્રદર્શિત કરવામાં આવે તો એનાથી ઈતર લોકોમાં એનો ખતરો છે કે એના મગજમાં જુદા પ્રતિભાવો આવી શકે છે.

**પ્રશ્ન-૯** તો પછી શ્રીમહાપ્રભુજી વગેરેની બેઠકજીઓ છે એમાં શ્રીમહાપ્રભુજી વગેરેનું પુરુષોત્તમ ભાવે સેવા-શ્રૃંગારાદિ કાર્ય સંપન્ન થાય છે, જેમકે હિંડોળે-પલને ઝુલાવવા, શ્રીમહાપ્રભુજીને રાસમાં પધરાવવા, શ્રીમહાપ્રભુજીની આસપાસમાં મનોરથ વગેરેમાં ગોપીમંડળ સજાવવા, આ બધું એમાં પણ આપ ફેરફાર ચાહો છો ?

**ઉત્તર-૯** આમાં ફેરફાર થવો જોઈએ. કારણ કે પ્રાચીન બેઠકની વ્યવસ્થામાં ભાગવતની પોથી પધરાવવામાં આવતી. આ બધા (પુરુષોત્તમ ભાવે આજે સેવા થાય છે તેવા) ફેરફારો આપણે ક્યારે કરી શકીએ કે જ્યારે વૈષ્ણવોને પણ સખડીભોગ ધરવા દેવાનું ચાલુ કરી દઈએ, તો એ વિકૃતિની સાથે આ વિકૃતિઓ સમાઈ શકે. પરંતુ ત્યાં તો આપણે એવો આગ્રહ રાખીએ છીએ કે બેઠકજીમાં વૈષ્ણવો સખડી ભોગ ન ધરી શકે. તો પછી આવા બધા પ્રકારો ત્યાં ઊભા કરવા જોઈએ નહિ. જો આવા પ્રકારો વાજબી હોત તો બેઠકજીમાં સખડી ધરવું પણ વાજબી માનવું જોઈએ.

**પ્રશ્ન-** તો પછી બેઠકજીમાં સેવા વગેરેનો શો પ્રકાર આપની દષ્ટિએ હોવો જોઈએ?

**ઉત્તર-** બેઠકજીનો પ્રકાર વૈષ્ણવો ઝારી ભરે.....

**પ્રશ્ન-** નહિ. શ્રીમહાપ્રભુજીના કયા સ્વરૂપે ?

**ઉત્તર-** આચાર્ય સ્વરૂપે.

**પ્રશ્ન-** તો પછી કુલ્હે, પાગ, દુમાલા, મયુરપિચ્છ વગેરે ધરાવવા, વેણુવેત્ર ધરાવવા વગેરે જે પ્રકારો, એ પ્રકારોના સ્વરૂપનું પણ આપ પરિવર્તન કરવું યોગ્ય માનો છો કે પછી આજ બરાબર છે?

**ઉત્તર-** મને બરાબર નથી લાગતું. કારણ કે શ્રી ગોકુળનાથજીએ લખેલી બડી ટીકા કે જે ડભોઈથી બહાર પડેલી અને જેને કેટલાક લોકો માને છે કે આને કોઈ વલ્લભવાદીએ લખી હશે - એ લોકો જે પણ માને, એ ટીકામાં **'विबुधेश्वरः'** આ નામની ટીકામાં શ્રીગોકુળનાથજી પોતાના સેવકોને માટે **'मदीयैः'** અનેબીજાના સેવકોમાટે **'अस्मदीयैः'** શબ્દ વાપરે છે.આમાં શ્રીગોકુળનાથજીના જે આ બે શબ્દો છે એ આપણને ***'મારું'*** અને ***'આપણું'***એની ભાવના શીખવે છે, એ બોધપાઠ લેવા જેવી વાત છે. તો ત્યાં શ્રીગોકુળનાથજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે મારા સેવકોએ અથવા આપણાસેવકોએ જે કંઈ કરવાનું છે સાક્ષાત્ શ્રી મહાપ્રભુજીના આદેશ અનુસાર જ કરવાનું છે, એટલે શ્રીમહાપ્રભુજીએ કયાંય એવો આદેશ નથી આપ્યો કે મારી સેવા કૃષ્ણવત્ કરવી. અથવા શ્રીગુસાંઈજીએ પણ શ્રીમહાપ્રભુજીની કૃષ્ણવત્ સેવા કરવાનો પ્રકાર શરુ કર્યો હોય એમ પણ જાણવા જોવા મળતું નથી, સાત બાળકોએ પણ નહિ અને તે પછી હું માનું છું ત્યાં સુધી શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજીએ પણ નહિ. ખરેખર તો બેઠકજીનું સ્વરૂપ ત્યાં સુધી હતું નહિ. તેમજ પછી હવે બેઠકજી તો અત્યારે

બીજા નવા નવા પણ બનવા માંડ્યાં છે. એમાં અમુક ઠેકાણે ઠાકોરજીઓની પણ બેઠકજીઓ છે કે જ્યાં ઠાકોરજી એક ઠેકાણેથી બીજા ઠેકાણે છપ્પનભોગ આરોગવા પધાર્યા હોય તો રસ્તામાં જ્યાં જ્યાં મુકામ કર્યો હોય ત્યાં બેઠકજી તરીકે ચાલુ થઈ ગયા છે. એવા એક શ્રીમદમોહનજીનાં બેઠકજી મારા માથે પણ છે. ત્યાં પણ સેવાનો પ્રકાર તો શ્રીમહાપ્રભુજીની બેઠકમાં હોય એ પ્રકારનો જ છે. આ ઉપરાન્ત પણ આવી ઠાકોરજીની બેઠકજીઓ બીજી પણ છે અને ત્યાં પણ સેવાનો પ્રકાર તો આચાર્ય જેવો જ છે. તેથી આ બેઠકજીઓ જેમણે ઠાકોરજીને પધરાવ્યા હશે. તે ગોસ્વામી બાળકની જ બેઠકજી માનવી જોઈએ. એટલે નન્દરાયજીના ગૃહે ઠાકોરજી બિરાજ્યા યા શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીના ગૃહે બિરાજે છે એ ભાવનાની પ્રધાનતા રહે તો સમ્પ્રદાયનું માળખું બગડી ન શકે.

**પ્રશ્ન-૧૦** આ સિવાય આપ આજના વર્તમાન સમય માટે કંઈ રચનાત્મક વિચારો અને અપેક્ષિત ફેરફારો સૂચવી શકો છો ?

**ઉત્તર-૧૦** ફેરફારો તો અનેક પ્રકારના છે અને એ સિલસિલાબદ્ધ કહેવા બેસીએ તો ઘણો સમય જાય, પરંતુ મુખ્ય પરિવર્તન એજ થવું જોઈએ કે આપણા આચાર્યોના જે ગ્રન્થો છે એનો વિશદ પ્રચાર અને વિશદ અધ્યયન અને એનો સ્વાધ્યાય વિશેષ પ્રમાણમાં થાય તો જે કંઈ પરિવર્તનો આપણે વિચારીએ તે આપણે થોડા ઘણા અંશે પણ કરી શકીએ. જ્યાં સુધી એ ગ્રન્થો આપણે લોકોના કાન યા હૃદય સુધી પહોંચાડી શકતા નથી ત્યાં સુધી જે કોઈ પણ ફેરફારો આપણે કરવા જઈએ તો થઈ ન શકે અને થશે તે પણ પાછા પરિવર્તિત થઈ જશે. જેમ કે અમુક ઠેકાણે શિબિરો થઈ હોય અને એમાં ઘણી વાતો સિદ્ધાન્તપૂર્વક સમજાવવાનો પ્રયત્ન પણ થયો હોય, ત્યાંના વ્યક્તિઓએ એ મુજબ ચાલવાનો નિર્ણય પણ કર્યો હોય, પણ બે કે ચાર દિવસ ચાલ્યા ને પાછા હતા તેવા થઈ ગયા, એવા પણ દાખલા મેં નોધ્યા

છે. આનું કારણ એ જ છે કે એના હૃદય સુધી હજુ આપણે સિદ્ધાન્તો પહોંચાડી શક્યા નથી. આ સિદ્ધાન્તો હૃદય સુધી નથી પહોંચી શકતા એનું કારણ એ છે કે સિદ્ધાન્ત ચર્ચાની સાથે સાથે જે વ્યક્તિગત લડાઈનો ભાગ આવી જાય છે એટલે અમુક વ્યક્તિને અમુક વ્યક્તિમાં શ્રદ્ધા હોય એ એની વાતને પ્રમાણ માની લે. પ્રમાણ માની લે એનો વાંધો નથી પણ વિચારીને પ્રમાણ માની લે તો એ વધુ યોગ્ય છે એમ કહેવાય પરંતુ એવો વર્ગ તો બહુ ઓછો છે. તેથી સુધારા લાવવા હોય તો પહેલાં આપણા યથાર્થ સિદ્ધાન્તોને જ લોકો સુધી પહોંચતા કરવાનો પ્રયત્ન થવો જોઈએ અને એ પછી પરસ્પર બધા ગોસ્વામી બાળકો ભેગા થઈ તેમજ બધા વૈષ્ણવો એકત્ર થઈને જે કંઈ સુધારો કરવો હોય એ કરે તે વધારે યોગ્ય છે. વ્યક્તિગત રીતે કોઈ સુધારવા જશે તો એમાં સુધારવા પાછળ ઉદ્દેશ્ય શો છે એ પણ માણસ આજે જોવા માંગે છે. આ વાત સાચી કહી રહ્યા છે પણ એની પાછળ એની પોલિટીક્સ શું છે એનો વિચાર કરતાં જ એ સારામાં સારી વાત હોય ને, એના ઉપરથી પણ એની શ્રદ્ધા શિથિલ થઈ જાય છે, મૂળ કારણ આ છે. એટલે સુધારો લાવવા માટે સંગઠિત નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ જરૂરી છે.

**પ્રશ્ન-૧૧** હવે સહુથી છેલ્લો પ્રશ્ન - અમે 'આચાર્ય શ્રીવલ્લભ' માસિક પત્રમાં '***પુષ્ટિમાર્ગ વર્તમાન***' શીર્ષક હેઠળ જે ઈન્ટર્વ્યુ છાપવા ચાલુ કર્યા છે એ બાબતમાં આપનો શો પ્રતિભાવ છે ?

**ઉત્તર-૧૧** એ બાબતમાં તો મારો પ્રતિભાવ એકદમ પોઝિટીવ છે અને હું પણ એ પ્રમાણે કરી રહ્યો છું કે ઈન્ટર્વ્યુ લઈ છાપી રહ્યો છું. આજના જે જ્વલન્ત પ્રશ્નો છે યા સળગતા સવાલો છે યા જટિલ સમસ્યાઓ છે એનો ઉકેલ લાવવાનો પ્રયત્ન આ માધ્યમથી જ થઈ શકે છે એમ હું વધારે માનું છું. પરસ્પરની ચર્ચામાં કટુતા આવી શકે છે પરંતુ આ જાતના છપાણથી કટુતા આવવાની સમ્ભાવનાઓ ઓછી રહેશે એમ હું માનું છું. કારણ કે

આપણે (સમ્પાદકો) જ્યારે એને છાપીશું ત્યારે તો એમાં એવી કટુતા રદ કરીને જ છાપીશું, ચાહે આપ છાપો ચાહે હું છાપું. એમાં કોઈ આવેશમાં આવી કટુ શબ્દોના પ્રયોગ કરી દે તો આપણે એવું ન છાપીએ એવું સમ્પાદક કરે જ છે અને એ સમ્પાદકનો અધિકાર છે કે એ કરી જ શકે છે. આ પ્રમાણે આપણો જે એક આ સદ્ભાવનાથી પ્રયાસ છે એ બીજા બધા પ્રયાસોમાં ઉત્તમમાં ઉત્તમ છે એમ હું માનું છું. એટલે આ બાબતમાં આપને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે અને એ રીતે પ્રાયઃ ગોસ્વામી બાળકોના ઈન્ટર્વ્યુ લઈને હું પણ છાપવા માંગુ છું. આ અભિયાન ઘણું જ લોકોપયોગી છે અને એનાથી ભલે લાંબા સમયે પણ કંઈક લાભ થશે એવો આશાવાદ સેવું છું.

**સમ્પાદક :-** આપનો ઘણો ઘણો આભાર શ્રી રસિકરાયજી. આપે જે સહૃદયતાપૂર્વક અમારી વિનન્તીને માન આપી આપનો કીંમતી સમય અમારા 'આચાર્ય શ્રીવલ્લભ' ના વાચકો માટે ફાળવી આપ્યો અને અત્યન્ત સૌજન્ય સહ સતત પ્રસન્ન મુખમુદ્રાએ પ્રશ્નોના ઉત્તરો યથાશક્ય સ્પષ્ટતાથી આપવાનો શ્રમ કર્યો છે. ઉપરાન્ત અમે જે પણ આપને પ્રશ્નો પૂછ્યા તેમાં અમારા કોઈ પણ પ્રકારની આંટી-ઘુટી વિનાના શુદ્ધ આશયને આપ સમજી શક્યા છો તેથી મને વિશેષ પ્રસન્નતા થઈ છે. માસિકપત્રની મર્યાદાને કારણે બીજા પણ પ્રશ્નો છે જે પૂછી શકાયા નથી. તે માટે ફરીથી આપની અનુકૂળતાએ આપને પરિશ્રમ આપવાની ધૃષ્ટતા કરીશ. આશા છે આપ પણ તે માટે સૌજન્યપૂર્વકનું વિશાલ હૃદય રાખી આપના કીમતી સમયનું અનુદાન કરશો. પુનઃ અનેક ધન્યવાદ સહ -

• • • • • • • •